વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
જુલાઈ - ૨૦૧૭
અંક : ૪૭૦

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૯૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



ગોંડોલા રાઈડ
વેનિસ - ઈટાલી

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




## NAVNEET EDUCATION LIMITED

Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad – 380052. India

Tel. : (079) 6630 5000, 6630 5001, 2745 1000 ● Fax : 079 6630 5011, 2748 8000

e-mail : navneet.ahd@navneet.com • www.navneet.com • /navneet.india

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

AN ISO 9001 - 2000 COMPANY

# સ્નેહભરી શ્રધ્ધાંજલિ

કચ્છ રાયણ



હાલે અમદાવાદ

## હરખચંદભાઈ (છોટુભાઈ) રામજી ગાલા

**અરિહંત શરણ તા. ૦૧-૦૬-૨૦૧૭**

નવનીત પરિવારના વડીલશ્રી હરખચંદભાઈના નિધનથી એક સૌમ્યશીલ મિલનસાર આત્માએ વિદાય લીધી. આપની પરોપકારની ભાવના અને સૌ પ્રત્યે મૈત્રીપૂર્ણ વ્યવહાર હંમેશા યાદ રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા સત્વરે આપના આત્માને પરમપદની પ્રાપ્તિ કરાવે એજ અભ્યર્થના.

**'નવનીત પરિવાર'**ની ગૌરવવંતી સેવાઓમાં આપ પણ એક સ્તંભ સમા હતા અને અનેકવિધ સામાજિક અને સખાવતી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી સમગ્ર સમાજની આપશ્રીએ ખૂબજ ઉમદા સેવાઓ બજાવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ–અમદાવાદના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના સર્વે સભ્યો તથા સમગ્ર કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદના સભ્યો આપની સેવાઓને બિરદાવે છે. આપના દુ:ખદ અવસાનથી સમગ્ર નવનીત પરિવારને પડેલી ખોટને આઘાતને જીરવવાની પરમકૃપાળુ પરમાત્મા શક્તિ આપે એજ અભ્યર્થના.

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ

**તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીગણ**

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**— મુખ્યતંત્રી**

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- તંત્રી લેખ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૯) મણિલાલને ચોથી દીકરીના જન્મના સમાચાર ........ **હંસરાજ સાંખલા** ........ ૯

**કચ્છની રસધાર**

- સત્યનો પ્રભાવ ........ **દુલેરાય કારાણી** ........ ૧૧

**કચ્છી કથા**

- અમરવેલ ........ **સ્વામી સચ્ચિદાનંદ** ........ ૧૪

**કચ્છી પ્રતિભા વિશેષ**

- કચ્છના ઈંદિરા ગાંધી : દીદી કૃષ્ણાજી ........ **ભદ્રાયુ વછરાજાની** ........ ૧૬
- મૃદુ ભાવોના કચ્છી કવિ : મુકુંદ મહેતા 'અલ્પ' ........ **ભરત 'કુમાર' પ્રા. ઠાકર** ........ ૧૮

**શ્રદ્ધા સુમન**

- કોમી એકતાના મશાલચી કેરાના ઈસ્માઈલ ભગતની દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ........ **જગદીશચંદ્ર ચં. છાયા** ........ ૨૦

**સાંપ્રત**

- એક રિયાલિટી શોની રિયાલિટી ........ **મહેન્દ્ર સાકરચંદ દોશી** ........ ૨૧
- રમત સાથે રાષ્ટ્રવાદ જોડવો જરૂરી નથી ........ **કેશુભાઈ દેસાઈ** ........ ૨૨

**સમાજ ચિંતન**

- સંબંધોના સથવારે : વહેંચણીનું વૈવિધ્ય ........ **ઇલા કે. શાહ** ........ ૨૩
- વડીલોની વસમી વ્યથા ........ **દિનેશચંદ્ર જે. શાહ** ........ ૨૫
- ઘર એક મંદિર ........ **અલકા સુનિલ શાહ** ........ ૨૭

**ચિંતન**

- માણસ ધારે તો શું ન કરી શકે? ........ **તથાગત પટેલ** ........ ૨૯
- સહાનુભૂતિ ........ **સુન્દરમ્** ........ ૩૦
- મૃત્યુની વિટંબણાઓ ટળી શકે? ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ........ ૩૧

**વાર્તા**

- છેલ્લી ઘડી ........ **ગિરીશ ભટ્ટ** ........ ૩૩
- મસો ........ **દીના પંડ્યા** ........ ૩૬
- ગાડીનો નંબર ........ **હરિભાઉ મહાજન** ........ ૪૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## નવલિકા

- એક રિક્ષાવાળો ........ **વિપુલ દેસાઇ** ..... ૪૪


## દલિત વાર્તા

- આપણી જાત ........ **દશરથ પરમાર** ..... ૪૬


## દૃષ્ટાંત કથા

- સમયની સંભાવના ........ **ચંદ્રહાસ ત્રિવેદી** ..... ૫૩


## પ્રેરણા

- જીના ઈસીકા નામ હૈ! ........ **કુલીનકાંત ચાંપશી લુઢિયા** ..... ૫૪
- હાથ ઉપર લીધેલું કામ પૂરું કરો ........ **ડૉ. મધુભાઈ કોઠારી** ..... ૫૭


## કુટુંબ જીવન

- જરા કહેશો, મા-બાપની શા કારણે કરો છો અવગણના? ........ **અવંતિકા ગુણવંત** ..... ૫૮


## લઘુ વાર્તા

- ભાવનગર ........ **ભગીરથ બ્રહ્મભટ્ટ** ..... ૫૯


## માહિતી

- શૌર્યનું સન્માન – "વુલ્ફ આઈલેન્ડ" ........ **દિનકર મહેતા** ..... ૬૦
- કચ્છની વિકાસગાથા એક નજરે ........ **દિનેશચંદ્ર જે. શાહ** ..... ૬૧


## આરોગ્ય

- ચિત્તભ્રમ બીમારી :
  ગેરસમજ તથા વૈજ્ઞાનિક સત્ય ........ **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૬૨
- સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૬) : વધતી ઉંમર અને ઈન્દ્રિયો – સ્પર્શ ........ **હરેશ ધોળકિયા** ..... ૬૪


## હાસ્ય લેખ

- જોઈએ છે...
  શુધ્ધ કક્કાહારી ગુજરાતી ગ્રેજ્યુએટ ........ **ડૉ. નલિની ગણાત્રા** ..... ૬૬


## નિયમિત વિભાગો

- આંજો કાગર ........ ૬૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૬૮
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૦
- *Nano Nine* શબ્દ રમત-૧૩૦ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૧
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૭) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૩
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૭૫
- સમાજ દર્પણ ........ ૭૭
- સંસ્થા સમાચાર ........ ૭૭
- ઊડતી નજરે ........ ૮૪


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

છેલ્લા દાયકા દરમિયાન દુનિયા આખી મોબાઈલઘેલી બની ગઈ છે. ઈન્ટરનેટનો અનુવાદ ક્યારેક ભદ્રંભદ્રી ભાષામાં 'અંતરજાળ' એવો કરાતો રહ્યો છે. એ ખરેખર અંતરજાળ કરતાં સવિશેષ જંતરમંતર જાળનું સ્વરૂપ પકડી રહ્યું છે. શરૂઆતનાં વર્ષોમાં રોમાંચક વૈજ્ઞાનિક સિદ્ધિ તરીકે જગપ્રસિદ્ધ થયેલી આ કાળા માથાના માનવીએ કરેલી શોધ કાલાન્તરે એના માટે માથાનો દુખાવો બની રહી છે. મોબાઇલ ક્રાંતિના લાભાલાભ કોઈ લોહિયાળ ક્રાંતિથી કમ નથી. આ ટચૂકડા યંત્રે માણસ જેવા માણસના મગજને એવું તો સકંજામાં લઈ લીધું છે કે હવે એની માયાજાળમાંથી માનવજાત માટે છૂટવું અશક્યવત્ બની ગયું છે. આરંભમાં ફક્ત સંભ્રાંત સમુદાયનો વૈભવ ગણાતું આ સાધન હવે છેક છેવાડાના માનવી માટે હાથવગું બલકે અનિવાર્ય જરૂરિયાત બની ગયું છે.

વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન. પરંતુ ક્યારેક અતિજ્ઞાન જ ભારરૂપ બની જતું હોય છે. વિજ્ઞાન માણસને સુવિધાપૂર્ણ જીવન માટે અનુકૂળતા કરી આપે છે પરંતુ સાથે જ એની પરંપરાગત કાર્યકુશળતા ઓછી થઈ જાય છે. એ પહેલાં મોઢે સરવાળા - બાદબાકી અને ગુણાકાર - ભાગાકાર કરી શકતો એને બદલે હવે કેલ્ક્યુલેટરનો ગુલામ બની ગયો છે. પગે ચાલીને દસ વીસ કિલોમીટરનું અંતર કાપવું એ ક્યારેક આપણી જ આગલી પેઢીના વડીલો માટે રમત વાત હતી, આજે વેંત છેટે કોઈને મળવા જવું હોય તો પણ વાહનની જરૂર પડે છે. વિજ્ઞાનના આવિષ્કારોથી આપણે નવખંડ ધરતીના એક છેડે બેઠાં બેઠાં સાત સમુંદર પાર રહેતા આપણા સ્નેહીજન - સ્વજન સાથે વાતચીત કરતા થઈ ગયા. એ આપણને જોઈ શકે છે અને આપણે એને; પરંતુ સાખપાડોશી સાથે જાણે ભવોભવના અબોલા હોય એમ ભાગ્યે જ વરસના વચલા દહાડે ક્યારેક 'જય શ્રી કૃષ્ણ', 'જય જિનેન્દ્ર' કે 'હાય-હેલો'નો વહેવાર બચ્યો છે. મોબાઈલ કરતાં પણ વહેલું ટીવી આવ્યું, જેના કચકડાના પડદાએ આપણને એવા તો મોહી લીધા કે ભૂલેચૂકે કોઈ સ્વજન કે મહેમાન આવી ચડે તો એને સરખો આવકાર આપવાનો વિવેક સુધ્ધાં વીસરી જઈ આપણે મનગમતી સિરિયલ જોવામાં મશગૂલ થઈ જઈએ છીએ. મોબાઈલ આવ્યા પછી તો આ 'અનાસક્તિ' પરાકાષ્ઠાએ પહોંચી છે. ઘરમાં માણસ દીઠ મોબાઈલ છે, દરેકને પોતપોતાનો આગવો ફેસબુક ઍકાઉન્ટ છે, વ્હૉટ્સ ઍપ ગ્રૂપ છે. સૌ પોતાની મસ્તીમાં પરોવાયેલાં રહે છે. કોઈને ઘરનાં માણસોમાં રસ નથી. બધાએ પોતપોતાનો એક આભાસી પરિવાર – વર્ચ્યુઅલ ફેમિલી સરજી દીધું છે. ક્યારેક તો આવા ફેસબુકિયા ફ્રેન્ડ્સ એવા મોંઘા પડી જતા હોય છે કે માથે ઓઢીને રોવાનો વારો આવે છે. છેતરાઈ ગયા પછી નથી કોઈને કહેવાતું કે નથી સહેવાતું.

મોબાઇલ ક્રાંતિએ એક તરફ આખું બ્રહ્માંડ ટચૂકડા હેન્ડસેટમાં કેદ કરી દીધું છે પણ એની સાથે જ એનાં જોખમો પણ એટલાં જ મોટાં છે. ભર્યા તળાવ વચ્ચે માનવી તરસ્યો ને તરસ્યો રહી જાય એવી વિડંબના સરજી છે આ નાનકડા રમકડાએ. એણે પતિને પત્નીથી અને પત્નીને પતિથી વિખૂટાં પાડી

દીધાં છે. એક જ છત નીચે જીવતા સ્વજનોને એકમેકથી હજારો માઈલ દૂર કરી દીધાં છે. કાનમાં ભરાવવાનાં લટકણિયાં મનગમતાં સિનેગીત અને સંગીત તો પીરસતાં રહે છે પણ બસ કે ટ્રેનમાં પાસે જ બેઠેલા સહપ્રવાસી સાથે સહજ વિવેક પૂરતી પણ વાતચીત પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે. મોબાઈલે માનવીને માનવ નથી રહેવા દીધો, એને હાલતું ચાલતું મશીન બનાવી દીધો છે. આપણો કવિ તો વારંવાર માનવીમાંથી માનવ થવાની મહેચ્છા વ્યક્ત કરતો રહ્યો છે :

*પૃથ્વી ઉછંગે ઊછરેલ માનવી*
*હું માનવી માનવ થાઉં તો ઘણું...*

મોબાઇલ ક્રાંતિના પગલે ગુનાખોરીને પણ નવા આયામ સાંપડ્યા છે. સાઈબર ક્રાઇમની એક નવી જ દિશા ખૂલી ગઈ છે. મોબાઇલ બેંક બની ગયો છે એટલે એમાંથી બારોબાર નાણાં સગેવગે થતાં પણ વાર કેટલી? ઇન્ટરનેટની આ માયાજાળ કોઈ રાક્ષસી માયાથી કમ નથી. ખાસ કરીને નવી પેઢીના ભવિષ્ય સામે એ મસમોટો પડકાર બનીને ઊભી છે. સદીઓ જૂની સંસ્કાર-સંહિતા અને પરંપરાગત નૈતિક મૂલ્યોનું ભાવિ જોખમાયું છે. કદાચ આ બાબત ‘ઍપલ’ના સંશોધક કે માઇક્રોસૉફ્ટના માંધાતાને વહેલી સમજાઈ ગઈ છે. અબજોની કમાણી કરાવી આપનાર એમની આ વૈજ્ઞાનિક સિદ્ધિઓની વિપરીત અસરો એમની સંતતિને વણસાવી ન મૂકે એની એમને ચિંતા પેઠી છે. એ માટેનાં રક્ષાકવચ પણ એમણે રચી દીધાં છે!

જોકે, મોબાઇલ ક્રાંતિના અગણિત ફાયદા પણ છે. આખું જગત મુઠ્ઠીમાં આવી ગયું છે. નવી પેઢી માટે સુવિધાયુક્ત જિંદગીની નવી દિશાઓ ખૂલી ગઈ છે, પરંતુ શરત એટલી કે આ વરદાનરૂપ શોધનો સદ્ઉપયોગ કરતાં આવડવું જોઈએ. આશા રાખીએ કે આપણો પ્રબુદ્ધ સમાજ સત્વરે એ દિશામાં નક્કર વિચારણા સાથે આગળ વધે. નવી પેઢી માટે પણ આ પડકારરૂપ વરદાન જ છે. આશા રાખીએ કે તે આ પડકારને પહોંચી વળવા સજ્જ બને. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • શુક્રવાર, તા. ૧૪-૭-૨૦૧૭ સવારે ૬.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | મણિલક્ષ્મી તીર્થ તથા કલિકુંડ તીર્થનો ૧ દિવસીય યાત્રા પ્રવાસ |
| • શનિવાર, તા. ૨૨-૭-૨૦૧૭ રાત્રે ૮.૩૫ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ૧૫ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિ માટે “Games Bond” સેમિનાર. |
| • રવિવાર, તા. ૨૩-૭-૨૦૧૭ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૩૦મી વાર્ષિક સામાન્ય સભા. |
| • રવિવાર, તા. ૩૦-૭-૨૦૧૭ બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ ૮-૯-૧૦માં ભણતા બાળકો માટે ખાસ વર્કશોપ. |
| • મંગળવાર, તા. ૧૫-૮-૨૦૧૭ સવારે ૯.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૭૧મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ધ્વજવંદન તથા દેશ ભક્તિના ગીતો અને હાઉસીનો કાર્યક્રમ |

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૯)

હંસરાજ સાંખલા

## મણિલાલને ચોથી દીકરીના જન્મના સમાચાર

મણિલાલ એના ફુઆના એક બંગાળી મિત્ર શાહા શેઠની સોમિલમાં કટર તરીકે જોડાયો. મણિલાલ અને એના કામને એ શેઠ જાણતા હતા.

"તારું કામ જોયા પછી પગાર કરશું. તું કાલથી જ કામે લાગી જા."

મણિલાલને પોતાની આવડત અને હાથ ઉપર વિશ્વાસ હતો અને એ કામે લાગી ગયો.

મણિલાલનું સીધું ને સફાઈદાર વહરેણ, વધુ ઉતારો બેસાડવાની કાળજી અને કામની ઝડપ શેઠની આંખમાં વસી ગઈ. આવી આવડતવાળો અને વળી પાછો કચ્છી પટેલનો દીકરો.

મહિનો પૂરો થતાં શેઠે એના (મણિલાલના) ફુઆના કરતાં ડબલ જેવા પગારની સામેથી વાત કરી. પછી મણિલાલને કાંઈ કહેવાપણું ક્યાં હતું?

જમવાની થોડી તકલીફ હતી. પણ ધીમે ધીમે એ પણ ફાવી ગયું. મણિલાલને નવા શેઠને ત્યાં બહુ મજા આવવા લાગી. એ દર મહિને થોડા રૂપિયા ફુઆને ત્યાં જૂના ઉપાડમાં જમા કરાવતો ને બાકીનાનું કચ્છમાં વીમો (મનીઓર્ડર) મોકલાવતો.

ફુઆનું દેવું ભરાઈ જતાં એને રૂપિયાની છૂટ થઈ. એની સાથે કામ કરવાવાળામાં કોઈ કચ્છી નહોતું. હવે એની સાંજ સવારની બેઠકમાં બધા મિત્રો બિનકચ્છી હતા. એ લોકો સાંજે થાક્યા-પાક્યા છાંટોપાણી લેતા. મણિલાલને પણ ક્યારેક આગ્રહ કરતા પણ તે હાથ જોડતો.

શાહા શેઠને મણિલાલ માટે માન હતું. અત્યાર સુધી એણે આવો ધણી થૈ ને કામ કરનાર હાચી નીથનો કારીગર નહોતો મળ્યો. શેઠને મણિલાલનું કામ તો ગમ્યું જ હતું. એની કોઈ ઝંઝટ ન'તી. કારણ વગર એ ક્યારેય રજા પાડતો નહીં, તેથી ધાર્યું કામ નીકળતું.

શેઠને થતું મણિલાલ મશીન પર હશે ત્યાં સુધી મારે મશીન બાબતે ચિંતા નહીં રહે. એને પોતાના ધંધાના વિકાસ માટે હવે મણિલાલ અહીંથી ક્યાંય ન જાય એવું ધ્યાન રાખવું હતું.

રજાના દિવસે શેઠ જ્યાં જતા ત્યાં ક્યારેક મણિલાલને ગાડીમાં સાથે લઈ જતા.

એક તહેવારની રજાના દિવસે એ શેઠના આગ્રહથી એમની સાથે ગયો હતો. ત્યાં શેઠના મિત્રોએ મહેફિલ ગોઠવી હતી.

શેઠે મણિલાલને પીવાનો આગ્રહ કર્યો. મણિલાલે ના પાડી. શેઠે કહ્યું, "મણિલાલ એક દિવસથી કંઈ ના થાય. આ દેશી નથી, ચાખ તો ખરો." શેઠના આગ્રહથી તે દિવસે મણિલાલે પહેલ વહેલો ઇંગ્લિશ દારૂ પીધો. શું થશે બીકથી લિમિટમાં ચાખવાના રૂપમાં જ પીધો. ફેશનેબલ ડિઝાઈનવાળા કાચના પ્યાલાથી બીતાં બીતાં માત્ર બેચાર ઘૂંટડા જ ભર્યા.

એને ધાર્યા મુજબની કોઈ ખરાબ અસર ન થઈ. ઊલટાનું એના શરીરમાં તાજગી અને સ્ફૂર્તિ આવી ગયાં. એને ભૂખ પણ સારી લાગી અને ઊંઘ પણ મસ્ત આવી ગઈ.

મણિલાલને તે રાત્રે અને બીજા દિવસે ચમત્કારિક મજા આવી.

પછી તો હવે દર અઠવાડિયે એ શેઠ સાથે જવા લાગ્યો.

પહેલાં રજાના દિવસે ઘર યાદ આવતું. ઘરના વિચારો આવતા. સાથે કામ કરવાવાળા કોઈ કચ્છી ભાઈબંધ જોડે પારિવારિક ઠઠ્ઠા મશ્કરી અને રયાણ થતી. કોઈ આવતું જતું હોય એનાથી હાલ સમાચાર આવતા-જતા વગેરેથી પારિવારિક અને સામાજિક સંપર્કો જીવંત હતા. હવે આ નવી નોકરીથી એવું કંઈ ના રહ્યું. છતાં હવે પહેલાંની જેમ ઘર અને 'છોરાં' ને યાદ કરવાનો રજાનો (રવિવારનો) દિવસ, ઘરની યાદ વગર મસ્ત રીતે પસાર થવા લાગ્યો. ઇંગ્લિશ દારૂની મહેરબાનીથી.

એક શનિવારે કચ્છમાંથી ટપાલ આવી : "ઘેર બેબીબાઈનો જન્મ થયો છે." ચોથી દીકરીના જન્મના સમાચાર વાંચી મણિલાલ દુઃખી દુઃખી થઈ ગયો. તે દિવસે એણે આ 'ગમ' ભૂલવા એના સાથી બિનકચ્છી કારીગર મિત્રો સાથે છાંટોપાણી કર્યું, છતાં મન એ વાત ભૂલતું નતું. એને થયું. "મારી બાઈમણ હાચાહાચ ભોરાડી (અપશુકનિયાળ) હે. એના નસીબમાં ગગો (દીકરો) જ નથી. લાગેર્યું એને ગમે તેટલી હુવાવડ આવશે તોય ગગીયું જ (દીકરીયું જ) આવશે."

મને પછી કેટલો ઢહેડો (વેઠમજૂરી) કરવો. દીકરા વગરના જીવવાનો અર્થ કાંય નીં? આનો અર્થ ઇ જ થાય મને તાં હવે છેલાં દિ' હોદી બળધિયાની જેમ કોહ જ ખેંચ્યે રાખવાના ને. હાંમીજ મોડે હાલ્યે રાખવાનું એક જ 'પૈયા' માં. આગળ વધવાની શક્યતાય નીં ને. તેરલાંમાંથી છૂટવાનીયે શક્યતા નીં. ઈ કોહનો

બળધિયો ઇ ધણીથી છૂટો પડે તો ઇ તેરલાં છૂટે ને એની જુદી ગતિ થાય.''

આ બનાવ પછી મણિલાલનું ધ્યાન કચ્છમાં ઘર તરફથી ઘટતું ગયું. પગારની આવક વધી અને ઉપરથી ફુઆનું દબાણ અને બીક બધું હટી ગયું. ધીમે ધીમે એનો ટ્રેક (રસ્તો) બદલાવા લાગ્યો. સાથે કામ કરવાવાળા કોઈ 'આપડા' ન હતા એટલે પોતે શું કરેર્યો ઇ સમાજમાં કે હગાંવાલામાં ક્યાંય ખબર પડવાની ન હતી.

પણ ચાલાક રતન એના બદલાયેલા વર્તનની કચ્છમાં બેઠી સૈ કરી ગઈ. પહેલાં તે મહિનામાં એક વખત 'કાગળ' અવશ્ય લખતો ને પૈસાય ધજ (ઠીક) મૂકતો. હવે પૈસા ઓછા આવવા મંડ્યા. પૈસા તો ઠીક પણ કાગળ લખવાનો નિયમ પણ સતત તૂટતો હતો.

રિવાજ મુજબ કોઈ વ્યક્તિ જે વિસ્તારમાંથી વતનમાં જતું હોય, તે એ બાજુ રહેતા હેતુ-સંતોષીઓને મલીને એને ઘરે કઈ મૂકવું હોય તો લઈ જતા નૈં તો હાજા-નરવાની ઢીંગલોઢબુ હોપારી તો અચૂક લઈ જતા.

એ રીતે મણિલાલને કોઈ મલીને કચ્છમાં જતું તો એ એની સાથે બસો પાંચસો રૂપિયા મોકલી દેતો. ને બાકીના મોજશોખમાં પૂરા કરી લેતો.

મણિલાલ ઉપર નાનપણમાં એના બાપનું દબાણ ન'તું. ને મરઘાંમાના વધુ પડતા ચાગથી એ થોડો ફેરચાકલ થઈ ગયો હતો. એનું ફેરચાકલપણું ફુઆ પાસે કન્ટ્રોલમાં હતું પણ હવે ફુઆનું દબાણ ઘટતાં એ ફરીથી છૂટ થઈ ગયો. તેથી ફરી પાછો એ ફેરચાકલ થતો ગયો.

આ હાતમે (જન્માષ્ટમીએ) કચ્છમાં નથી જવું એ વિચારતો હતો. ત્યાં એક રજાના દિવસે તેના ફુઆને ત્યાં કામ કરતો એની બીજી ફઈનો દીકરો કાંતિ મલવા આવ્યો.

''ભાઈ મને આષાઢી બીજ કચ્છમાં કરવાનો વિચાર હે. હુરધન બાપાના ડોભ (ઉત્સવ) માથે પોચી જવું હે.'' કાંતિએ કહ્યું.

'મારો આ વર્ષે વિચાર મોળો હે.' મણિલાલે કહ્યું.

'કાં?'

'એમ જ...!'

'હાલતું હશે?... બાર મહિનામાં એકવાર તાં જવું જ ખપે! મારી ભાભી ત્યાં વાટ જોઈ બેઠાં હે મણાભાઈ, ત્યાં આંગણાંના લીમડા માથે કાગડો બોલે કે તરત તમને બારે જોવા નીકળેર્યાં. તમને એનો વિચાર નથી આવતો? હજી દવા વખતનું દેવું ભરાણું નથી કે શું?''

''ઇયાનું (ફુઆનું) દેવું ભરાઈ ગ્યું ત્યાંના થોડા બાકી હશે.'' મણિલાલે કહ્યું.

''તો પછી હાલોને. તમને છોરાં નથી હાંભરતાં?''

''હાંભરે તોય શું કરે? રજા તો મળવી ખપે ને?''

''રજા હું લઈ દઈશ...ને શેઠ કદાચ રજા ન દે તોય જવાનું. શેઠ એનું વિચારતા હોય તો આપડે આપડું નીં વિચારવાનું? તમને તાં મારી ભાભીનો કેટલો ખ્યાલ રાખ્યો ખપે? એને તમને હાજા કરવા શું નથી કર્યું? જમના દરવાજેથી તમારો જીવ પાછો ઇ લૈ આયાં હે, એમ કૈયેં તોય હાલે. હાલો હાલો વાટમાં મને હથવારો થાય! ને ત્યાં મારી ભાભીનો હથવારો થાય. દશમના નીકળી હાલીયેં તો અમાસના પોચી જૈયેં.

અને દશમના બંને ભાઈ કચ્છમાં સાતમ (જન્માષ્ટમી) કરવા ઊપડ્યા.

***(ક્રમશઃ)***

## લઘુકથા : મસ્તક

***– ગિરા પિનાકીન ભટ્ટ***

હું બાળપણમાં દાદી સાથે કથા સાંભળવા જતી. મહારાજે કથા કરી કે ગણપતિજીનું મસ્તક કપાઈ ગયું. ત્યારે...શિવજીએ પાર્વતીજીને કહ્યું કે, જાવ દોડો...ગામના ઝાંપે જે પહેલું સામે મળે એનું મસ્તક લઈ આવો. પછીની કથા...બસ, હાથીનું મસ્તક બેસાડી દીધું. ને ગણપતિજીનો જયજયકાર થયો. આ વાત મગજમાં ફેવિકોલ જેવી ફીટ થઈ ગઈ. પછીની ઉત્તરાયણે આકાશમાં છૂટા છવાયા પતંગો ચગતા હતા. હું ગામના છેવાડે આવેલા કૌશિકાબહેનના ટ્યુશનેથી ઘર તરફ આવી રહી હતી. મારી આગળ જ સાઈકલ સવાર ગગનભાઈના ગળે દોરી ફસાઈને એ પટકાયા નીચે.

લોહી...લોહી...બાપ રે મને કશું સૂઝતું ન હતું. ત્યારે હું પણ નાદાન દોડી ગઈ એક શ્વાસે ગામના ઝાંપા તરફ! રખેને ગગનભાઈનું માથું કપાઈ જાય તો? તો...? અન્ય કોઈના માથાની શોધ માટે...

★

આજે જ્યારે અનેક સૈનિકોનાં મસ્તક દુશ્મનો ઊડાવી રહ્યા છે ત્યારે મને થાય છે કોણ જાણે હિંદુસ્તાનના એ મસ્તકનો વિકલ્પ હશે?

***ઇ-૨, જીઆઈપીસીએલ કોલોની, એસ.એલ.પી.પી. નાની નરોલી, તા. માંગરોળ, જિ. સુરત. પીન : ૩૯૪ ૧૧૦.***

***મો. ૯૯૦૯૬૪૧૨૬૨***

"ROLEX" Brand



Rushabh

STEEL CENTRE

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072

MFGR. & DEALERS IN : Rolex SQUARE DABBA & TIFFIN

કચ્છની રસધાર

# સત્યનો પ્રભાવ

દુલેરાય કારાણી

વર્ષાઋતુની રમણીય સવાર હતી. ઠેકઠેકાણે ઊગી નીકળેલાં લીલાંછમ તૃણાંકુરો દૃષ્ટિને પ્રસન્ન કરી દેતાં હતાં. આખી રાત વરસીને થાકેલા મેહુલાએ પાછલી રાતે જ જરા વિસામો લીધો હતો. વાંકી-પત્રી વચ્ચે વહી રહેલી ભૂખી અથવા નેરણ નદીનો ઘસારાબંધ વહેતો પ્રવાહ કંઈક હળવો બનીને બંને કાંઠે ઊભેલા લોકોને ઉકાર આપવા આમંત્રી રહ્યો હતો.

વર્ષાઋતુની મનોહરતાનો આનંદ માણવાનો ઉત્સાહ પુખ્ત વયના માણસો કરતાં નાનાં બાળકોમાં અધિકતર જોવામાં આવે છે. કૃત્રિમતાને અભાવે નાનાં બાલુડાં કુદરત સાથે ઝટ ઓતપ્રોત થઈ જાય છે. મોટા માણસોમાં આવી વસેલી કૃત્રિમતા તેમને તેમ કરતાં અટકાવે છે.

વાંકી ગામના બાલમિત્રોની મંડળી આજે નેરણ નદીને કિનારે એકત્ર થઈને અનેક પ્રકારની રમતો રમી રહેલ છે. નદીના પૂરની એને પરવા નથી. ભીંજાવાનો ભય નથી. મગજમાં કશી ચિંતા નથી. સૌ કોઈ પોતાપોતાની રમતમાં મશગૂલ છે.

કેટલાંક બાળકો માનવહૃદયના આશા-મહેલો જેવાં રેતીનાં ઘરો ઘડીકમાં ચણી નાખે છે, ઘડીકમાં ચોળી નાખે છે. કેટલાંક નદીની રેતીમાં નાના વીરડા બનાવે છે અને તેમાં પાણી પ્રકટતાં ઉત્સાહમાં આવીને તાળીઓ પાડે છે. કેટલાંક તો લાત મારીને જમીનમાંથી પાણી કાઢવાની પોતાની શક્તિ જોઈને ફુલાઈ જાય છે અને પોતાના પરાક્રમની પરીક્ષા કરવા અન્યોને આમંત્રે છે.

આ રીતે વાંકીના બાલમિત્રો નાનાવિધ પ્રકારની રમતગમતમાં ગુલતાન બની ગ્યાં છે. અહીં એક ઓસવાળ કોમની વણિક બાલિકા નદીની ભેખડ ઉપર એકલી એકલી ખાડો ખોદી રહી છે. ખાડો જરા ઊંડો થતાં ઢાંકણીથી ઢાંકેલી માટીની મંગ (= મોટા ઘડા જેવું સાંકડા મોઢાનું વાસણ) જમીનમાં દાટેલી દેખાય છે.

મંગનું ઢાંકણું ઉઘાડી જોતાં તેમાં કાટથી લીલા રંગની બનેલી રાસાઈ કોરીઓ જોવામાં આવી. આ કોરીઓ જોઈને બાલિકાના આનંદનો પાર રહ્યો નહિ. વણિક બાળાએ બધી કોરીઓ હાથની બે સપડતી મૂઠીઓમાં ભરી લીધી. મંગ મોટી હતી પણ તેમાં કોરીઓ આ બાળાની મૂઠીઓમાં સમાઈ જાય એટલી જ હતી. બંને મૂઠી કોરીઓથી ભરીને આ બાળા એકદમ પોતાની માતા પાસે દોડી ગઈ.

કોરીઓ લાવનાર બાલિકાનું નામ હતું જેઠીબાઈ અને એની માતાનું નામ હતું ઉમરબાઈ.

પરમાત્માનાં સ્તવનો ગાતાંગાતાં આખો દિવસ રેંટિયો કાંતવાનું પવિત્ર કાર્ય જેનું નિત્યકર્મ છે એવી આ ભક્તિભરપૂર હૃદયવાળી ધર્મપરાયણા ઉમરબાઈનું નિર્મળ મન બાળિકાની બે મૂઠી કોરીઓના મોહમાં મોહાઈ જાય એવું ન હતું. ઉમરબાઈએ આ કોરીઓને એક કુલડીમાં નાખીને તે ઊંચી રાખી દીધી.

ઉમરબાઈના પતિનું નામ પાલણશા. ધંધો ખેતીનો. હમણાં ચોમાસાની મોસમ હોવાથી પાલણશા આખો દિવસ ખેતીના કામમાં જ રચ્યોપચ્યો રહેતો.

સાંજે પાલણશા ખેતરના કામકાજમાંથી પરવારીને ઘેર આવ્યો ત્યારે ઉમરબાઈએ જેઠીને જડેલી કોરીઓ સંબંધી સઘળી હકીકત તેની પાસે રજૂ કરી. જમીનમાંથી જડેલી કોરીઓ પત્રી જઈને પત્રીના ઠાકોરને આપી આવવા ભલામણ કરી.

પાલણશાએ કહ્યું : 'હમણાં તો ખેતીના કામમાંથી ઘડી વારની પણ ફુરસદ નથી પણ ચાર દિવસ પછી પાખી આવે છે એટલે પાખીના દિવસે આ કોરીઓ પત્રી દરબારને આપી આવીશ.'

વાંકી અને પત્રી એ બંને ગામો નેરણ નદીના સામસામે કિનારે આવેલ છે. નેરણ નદી પોતાના પ્રવાહથી આ બંને ગામોને વિખૂટાં પાડે છે. આમ છતાં બોલચાલમાં તો વાંકી-પત્રી નામ સાથે જ બોલાય છે. વાંકી અને પત્રીના ગામધણી ગ્રાસીઆ પત્રીમાં જ રહેતા હતા.

પાખી આવી પહોંચતાં પાલણશાને જરા અવકાશ મળ્યો. જમી જૂઠી કોરીઓવાળી કુલડી ખેસમાં બાંધી પાલણશા પત્રી તરફ ચાલતા થયા.

પત્રીદરબાર અને એમનો કારભારી દરબારગઢની ડેલીમાં વાતો કરતા બેઠા હતા ત્યાં પાલણશા પણ આવી પહોંચ્યો.

'પાલણશા, અજ તા આંઈ નિકરી આયા? (પાલણશા, આજે તો તમે નીકળી આવ્યા!') પત્રીદરબારે પાલણશાનો સત્કાર કરતાં પ્રશ્ન કર્યો.

'બાવા, ઘણા દિવસથી તમારાં દર્શન થયાં ન હતાં, એટલે મળવાનો વિચાર કરતો હતો ત્યાં એક બીજું કામ નીકળી આવ્યું.'

'તો વાત કરો, શું કામ છે?'

'બાવા! વાત એમ છે કે ચારપાંચ દિવસ પર મારી દીકરી જેઠી આપણી નદીમાં બીજાં છોકરાં જોડે રમતી હતી. એને રમતાં-રમતાં નદીમાં દાટેલી આ કોરીઓ મળી હતી તે આપની પાસે લઈ આવવાની હતી. આજે પાખી હોવાથી એ લઈ આવ્યો છું.' એમ કહીને પાલણશાએ ખેસમાંથી કોરીઓની કુલડી કાઢી દરબારના પગ પાસે મૂકી.

પાલણશાનું પ્રામાણિકપણું જોઈ દરબાર ખુશ થયા. પાલણશાને શાબાશી આપી. પાસે બેઠેલા કારભારી પાસે પાલણશાની પ્રામાણિકતાનાં વખાણ કર્યાં.

થોડી વારની વાતચીત પછી પાલણશા પત્રીદરબારને સલામ કરી વિદાય થયો.

'બાવા! જોઈ આ વાણિયાવિદ્યા?' દરબારી કારભારીએ ટકોર કરી.

'એમ કેમ કહો છો, કારભારી?' દરબારે કારભારીને પ્રશ્ન કર્યો.

'બાપુ! આ વાણિયો આપણને બનાવી ગયો! શું એને એટલી જ કોરી મળી હશે?'

'ત્યારે તમે શું ધારો છો?'

'ધારવું તો ખુલ્લું છે, બાપુ! એની દીકરીને એટલી જ કોરીઓ મળી હોય તો તે આપણને દેવા આવે એવો સતવાદી કે'દી હતો? વળી એ કહે છે કે ચારપાંચ દિવસ પહેલાં કોરીઓ મળી હતી. તો પત્રી ક્યાં દૂર છે? તે દિવસે જ કેમ ન આવે? દરબાર! આપ તો રાજા છો એટલે એની વાત સાચી માની લ્યો! અમે તો આવા દાખલા નજરે જોઈ લીધા છે. એને તો કોઈ મોટો ખજાનો હાથ ચડ્યો હોય એમ લાગે છે. આ વાત પાધરી થાય છે કે કેમ, તેની એણે ચારપાંચ દિવસ સુધી વાટ જોઈ. પછી વિચાર્યું કે ન કરે નારાયણ ને આ વાત જાહેર થાય તો તેમાંથી છટકી જવાના બહાના રૂપે આ એક મૂઠી કોરીઓ આપીને આપનું મન મનાવી ગયો. માળો ભારે ચાલાક હોં! બાવા! પાલણીઓ એટલે તમે શું સમજો છો? એ તો મોટો છે તે છે! નંદના ફંદ ગોવિંદ જ જાણે!'

કારભારીની આ લાંબી કહાણીથી દરબારનું મન પણ ઢચુપચુ થઈ ગયું. એને થયું કે કારભારીની વાત ખોટી નથી. જ્યાં કોરીઓ દાટેલી હોય ત્યાં આટલી તો ન જ હોય. કોરીઓનો ખજાનો પાલણીઆએ દાબી દીધો હશે?

દરબારની શંકાને સ્વાર્થવૃત્તિએ વધુ ઉશ્કેરી. ધનમોહની લાલસા વધુ પ્રબળ બની. કારભારીને સાથે લઈને પત્રીદરબારે આ વાતની પાકી તપાસ ચલાવવા અને વાણિયાની ખબર લેવા વાંકી જવા માટે નેરણ નદીના છીછરા પ્રવાહમાં ઝંપલાવી દીધું.

થોડી જ વારમાં નદી ઓળંગી બંને વાંકી ગામે આવી પહોંચ્યા. વાંકી ગામના ચોરામાં દરબારને માટે દૂધ જેવાં સફેદ ગાદલાં પથરાઈ ગયા. ઠાકોર અને કારભારીએ વાંકીના ચોરામાં પોતાનું આસન જમાવ્યું. તરત જ પાલણશાને બોલાવી લાવવા પાંટીઆને હુકમ કર્યો.

પાંટીઓ થોડી જ વારમાં પાછો આવ્યો અને પાલણશા સીમમાં છે એવા સમાચાર આપ્યા.

ઠાકોરે વિચાર્યું કે આ તો ઠીક લાગ આવ્યો છે. પાલણશાની ઘરવાળીને બોલાવીને જરા ધમકાવીશું એટલે એ વાણિયાણી પોપટની જેમ પઢી દેશે.

તે જ વખતે ઠાકરોના હુકમથી વાંકી ગામનો પાંટીઓ પાલણશાની પત્નીને બોલાવી લાવ્યો. રેંટિયો ચલાવી રહેલી આ બાઈ રેંટિયાને પડતો મૂકી ઠાકોરને માન આપી ચોરામાં જ્યાં માનવ-મેદની જામી હતી ત્યાં આવી પહોંચી.

'તમારું નામ શું, માજી?' ઠાકોરે બાઈને પ્રશ્ન કર્યો.

'મારું નામ ઉમરબાઈ.' બાઈએ જવાબ આપ્યો.

'ઉમરબાઈ, અમને પાલણશા કહી ગયા તે કોરીઓનો ભંડાર તમને જડ્યો તેને કેટલા દિવસ થયા?' ઠાકોરે આંટીઘૂંટીવાળો સવાલ પૂછ્યો.

"કોરીઓનો ભંડાર? આ શું બોલો છો, બાપુ? ભંડાર કેવો ને વાત કેવી?" ઉમરબાઈએ ગભરાટમાં જવાબ આપ્યો.

'આવું હળાહળ જૂઠાણું બોલીને તું કોને બનાવે છે, તેનું તને ભાન છે?' દરબારે પોતાની સત્તાનું ભાન કરાવતાં કહ્યું.

'જૂઠાણું તો બાપા, મારી જિંદગીમાં નથી બોલી તે આજે ઓછું જ બોલવાની હતી?'

ઉમરબાઈનો આવો બેપરવાઈભરેલો જવાબ સાંભળીને ઠાકોર ક્રોધાયમાન થયા. એમણે પાસે બેઠેલા કારભારીને કહ્યું : 'આ ડોકરી એમ માનવાની નથી. તમે હમણાં જ એક રાંપ મગાવી, લાલચોળ તપાવી એના હાથમાં આપો. સાચકૂડનું હમણાં જ પારખું!'

'આ કળિકાળના ચોથા આરામાં, બાપુ, એવું સત ક્યાં રહ્યું છે?' ઉમરબાઈ નમ્રતાથી બોલી.

'તો હાથે કરી કાં દુઃખી થાય છે? સાચી વાત કરી દે. કોરીઓનો ખજાનો ક્યાં સંઘરી રાખ્યો છે?'

'અમારો ખજાનો તો, બાપુ, બધો ખેતરોમાં છે. બીજો તો ક્યાંય નથી.'

'એ તો હમણાં જ ખબર પડશે. તમે લોકો વાતથી માનવાનાં નથી. લાતથી જ માનવાનાં છો.'

આમ ઠાકોર ઉમરબાઈને ધમકીઓ આપી રહ્યા હતા ત્યાં પાંટીઓ લોઢાની રાંપ લઈ આવ્યો અને દેવતા સળગાવી તેને ગરમ કરવા લાગ્યો.

એટલામાં પાલણશાને આ વાતની ખબર પડતાં તે પણ દોડતો આવ્યો અન છાનોમાનો ઊભો રહીને હવે શું થાય છે

તે જોવા લાગ્યો.

રાંપ તપીને લાલ થઈ ગઈ ત્યારે બે માણસોએ તેને બે સાણસા વડે દેવતામાંથી ઊંચકી અને અગ્નિના તણખા ઝરતી ધગધગતી રાંપ હાથમાં પકડી લેવા દરબારે બાઈને હુકમ કર્યો.

ઉમરબાઈ જે આટલો વખત આંખો બંધ કરી પરમાત્માનું ધ્યાન ધરતી ઊભી હતી તે આ હુકમ સાંભળી હેબતાઈ ગઈ. એટલામાં રગરગતી રાંપ આવી પહોંચી. ચોરામાં ઊભેલા પીપળાનાં જમીન પર પડેલાં બે પાંદડાં બે હાથ પર લઈ રામનામના ઉચ્ચાર સાથે આગની શિખો ફૂટતી રાંપ પોતાના બંને હાથ પર લઈ લીધી.

કળિયુગના કપરા સમયમાં પણ સત્યનો આવો પ્રભાવ જોઈને જોનારા તો ચકિત થઈ ગયા. આમ છતાં પેલા કારભારીએ દરબારના કાનમાં કહ્યું : 'બાપુ! આ તો પીપળાના પાનનો પ્રતાપ જણાય છે. હવે ફરી રાંપ તપાવીને એના ખુલ્લા હાથ પર મૂકવી જોઈએ.'

આથી રાંપને ફરીથી ગરમ કરવાનો દરબારનો હુકમ છૂટ્યો. રાંપ તપીને લાલચોળ થતાં તેને ફરી ઉમરબાઈના હાથ પર મૂકવાનું ફરમાન કર્યું.

ઉમરબાઈ તો પરમાત્માનું સ્મરણ કરતી શાંત ઊભી હતી. હરણાકંસના લોહસ્તંભને બાઝી પડેલા પ્રહલાદની માફક એને પણ હવે આત્મવિશ્વાસ બેસી ગયો હતો. તેણે ફરીથી ધગતી રાંપ 'રામ' કહીને પોતાના ખુલ્લા હાથ પર લઈ લીધી.

'હી રંભ તાં ઠરી વઈ લગેતી ભલા!' દરબારના મોંમાંથી અવાજ આવ્યો.

આટલો વખત ચૂપચાપ ઊભેલા પાલણશાથી હવે આ જુલમ સાંખી શકાતો ન હતો. એનું અંતર ઊકળી રહ્યું હતું. પાલણશાએ હવે આગળ આવીને પોતાની પત્ની ઉમરબાઈને કહ્યું : 'રંભ ઠરી વઈ વે ત વારેને વિજ ઠક્કરજી નિડીમેં! (રાંપ ઠરી ગઈ હોય તો તેને વાળીને નાખ ઠાકોરના ગળામાં!)'

પતિની આજ્ઞા સાંભળીને સત્યમૂર્તિ સતીએ રાંપને વાળીને દરબાર તરફ દોટ મૂકી.

દરબારે વિચાર્યું : હવે આવી બન્યું લાગ્યું છે! હવે અહીંથી ભાગી નહિ છૂટીએ તો હમણાં જ બાર વાગી જવાના!

અને દરબાર તથા કારભારી ત્યાંથી ઊઠીને મૂઠીઓ વાળી એવા ભાગ્યા કે વહેલી આવે પત્રી!

*(આ ચમત્કારી કથા શ્રી મહાવીર જૈન ચારિત્ર-રત્નાશ્રમ, સોનગઢના અધિષ્ઠાતા શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ, જેમની ઉંમર હાલ ૯૦ વર્ષની છે, એમની પાસેથી પ્રાપ્ત થઈ છે, અને તે જેમની તેમ અત્રે આપવામાં આવી છે. આ કથામાં જે બાઈના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે ઉમરબાઈ કલ્યાણચંદ્રજી બાપાના દાદા ગુરુ વ્રજપાળજી સ્વામીની નાનીમા જેઠીબાઈનાં માતુશ્રી એટલે પરનાની થાય.)*


## દ્વિતીય પુણ્યતિથિએ પ્રેમભરી પુષ્પાંજલિ

ઇશ્વરનું ઉત્કૃષ્ટ સર્જન એટલે 'મા'
માતાની મમતા એટલે ચંદનની શીતળતા
માતા એટલે વાત્સલ્યની રસધાર
માતા એટલે સ્નેહનો સાગર
માતા એટલે સમર્પણનું સરોવર
દૂર થઈ ગયા નજરોથી પણ તમારો નિર્મળ ચહેરો અને
મધુર સ્મિતને હૈયામાં યાદ કરતા રહીશું...
સથવારો તમારો છૂટી ગયો પણ જીવનભર ન ભૂલાય
એવા મમ્મી તમારા સંસ્કારોને યાદ કરતા રહીશું.

*— વિપુલ, જીનલ*



કચ્છ ગામ ગોધરા
હાલે અમદાવાદ

● આગમન ●
તા. ૨૯-૮-૧૯૫૪

● અંતિમયાત્રા ●
તા. ૧૯-૭-૨૦૧૫

### મધુરીબેન રમણિકલાલ ગોસર

ખોયું છે અણમોલ મધુરીરૂપી રતન, એ હવે તમારા હાથમાં છે
સદા સાચવજે, કરજે એમનું જતન એ જ પ્રભુને પ્રાર્થના છે.

*— રમણિકલાલ ગોસર*

*જેમ દીપકનો પ્રકાશ તેમ તમારો વિશ્વાસ*
*જેમ સુમનની તાજગી તેમ તમારી સાદગી*
*જેમ ધૂપસળીની સુવાસ તેમ તમારો અહેસાસ*
*જેમ પવનની ગતિ તેમ તમારા સાથે હોવાની પ્રતીતિ*
*રહેવાને સદા આ દુનિયામાં તો કોઈ આવતું નથી*
*છતા તમે ચાલ્યા ગયા પણ મન હજું માનતું નથી*
*આપની વસમી વિદાયની દ્વિતીય પુણ્યતિથિએ*
*નતમસ્તકે ગોસર પરિવારની શ્રધ્ધાંજલિ*

| | |
|---|---|
| જીવનસાથી | : શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર (કચ્છ ગોધરા) |
| પુત્ર-પુત્રવધૂ | : કુંજલ વિપુલ ગોસર |
| પુત્રી-જમાઈ | : જીનલ નીલેશ દીપકચંદ કારાણી (સાભરાઈ) |
| સાસુ-સસરા | : માતુશ્રી ગંગાબાઈ કુંવરજી ગોસર (ગોધરા - અમદાવાદ) |
| માતા-પિતા | : માતુશ્રી કસ્તુરબેન ધનજી પોલડિયા (તલવાણા - મુલુંડ) |
| વેવાઈ | : માતુશ્રી સરોજબેન કિશોરભાઈ વિસરીયા (નવા વાસ - ઘાટકોપર) |
| વેવાઈ | : માતુશ્રી પ્રેમીલાબેન દીપકચંદ કારાણી (સાભરાઈ - ડિગ્રસ) |
| પૌત્ર-પૌત્રીઓ | : કવિશા વિપુલ ગોસર ● મિત વિપુલ ગોસર |
| દોહિત્રી | : ક્રિશા નીલેશ કારાણી |

કચ્છી કથા

# અમરવેલ

સ્વામી સચ્ચિદાનંદ

બધી કથાઓ ઐતિહાસિક નથી હોતી, કેટલીક કિંવદન્તીઓ પણ હોય છે. ખરેખર તો સાચી કથાઓની તુલનામાં કિંવદન્તી કથાઓ વધુ રસદાર હોય છે. કિંવદન્તી કથાઓ કાઢી નાખવામાં આવે તો પોણા ભાગની પૌરાણિક કથાઓ નીકળી જાય. કિંવદન્તી કથાઓ કોઈ ઈતિહાસ સિદ્ધ કરવા નથી રચાઈ હોતી, પણ રસપૂર્વક બોધપાઠ આપવા માટે રચાઈ હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીએ તો 'મિથ' જેવી લાગતી કથાઓની પણ ઉપયોગિતા સ્થાપિત થઈ જશે.

એવું કહેવાય છે કે જે જંગલમાં લા, સા અને બહેન લકીર ત્રણે જે જગ્યાએ એકસાથે અગ્નિમાં બળી મર્યા હતાં ત્યાં વરસાદ પછી એક વેલ ઊગી. કોઈ વસ્તુ બળીને ખાખ થઈ જાય એટલે તેનો સંપૂર્ણ નાશ થઈ જાય છે તેવી માન્યતા બરાબર નથી. આયુર્વેદની બધી ભસ્મો ભસ્મ હોવા છતાં પણ ખાસ ઔષધીય ગુણ ધરાવે છે. એટલે ભસ્મ પણ કાંઈક વિશેષ તત્ત્વ બની શકે છે. પેલા ચિતાગ્નિમાંથી અમરવેલ ઉત્પન્ન થઈ. અમરવેલ માટે એવું કહેવાય છે કે તેને કાપો તો બીજા જ દિવસે પાછી હતી તેવી જ થઈ જાય. આપણી ચારે તરફ પુષ્કળ ઔષધિઓ પડી છે, પણ આપણે તેનો ઉપયોગ જાણતા ન હોવાથી તે નકામી પડી રહે છે.

અમરવેલનું ઔષધિતત્ત્વ અચાનક જ પ્રગટ થયું. એક વાર એક રબારી ભદ્રાવતીના માવલ ચારણની બકરીઓ ચરાવીને પાછો ફરી રહ્યો હતો, તેમાં એક ઘરડી અને લંગડી બકરી સૌથી પાછળ-પાછળ જેમતેમ ચાલી રહી હતી. તે બરાબર ધરાયેલી ન હતી તેથી આડુંઅવળું ખાવાનું શોધતી શોધતી ચાલી રહી હતી. તેની નજર પેલી અમરવેલ ઉપર પડી. તે ખાવાની લાલચમાં ટોળામાંથી ખસીને તે અમરવેલ પાસે ગઈ અને ચરવા લાગી. તે આખી વેલ ચરી ગઈ. પણ આ શું? થોડી જ વારમાં તે તો જુવાન થઈને થનગનવા લાગી, તેનું લંગડાપણું ચાલ્યું ગયું. તે નાચતી-કૂદતી રબારીના વાડા પાસે ગઈ. તેનું ચમત્કારિક પરિવર્તન જોઈ રબારીને નવાઈ લાગી. બકરીના આંચળ દૂધથી ભરાઈ ગયા હતા. નીંગાળિયો રબારી બકરી દોહીને દૂધ પી ગયો. થોડી જ વારમાં તે જુવાન થઈ ગયો. તે તો રોજ દૂધ પીવા લાગ્યો અને અલમસ્ત થઈને રહેવા લાગ્યો.

એક દિવસ તેનાથી પૂરું દૂધ પિવાયું નહીં. થોડું વધેલું દૂધ એક આકડાના પડિયામાં ભરીને એક સર્પના દર આગળ મૂકી દીધું. રબારી ગોગાબાપજીનો ભક્ત હોવાથી ગોગાદેવ દૂધ પીએ તો પ્રસન્ન થાય તેમ સમજીને રાફડા આગળ દૂધ મૂકેલું.

થોડા સમય પછી ત્યાંથી હિંગળાજમાતાનાં દર્શન કરવા નાગાબાવાની જમાત નીકળી. સૌથી છેલ્લે એક વૃદ્ધ અને અપંગ-રોગી બાવો જેમતેમ કરીને ચાલી રહ્યો હતો. તે પોતાની દયનીય દશાથી તંગ આવી ગયો હતો - આવા જીવન કરતાં મરી જવું સારું! અસાધ્ય રોગ વ્યક્તિને આત્મહત્યા કરવા પ્રેરણા આપે છે. જીવનથી હારેલો-થાકેલો પેલો વૃદ્ધ સાધુ કેમ કરીને જીવન ટૂંકું કરી શકાય તેની ગડમથલ કેટલાય દિવસથી કરી રહ્યો હતો, તેવામાં તેની નજર સાપના રાફડા આગળ પડેલા દૂધના પડિયા ઉપર પડી. તેને થયું કે જરૂર આમાં સર્પનું ઝેર પડ્યું હશે. તે પીવાથી મારું મૃત્યુ થઈ જશે તેમ સમજીને તેણે પડિયાનું દૂધ પી લીધું. ઘણાને ખબર નથી હોતી કે સર્પનું ઝેર લોહીમાં ભળવાથી ઝેરી થઈને મૃત્યુ નિપજાવે છે, પણ જો તેને પીવામાં આવે તો કદાચ તે ઝેર નથી બનતું. દૂધ પીતાં જ સાધુ-બાવો તો તદ્દન નીરોગી અને હૃષ્ટપુષ્ટ જુવાન થઈ ગયો.

પણ રોગો અને વૃદ્ધત્વ ચાલ્યા ગયા પછી તેની બુદ્ધિ બગડવા લાગી. બુદ્ધિ ક્યારે બગડે તે કહી શકાય નહીં. તેને થયું કે એક દિવસના દૂધ પીવાથી જો મારું શરીર આવું નીરોગી અને જુવાન થઈ ગયું, તો આ રબારી તો રોજ દૂધ પીએ છે, તો તેનું શરીર તો જરૂર સોનું થઈ જતું હશે. પ્રયોગ કરવો જોઈએ. તેણે પ્રયોગ કરવા માટે નીંગાળિયા રબારીને સાધવા મંડ્યો. રબારી ભરનિદ્રામાં સૂતો હતો. તેને જગાડ્યો. રબારી જાગ્યો. સાધુબાવાએ તેની પાસે ખાવાનું માગ્યું. રબારીએ પોતાના ભાથામાંથી રોટલો કાઢી આપ્યો. શ્રદ્ધાળુ માણસ દાની હોય છે. ખાસ કરીને સાધુ-સંતોને ભૂખ્યા જોઈને તેની શ્રદ્ધા ઊભરાઈ આવતી હોય છે. પોતાનો રોટલો તેણે સાધુબાવાને આપી દીધો ઢોંગી બાવા ભોળા શ્રદ્ધાળુઓને ઠગતા હોય છે. ધાર્મિક ક્ષેત્રથી વ્યક્તિને ઘણા લાભ થતા હોય છે. તેનામાં ઘણા સદ્‌ગુણો વધતા હોય છે અને ઘણાં સારાં કામ પણ થતાં હોય છે. પણ બુદ્ધિ વિનાની એકલી શ્રદ્ધા ઘણી વાર અંધશ્રદ્ધા બનીને લોકોને છેતરાવતી પણ હોય છે. ભોળા લોકોને છેતરવાના અને ગેરમાર્ગે દોરવાનાં અનેક નિમિત્તો છે, પણ તેમાં સૌથી પ્રબળ કારણ ગુરુપ્રથા છે. પ્રત્યેક વ્યક્તિએ ગુરુ તો કરવા જ પડે. ગુરુ વિના

ચાલે જ નહીં. જેની કશી જ જરૂર નથી - અરે, જેમાંથી લાભ કરતાં હાનિ ઘણી થાય છે તેવી ગુરુપ્રથા ગળામાં કંઠી બનીને બેડીની માફક લોકોને જકડી દેતી હોય છે. હવે તે ઘાંચીના બળદ જેવો ડાબલા ધારણ કરીને જીવનભર એકની એક જગ્યાએ ગોળગોળ ફર્યા કરશે. તે વાડામાં પુરાયેલાં ઘેટા-બકરાં જેવો થઈ જશે. તેનું ઊન કપાતું રહેશે. કશું મળવાનું નથી.

સાધુબાવાએ પ્રશ્ન પૂછ્યો : "ભાઈ ગોવાળિયા, તેં ગુરુ કરાવ્યા છે કે નહીં? તારા ગળામાં કંઠી કેમ નથી?" રબારીએ જવાબ આપ્યો : "બાપુ! મને તો ખબર જ નથી કે ગુરુ શું કહેવાય!" રબારીની વાત સાંભળીને તરત જ છી-છી-છી! કરતાં સાધુબાવો બોલ્યો : "તો-તો તારા નૂગરાનું અનાજ મારાથી ખવાય નહીં, મહાપાપ લાગે!" એમ કહીને તેનો રોટલો પાછો આપ્યો, એટલું જ નહીં, રબારીને ભય પણ બતાવ્યો : "અરેરે! તું તો મર્યા પછી નરકમાં જ જવાનો છે. નૂગરા લોકો તો નરકમાં જ જાય." બિચારો ગોવાળિયો ભયભીત થઈ ગયો. ધાર્મિક ક્ષેત્રની પૂરી ગુરુપ્રથા પરલોક સુધારવા માટે જ રચાઈ હોય તેવું લાગે છે. જીવન કરતાં નરકનો ભય વધુ બતાવીને શિષ્યોનાં ટોળેટોળાં ઊભાં કરવાં અને પછી ખળાંની માફક ખળાં લણવાં એ જ સાધના કરતા રહેવાનું કામ ગુરુપ્રથા કરી રહી છે. અંતે સાધુબાવાએ પેલા નીંગાળિયા રબારીને શિષ્ય બનાવ્યો. પેલી અમરવેલનો ઉપયોગ વિશ્વહિત માટે કરવાનું બંનેમાંથી એકેને ન સૂઝ્યું. અને એક દિવસ બંને અંદરોઅંદર લડી મર્યા. કહેવાય છે કે નીંગાળિયા રબારી ઉપરથી નીંગાળસર તળાવ ઉપરાંત નીંગળ ગામ જામ લાખાએ વસાવ્યું છે.

આપણા વૈદ્યરાજોએ કેટલીયે અદ્‌ભુત - મહાન ઔષધિઓ શોધી હતી, પણ પેટન્ટ-પ્રથા ન હોવાથી તેનો વિશ્વવ્યાપી પ્રચાર ન થઈ શક્યો. વૈદ્યના મરતાં જ ઔષધિઓ પણ મરી ગઈ. અમરવેલનું પણ એવું જ થયું. ■

### નયે વરે જી બીજ મુભારક

*વડર વસે, વીજ મુભારક*
*મન મેં વે જુકો અરમાન ઉમ્મીધું*
*પૂરી થીયે ઈન્જોઈન્જ મુભારક!*
*બીજ, રથ ને ઈદ મુભારક,*
*ગૂગર-લોભાન જો ધૂપ મુભારક*
*પીરભ ભલે વે' બ ક ત્રો*
*ચંધર હિકડો ઈજ મુભારક*
*પાંજી હી હિકડાઈ મુભારક.*

**– જગદીશચંદ્ર છાયા 'શ્રેયસ'**

કચ્છી પ્રતિભા વિશેષ

### ગાંધીધામ-કચ્છમાં શિક્ષણનું બીજ રોપનાર

# કચ્છનાં ઇંદિરા ગાંધી : દીદી કૃષ્ણાજી

ભદ્રાયુ વછરાજાની

ઝુલ્ફીકાર ભુટ્ટોનું ગામ. હાલ પાકિસ્તાનમાં છે તે સિંધ પ્રાંતનું લાડકાણા ગામ. સત્તર વર્ષની નાની ઉંમરે કન્યા મહાવિદ્યાલયમાં એક શિક્ષિકા, નામ એનું કૃષ્ણા કોડુસિંઘ ભંભાણી. કૃષ્ણાના પિતા આ જ કન્યા મહાવિદ્યાલયના વ્યવસ્થાપક અને પ્રિન્સિપાલ. એટલે એમણે દીકરીને એવી ઘડી કે બે વર્ષ પછી વાર્ષિક નિરીક્ષણ સમયે શિક્ષણાધિકારીએ નોંધ લખી : ''કૃષ્ણા ભંભાણી ઉંમરમાં નાની છે પણ એવું લાગે છે જાણે તે જન્મજાત શિક્ષક હોય. આથી તેને તાલીમબદ્ધ છે એમ સ્વીકારીને એસ.ટી.સી. અથવા બી.ટી.ની. તાલીમી ડિગ્રીમાંથી મુક્તિ આપવામાં આવે છે.' દીદી કૃષ્ણા ઓગણીસમા વર્ષે તો લાડકાણા ગામના શ્રેષ્ઠ કન્યા મહાવિદ્યાલયનાં આચાર્યા બન્યાં!

કૃષ્ણાજીનું ઘડતર કર્યું પિતાશ્રીએ. બાળપણથી જ એકાંતપ્રિય દીવાન કોડુસિંઘ ભંભાણી ભજનકીર્તન, સંતસેવા, વડીલોની સહાયમાં રસ ધરાવે. વકીલાતની પરીક્ષા પાસ કરી પણ દલીલોમાં જીવ ન લાગ્યો, એટલે વીસ વર્ષે જ શિક્ષક થઈ ગયા. આદર્શ શિક્ષક, સાદું જીવન અને ઉચ્ચ વિચાર. છેંતાલીસ વર્ષની ઉંમરે નોકરીમાંથી કાયમી નિવૃત્તિ લઈ લીધી, કન્યા મહાવિદ્યાલયની સ્થાપના કરી. અધ્યાત્મની પૃષ્ઠભૂમિ પર છોકરીઓનું અહીં સાચું ઘડતર થવા લાગ્યું! આ જ શાળામાં દીકરી કૃષ્ણા પણ ભણે. ૧૯૩૯માં લાડકાણાની સૌ પ્રથમ ગ્રેજ્યુએટ તે સત્તર વર્ષની કૃષ્ણા કોડુસિંઘ ભંભાણી.

દીદી કૃષ્ણાજીની પહેલી પાઠશાળા તે માતા-પિતાની ગોદી. ભાગ્યવાન ખરાં કારણ માબાપ ધર્મનિષ્ઠ, સેવાભાવી, ત્યાગી, વૈરાગી અને ગૃહસ્થાશ્રમના પ્રત્યેક નિયમનું ખરા અર્થમાં પાલન કરનાર. કૃષ્ણાજીના ત્રણ ભાઈઓ અને એક બહેન. સૌ માતા-પિતાનાં આચરણથી જ બધું શીખ્યાં. એટલે જ તો બે ભાઈઓ અને એક બહેન પણ શિક્ષક જ થયાં! જો કે, છ વર્ષની કૃષ્ણાને સ્કૂલે પહેલીવાર મોકલી ત્યારે કંઈ ગમ્યું નહોતું. રોજ નોકર શાળાએ મૂકી જાય ને પંદર-વીસ મિનિટમાં તો કૃષ્ણા ઘરે ભાગી આવે! ભાગી આવવાની ફરિયાદ થાય તે પહેલાં કૃષ્ણા જ સ્કૂલ વિષે રાવ કરવા લાગે : 'સ્કૂલમાં તો બધાં બહુ શોરબકોર કરે છે, માસી (શિક્ષિકા) મારે છે, મકાન બરાબર નથી, પાણીનાં માટલાં પર ઢાંકણ પણ નથી...આવી સ્કૂલમાં ભણવા નહીં જાઉં!!' સંયુક્ત બહોળો પરિવાર. દાદા-દાદી, નાના-નાની બહુ નારાજ થતાં. પણ પિતાજી કહેતા : તારા માટે સરસ સ્કૂલ બનાવું તો એમાં ભણવા જઈશ ને? ખરેખર પિતાજીએ કૃષ્ણાની એ જ સ્કૂલને તાલીમ આપી, મદદ કરી એક સરસ સંસ્થા બનાવી. પોતે શિક્ષક એટલે સંચાલક મંડળને વિશ્વાસમાં લઈ ત્યાંના શિક્ષકોને તાલીમ આપવા લાગ્યા. ફાળો એકઠો કરી નવું મકાન બનાવી આપ્યું અને ચમકતી-દમકતી એ જ સ્કૂલમાં કૃષ્ણા હોંશેહોંશે ભણી. માનો કે પિતાએ કૃષ્ણાને ભણવામાં દોડાવી! એક વર્ષમાં બે-ત્રણ ધોરણ સાથે! આઠ વર્ષની ઉંમરે કૃષ્ણાએ પ્રાથમિકનાં ચાર ધોરણ પાસ કરેલાં!! પછી તો પિતાજી આ જ શાળામાં શિક્ષક થયા, સરકારી શાળાનું ઉપાચાર્ય પદ છોડીને; અને કન્યા કેળવણીનો યજ્ઞ આરંભાયો.

લાડકાણા બહુ જ સંકુચિત વાતાવરણવાળું ગામ. કન્યા વિદ્યાલયની શરૂઆત થઈ ત્યાં તો જાણે ધરતીકંપ થયો. પંચાયતોની સભા થવા લાગી. 'છોકરીઓને આટલી આઝાદી આપી ભણાવીશું તો ફેશન શીખશે ને આપણા હાથમાંથી નીકળી જશે!! આ કોડુસિંઘ સરકારી નોકરી છોડી અહીં પોતાની દીકરીને ભણાવશે પછી તેને નોકરી કરાવશે.' પ્રણાલિઓનો વિરોધ કરી જૂની પ્રથા તોડનાર આ કોડુસિંઘ ભંભાણીને પંચાયતે બહાર કાઢ્યા. પણ એ તો મસ્તીમાં, પોતાની ધૂનમાં. પોતાનાં પત્નીનાં ઘરેણાં વેચ્યાં. મિત્રો પાસેથી પૈસા ભેગા કર્યા પણ આ કન્યા મહાવિદ્યાલયને બેનમૂન બનાવવામાં કસર ન છોડી. સમાજના પ્રબળ વિરોધની વચ્ચે કૃષ્ણાજીને હૈદ્રાબાદ સિંધની મહિલા કૉલેજમાં ભણવા મોકલી ને પહેલાં ગ્રેજ્યુએટ થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરાવ્યું.

સ્કૂલ અને કૉલેજ જીવનમાં સમાજના જબરા વિરોધનો સામનો કરનાર કૃષ્ણાજી રમતગમત, સાંસ્કૃતિક, રચનાત્મક કાર્યમાં સક્રિય ભાગ લેતા. નાનપણથી શુદ્ધ ખાદી નિજી શોખથી અંગીકાર કરનાર કૃષ્ણાજી કહે છે કે : 'મારો જન્મ ૧૯, નવેમ્બરના રોજ થયો છે. ઇન્દિરા ગાંધીની પણ એ જ જન્મતારીખ. હું તેમના જેવી જ દેશદાઝ ધરાવું છું.' ગાંધીધામ, કચ્છના લોકો આજે પણ દીદી કૃષ્ણા ભંભાણીને 'કચ્છનાં ઇંદિરા ગાંધી' કહીને આવકારે છે. નિયમિત ચરખો ચલાવ્યો, રાષ્ટ્રભાષા શીખ્યાં અને શીખવી, આઝાદી આંદોલનમાં ભાગ લીધો, રાષ્ટ્ર સેવા દળનાં ચુસ્ત સદસ્યા રહ્યાં. દીકરી તો પડદામાં જ રહે, બહાર નીકળે તો પુરુષના પહેરા હેઠળ જ નીકળે એવા ઑર્થોડોક્સ વાતાવરણમાંથી ઘડાયેલ કૃષ્ણાજીના જીવનનો વળાંક ભારતના

ભાગલાથી આવ્યો. માનો કે એક નવી જિંદગી શરૂ થઈ. આઝાદી તો મળી પણ ભાગલાના અભિશાપ સાથે. પોતાનું ગામ, પોતાની પ્યારી શાળા, પોતાની માવજતથી બનાવેલો હકારાત્મક માહોલ પાછળ છોડી સ્થળાંતર થયું. કૃષ્ણાનું મન હજુ મૂળ ધરતી પર હતું. પિતાજીના એક દોસ્તે કાનપુરમાં સિંધની બેઘર મહિલાઓને માટે એક આશ્રમ શરૂ કરેલો. આ આશ્રમની જવાબદારી કૃષ્ણાજીએ ઉપાડી. ત્યાં પાઠશાળા, ઉદ્યોગશાળા, સત્સંગ, બાળકો માટે સ્કૂલ શરૂ કરી. આ સમય દરમિયાન કૃષ્ણાજીના જીવનમાં એક પરમ માર્ગદર્શક કવિ દુખાયલજીનો પ્રવેશ થયો. નિર્વાસિતોનાં કેમ્પમાં તેઓની મુલાકાત થઈ. ગાંધીધામ આદિપુર-અંજાર એ આખો કચ્છનો ઈલાકો પણ ત્યારે ભાગલાથી ભારત આવેલ લોકો માટે સ્થાનક બનવા લાગ્યો હતો. ભાઈ પ્રતાપ ગાંધીધામના સર્જનનો પાયો નાખી રહ્યા હતા. સિંધી કુટુંબો ત્યાં વસી રહ્યાં હતાં. હાલત ખરાબ હતી. પતરાંનાં મકાનો બનાવેલાં. આ કુટુંબોનાં બાળકોનાં શિક્ષણનું શું, એ મહત્ત્વનો પ્રશ્ન હતો. ૧૯૨૧ થી ૧૯૪૭ સુધીમાં આઝાદી સંગ્રામમાં આગલી હરોળના સેનાની તરીકે જીવન વિતાવનાર કવિ દુખાયલને ભાઈ પ્રતાપે સંદેશો આપ્યો અને કવિના કહેવાથી કાનપુરને અલવિદા કરી ૧૩ માર્ચ, ૧૯૫૦ના રોજ કૃષ્ણાજી ગાંધીધામમાં પ્રવૃત્ત થયાં. તેર છોકરાંઓ, મકાન નહીં, પુસ્તકો નહીં, વિધિવત્ સ્કૂલ પણ નહીં...પતરાનાં મકાનોની પરસાળમાં દીદી કૃષ્ણાએ શિક્ષણનો દીવો પ્રગટાવ્યો. આજે છેલ્લાં બાસઠ વર્ષોથી ગાંધીધામ-આદિપુરના કચ્છ ઈલાકામાં દીદી કૃષ્ણાજીના શિક્ષણ દીપકની જ્યોત અખંડ પ્રજ્વળે છે.

ન મકાન, ન રસ્તા, ન વૃક્ષો, ન પાણી, ન વીજળી...માત્ર વીંછી અને સાપ નીકળે તેવી બંજર જમીન. રોજ નવાં કુટુંબો ઉમેરાતાં જાય. પીવાનું પાણી તો દૂર દૂરથી ભરી લાવવાનું. નવી વસાહતનું નિર્માણ થતું હતું. સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન અને ગાંધીધામ મૈત્રી મંડળમાં કૃષ્ણાજી દિવસ-રાત પ્રવૃત્ત. છોકરાઓની ટુકડીઓ લઈને નીકળી પડે ને શરૂ કર્યું વૃક્ષારોપણ-શ્રમદાન-પ્રભાતફેરી-ચરખા ક્લાસ-રાષ્ટ્રભાષાના વર્ગો... કૃષ્ણાજીનું સમગ્ર જીવન આમાં જ સમર્પણ થયું. આજે તો કૃષ્ણાજીની નિશ્રામાં ચાર માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, છ પ્રાથમિક શાળા, છ બાલ શાળાઓ, બી.એડ. કૉલેજ, પ્રો. મલકાણી પુસ્તકાલય, યોગામંદિરથી એક વટવૃક્ષ ઊભું થયું છે. આદિપુરમાં પ્રાચાર્યા તરીકે ત્રીસ વર્ષ સેવા આપ્યા બાદ ૧૯૮૦ માં સેવાનિવૃત્તિ સાથે જ દીદી ગાંધીધામ મૈત્રી મંડળમાં સક્રિય થયાં. આજે પણ તેઓ 'ચેરપર્સન એમિરટ્સ' તરીકે પ્રવૃત્ત છે. તેઓશ્રી ગાંધીધામ નગરપાલિકાનાં પ્રમુખ, ભીમાણી ખાદી ઉદ્યોગ સંઘનાં પ્રમુખ, ગોસદન સહકારી મંડળીનાં પ્રમુખ, સરકારી પેન્શનર સંસ્થાનાં સ્થાપક પ્રમુખ, કચ્છ જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘનાં પ્રથમ કમિશનર અને 'ગાંધીધામ-સમાચાર' તથા 'ધરતીમાતા' અખબારોના સહતંત્રી રહી ચૂક્યાં છે.

'મુખ્ય પ્રવાહમાં ભળવું હશે તો સિંધી ભાષાની લિપિ દેવનાગરી રાખવી પડશે' એવું આજથી સિત્તેર વર્ષ પહેલાં હિંમતથી કહેનાર દીદી કૃષ્ણાજીએ અરેબિક સિંધીના બાવન મૂળાક્ષરો અને માત્રાઓનો વધારાનો ભાર બાળકો પર ન નાખવાની પહેલ કરી હતી. બાણું વર્ષનાં દીદી કૃષ્ણાજી વહેલી સવારે ચાર વાગે ઊઠી એકાંતમાં બેસી પ્રભુસ્મરણ કરીને દિવસનો આરંભ કરે છે અને રોજ સાંજે ચાર વાગે પિતાજી દ્વારા શરૂ થયેલ સત્સંગની પરંપરા સાથે વિરામ લે છે. સતત નિરાળું હાસ્ય વેરતાં, બુલંદ કંઠના માધુર્યથી ભજન લલકારતાં કૃષ્ણાજીને મળવું એ પુણ્ય સંભારણું છે. ■

## સેવા વ્યક્તિની, ભક્તિ સમાજની

ચિંતન અને સેવા એક થઈ જવાં જોઈએ. બંને વચ્ચે ભેદ ન રહે. ઉપરાંત, અમુક કામ મારું વ્યક્તિગત કાર્ય અને અમુક સામાજિક કાર્ય એવો ભેદ પણ ન રહેવો જોઈએ. વ્યક્તિનો અને સમાજનો વિકાસ અલગ અલગ ન રહે. આજકાલ તો બંનેને અલગ માનવામાં આવે છે. એટલું જ નહીં, બંને વચ્ચે વિરોધ છે એવુંય માની લેવામાં આવે છે. સેવક સામે તો ધ્યેય એ છે કે એનું આખું ને આખું શરીર, મન, ઇન્દ્રિયો, શક્તિઓ બધું જ સમાજને સમર્પિત થઈ જાય. સમાજનું કાર્ય કરવા માટે જ મારું શરીર, મન ઇત્યાદિ બધું છે. મારું ખાવું, પીવું, સૂવું ઇત્યાદિ પણ સામાજિક જવાબદારી છે એમ હું સમજું છું એટલે કે તે પણ સમાજસેવાનું જ એક અંગ છે, એમ હું માનું છું.

જીવનમાં સાર્વજનિક સેવા સિવાય મેં બીજું કંઈ નથી કર્યું. પણ મેં એક સૂત્ર બનાવી દીધું છે : 'સેવા વ્યક્તિની, ભક્તિ સમાજની' વ્યક્તિની ભક્તિમાં આસક્તિ વધે છે, તેથી ભક્તિ તો સમાજની કરવી, પણ સમાજની જો સેવા કરવા જઈએ તો કંઈ પણ ન કરી શકીએ. સમાજ તો એક કલ્પના માત્ર છે. સેવા પ્રત્યક્ષ વસ્તુની જ થઈ શકે છે. માની સેવા કરનારો દીકરો દુનિયાભરની સેવા કરે છે.

*– વિનોબા ભાવે*

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ર૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

કચ્છી પ્રતિભા વિશેષ

# મૃદુ ભાવોના કચ્છી કવિ : મુકુંદ મહેતા

## કવિ 'અલ્પ'ની કૃતિઓમાં આશાવાદી અભિગમ છલકે છે...

ભરત'કુમાર' પ્રા. ઠાકર

લોકો હંમેશાં ઉગતા સૂર્યને અને વાગતી વીણાના ગુણગાન ગાય છે. આથમતા સૂરજને કોણ પૂજે? તુટેલી વીણાના સૂર કોણ સાંભળે? પણ ના, મિત્રો, છેક એવું નથી. કચ્છના એક બુઝુર્ગ કવિએ પોતાના બે કાવ્ય સંપુટોના શીર્ષકોમાં આ ઉત્તરાર્ધ ભાવોને વણી લીધા છે! પ્રથમ સંગ્રહનું નામ છે : 'આથમતા સૂરજમાં શોધું અજવાળાં' (૨૦૦૩) અને બીજા સંચયનું મથાળું રાખ્યું છે : 'તૂટી વીણા વિરમ્યા સૂર' (૨૦૦૭).

જી હા, તમે કાવ્યોમાં રસ લેતા હશો તો આ નામો પરથી ઓળખી ગયા હશો કે આ લેખના માધ્યમ દ્વારા જેમના વિશે વાત કરવી છે તે આદિપુરના ૮૩ વર્ષીય મુકુંદભાઈ કેશવજી મહેતા ઉર્ફે કવિ 'અલ્પ' છે. ઉક્ત શીર્ષકોમાં કદાચ પહેલી નજરે કંઈક નિરાશાનો સૂર સંભળાશે. પરંતુ એમની આ પંક્તિઓમાં અજવાળાંની શોધની શ્રદ્ધા રણકે છે.

*અંધકારની ઉપેક્ષા કરતો રહ્યો ત્વરાથી,*
*પ્રકાશની અપેક્ષા ફળશે ખચિત માનું!*

### ● અભિનય અને અદાલત :

પિતા કેશવજી પુરુષોત્તમ મહેતા (સં. ૧૯૪૫-૨૦૦૦, અંજાર) અને માતા કાશીબેન જગજીવન મહેતા (માંડવી)ના પુત્ર એવા મુકુંદભાઈનો જન્મ એમના વતન અંજાર ખાતે ૨૧મી માર્ચ, ૧૯૩૪ના થયો છે.

શ્રી મહેતાના જીવનના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધનાં ક્ષેત્રો ઉત્તર-દક્ષિણ જેવાં ભિન્ન રહ્યાં છે. જીવનના ઉષાકાળે રંગકર્મી હતા અને હવે નિવૃત્તિકાળે તેઓ કવિકર્મ બજાવી રહ્યા છે! બ્રાહ્મણો અને નાગરોની જેમ કાયસ્થ જ્ઞાતિને પણ સાહિત્ય, કલા અને લેખનના સંસ્કારો વારસામાં મળેલા છે.

આ પરંપરામાં મુકુંદભાઈ પણ છેક ૧૯૫૩થી 'કલરવ' નામના હસ્તલિખિત માસિકનું સંચાલન કરતા હતા. તે પછી ૧૯૫૯માં યુવાન વયે એમણે ભુજમાં એમેચ્યોર્સ ડ્રામેટિક સોસાયટી તરફથી મંચસ્થ અને નાટ્યકાર પ્રાગજી જમનાદાસ ડોસા (૧૯૦૭-૯૭) કૃત 'સોનાનો સૂરજ' નાટકમાં સનતકુમારની ભૂમિકા ભજવેલી.

### ● પદ્યના પંથે પ્રયાણ :

ગુજરાતી વિષય સાથે બાહ્ય વિનયન સ્નાતક (૧૯૬૮) થયેલા મહેતાજીએ વ્યવસાયિક કારકિર્દીની દૃષ્ટિએ ન્યાયખાતામાં ચાર દાયકા લાંબી મજલ કાપી છે. ૮મી એપ્રિલ, ૧૯૫૩ના નખત્રાણા કોર્ટમાં જુનિયર ક્લાર્ક તરીકે દાખલ થઈ પૂરાં ઓગણચાલીસ વર્ષની સળંગ દીર્ઘ સેવા બાદ ૩૧મી માર્ચ, ૧૯૯૨ના તેઓ સિવિલ કોર્ટ (સિનિયર ડિવિઝન), ભુજ ખાતેથી રજિસ્ટ્રાર (અગાઉનું નામ સી.ઓ.સી.)ના પદ પરથી નિવૃત્ત થયા છે. અહીં એ નોંધવું રસપ્રદ રહેશે કે નલિયા સિવાય એમણે કચ્છ જિલ્લાનાં બાકીનાં નવે-નવ તાલુકા મથકોની કોર્ટોમાં ફરજ બજાવી છે!

ન્યાયસેવામાંથી મુક્ત થયા બાદ દાયકા જેવો સમય નિવૃત્તિનો આનંદ માણ્યો. તે પછી ૨૦૦૨ આસપાસથી પદ્ય સર્જનના પથ પર પ્રયાણ કર્યું. જાણે વર્ષો પછી અતીતના ઊંડાણમાં રહેલી રસવૃત્તિ જાગી અને એક દાયકામાં કવિ 'અલ્પ'નાં પુસ્તકો પ્રગટ પણ થયાં. તેઓ યાદ કરે છે તે મુજબ એમની પહેલી કૃતિ સંભવતઃ ૧૯૫૯માં 'જયકચ્છ' સાપ્તાહિક (ભુજ)માં છપાઈ હતી. તે સરકારી ખાતાઓમાં એકથી બીજા સ્થળે થતી રહેતી 'બદલી' વિષયક કાવ્ય હતું.

કવિકર્મની સાથે સાથે તેઓ કવચિત પ્રાસંગિક લેખો પણ લખતા રહે છે. એમનાં લેખો અને કાવ્યો કચ્છમિત્ર, દિવ્ય ભાસ્કર, આજકાલ, કચ્છ ઉદય, કચ્છ ભારતી, જયકચ્છ, ગુજરાત સમાચારની મહિલાપૂર્તિ 'સહિયર', મંગલ મંદિર, કચ્છશ્રુતિ, ફીલિંગ્સ, પરમાર્થ, મૂર્તિ, સ્વામિનારાયણ ધર્મસંદેશ, કાયસ્થ જ્ઞાતિ સમાચાર પત્રિકા વગેરે જેવાં અનેક અખબારો - સામયિકોમાં પ્રગટ થતાં રહ્યાં છે.

### ● ચાર પુસ્તકોનું પ્રાગટ્ય :

મુકુંદભાઈ મહેતાનાં બહાર પડેલાં ચાર પુસ્તકોમાં બે ગુજરાતી કાવ્યસંગ્રહો, એક કચ્છી કાવ્યસંચય અને એક લેખ સંપુટનો સમાવેશ થાય છે. પોતાના પ્રથમ કાવ્યગુચ્છ 'આથમતા સૂરજમાં શોધું અજવાળાં' (૨૦૦૩) સાથે કવિ તરીકે તેઓ સાહિત્ય જગતમાં પ્રવેશ્યા હતા. ન્યાયખાતાના ચાર અને જીવન સફરના સાત દાયકા દરમ્યાન થયેલા વિવિધ અનુભવોના નિચોડરૂપે તે સર્જાયું હતું. તેમાં ૧૭૫ કૃતિઓ વાંચવા મળે છે. આ સંચયના શીર્ષક સાથે ખૂબ સામ્યતા ધરાવતી અન્ય કૃતિઓની વાત અહીં રસપ્રદ બનશે.

મૂળે તેરા (તા. અબડાસા)ના વતની અને વીસનગર (જિ. મહેસાણા) નિવાસી લેખક - પત્રકાર રાજગોર ચંદ્રકાંત શિવશંકર માકાણી (૧૯૪૨-૨૦૧૭)ના કાવ્ય સંગ્રહનું શીર્ષક 'આથમતા સૂરજના અજવાળે અજવાળે' (૨૦૦૫) છે. જ્યારે રામજીભાઈ કડિયા (૧૯૩૧-૨૦૧૫)ની એક નવલકથાનું શીર્ષક પણ 'આથમતા સૂરજનાં અજવાળાં' છે. તો, ઈન્દુબહેન મહેતાની નવલકથાનું શીર્ષક પણ 'આથમતા સૂરજનાં અજવાળાં' (૨૦૦૯) જ છે!

એમના બીજા કાવ્યગુચ્છ 'તૂટી વીણા વિરમ્યા સૂર' (૨૦૦૭)માં ૧૨૫ રચનાઓ સમાવિષ્ટ છે. કવિ નોંધે છે તેમ આ સંપુટ એમની પુત્રી જેલમ મહેતા (૧૯૬૧-૮૨)ની સંવેદના અને આધુનિક જીવનની બદતર સ્થિતિના નિષ્કર્ષરૂપે સર્જાયો હતો. એમના ક્રમાંકિત ત્રીજા, પરંતુ પ્રથમ કચ્છી કાવ્ય સંગ્રહ 'અખ મેં પાણી, અખ ભીંજાણી' (૨૦૧૦)માં ૫૦ કચ્છી કાવ્યો સ્થાન પામ્યા છે.

છેલ્લે એમના ચોથા પ્રકાશન રૂપ લેખસંચય 'અલ્પને અલ્પ રહેવા દો' (૨૦૧૪)માં એમણે જીવન સંસ્મરણો, જ્ઞાતિકીય પ્રવૃત્તિઓ, અગાઉના ત્રણ કાવ્યગુચ્છોના અહેવાલો, પોતાના કેટલાક પુનર્મુદ્રિત લેખો, એમના વિશે અન્યોએ લખેલા લેખો અને ૫૧ ગુજરાતી કાવ્યોનું સુંદર સંપાદન થયું છે.

### ● સરળ શબ્દોના કવિ :

કવિ પ્રાકૃતિક નજાકત જેવા સહજ સંવેદનોને સરળતાથી કવિતામાં આલેખે છે. જીવનની વાસ્તવિકતા અને વિષમતા અંગે કવિ કહે છે :

*સૌ રંગ જિંદગીના જોઈ ચૂક્યો નજીકથી;*
*છતાં પણ હું જીવી રહ્યો છું બિન્દાસ મનથી!*

કવિ થોડું લઈને સમાજને ઘણું પાછું આપે છે તે અમૃતસમું હોય છે! પોતાના તખલ્લુસ 'અલ્પ'ને જાણે સાર્થક કરતા હોય તેમ કવિએ થોડો (અલ્પ) પ્રયાસ કરતાં કરતાં ઘણું બધું કહી નાખ્યું છે! અહીં ઊર્મિઓ ઉછળી છે અને કલમ જોશભેર વહી છે. એમની રચનાઓમાં પરિપક્વતા અને મૂલ્યનિષ્ઠા જોવા મળે છે, જેને યોગ્ય પરિવેશમાં મૂલવી અને અર્થગૌરવ આપી કવિ અલ્પતામાં પણ વિરાટતાના દર્શન કરાવે છે.

જીવનમાં જે કંઈ કવિને ઝંઝોળે છે તેને તેઓ સીધું ને સટ્ટ, ચોખ્ખું ને ચટ્ટ વ્યક્ત કરે છે. તેમાં કોઈ શબ્દાડંબર કે અલંકાર નથી, છતાં પ્રસ્તુતિ કાવ્યમય બને છે. મનમાં આવ્યું કે ઊગ્યું તે સઘળું એમણે બોલચાલના સહજ શબ્દોમાં નિરૂપ્યું છે. મહેતાજીની કૃતિઓમાં તાજગી અને વ્યવહારમાં સાદગીનો સમન્વય રચાયો છે...

*સાદગી ને સભ્યતા એ જિંદગીનો શણગાર છે,*
*સાદગી તો સદ્‌ગૃહસ્થ કેરો મહામૂલો વ્યવહાર છે.*

### ● નિવૃત્ત છતાં પ્રવૃત્ત :

૨૦૦૯માં કવિ 'અલ્પ'ની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે કાયસ્થ જ્ઞાતિએ એમનું ઉચિત સન્માન કરી પ્રશસ્તિપત્ર અર્પણ કરેલું. તો ૨૦૧૪માં પોતાના પુસ્તક પ્રાગટ્ય પ્રસંગે જ્ઞાતિ ઉત્કર્ષ માટે એમણે ભુજ - અંજાર કાયસ્થ જ્ઞાતિને કુલ એક લાખ રૂપિયાની રકમ શિક્ષણ ભંડોળમાં આપી સમાજનું ઋણ પણ અદા કર્યું હતું.

નિવૃત્તિકાળમાં હાસ્ય મંડળ, સૂરસંધ્યા, વરિષ્ઠ નાગરિક મંડળ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં યથાશક્ય યોગદાન આપતા રહ્યા છે. આદિપુરમાં એસ.બી.એક્સ.-૮૨ ખાતે રહેતા કવિ મુકુંદભાઈ મહેતા (૯૯૦૯૭ ૨૩૭૮૩)ને આપણી સ્વસ્થ જીવન અને દીર્ઘ આયુષ્યની શુભકામનાઓ....

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## કધર નાંય

કાકુ અસાંજો કીં ન ખાય
તોય આંકે કાકુજી કધર નાંય
કાકુ અસાંજો જમણ વિઠો
સામે કાકુ જો સોરો વિઠો
અસાંજે કાકુજો ખોરાક ઓછો
કુરો કુરો ખાય ઈ મૂંકે પૂછો
બાજરીજી માનિયું મડ બ ખાય
ભેરિયું ચાર-પંજ રોટલીયું ખાય
થોડી થોડી મીઠાઈ ભેરી ખાય
બુંધીજા લડુ મડ ચાર ખાય
ગુડ પાપડી થોરી થોરી રાજીપે ખાય
તાંસરી ભરીને દાર-ભાત ખાય
છાય ને અથાણાં અટાલૂણમેં ખાય
કાકુ અસાંજો પંજમેં પુછાય
તોય કાકુજી કધર કેં કેં નાંય
પાણીમેં પુસેલો ચણો સુકાય
તીં કાકુ અસાંજો ડીયાંડી સુકાય
ખનજી ગુણી, ચોખેં જો બાચકો
કાકુજો ભૂધો જાણે પાણી જો મટકો
'અલ્પ' કાકુ જો જીગરી ધોસ્ત આય
આંકે ભલે કાકુજી કધર મુંધલ નાંય

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

શ્રદ્ધા સુમન

# કોમી એકતાના મશાલચી કેરાના ઇસ્માઇલ ભગતની દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જગદીશચંદ્ર ચં. છાયા

*મું ભાયો તડ હિકડો, તડ તાં લખ-હજાર*
*જુકો જીતાનું લન્ગીયો, ઊ ઉતાનું થ્યો પાર.*

**– દાદા મેકરણ**

કચ્છના સંતોએ લોકોને આવા સુંદર સંસ્કાર આપ્યા છે. પરિણામે કચ્છમાં અનોખી કોમી એકતાનાં સુપેરે દર્શન થાય છે. કુદરત પણ ઇચ્છે છે કોમી એકતા, ભાઈચારો, માનવતા! કદાચ એટલે જ કોઈવાર અષાઢ મહિને રથયાત્રા - કચ્છી નવું વર્ષ અને ઈદ — એક જ દિવસે આવી જાય છે. કુદરતને વધુ પાકું કરાવવું હોય તેમ મા અંબાની આરાધનાનું પર્વ નવરાત્રી અને કરબલાના શહીદોની યાદમાં મનાવાતા મોહરમના તહેવારો પણ ઘણીવાર એક સાથે આવે છે! પરસ્પર સદ્‌ભાવથી આ પર્વો ઉજવાય, એકબીજા ધર્મોનું પૂરું સન્માન જળવાય, કોમી એકતા મજબૂત થાય એ માટે ચાલો, આવા પર્વોને આપણે 'સદ્‌ભાવના પર્વો' તરીકે ઊજવીએ. એ પ્રકારે રાષ્ટ્ર મજબૂત થાય એવી શુભકામના સેવીએ.

● **લોહીના સંસ્કાર :**

કચ્છનાં લોહીમાં જ કોમી એકતા વણાયેલી છે. એની મિની આવૃત્તિ એટલે કેરા. એ મારી કર્મભૂમિ હોઇ, હું એ માટે ગૌરવ લેતાં આનંદ અનુભવું છું. કેરા એટલે કચ્છની અનેરી કોમી એકતાનું પ્રતીક!

એની પ્રતીતિ કરાવવા કેરામાં જ ઘણા ઉદાહરણો છે પણ આજે કોમી એકતાનો અખંડ ધૂણો પ્રગટાવનાર બે ઇસ્માઇલ ભગતોને યાદ કરીશું.

દોઢેક સો વર્ષ અગાઉ થઈ ગયેલા કેરાના 'પ્રથમ ઇસ્માઇલ ભગત'નાં પગલાં અને ફોટો, કેરાના શિવદ્વારામાં આજેય પૂજાય છે. એમની કબર પર લખ્યું છે... "ઇસ્માઇલ ભગત શિવધામ સિધાવ્યા છે."

યોગાનુયોગ તો જુઓ, કેરામાં બીજા પણ એક ઇસ્માઇલ ભગત થઈ ગયા.

કોમી એકતાના મશાલચી, અખંડ તત્ત્વના આરાધક, ભજનાનંદી ઇસ્માઇલ ભગતનું ઝૂંપડું એટલે સર્વ ધર્મોનું પવિત્ર તીર્થધામ! એમના પૂજાપામાં ભગવત ગીતા, કુરાન, રામાયણ - મહાભારત, માળા - તસ્બી, ધૂપ - લોબાન બધું એક સાથે જ રાખ્યું છે. બધું સાથે પૂજાય છે. કહોને કે મંદિર - મસ્જિદ અહીં જ છે. આવું 'ભવ્ય' તીર્થધામ બીજે ક્યાં જોવા મળે!

● **મોરારિબાપુએ રોટલો આરોગ્યો :**

કેરામાં મોરારિબાપુની કથા હતી ત્યારે આ અલગારી જીવડા વિષે બાપુને અમે વાત કરતાં વ્યાસપીઠ પરથી બાપુએ ભગત દંપતીનું જાહેર સન્માન કર્યું હતું. એટલું જ નહીં, તેઓ ભગતની ઝૂંપડીમાં પધાર્યા હતા અને 'સર્વધર્મ સમભાવ' સમા 'ઘર-તીર્થ'નાં ભાવથી દર્શન કર્યા હતા અને ધન્યતા અનુભવી હતી. ભગતનાં ધર્મપત્ની મીરાંબાઈના હાથે ઘડેલો રોટલો આરોગ્યો હતો.

"ભગત (ઇસ્માઇલ) દેખ રાજી હુઈ મીરાં" અને "મીરાંકા મોહન ઇસ્માઇલ ભગત" ભલે અભણ ગણાય છતાં જીવનની કિતાબોમાં 'ગણેલ' સાબિત થયું છે આ અનોખું દંપતી! એટલે જ 'સબસે ઊંચી પ્રેમ સગાઈ'નું તેઓ ઉમદા દૃષ્ટાંત છે!

તા. ૪થી જૂન, ૨૦૦૭ના ઇસ્માઇલ ભગત (બીજા) આ ફાની દુનિયાને અલવિદા કરી ગયા. એમની દસમી પુણ્યતિથિએ એમના પવિત્ર આત્માને શત શત વંદન! ■

*"અનુભવજન્ય સત્યનો તિરસ્કાર ન કરો, એવી ઘણી ચીજો વ્યવહારમાં ચાલે છે, જેનો પુરાવો કોઈ પ્રયોગશાળા શોધી નથી શકી."* **– માર્ટિન એચ. ફિશર**

*"સત્ય એ એવી ચીજ છે, જેના પર સંદેહ કરવા આપણે પ્રયાસ તો કરીએ છીએ, પણ અંતે આપણો સંદેહ વાજબી ઠરતો નથી."* **– નીલ્સ બોહર**

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

સાંપ્રત

# એક રિયાલિટી શોની રિયાલિટી

મહેન્દ્ર સાકરચંદ દોશી

ભારતીય ટેલિવિઝન મનોરંજન વિષયક ક્ષેત્રમાં ખાસ્સા પ્રયોગાત્મક શો નું આયોજન કરતા રહ્યા છે, જે પૈકીનો 'સા રે ગ મ પ' શો નો તેમાં સમાવેશ થાય છે. આ શો દેશના ભવિષ્યના ઉભરતા સ્ટારના અદશ્ય પડછાયાની અગાઉથી ઓળખની ઝાંખી કરાવતો 'રિયાલિટી' શો તરીકે ઓળખાવી શકાય અથવા તો ઉભરતા સ્ટારની પ્રતિભાને પ્રગટ કરવા માટેનું એકમાત્ર પ્લેટફોર્મ ગણાવી શકાય. આ શો માં ઉંમરની મર્યાદામાં રહી દેશના જુદા જુદા રાજ્યોમાંથી આવતીકાલના સ્ટાર પ્રતિભા ધરાવતા સ્પર્ધકોને પોતાની પ્રતિભાને પ્રગટ કરવાની તક આપે છે. (સરેરાશ શો માં બંગાળ, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારતના સ્પર્ધકોની સંખ્યા વધારે જોવા મળે છે. અન્ય રાજ્યોની ઉપેક્ષા ધ્યાન ખેંચે છે. કારણોની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે.)

આ શો ને, આ શો ના ઉદ્‌ઘોષક 'રિયાલિટી શો' તરીકે ઓળખાવે છે. કયા અર્થમાં, એ સમજવા માટે હેતુ વિભાવ - Conceptની પરિભાષાને આ તબક્કે સ્પષ્ટ કરવું ઘણું મુશ્કેલ છે.

આ શો માં ભાગ લેનાર સ્પર્ધકોએ પધ્ધતિસરની (ક્લાસિકલ મ્યુઝિક) સંગીત શિક્ષા લીધી હોય છે. આથી સ્વાભાવિકપણે સૂર પરનું પ્રભુત્વ - પકડ, અવાજ, સૂરના આરોહ-અવરોહ, ગમક, તાલ અને સૂરની માત્રા સાથેની સુસંગત પ્રસ્તુતિકરણ એ સ્પર્ધકની પ્રથમ ઓળખ બને છે. સામાન્ય રીતે આ શો માં નીવડેલ ગાયકોએ કોઈપણ ગીતની પ્રસ્તુતિને હૂબહૂ પ્રસ્તુત કરવા માટે (ગળાની) કંઠની તાલીમબધ્ધ સજ્જતા સાથે કુદરતી બક્ષીસનો સમન્વય કરવાની સુઝ અને સંન્નિષ્ઠ આયામપૂર્વકનો ઉપયોગ એ સ્પર્ધક માટેની ચેલેન્જ છે.

આ શો (real sense) વાસ્તવિક રીતે બે રીતે મર્યાદિત સીમાથી બંધાયેલ છે.

**(૧) નિર્ણાયકો :** આ શો ના નિર્ણાયક બે જુથમાં વહેંચાયેલા છે. (એ) ત્રણ જજીસની પેનલ અને (બી) જ્યુરી ગણાતી પેનલ (ઘણી મોટી સંખ્યા).

આ બંને પેનલની કામગીરી અલગ પ્રકારની છે. જજીસ માત્ર સ્પર્ધકની પ્રસ્તુતિનું વિશ્લેષણ કરે છે જ્યારે જ્યુરી પેનલ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય દસ માર્કસની મર્યાદામાં રહીને સ્પર્ધકને પોતાનો નિર્ણાયક ગુણ આપે છે. આ બંને પેનલના લેવામાં આવેલ નિર્ણય એકબીજા સાથે બંધાયેલ (binding) નથી. એટલું જ નહીં, પણ સ્પર્ધકને આ પેનલના નિર્ણયો 'ખિતાબ' મેળવવા માટે નિર્ણાયક પણ નથી. નિર્ણાયક માત્ર 'જનમત' બની શકે છે.

**(૨) જનમત :** જનમતને જજીસ અને જ્યુરીના અભિપ્રાય લાગુ પડતા નથી. જનમત ગણ-સંખ્યાના આધારે સ્પર્ધક માટે આખરી નિર્ણાયક બને છે.

નિર્ણાયક પેનલની કામગીરીની સાથોસાથ તેની મર્યાદાઓની પણ નોંધ લઈએ તો ત્રણ જજની પેનલ સ્પર્ધકની પ્રસ્તુતિનું વિશ્લેષણ માત્ર કરે છે. અહીં વિશ્લેષણ મહત્વ 'અહો રૂપમ, અહો ધ્વનિમ્' — એટલે કે પ્રસ્તુતિના સંગીતલક્ષી અંગોના પાસાઓને સ્પર્શતા કોઈપણ પાસાઓનું વિશ્લેષણ થતું નથી. નક્કી કરેલ પાંચ શબ્દોમાં દરેક સ્પર્ધક માટેની પ્રશસ્તિ કરવામાં આવે છે અથવા તો પ્રસ્તુતિને ચીલાચાલુ શબ્દોમાં બિરદાવવા સિવાય સ્પર્ધકની પ્રસ્તુતિ માટેના કોઈપણ Out standing criticism કરવામાં આવતું નથી સિવાય એક જજ (શ્રી જાવેદ) સ્પર્ધકની મૂળ ગાયકોની ખૂબી સાથે સ્પર્ધકની ખૂબીની તુલનાત્મક ટીપ્પણી કરતા જોવા મળે છે.

'જનમત' એ આ શો ની નબળી અને સ્પર્ધક માટે ઘાતક નિર્ણાયક કડી છે. શો ના સ્પર્ધકનું ભાવિ જનમત નક્કી કરે છે. ભારતીય જનતા સંગીતપ્રેમી પ્રજા છે પણ જ્યારે અઠ્યાવીસ કરોડ જનતા સ્પર્ધક માટે નિર્ણાયક બની શકતી હોય, તે સંગીતપ્રેમી જનતા પૈકીની માંડ ૨૦% પ્રજા સંગીતની જાણકારી ધરાવતી હોય, બાકીની એંસી ટકા જેટલી પ્રજા માત્ર સંગીતની શોખીન છે. તે વ્યક્તિગત પોતાને ગમતા સંગીતની પસંદગી - નાપસંદગીના ધોરણને જ ધ્યાનમાં રાખીને પોતાનો મત નિર્ણાયક પરિણામમાં નિર્ણાયક બની રહે તે માટે એસ.એમ.એસ. દ્વારા મોકલી અદશ્ય નિર્ણાયકની ભૂમિકા ભજવે છે. પણ તેનું પરિણામ ક્યારેક સ્પર્ધકને સીધા ઘાતક બનવા માટે પૂરતી સંભાવના પેદા કરવા માટે નિર્ણાયક બને તેવી સંભાવનાને નકારી શકાય નહીં.

(અનુસંધાન : જુઓ પાના નં-૨૨ ઉપર)

સાંપ્રત

# રમત સાથે રાષ્ટ્રવાદ જોડવો જરૂરી નથી

કેશુભાઈ દેસાઈ

કમનસીબે આપણે રમતને રમત તરીકે જોવા ટેવાયા જ નથી. જો એટલી પરિપક્વતા આવી હોત તો આપણા દેશની ટીમની કારમી હારથી આપણે નિરાશામાં ન સરી પડ્યા હોત અને ઘરનાં જ ટીવી સૅટ ફોડવા સુધીની મૂર્ખતા ન કરી બેઠા હોત. વળી બે દેશો વચ્ચેના રાજકીય સંબંધો તંગ હોય એથી બે દેશોના ખેલાડીઓ એકમેકના દેશમાં જઈ રમી ન શકે, એવો નકારાત્મક માહોલ પણ ન સરજાયો હોત. આપણી પ્રજા એ દૃષ્ટિએ જોતાં તદ્દન અપરિપક્વ જ ગણાય. એને મન ક્રિકેટની ટ્રૉફી એ બે દેશો વચ્ચેના યુદ્ધનું જ પ્રતીક બની ગઈ છે. આવા બાલિશ અભિગમને કારણે આપણી ટીમના વિજય માટે આગોતરા હોમ-હવન શરૂ થઈ જાય છે, ખેલાડીઓના ઉત્સાહવર્ધન માટે કેવા કેવા તાયફા રચાય છે! ટીવી ચૅનલોથી લઈ પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયા પર ચોવીસે કલાક એક જુદો જ નશો છવાઈ જાય છે. આટલા ઉધામા પછી જો જીત મળે તો ઠેર ઠેર દિવાળી ઉજવાય છે, ફટાકડા ફૂટે છે; પરંતુ ચૅમ્પિયન ટ્રૉફીમાં મળી એવી હાર મળે ત્યારે મોઢું સંતાડવાની નોબત આવી જાય છે. જે ખેલાડીઓ પાસે શ્રેષ્ઠ પરફૉર્મન્સની અપેક્ષા રાખી હોય એમણે જ ધબડકો વાળ્યો એવુ તારણ કાઢી એમના પર નફરત વરસાવવામાં આવે છે. શું કોઇ પણ ખેલાડીને હારવું ગમે ખરું? પરંતુ રમતમાં તો જેમ જીત થાય એમ હાર પણ થઈ શકે. ખેલદિલીપૂર્વક એ હાર પચાવવાની તૈયારી રાખવી પડે. જેને હાર પચતી ન હોય એણે રમતમાં ભાગ જ ન લેવો જોઈએ. બધા ખેલાડી અને બધી ટીમોનું છેલ્લું લક્ષ્ય ફક્ત વિજય જ ન હોવું જોઈએ. વિજય અને પરાજય બેઉ આખરે એક જ સિક્કાની બે બાજુઓ જેવી બાબતો છે. અંતિમ લક્ષ્ય તો રમત રમવાનો આનંદ જ હોવો જોઈએ. પરંતુ આપણે તો રમતને યુદ્ધનો પર્યાયવાચી શબ્દ બનાવી દીધેલ છે. એમાંય જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાવાની હોય ત્યારે તો જાણે સરહદ પર સાચૂકલું યુદ્ધ છેડાઈ ગયું હોય એવું વાતાવરણ સરજાઈ જાય છે. આ પ્રકારનો રાષ્ટ્રવાદ એ કોઈ પરિપક્વ સમજણવાળો રાષ્ટ્રવાદ નથી બલકે અર્ધદગ્ધ વિચારસરણીનો ઊભરો છે. ક્રિકેટમાં પરાજય અને હૉકીમાં વિજય – આમ થોડુંક સંતુલન જળવાયું, એથી આપણા રમતપ્રિય પ્રજાજનોનો ઇગો કાબૂમાં રહ્યો છે. નહીંતર કોણ જાણે બિચારા કોહલી અને ધોનીની તસવીરોની શી વલે થઈ હોત! આશ્ચર્ય એ વાતનું છે કે આ લબરમૂછિયાં છોકરડાંને અને કચકડાનાં નટનટીઓને આપણે રોલ મોડેલ બનાવી બેઠા છીએ. આપણા સાચા નાયકો અને મહાનાયકોને તો આપણી નવી પેઢી હાંસિયે ધકેલી ચૂકી છે. કોહલી કે રણબીર અથવા દીપિકા પાદુકોણ કરતાં ઘણું મોટું અને દીર્ઘકાલીન પ્રદાન આપણા ઇસરોના વૈજ્ઞાનિકોનું અને સાહિત્યકારોનું અને કેટલાક રાષ્ટ્રીય નેતાઓનું છે. એમને તો આપણે સપનામાં પણ સંભારતા નથી! ■

## એક રિયાલિટી શોની રિયાલિટી

(અનુસંધાન : પાના નં-૨૧ ઉપરથી ચાલુ)

આ શો ની જજીસ પેનલ સ્પર્ધકની પ્રસ્તુતિને બિરદાવવા માટે લતાજી, આશાજી, રફી સાહેબ કે કિશોરજીના નામના લેબલની છૂટા હાથે લ્હાણી કરે છે. હકીકતમાં અહીં જ સ્પર્ધકની કલાનું પૂર્ણ વિરામ થઈ જાય છે. નામી સંગીતકારની રચનાને આવા નામી ગાયકો, ગીતની રચનાને પોતાની સૂઝથી કેટલે અંશે હૃદયસ્પર્શી બનાવે છે તે કંઠ - અવાજની માવજત અને અવાજના કાલમાનની કલાત્મક ઉપયોગ સ્પર્ધકોએ કઈ કઈ જગ્યા, કયા સૂરનું કેટલું કાલમાન અને અવાજના આરોહ - અવરોહની સજ્જતાની તુલના કરી સ્પર્ધકોને મૂળ ગાયકની ગાયકી સાથે સ્પર્ધક કેટલા અંશે તે ગાયકીને સિધ્ધ કરવામાં સફળ રહ્યો અને સક્ષમ બન્યો તેની તુલનાનું વિશ્લેષણ કરવાનું કામ જજીસનું છે. અને આ માટે જજીસની પેનલે પણ મૂળ સંગીતકાર અને મૂળ ગાયકને વારંવાર સાંભળવાનું હોમવર્ક કરીને વિવિધતાની તુલનાત્મક વિશ્લેષણ કરવું પડે. (ક્યારેક આ કામ કેટલેક અંશે જાવેદ કરે છે.)

આ શો ને લોકપ્રિય ટેલિવિઝનની પરિભાષામાં ટી.પી.આર. વધારવા માટે બિનજરૂરી નિમ્ન કક્ષાની કોમેડીનો ઉપયોગ કરવામાં આવે છે જે મૂળ શો ની નબળી કડી બની શકે છે. એટલું જ નહીં પણ મૂળ વિભાવના હેતુથી વિમુખ કરીને શો ની ઇમેજને નુકસાન પહોંચાડે છે.

ખરા અર્થમાં રિયાલિટી શો ની ઇમેજ ઊભી કરવા આટલું શક્ય બને ખરું?

*એફ/૧, સનપાવર ફ્લેટ્સ,*
*ગુરુકુલ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૨. મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧*

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# વહેંચણીનું વૈવિધ્ય

ઇલા કે. શાહ

મોટી હવેલી કહો કે મહેલ કહો તેવું જાહોજલાલીવાળું પ્રાચીનકાળનું વિશાળ મકાન. તેમાં ચાર ભાઈઓ, માબાપ, વડીલ વિધવા ફઈબા, વગેરેનો રહેવાસ હતો. આ સિવાય બબ્બે મોટાં ખેતરો તથા ખુલ્લા પ્લોટો પણ તેઓની માલિકીનાં હતાં. ઘેર ઘીનો ધીકતો ધંધો ચાલે. પરંતુ સમયનું ચક્ર ગતિમાન થતાં બધી જ કાયાપલટ થઈ ગઈ. વર્ષોનાં વહાણા વાયા અને માબાપ, ફઈબા તથા બે ભાઈઓ અનંત યાત્રાએ ચાલ્યાં ગયાં. માત્ર બે જ ભાઈઓનો પરિવાર રહ્યો.

મોટાભાઈ નામે કુલદીપભાઈ તથા લક્ષ્મીભાભી અને તેમના ત્રણ પુત્રોનો સહયોગ નાનાભાઈ નવદીપભાઈને મળતો હતો. નવદીપભાઈની વહુ દીપાભાભી તથા દીકરો દીપક ત્રણે ભેગા મળી, સંપીને મોટાભાગના કુટુંબ સાથે હળીમળીને જીવન વ્યતીત કરતાં હતાં.

એક દિવસ કુલદીપભાઈ હીંચકા પર બેઠા હતા. પુરાણી વાતોનું સંસ્મરણ કરી અતીતની સ્મૃતિને ઢંઢોળતા હતા. તેમણે નવદીપને બોલાવ્યો.

“જય શ્રીકૃષ્ણ, મોટાભાઈ, બોલો શી વાત કરવી છે?” નવદીપે કહ્યું.

“આવ ભાઈ, બેસ, કામ ઘણું નાનું છે, છતાં ખૂબ જ મહત્ત્વનું છે. તને જણાવું કે કેમ? તેવો વિચાર આવે છે.” મોટાભાઈએ વાત કરતાં જણાવ્યું.

“ઓહો! ભાઈ! એમાં મને જણાવવામાં શો વિચાર કરવાનો? હું તો તમારા ચોથા પુત્ર બરોબર છું. તમે મારા પિતા સમાન છો. બોલો, શું કહેવું છે?” નવદીપભાઈએ માર્ગ મોકળો કર્યો.

“ભાઈ, જો વાત એમ હતી કે...જો જે કાંઈ ઊલટું ન વિચારીશ, કહેતાં જીભ અટકી જાય છે.” મોટાભાઈ કહી શકતા નહોતા.

“અરે, એવી તે શું વાત છે?”

“ગઈ કાલે રાત્રે ઊંઘમાં વિચાર આવ્યો કે આપણે મિલકતના ભાગ પાડી દઈએ.”

“મોટાભાઈ, કોઈ દિવસ સ્વપ્નમાં પણ ન આવે તેવો આ ઓચિંતો ઝબકારો ક્યાંથી થયો? શું મારાથી કે નાની ભાભીથી કાંઈ અઘટિત બની ગયું છે?” નવદીપે ચિંતિત થતાં પૂછ્યું.

“ના ભાઈ ના, નાની ભાભી તો દેવી જેવી છે. તારા ભાભી તો તેનાં વખાણ કરતાં થાકતી જ નથી. આ તો વિચાર ઉત્પન્ન થયો છે કે હું હોઉં ન હોઉં તો મિલકત વહેંચી લેવી સારી.” મોટાભાઈએ કહ્યું.

“પણ મોટાભાઈ, લોકોને તો આપણા સ્નેહભર્યા સંબંધની, સંપની, પ્રેમની ઈર્ષા આવે છે. આપણા ઘરનું દૃષ્ટાંત સાંભળીને કેટલાય ઘરમાં કંકાસની આગ બુઝાઈ જાય છે. તો આપણે આવું શા માટે કરીએ?” નવદીપે સ્નેહ સંબંધની સ્મૃતિ તાજી કરાવી.

નવદીપની વાત સાંભળી કુલદીપભાઈ વિચારમાં પડી ગયા. તારી વાત સો ટકા સાચી છે. મને આમાં કંઈ રસ નથી. પણ જ્યારે આપણી હયાતી નથી હોતી ત્યારે પાછળથી મિલકતનો કંકાસ ઘરના શાંત વાતાવરણને અશાંત બનાવી કલુષિત કરી દે છે. દા.ત., જો પંડિતો જુદા થાય તો તેમનું જ્ઞાન વગોવાય, મૂર્ખાઓની નજર સમક્ષ તો સ્વાર્થ જ ડોકિયાં કરતો હોય છે. તેથી તેઓને અલગ થવામાં ઘણો રસ હોય છે. પરંતુ તું બેફિકર રહેજે, આપણા વચ્ચેની હેતની દોરી તો મજબૂત જ રહેશે. સ્નેહગાંઠ તો જીવનપર્યંત એક જ રહેવાની છે. એટલે આપણાં માટે તો મિલકતના ભાગ પાડવાનું હું નથી કહેતો, આ તો આપણાં સંતાનોમાં ક્લેશ - કંકાસ ન થાય તેની મંગલ કામનાથી જ શુભ વિચાર આવ્યો છે.” મોટાભાઈએ સમજ પાડી.

“અચ્છા, તો આપનો આ રીતનો આગ્રહ છે, આપની શુભ મતિ છે તો ભાગ પાડી દઈએ, આપ જ ભાગ પાડી દો.” નાનાભાઈ નવદીપે કહ્યું.

ખેતર, જમીન, મકાન, રૂપિયા, ઘરેણાં એ બધું મળીને મિલકતનો અંદાજ કરાવી લીધો. મોટાભાઈને ત્રણ પુત્રો હતા જ્યારે નાના ભાઈને એક જ પુત્ર હતો. મોટાભાઈએ સ્થાવર અને જંગમ મિલકતનાં બે સરખા ભાગ કરી એક ભાગ નાના ભાઈના છોકરાને આપવા માંડ્યો. અને બીજો ભાગ પોતાના છોકરાંઓ વચ્ચે વહેંચવા માંડ્યો.

“નાનોભાઈ તુરત જ બોલ્યો : મોટાભાઈ, આપ આવો અન્યાય શા માટે કરો છો?”

મોટાભાઈને નવાઈ લાગી. “મારી વહેંચણીમાં તને અન્યાયનાં દર્શન થાય છે? કેમ એવું દેખાયું?”

“હા, તમે પૂરેપૂરો અન્યાય કરી રહ્યા છો, આપે હમણાં

જ કહ્યું કે આપણે બંને ભાઈઓ જુદા થતા નથી, આપણા છોકરાંઓના ભાગ અલગ કરીએ છીએ. એ રીતે વિચારશો તો ચાર ભાગ પાડી દો. આપણા ભાગ પાડવાની કાંઈ જરૂર નથી. તમને ત્રણ ભાગ મળશે ને મારે એક દીકરો છે તેથી એક ભાગનું મળશે. વધારે ન મળે તે જોઈતું પણ નથી.'' નવદીપ પચાવી પાડવામાંથી દૂર રહ્યો. ને જતું કરવાની ભાવનાથી તેની ઉદારતા જણાઈ આવી.

મોટાભાઈને ત્રણ પુત્રો તેથી ત્રણ ગણું મળશે, ને મને એક પુત્ર પ્રમાણે ખોટ ખાવી પડશે તેનું તેઓએ ભાઈના પ્રેમને કારણે ન વિચાર્યું. મોટાભાઈની આંખણાં અશ્રુ આવી ગયાં. નાનાભાઈની દિલની ઉદારતા કેટલી મહાન ગણાય? આ જમાનામાં કોણ છોડે? અરે, મિલકતના ટુકડા ખાતર જિગરના ટુકડા કરતાં અચકાય નહીં.

નાનાભાઈ નવદીપને મોટોભાઈ પ્રેમથી ભેટી પડ્યો. ભાઈ, હું તો ઈચ્છું છું કે તારો જેવો ભાઈ હરકોઈ ભાઈને મળજો. દરેકને ત્યાં આવા જ ભાઈઓ હોય તો સંપત્તિને નામે ક્લેશનાં કાળાં વાદળો ઊમટે નહીં અને ધિક્કારરૂપ જેવી મોટી હોનારત સર્જાય નહીં.''

''ભાઈ, પૈસા તો હાથનો મેલ કહેવાય. લક્ષ્મી ચંચળ ગણાય. તે પણ બંધિયાર રહે તો સારું પણ નહિ. આપણે થોડી વધેલી લક્ષ્મીને સન્માર્ગે જવા દઈએ તો કેવું! મારે ભલે એક દીકરો હોય, પણ તમારી જેમ બીજા બે દીકરાના ભાગનું જો તમને ગમે તો કોઈ ઈચ્છનીય ટ્રસ્ટમાં આપીએ. ગરીબોમાં વહેંચીએ કે જેને શિક્ષણમાં જરૂર હોય. કોઈને અન્ન મેળવવામાં મુશ્કેલી હોય, કોઈને રહેવામાં પૈસાની જરૂર હોય, અન્નદાન કે વસ્ત્રદાન શ્રેષ્ઠ છે. ત્યારબાદ હોસ્પિટલોના દર્દીઓના કે જેની પાસે દવાના પૈસાના સાંસા પડતા હશે. આપણે ત્યાં પહોંચી જઈએ. કે જ્યાંથી હરકોઈની દુઆ મેળવી શકીએ.'' નાનાભાઈ નવદીપની માનવતાભરી ઉમદા વાણી સાંભળી મોટાભાઈ ગદ્‌ગદ્ થઈ ગયા. તેઓએ તેની આવી ભાવનાના વલણને સહર્ષ સ્વીકારી લીધું.

જ્યારે માણસ પાસે પૈસો હોય છે ત્યારે સૌ પ્રેમથી હાથ મિલાવે છે. આનંદપૂર્વક આવકારે છે પણ જ્યારે લક્ષ્મી જાકારો લે છે ત્યારે પ્રત્યેક પીછેહઠ કરે છે. એક કવિની વાત કહ્યા વગર નહીં રહી શકું,

*''અભી લોગ હંસતે હુએ મિલતે હૈ,*
*જબ તક ચાર પૈસે હૈં!*
*ન પૂછેંગે કોઈ ગરીબીમેં કિ આપ કૈસે હૈં?''*

તદ્દન સાચી વાત છે ને ભાઈ!
જો જો, તમે આવું ન કરતા... ■


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

સમાજ ચિંતન

# વડીલોની વસમી વ્યથા

દિનેશચંદ્ર જે. શાહ

માતા-પિતા અને સંતાન વચ્ચેના વિખવાદી ગાન, "ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં... અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહીં..." — આ પ્રચલિત પ્રેરક ગાન હજું વિસરાયું નથી. સાહિત્યકાર, સર્જક, સંત, શિક્ષક, સમાજસેવક વગેરે માટે એ પ્રેરક બને છે. આ વિષય અંગે સમાજને જાગૃત કરનારા પ્રખર પ્રવચનકાર તેમજ 'મા-બાપને ભૂલશો નહીં' પુસ્તકના લેખક શ્વેતાંબર જૈન આચાર્ય મહાબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે તેમના ક્રાંતિકારી પ્રવચનમાં યુવાનોને જણાવે છે કે દેરાસરમાં અષ્ટપ્રકારી પૂજા, સંતો માટે ચડાવા અને માતાજીને ચુંદડી અર્પણ નહીં કરો તો ચાલશે પરંતુ તમે તમારા જન્મદાતા, સંસ્કારદાતા મા-બાપને પહેલાં સાચવો... બાના સાડલામાં અને પિતાજીના ધોતિયામાં કેટલા કાણા છે તેની ખબર છે? રવિવારે કે પ્રસંગોપાત ગરીબોને ખીચડી અને હૉસ્પિટલોમાં દર્દીઓને ફળ આપવા જાવ છો પણ મા-બાપને શીરો, ફ્રુટ કે દવા આપ્યા છે? તમે કોઈના વાહનમાં લિફ્ટ લીધી હોય તો એને દિવસભર યાદ રાખો છે પણ તમારી માએ તમને નવ મહિના સાચવ્યા એ લિફ્ટને તમે દિવસમાં કેટલીવાર યાદ કરો છો?

દર વર્ષની ૧૦મી જૂન એટલે 'વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે'ના સમયે વર્ષ ૨૦૧૫માં 'હેલ્પેજ ઇન્ડિયા' સંસ્થાએ ભારતના દસ મલ્ટી સિટી શહેરોમાં 'નેશનલ સર્વે અ યુથ પરસ્પેક્ટીવ ઓન એલ્ડર એબ્યુઝ' દ્વારા કરાવેલ સર્વેક્ષણમાં માતા-પિતા પ્રત્યે સંતાનોના વ્યવહાર બાબતે ઘણાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા. આ સર્વેમાં વૃદ્ધ માતા કે પિતા (અથવા બંને) સાથે રહેતા હોય એવા દસેય શહેર (અમદાવાદ, દિલ્હી, કલકત્તા, હૈદ્રાબાદ, ચેન્નાઈ, નાગપુર, કાનપુર અને મદુરાઈ) દીઠ બસ્સો પુત્ર-પુત્રવધૂને ૩૪ સવાલ પૂછવામાં આવેલા. એના જવાબનું તારણ અકલ્પનીય અને ચોંકાવનારું નીકળેલ હતું. જેના દ્વારા વિકસિત સમાજની વરવી બાજુનો ખ્યાલ આવ્યો. આ સર્વેક્ષણમાં અમદાવાદ ટોપના સ્થાને રહ્યું.

આ સર્વેક્ષણના તારણ માત્ર ચોંકાવનારા જ નથી પરંતુ બે પેઢી વચ્ચે વધતા જતાં અંતર ઉપરાંત નવી પેઢીમાં વધતી જતી જનક - જનેતા માટેની ઉપેક્ષાએ આપણી સમાજ વ્યવસ્થા માટે ચિંતાપ્રેરક સવાલ સર્જ્યા છે. આ દસ શહેરોમાં એક સામ્યતા જોવા મળી. આ શહેરવાસી અમુક વૃધ્ધો ઉપર એમના સંતાનો, શારીરિક કે માનસિક અત્યાચાર ગુજારે છે. કેટલાક સંતાનો તો માતા-પિતાનું આર્થિક શોષણ પણ કરે છે. એવા પણ બનાવ બને છે કે વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલ ક્યારેક દવા લેવા કે નાના પૌત્રને રમાડવા દીકરાને ઘેર જતા ત્યારે પુત્રવધૂ તેમને કહેતી : ઘરડાંઘરમાંથી ફોન આવેલો, તમને ત્યાં જલ્દી બોલાવે છે. વૃધ્ધ ચિંતાતુર થઈને તાકીદે વૃધ્ધાશ્રમમાં પહોંચતા ત્યારે ખબર પડતી કે કોઈને ફોન કર્યો નહોતો અને વૃધ્ધ સમજી જતાં કે હું દીકરાને ઘેર જાઉં એ વહુને ગમતું નથી. એક વયોવૃધ્ધે જણાવેલ કે મને ડાયાબિટીસ, બ્લડપ્રેશર, ઝામરની તકલીફ છે અને તેમનું મકાન પડાવી લેવા તેમના બંને દીકરાઓ ઘણીવાર મારે છે અને સંપત્તિનો હિસ્સો માંગે છે. જેના કારણે તેઓ પોતાનું ઘર છોડી વૃધ્ધાશ્રમમાં રહેવા ચાલ્યા ગયા છે.

આ સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું કે માતા-પિતા પર સંતાનો દ્વારા મકાન પચાવી પાડવા અંગે થતી મારપીટ, મારી નાખવાની ધમકીઓ, મિલ્કત અંગેના ઝઘડાઓ, માંદગીમાં સારવારના ખર્ચ બાબત બેજવાબદારીભર્યું વર્તન કરવું, સ્નેહી - સ્વજનોથી મેળાપ ન કરવા દેવું — આવા તો કેટલાય માનસિક - શારીરિક ત્રાસ દીકરા-વહુ દ્વારા આપવામાં આવે છે. મા-બાપને મંદિરમાં દર્શન કરાવવાના બદલે ઘણીવાર દીકરા-વહુ પોલીસ સ્ટેશનના દર્શન કરાવે છે. પોતાના પેટનાં જણ્યા સંતાનો પારકા બની માતા-પિતાને પરેશાન કરે, પીડા આપે ત્યારે તે સંતાનોમાં સંસ્કાર તથા સમજનો અભાવ ગણાય. વર્ષ ૨૦૧૫માં ગુજરાત યુનિવર્સિટીના એમ.ફિલ. કરતાં ૧૨ વિદ્યાર્થીઓએ ૨૪૦ વૃધ્ધોને એમના સંતાનો દ્વારા તેમના પ્રત્યે વાણી - વર્તન વિશેના જવાબમાં ૬૫ ટકા વૃધ્ધોએ જણાવ્યું કે અમારા દીકરા-વહુ અમને અપમાનિત કરે છે, અમને નકામા ગણી હડધૂત કરે છે. આપણા સમાજની કેવી વિડંબના? વિધિની કેવી ક્રૂરતા કે જે મા-બાપે દીકરાને હોંશથી ભણાવ્યો હોય, કારકિર્દી ઘડવા માટે તન-મન-ધનથી ભોગ આપ્યો હોય એ જ દીકરો પરિવાર વસાવ્યા બાદ મા-બાપનો ઉપકાર ભૂલીને અપકાર, અપમાન, અપયશ મા-બાપને કેવી પીડા આપે? તેમને દીકરા-વહુ સાથે લાચાર બનીને રહેવું પડે છે. અથવા ખોટા વાદ-વિવાદમાં ઉતરવું ન પડે અને છોકરાઓનો સંસાર ના બગડે અને શાંતિ જળવાઈ રહે તે માટે તેમને અલગથી રહેવાની સંમતિ આપે છે અથવા માતા-પિતા એકલા પરવશ, દયનીય, લાચારીભરી જિંદગી વિતાવે છે. તેમની મૂંગી વેદનાનો સંતાનો અહેસાસ કરતા નથી.

આજે ઘણા પરિવારોમાં યુવાન સંતાનો અને ખાસ કરીને પરીણિત પુત્ર અને વૃધ્ધ માતા-પિતા વચ્ચે અણબનાવ - અબોલાથી માંડીને વિખવાદ થતો જોવા મળે છે. ક્યારેક પોલીસ કે કોર્ટ સુધી મામલો ગયો હોય, છતાં ઘરમાં વૃધ્ધ માતા-પિતાને દીકરા કે વહુ દ્વારા શારીરિક, માનસિક ત્રાસની છાની વાત માતા-પિતાની સમજ અને સહનશીલતાને લીધે બહુ ગાજતી નથી. પરંતુ વૃધ્ધાશ્રમમાં વધતી જતી આશ્રિતોની સંખ્યામાં વિભક્ત કુટુંબ, બે પેઢી વચ્ચે વધતું જતું અંતર, વર્તમાન જીવનશૈલી વગેરે કારણોથી ઘરની છાની વાતો પણ હવે ગાજવા માંડી છે.

સરકારે વૃધ્ધોને એમના સંતાનો પાસેથી ભરણપોષણ અપાવવા કે સંતાનોએ પચાવી પાડેલ મિલ્કત પરત અપાવવા માટે કાનૂન બનાવેલ છે. માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના નિભાવ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭ (મેઇન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ, ૨૦૦૭)થી પણ ઘણા લોકો અજાણ છે. પીડિત વૃદ્ધો કલેક્ટર ઓફિસમાં અરજી કરીને પોતાનો કેસ લડી શકે છે. અમદાવાદમાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર માટે બે અલાયદી ટ્રીબ્યુનલ રચવામાં આવી છે. સાત શહેરોમાં મેડિકલ વાન શરૂ કરી છે. વૃધ્ધોને સ્વનિર્ભર બનાવવા માટે કામ અપાવે છે તેમજ હેલ્પલાઈન ફોન પણ ચલાવે છે.

જીવનમાં માતા-પિતાની મહત્તા સદ્દષ્ટાંત વાતો દ્વારા વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ અને સંસ્કાર મળે છે. જેથી ઘણી વખત સમાચાર પત્રોમાં જાણવા મળે છે કે બાળકો - યુવાનો પોતાનો જન્મદિવસ, લગ્ન દિવસ વૃધ્ધોને યાદ કરીને વૃધ્ધાશ્રમમાં ઉજવે છે. જેથી વિદ્યાર્થીઓ - યુવાનો પોતાના માતા-પિતાનાં આદર સન્માન જાળવી શકે.

***"ગરીબોના બાળકો અનાથ આશ્રમમાં જોવા મળે અને અમીરોના મા-બાપ વૃધ્ધાશ્રમમાં જોવા મળે."***

***૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્ષ***
***અમદાવાદ સેન્ટ્રલ મોલ સામે, આંબાવાડી સર્કલ પાસે***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.***
***મો. : ૯૪૨૬૫ ૭૭૬૭૮***

★ *સાહેબ, જે માણસ તમને સમજી ના શકે ને, એ છેલ્લે એમ જ કહેશે કે તમે બહુ બદલાઈ ગયા છો.*

★ *પ્રતિષ્ઠા વધે ને એટલે નિંદાના ટેકા તો મૂકવા જ પડે...! એટલે નિંદાથી ગભરાવું નહીં, નિંદા તો તમારી પ્રગતિની નિશાની છે.*

# વિચારોનું મહત્ત્વ

મિત્રો, જીવનમાં બધું શક્ય છે. આપણે ધારીએ તે બધું કરી શકીએ છીએ. તેવી પાત્રતા આપણા પ્રભુએ સૌને આપી છે. પણ પ્રશ્ન એ છે કે આપણે જાણીએ છીએ પણ માનતા નથી.

IMPOSSIBLE શબ્દ પોતે જ કહે છે કે I am Possible. જીવનમાં તમે જેવું વિચારો છો, તેવા જ તમે બનો છો. એટલે કે સમગ્ર જીવન પર વિચારોનું ખૂબ જ મહત્ત્વ છે. You attract thoughts, people and experience, which are congruent with how you think and feel about yourself. એટલે કે તમે તમારા વિશે જેવું વિચારો કે અનુભવો તેને અનુરૂપ જ તમે નવા વિચારો, માણસો કે અનુભવોને આકર્ષી શકો છો. આ જ બાબતને આપણે સત્ય ઘટનાથી સમજીએ.

ઈ.સ. ૧૯૫૨માં ઈંગ્લેન્ડના એથ્લેટ રોજર બેનીસ્ટરે નક્કી કર્યું કે ચાર મિનિટમાં એક માઈલ દોડવાનો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરીશ. અત્યાર સુધીમાં કોઈપણ દોડવીર ચાર મિનિટમાં એક માઈલ દોડી શક્યો જ નહોતો. એટલે કે બધા એમ માનતા હતા કે આ બાબત અશક્ય છે. પણ રોજર બેનીસ્ટરે ઈ.સ. ૧૯૫૪માં એક માઈલનું અંતર ૩ મિનિટ અને ૫૯ સેકન્ડમાં પૂર્ણ કરીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપ્યો.

તેણે દોડવીરોને એ પ્રેરણા પૂરી પાડી કે ૪ મિનિટમાં ૧ માઈલ દોડવું શક્ય છે. આમ, હવે અન્ય દોડવીરો વિચારતા થયા કે તે શક્ય છે. આપશ્રીને જાણીને નવાઈ લાગશે કે રોજરે વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યા પછીના માત્ર ૪૬ દિવસમાં ઓસ્ટ્રેલિયાના જહોન રેન્ડી નામના દોડવીરે ૩ મિનિટ અને ૫૮ સેકન્ડમાં એક માઈલ દોડીને નવો વિશ્વવિક્રમ સર્જ્યો! આમ, રોજરનો રેકોર્ડ તૂટી ગયો અને એ પછી એક જ વર્ષના સમયમાં બીજા ૩૦ દોડવીરો ૪ મિનિટમાં એક માઈલ દોડી ગયા હતા.

વાચક મિત્રો, મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે વિચાર પણ એક કામ જ છે. એટલે કે એક પણ વિચાર નકામો જતો નથી. તેથી હંમેશાં સારા વિચારો જ કરવા જોઈએ. તો ચાલો, આપણે આજથી આપણી પોતાની જાત માટે હકારાત્મક બનીએ. સારું વિચારીએ, સારા કાર્યો કરીએ અને બીજાના માટે પણ ઉદાહરણરૂપ બનીએ.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**
**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**
**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**
**E-mail : kaykay_industries@yahoo.com**

સમાજ ચિંતન

# ઘર એક મંદિર

અલ્કા સુનિલ શાહ

એક કલાકારને સંસારની સૌથી સુંદર વસ્તુનું ચિત્ર તૈયાર કરવાનું મન થયું. તેણે એક ધર્મગુરુને પૂછ્યું, 'સંસારની સૌથી સુંદર વસ્તુ કઈ?' ધર્મગુરુએ જવાબ આપ્યો, 'શ્રધ્ધા. આ શ્રધ્ધાના દર્શન તમને દરેક ધર્મસ્થાનમાં થશે.'

ત્યારબાદ કલાકારે એક નવવધૂને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. જવાબ મળ્યો. 'પ્રેમ એ સંસારની સૌથી સુંદરતમ વસ્તુ છે. પ્રેમની પળોમાં નિર્ધન માણસ પણ પોતાને સૌથી વધુ સમૃધ્ધિવાન માને છે. પ્રેમ ખારા આંસુઓને પણ મીઠાશમાં બદલી શકે છે.'

કલાકારે એ જ પ્રશ્ન એક સૈનિકને કર્યો. સૈનિકે કહ્યું, 'શાંતિ સંસારની સૌથી સુંદર વસ્તુ છે. યુધ્ધ સંસારની સૌથી કુરુપ વસ્તુ છે.'

કલાકારે ત્રણેય વસ્તુ સમજી લીધી. શ્રધ્ધા - પ્રેમ અને શાંતિ. એ વિચાર કરતો કરતો પોતાના ઘરે જઈ પહોંચ્યો. ત્યાં તેને જોતાં જ દરવાજા સામે તેના બાળકો અને પત્ની આવી પહોંચ્યા. બાળકો પિતાને ભેટી પડ્યા. પત્નીનો ચહેરો ખુશીથી ખીલી ઊઠ્યો. કલાકારે વિચાર્યું, જેને હું બહાર શોધવા નીકળ્યો હતો એ તો મારા ઘરમાં જ છે. મારા બાળકોની આંખોમાં શ્રધ્ધા છે, મારી પત્નીની આંખોમાંથી પ્રેમ વરસી રહ્યો છે અને મારું આ ઘર તો શાંતિની દિવ્ય ભૂમિ છે!

ત્યારબાદ કલાકારે સંસારની સૌથી સુંદર વસ્તુનું ચિત્ર બનાવ્યું અને તેને શીર્ષક આપ્યું - "ઘર."

આમ, શ્રધ્ધા, પ્રેમ અને શાંતિનો ત્રિવેણી સંગમ જ્યાં થયો છે તે પવિત્ર સ્થાન એ ઘર...

આજે અતિશય સુખ સગવડભરી શ્રેષ્ઠત્તમ જગ્યાએ આપણે સહેલગાહે જઈએ - ખૂબ આનંદ અનુભવીએ પણ દિવસના અંત ભાગે જ્યારે હાશ કરીને બેસવાનો સમય આવે છે ત્યારે મનના કોક ખૂણે તો આપણે ઘરને અચૂક યાદ કરીએ છીએ. આવું શા માટે? એવું શું છે આ ઘરમાં કે જે આપણને અવશ્યપણે ઘર તરફ ખેંચે છે? પોતીકાપણાનો અહેસાસ જ્યાં થાય, કુટુંબીજનો પ્રત્યેની પારાવાર લાગણી, હૂંફ, મમતા અને ઘરનું પ્રસન્ન મધુર વાતાવરણને પ્રત્યેક માનવી અંતરના ઉંડાણથી સદાય ચાહે છે. અને આવી અનુભૂતિ જ્યાં થાય છે, સતત થાય છે એ સ્થાન ઘર નહીં પણ સ્વર્ગ છે એમ કહેવું વધુ યોગ્ય લાગશે.

મંદિરમાં આપણે જઈએ તો મન એકદમ શાંત બની જાય. થોડી ક્ષણો માટે એક પવિત્ર વાતાવરણની અનુભૂતિ - આંતરિક પ્રસન્નતાનો અહેસાસ થાય છે. પરમકૃપાળુ પરમાત્માની પ્રેમભરી દૃષ્ટિની યાચના કરવાનું મન ઈચ્છે છે. જુદા જુદા લોકો સૌ સાથે મળી પરમાત્માની ભક્તિ કરતા હોય, સ્તવના કરતા હોય એ સમયે વાતાવરણ કેવું સુમધુર ભક્તિસભર લાગે છે! કોઈનો કોઈ પ્રત્યે રોષ નહીં, દ્વેષ નહીં, નિતાંત... પ્રેમની એક અનુભૂતિ. કેવળ શાંતિ ને પ્રસન્નતા. ચૈતન્ય સ્વરૂપને પામવા સૌ નત મસ્તકે ઝુકી જાય છે.

એ જ રીતે આપણું ઘર પણ દુન્યવી કોલાહલ, કાવાદાવા, પ્રપંચથી તદ્દન જ અલિપ્ત! ઘરમાં પ્રવેશતા જ માણસને હાશકારો અનુભવાય. એકદમ નચિંત બનીને બેસી પડવાનું મન થાય. માતાની અનર્ગળ લાગણી, પિતાનું વાત્સલ્ય, બહેનનો - ભાઈનો મીઠો સાથ, બાળકોની કિલકારીથી ગુંજતું ઘર જ્યાં પ્રેમ, સમર્પણ, સદ્‌ભાવ - શ્રધ્ધા અને શાંતિનો સમન્વય હાજરાહજૂર છે એવું આપણું ઘર પણ મંદિર જ છે ને? ઘરમાં વસતા પ્રત્યેક વ્યક્તિની ચેતના શક્તિ જ્યાં સમૂહમાં એકત્રિત થયેલ છે એવી અનેક ચૈતન્ય શક્તિનો જીવંત નિવાસ એટલે આપણું મંદિર સમાન ઘર. મંદિરમાં આપણે દિવસમાં એક કે બે વાર જઈએ છીએ જ્યારે વિવિધતામાં એકતાના પ્રતીકરૂપ આ ઘરમાં તો આપણે સતત રહીએ છીએ.

સરસ મજાની સુખ સગવડોથી સભર, કિંમતી રાચરચીલાથી શોભતું ખૂબ જ મોટા મહાલય સમાન મકાન હોય પણ તેમાં રહેનારા લોકો એકમેકથી તદ્દન અલગતા મહેસૂસ કરતા હોય, પરસ્પર પ્રેમ, લાગણી, હૂંફનો જ્યાં અભાવ હોય તો એવા બાહ્ય ઠઠારાનો શું મતલબ? એના કરતાં તો ઘર ભલે મોટું ના હોય, નાનું સરખું હોય, જગ્યા ભલે સંકડાશવાળી હોય પણ તેમાં વસતા

વિશાલ ડી. ગડા
મો. ૯૧૭૩૨૨૭૮૦૧, ૮૧૪૧૦૬૨૪૬૨
આર.કે. હાઉસ, જી-૧૬, નરસિંહનગર સોસાયટી, નારણપુરા ચાર રસ્તાની બાજુમાં, અમદાવાદ-૧૩.
દુકાન સંભાળી શકે તેવા તથા કોમ્પ્યુટરના જાણકાર માણસની જરૂર છે
PADUKA
The Perfect Step

માનવીના દિલ જો ખૂબ મોટા હોય, કોઈપણ વિકટ પરિસ્થિતિમાં સાથે મળીને એ ક્ષણોને સુલઝાવવાની, લડી લેવાની તાકાત જો એ નાનકડા ઘરના પરિવારજનોમાં હોય, માતા-પિતા, વડીલ - અતિથિ સૌ પ્રત્યે પ્રેમ - આદરની લાગણી હોય એવું ઘર વાસ્તવમાં હર્યુંભર્યું છે. એમાં પરમાત્માનો સાચા અર્થમાં નિવાસ છે.

જે ઘરમાં વડીલો પ્રત્યે પૂજ્યભાવ, સરખે સરખા પ્રત્યે સખ્ય ભાવ, મોટેરાઓનો નાના પ્રત્યે સ્નેહભાવ અને અતિથિ પ્રત્યે આદરભાવ હોય, જીવનની કોઈપણ સ્થિતિમાં એકમેક પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ જ્યાં સદાયે છલકાતો હોય — આ બધું જ જ્યાં એકત્ર થયેલ છે એવા ઘરને મંદિર નહીં તો બીજું શું કહેવાય?

આમ મંદિર સમાન ઘર બનાવવા માટે આપણે પણ થોડા પ્રયત્નશીલ બનવું રહ્યું. સંબંધોમાં જ્યારે પ્રેમ, લાગણી, સદ્‌ભાવ અને સહયોગની મીઠાશ ભળે ત્યારે સાચા સંબંધોનું સુખ અને તેની મીઠાશ મમળાવવી સદાય ગમે છે.

આજે ચંદ્ર અને મંગળ સુધી પહોંચીને માનવજાતે વિકાસની હરણફાળ ભરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી છે. બદલાતા સમય સાથે આ અંતર બહુ ઝડપથી ટૂંકું થતું રહ્યું છે. પણ માનવી - માનવી વચ્ચેનું અંતર જો વધી જશે તો સમગ્ર માનવજાતનું અને રળિયામણી એવી આ સૃષ્ટિનું શું થશે? એ પ્રશ્ન સૌને મૂંઝવે છે.

લોકોનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ રહ્યો છે. વ્યક્તિના સંબંધો સ્વકેન્દ્રિત બનતા જાય છે. આવી પરિસ્થિતિમાં એક અખંડ પરિવાર અને મંદિર સમાન ઘર જ માનવીને બચાવી શકશે.

એકમેક પ્રત્યે સહિષ્ણુતા, વાણીમાં મધુરતા, સંસ્કારિતા અને પરોપકારની વૃત્તિ કેળવી આપણે સૌ "વસુધૈવ કુટુંબકમ્"નો આદર્શ આપણા જીવનમાં ચરિતાર્થ કરીને જીવીએ. પ્રભુને પ્રાર્થીએ :

*હે પ્રભુ! આનંદરૂપે આપ મારા આ ઘરમાં વસજો*
*બનો ઉત્સાહનું સ્થાન ને સૌનો વિસામો હો.*
*સુખીને સાથ એમાં હો, દુઃખીને પણ દિલાસો હો*
*પ્રભુ! નાનકડું ઘર મારું સદા તારું જ મંદિર હો...*
*સદા તારું જ મંદિર હો...*
*એ જ હૃદયેષણા...*

***એ-૫, પ્રિયા પાર્ક, બેંક ઓફ ઇન્ડિયાની પાછળ,***
***ઇલોરા પાર્ક, વડોદરા-૩૯૦ ૦૨૩.***
***મો. ૯૪૨૯૩ ૨૩૫૬૭***

## જેઠ માસ આ વર્ષનો સૌથી નાનો મહિનો

ગરમીથી ત્રાહિમામ કરાવતો જેઠ માસ જેઠિયા તાપથી અળખામણો બની રહ્યો છે ત્યારે એક રોચક જાણકારી પ્રાપ્ત થઈ છે. જયેષ્ઠ એટલે કે મોટો એવા સંસ્કૃત શબ્દથી બનેલો જેઠ માસ આ વરસે ખરેખર નાનો દિયર એટલે કે નાનો બની ગયો છે (ગરમીના દિવસો જેટલા જલ્દી ઓછા થાય એટલા સારા!)

સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે મહિનામાં ૩૦ દિવસ હોય છે, ૩૦ તિથિ હોય છે. પરંતુ દર વખતે ૩૦ દિવસ હોતા નથી. થોડું અટપટું લાગ્યું? તો વિસ્તારથી સમજવા પ્રયત્ન કરીએ. આ બાબતે ખગોળ વિજ્ઞાનના અભ્યાસુ અને કચ્છ એસ્ટ્રોનોમિ ક્લબના પ્રમુખ નરેન્દ્ર ગોર 'સાગર'એ સંશોધન કરતાં નોંધ્યું કે, આ વખતે જેઠ માસની લંબાઈ ૨૯ દિવસ ૬ કલાક ૪૬ મિનિટની છે. જે આ વર્ષના કોઈપણ માસ કરતા ટૂંકામાં ટૂંકી છે.

ગત ફાગણ માસની લંબાઈ ૨૯ દિવસ ૧૪ કલાક ૫૧ મિનિટ હતી જે ૮ કલાક ૦૫ મિનિટ વધારે હતી. આ બાબતે વધુ પ્રકાશ પાડતા શ્રી ગોર જણાવે છે કે આપણા મહિનાઓ ચંદ્રની પૃથ્વીની આસપાસની ગતિને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. ચંદ્રને પૃથ્વીની આસપાસ એક ચક્કર મારતાં ૨૯.૫ દિવસ લાગે છે. એટલે મહિનામાં ક્યારેક ૩૦ દિવસ અને ક્યારેક ૨૯ દિવસ હોય છે. આ સમયગાળો સરાસરી છે પરંતુ દરેક મહિનો સરખા અંતરનો હોતો નથી. ચંદ્ર પૃથ્વીની લંબગોળ કક્ષામાં ફરતો હોઈ, જ્યારે ચંદ્ર પૃથ્વીની નજીકના અંતરે હોય ત્યારે મહિનો ટૂંકો હોય છે. જ્યારે તે દૂર હોય છે ત્યારે મહિનો મોટો હોય છે.

હાલમાં મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમજાન મહિનો ચાલે છે. મુસ્લિમ માસ પણ ચંદ્રની ગતિ આધારિત હોઈ આ વખતે રોજાની સંખ્યા ૩૦ને બદલે ૨૯ થવાની શક્યતા વધારે જણાય છે. નોંધવાલાયક બાબત એ છે કે જ્યારે ચંદ્ર માસ ટૂંકામાં ટૂંકો હોય ત્યારે અમાસના દિવસોની આસપાસ ચંદ્ર પૃથ્વીની સૌથી નજીકના અંતરેથી પસાર થાય છે. આવી જ રીતે સદીનો (વર્ષ ૨૦૦૧થી ૨૧૦૦) લાંબામાં લાંબો મહિનો તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૮ના શરૂ થતો પોષ મહિનો હશે! આ મહિનો ૨૯ દિવસ ૧૯ કલાક ૪૭ મિનિટનો હશે. ■

*શબ્દો તો બધાય કોપી કરે... કોઈ લાગણી તો કોપી કરી જુઓ...*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS &
ALL TYPES OF OFFICE FILES

JAYESH S. PAREKH
M. : 98241 06623

FACTORY : Plot No. 4601,
G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

ચિંતન



# માણસ ધારે તો શું ન કરી શકે?

**તથાગત પટેલ**

અમેરિકા ફરવા ગયેલ પારૂલબેન, કુંદનભાઈ અને વાસંતીબેન ત્રણે ન્યુજર્સી પાસેના નાના પરામાં રવિવારની એક સવારે ફરતાં ફરતાં પાસેના બગીચામાં ગયાં તો ત્યાં એક બેન નામે કેસન, બાળકોને યોગ, કસરત, શૈક્ષણિક અને બૌદ્ધિક તાલીમ આપી રહ્યાં હતાં. ત્રણેએ જોયું તો લગભગ ૫૦ બાળકો એમાં ભાગ લઈ રહ્યાં હતાં. દોઢેક કલાક પછી બધાં છૂટ્યાં. સૌ ખુશખુશાલ લાગ્યાં.

ભારત પરત ફર્યા પછી કુંદનભાઈએ, ત્રણેએ અગાઉ નક્કી કર્યા મુજબ મુંબઈમાં રવિવારના વર્ગો શરૂ કર્યા. વાસંતીબેને બરોડામાં અને પારૂલબેને અમદાવાદમાં શરૂ કર્યા.

પારૂલબેન, કુંદનભાઈ અને વાસંતીબેન મૂળ અમદાવાદના અને એક જ વિસ્તારમાં રહી એક જ શાળામાં ભણેલાં. પછી લગ્ન અને ધંધાકીય બાબતે અલગ થયેલાં.

શહેરની પ્રખ્યાત શાળાના આચાર્યપદેથી પારૂલબેન નિવૃત્ત થયાં કે તરત જ અમેરિકાની સફર પછી પોતાના રહેઠાણ નજીકના એક ગાર્ડનના દરવાજા પાસે બોર્ડ લગાવ્યું કે ૧લી જૂનથી દર રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ સુધી બાળ-કિશોર અને વિદ્યાર્થી તાલીમસભા રહેશે. એમાં યોગ, શૈક્ષણિક અને બૌદ્ધિક તાલીમ નિઃશુલ્ક આપવામાં આવશે.

પ્રથમ નિયત દિવસે ૨૫ બાળકો બાળ-કિશોર અને વિદ્યાર્થી તાલીમ સભામાં આવેલાં અને પછી તો પારૂલબેનનું યોગશિક્ષણ અને બૌદ્ધિક તાલીમ શિક્ષણ જોઈને દર રવિવારે સંખ્યા વધતી ગઈ. આજે ચાર માસ પછી એમના તાલીમ વર્ગની સંખ્યા ૧૦૦ ઉપરની છે. યુવાનો અને વડીલો પણ એમાં અનુમતિથી જોડાઈ ખુશ છે.

શિરસ્તો હતો કે બરાબર ૭.૩૦ કલાકે વર્ગ શરૂ જ થઈ જતો. એટલે ૭.૩૦ વાગે હળવી ચાર રાઉન્ડ દોડ શરૂ થાય. પછી ઝડપી શ્વાસોશ્વાસની પ્રેક્ટિસ થાય. એ પછી અનુલોમ-વિલોમ ચાલે, ત્યારબાદ પેટ અને હાથની કસરતો થાય, પછી શિક્ષણમાં પડતી તકલીફોની ચર્ચા અને ઉકેલ અપાય. છેલ્લે નાનકડી ધાર્મિક ઉપદેશાત્મક વાર્તા સંભળાવી, ચર્ચા કરી, પ્રાર્થના કરી અંત આવે. અને સૌ જયહિંદ સાથે છૂટા પડે.

પારૂલબેનનો ઉત્સાહ, ધગશ અને આવડતથી બાળકો, કિશોરો, વિદ્યાર્થીઓ અને હાજર રહેલ સૌ અત્યંત ખુશ રહેતાં સંખ્યા વધતી ગઈ.

પારૂલબેનના શૈક્ષણિક અનુભવનો લાભ આજુબાજુના વિસ્તારના સૌ કોઈ લેતા હતા. ક્યારેક એકાદ દિવસનો પ્રવાસ પણ થતો.

સમય સંજોગ પ્રમાણે કુદરતી રીતે ક્યારેક આવતા ભૂકંપ, દુષ્કાળ, પુર-સંકટ, રોગિષ્ટ હવામાન કે આતંકી હુમલા અને સ્થાનિક સંઘર્ષ જેવું લાગે તો પારૂલબેન સૌને યોગ્ય રીતે માનવતાયુક્ત ફરજભરી સલાહ આપી જે તે જરૂરતમંદોને મદદરૂપ થવા ફંડફાળો યથાશક્તિ મેળવી મોકલાવતાં.

હમણાં કાશ્મીર સરહદે આતંકવાદનો હિંસાચાર શરૂ થયો છે અને અનેક સૌનિકો શહીદ થવા લાગ્યા છે.

પારૂલબેને બગીચામાં બાળકિશોર વિદ્યાર્થી તાલીમ વર્ગમાં, તાલીમ પછી કહ્યું કે, બાળકો આપણે સૌ જાણીએ છીએ કે દેશની સરહદે કાશ્મીર તરફ હુમલા થયા કરે છે. આપણા કેટલાય સૌનિકો શહીદ થવા લાગ્યા છે. માટે આપણી ફરજ છે કે શહીદોના કુટુંબોને આપણે બને એટલી સરકાર સાથે સાથે મદદ વ્યક્તિગત રીતે પણ કરવી જોઈએ, જેથી સૈનિકોમાં હિંમત વધે અને વડાપ્રધાનને ભરોસો પડે કે દેશવાસીઓ પણ આવા કપરા સમયે મારી સાથે છે.

આપણા દિવાળી પર્વના જન્મદિવસની ઊજવણીના કોઈપણ પ્રવાસ કે અન્ય ખર્ચા ઓછા કરી એ પૈસા શહીદોના બાળકોના અભ્યાસ માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટ સૈનિક ફંડમાં મોકલીએ તો દેશભક્તિથી ભરપૂર માનવતાનું કામ અને ફરજ ગણાશે.

પારૂલબેનના ઉત્સાહવર્ધક શબ્દોથી જોતજોતામાં બાળકિશોર વિદ્યાર્થીઓ તથા અન્ય યુવાનો અને વડીલો જે તાલીમ વર્ગમાં હાજર રહેતા એ સૌએ ભેગા મળી સૈનિક ફંડમાં કેન્દ્ર સરકારને લગભગ બે લાખ રૂપિયાનો ચેક મોકલાવ્યો.

આમ, પારૂલબેન જે કામ આચાર્ય તરીકે પોતાની શાળામાં કરતાં હતાં એવું જ કામ હવે નિવૃત્તિના સમયમાં માત્ર દર રવિવારે બગીચામાંથી કરી રહ્યાં છે અને મોટી વાત એ છે કે જે બાળકો શાળામાં અમુક બાબતોના ઉત્તરો નથી મેળવી શકતાં એવી ઘણી બાબતો બાળકો બગીચામાં તાલીમ વર્ગમાં ખુલ્લા મનથી શીખી રહ્યાં છે. જે પ્રશ્ન પૂછતાં ગભરાતાં હતાં એ

**(અનુસંધાન : જુઓ પાના નં-૭૪ ઉપર)**

ચિંતન

# સહાનુભૂતિ

સુન્દરમ્

સહાનુભૂતિ, સમભાવ, હમદર્દી – આ શબ્દો આપણે ત્યાં અંગ્રેજી શબ્દ Sympathyના પર્યાય તરીકે વપરાય છે. આજે આપણે જીવન વિષે આછો પાતળો જે કંઈ વિચાર કરીએ છીએ, યા કરી શકીએ છીએ, તેમાં આ શબ્દો દ્વારા સૂચિત થતી ભાવનાને મહત્ત્વનું સ્થાન છે. પોતાના માનવબંધુઓ પ્રત્યે સમભાવ કે હમદર્દી ન ધરાવતા માણસને આપણે સામાજિક જીવનને યોગ્ય નહિ ગણીએ. પૂર્વકાળમાં પણ સામાજિક જીવનની જવાબદારીઓ વ્યક્તિ ઉપર કેવી હોઈ શકે તેનું વ્યવસ્થિત ચિંતન અને સંયોજન હતું. પરંતુ આ શબ્દો તે વખતે વપરાતા માલૂમ પડતા નથી. આપણી આજની સામાજિક અને રાજકીય જાગૃતિની પ્રેરણા પશ્ચિમની જીવન ભાવનાઓમાંથી આવેલી છે. અને એ જાગૃતિનું સ્વરૂપ, એ અંગેનો વ્યવહાર, એ વિષયની પરિભાષા એ બધું પશ્ચિમને અનુસરે છે. એનાં મૂળ આપણી પ્રાચીન જીવન ભાવનાની સમૃદ્ધ ભૂમિકા સુધી જઈ શક્યાં નથી. આપણા જીવનના પ્રશ્નો હજી અણઉકેલાયેલા રહ્યા છે, તે વિષે આપણા દર્શનમાં સ્પષ્ટતા નથી એનું એક કારણ એ પણ હોઈ શકે. આ શબ્દો દ્વારા વ્યક્ત થતી ભાવનાનું અનુસંધાન આપણી પ્રાચીન જીવન ભાવના સાથે કટેલું અને કેવું છે તે જોવાનો અત્રે એક પ્રયત્ન કર્યો છે.

સહાનુભૂતિ સમભાવ હમદર્દી-વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ઈષ્ટ અને આવશ્યક ગણાતી આ ભાવનાના પાયામાં બંને વ્યક્તિની સમાનતાનું તત્ત્વ આપણું પ્રથમ ધ્યાન ખેંચે છે. પ્રેમ અને મૈત્રીની જે પ્રગાઢતા છે, નીકટતા છે, ઉત્કટતા છે તે અહીં સામાન્ય રીત અપેક્ષિત નથી. તેમજ દયા અને કરુણામાં જે લેનાર અને દેનાર વચ્ચેની ઊંચી નીચી ભૂમિકા છે તેનો આમાં અભાવ છે, કેટલીકવાર સ્પષ્ટ ઈન્કાર પણ હોય છે. આજનો પોતાને જાગ્રત ગણતો માનવ કોઈ પણ બીજા માનવની, અરે ભગવાનની પણ દયા કે કરુણા લેવાને તૈયાર નથી. પશ્ચિમની અસરથી રંગાયેલા આ માનસને દયામાં તિરસ્કારનો ધ્વનિ સંભળાય છે. સમાનતાની ભૂમિએ ઊભો રહી તે બીજાની હમદર્દી લેવા તૈયાર છે, તેને કોઈની દયા ખપતી નથી. પોતાના વ્યક્તિત્વની સ્વાધીનતા, આત્મસ્વતંત્રતા, સમાનતા આદિ લક્ષણો વ્યક્તિત્ત્વના વિકાસની દૃષ્ટિએ ઘણાં મહત્ત્વનાં છે. પરંતુ આ સ્વાધીનતા અને સમાનતા પણ કોઈ નિરપેક્ષ અને કેવળ આત્મપર્યાપ્ત એવું તત્ત્વ નથી. વ્યક્તિ સ્વાધીન અને સમાન રહે છતાં તેને બીજાના સહકારની જરૂર રહેવાની છે. એ સહકાર સ્વેચ્છાથી લીધેલો અને સ્વેચ્છાથી અપાયેલો હોય એ વાત ખાસ અગત્યની રહે છે. એવા સ્વેચ્છા ઉપર મંડાયેલા જીવનવ્યવહારમાં સહાનુભૂતિનું તત્ત્વ એક જરૂરી વસ્તુ છે.

સહાનુભૂતિ એટલે સહ-અનુભૂતિ, બીજાની અનુભૂતિની સાથે એટલે કે તેના જેવો ભાવ અનુભવવો, તેના સરખો, નહિ ઓછો કે વધારે એવો સમભાવ પોતામાં પ્રગટ રાખવો અને આ ભાવ તે બીજાના સુખ કરતાં વિશેષ તેની દુઃખ ક્લેશ વ્યથા પીડા આદિ અરુચિકર, વર્જ્ય એવી અવસ્થાઓમાં, દશાઓમાં અનુભવવો, હમદર્દી શબ્દ આ અર્થને વધારે સ્પષ્ટ કરે છે. આ ભાવનું પ્રયોજન આપણને વિશેષ તો બીજાની દુઃખમય અવસ્થામાં લાગે છે. સમાજમાં ઇતર વ્યક્તિઓ આપણા કરતાં વિશેષ દુઃખી છે, વધારે ક્લેશપાત્ર છે, એમ જણાતાં હમદર્દીની લાગણી તેના પ્રત્યે જન્મે છે. અર્થાત્ બીજાની શારીરિક બીમારી, આર્થિક દારિદ્રય, માનસિક ક્લેશ, અનેક રીતની પરાધીનતા, અજ્ઞાન, જડતા આપણા સમભાવને ઉત્તેજે છે, તેની માગણી કરે છે. બીજાની સુખી અવસ્થામાં સમભાવની જરૂર નથી રહેતી, ત્યાં હમદર્દીને સ્થાન નથી. બહુ બહુ તો સહભોગને સ્થાન છે. પણ તે આવશ્યક નથી. જગતની વ્યક્તિઓ તેમની કલ્પના પ્રમાણે સુખી છે એમ જો માણસને ખાતરી થઈ જાય તો પછી પોતાના ઓરડામાં તે જીવનભર ઊંઘી જાય તો તેનો કોઈ દોષ કાઢશે નહિ. પણ જગત જ્યારે દુઃખમાં હોય, કોઈ પણ પ્રકારની વ્યથામાં હોય ત્યારે મનુષ્યનાં સમભાવ હમદર્દી જાગ્રત થવાં જ જોઈએ. ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ચિંતન

# મૃત્યુની વિટંબણાઓ ટળી શકે?

પ્રા. સૂર્યકાંત ભટ્ટ

તત્ત્વવેત્તાઓના મત મુજબ માનવીને સ્મશાન વૈરાગ્ય સદી જવા પામ્યો છે. સ્નેહીજન કે સગા સંબંધીઓના મૃત્યુ સમયે સ્મશાનમાં શબના અગ્નિસંસ્કાર સમયે થોડો વિલાપ કે દુઃખ દર્શાવે પરંતુ એક દિવસે સ્વયં અત્રે શબ બનીને અગ્નિ કે ભૂમિને સમર્પિત થવાનું છે તે વિચારવાની તસ્દી પણ લેતો નથી. સ્મશાનેથી ઘેર જઈ, રાબેતા મુજબ જીવન જીવે જાય છે.

ભારતીય સંસ્કૃતિના વાહકો સંતો, સૂચવે છે કે માણસ માત્ર ૨-૩ કિ.મી.ની મુસાફરીએ જવું હોય તો પણ તૈયારી કરે છે. પરંતુ મૃત્યુ કે જે અનિવાર્ય છે તેના પછીની લાંબી મુસાફરી માટે કોઈ તૈયારી જ કરતો નથી. એક સમયે એક યક્ષે ધર્મરાજ યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછ્યો કે, 'હે ભગવંત! આ જગતમાં સૌથી મોટું આશ્ચર્ય શું છે એ જણાવવા કૃપા કરશો?' ત્યારે યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો કે, 'દરરોજ માનવી પોતાના સગા-સંબંધીઓ, પડોશીઓ, મિત્રો કે અન્યોને મૃત્યુ પામતા નિહાળે કે સમાચારથી વાકેફ થાય છતાં સ્વયં માને કે જાણે તે પોતે મૃત્યુ પામવાનો જ નથી. આનાથી વધારે આશ્ચર્ય બીજું શું હોઈ શકે?'

તેમ છતાં મૃત્યુને મહાત કરવાની, મૃત્યુ પહેલાં મોક્ષપદ પામવાની, મૃત્યુ પહેલાં મરી જવાની ગતિવિધિઓ ભારતીય તત્ત્વવેત્તાઓ, સત્ પુરુષો, સંતો - ગુરુજનોએ દર્શાવેલી છે. "Death : Not End of Life" નામના પુસ્તકમાં શ્રી હૃદયરંજન ભટ્ટાચાર્યજી લખે છે કે, "In fact, death is nothing its destination ascertained by the almighty God." સામાન્ય રીતે મોહની મહા નિદ્રામાંથી આપણને જગાડનાર મૃત્યુ છે. મોટા મોટા માંધાતાઓને આ ફાની દુનિયા છોડવી પડી છે.

*તેથી જ કવિવર દલપતરામે લખ્યું છે કે –*

***વિક્રમ સરખા વીર ગયા ને, ભૂપ ગયો વળી ભોજ રે***
***જોરાવર જયકારી જગતમાં, ફરતી જેની ફોજ રે.***
***છતે ગયો શાહુ છત્રપતિનો, દુનિયાથી દેખાવ રે***
***બાજીરાવ ગયા બળવંતા, ગયા શિવાજી રાવ રે.***

*કવિશ્રી વિશેષમાં માનવીઓને ઉપદેશે છે કે :*

*"પૂરા થઈ શક્યા તે થશે કામ પૂરા*
*અધૂરા રહ્યાં તે રહેશે અધૂરા.*
*તડાકો તમે તોપનો જેમ ટેવો*
*અરે આવશે એક દિન જરૂર એવો."*

જ્ઞાનીઓ આપણને મૃત્યુ સાથે જીવન જીવવાનો બોધ આપતા જ રહે છે. મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ કરવા આપણે આંતરચક્ષુઓ ખોલવા રહ્યા. અંત સમયની મોક્ષ ગતિ અર્થે જીવનમાં જાગૃત થઈ જવું અતિશય આવશ્યક છે. મિસરવાસી તત્ત્વવેત્તા મહાન ફિલોસોફર હેરોફલન્ટ લખે છે કે : "The light is within thee, let the light shine." અર્થાત્ "પ્રકાશ તો તારી અંદર જ છે, પ્રકાશને પ્રકાશવા દે."

આપણે જાણે અવિરત જીવતા જ રહેવાના હોઈએ એવું માનીને ચાલી રહ્યા છીએ. કોઈ વયોવૃધ્ધ કે બીમારી વ્યક્તિ પણ મૃત્યુ ઈચ્છતા જ નથી. "જો યહાં પર આયા હૈ, સો જાયેગા, રાજા-રંક-ફકીર" એ સમજાતું નથી. મૃત્યુ પર વિદ્વતાપૂર્વક પ્રવચન કરનારાઓ પણ મૃત્યુની ક્ષણે થરતર કંપે છે.

*કોઈ કવિએ લખ્યું છે તે મુજબ –*

***મારું, મારું, કરી તું શા માટે મરે છે***
***કાળ તારી પાછળ તો ક્યારનોય ફરે છે.***
***મૃત્યુ નથી રાખતું કોઈનીય શેહ શરમ,***
***કોઈ ઝુંપડીમાં તો કોઈ મહેલમાં મરે છે.***

મૃત્યુ પછીની આત્માની ગતિવિધિનું તત્ત્વજ્ઞાન ગીતાજીના ૧૫મા અધ્યાયમાં સમાયેલું છે - સૂક્ષ્મ છતાં સરળ. આત્માની અવિનાશિતા કે પછી શાશ્વતતાનું નિરૂપણ આપણી બુધ્ધિને ભરી દે છે. પંદરમા અધ્યાયનો આઠમો શ્લોક ઉપદેશે છે :

***शरीरं यदवाप्नोति, यच्चात्पुत कामतीश्वरः ।***
***गृहीत्वैतानि संयाति, वायुर्गन्धानिवाशयात् ॥***

અર્થાત્ 'જીવાત્મા જ્યારે જૂના શરીરનો ત્યાગ કરીને નવા શરીરને પ્રાપ્ત કરે છે ત્યારે વાયુ જેમ પુષ્પમાંથી સુગંધને લઈ જાય છે તેમ તે આપણા સૂક્ષ્મ શરીરને કહો કે સૂક્ષ્મ ઈન્દ્રિય સમૂહને સાથે લઈ જાય છે.'

દેશબાંધવો માટે, રાષ્ટ્રની સુરક્ષા કાજે અસંખ્યાત સૈનિકો પોતાના પ્રાણના બલિદાન આપે છે. કહેતાં દુશ્મનોનાં પ્રહારના ભોગ બની મૃત્યુને વરે છે. આવા વીર શહીદોને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તેમની કદી નિમ્નગતિ થતી જ નથી. ગીતાજીના બીજા અધ્યાયના બત્રીસમાં શ્લોકમાં શ્રીકૃષ્ણ પરમાત્મા વર્ણવે છે કે –

***यदच्छया चोवपन्नं स्वर्गद्वारम् पावृत्तम ।***
***सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युध्धमिलशम् ॥***

ફિલોસોફર મિલ્ટને વર્ણવ્યા મુજબ, "Death is a golden key that opens the palace of eternity." મૃત્યુ તો અમૃતનો મહેલ ખોલવાની સોનાની ચાવી છે. શ્રી જ્યોર્જ મિકે એક પુસ્તક લખ્યું છે : "After we Die What then?" તેઓ સમજાવે છે કે ક્ષ-કિરણોથી આપણા અંગોના ફોટા એક્સ-રે લેવાય છે કિંતુ આપણે એ કિરણોને જોવા સમર્થ નથી. તેમ શરીરમાં રહેલુ આત્માનું છે. વિદ્યુત તારમાં વિદ્યુત પ્રવાહ વહેતો રહે છે, તેને પણ આપણે નીરખી શકતા નથી. તેથી એમ ન કહેવાય કે પ્રવાહ વહેતો નથી.

વિદ્વાનો વર્ણવે છે કે જીવતરનો થાક ઉતારવા અને જિંદગીનો કંટાળો દૂર કરવા મૃત્યુની ખૂબ જ આવશ્યક્તા છે. જીવનની શારીરિક - માનસિક પીડાઓમાંથી મુક્ત થવાનું ઈશ્વરે અર્પેલું ઔષધ એટલે જ મૃત્યુ. મૃત્યુ વિનાની અવિરત જિંદગીનો ખ્યાલ આપણને મુંઝવણમાં નાખવા સમર્થ છે.

મૃત્યુ બાદ જ્યારે આપણા ભૌતિક શરીરનો અંત આવે છે તેની સાથે જ આપણા પ્રાણમય શરીર ETHERIC - BODYનો પણ અંત આવે છે. સૂક્ષ્મ અને કારણ દેહ સ્થૂળ દેહથી છૂટો પડી જાય છે. સૂક્ષ્મ શરીરને ASTRAL BODY કહે છે. જે જીવાત્માઓને કોઈ પણ પ્રકારની વાસનાઓ ભોગવવાની રહી જવા પામેલી હોય તેઓ પ્રેત યોનિને પામે છે. જે દેહ વાયુપ્રધાન હોય છે. જે વાસનિક જીવ હોય તે પરિવારજનોના સ્વપ્નમાં આવી માંગણી કરી શકે. કોઈના શરીરમાં આવિર્ભાવ પામીને વાતચીત કરી માંગણી કરી શકે. ભાગવત્ કથાઓ દરમ્યાન આવા અનેક પ્રસંગો જાણવા મળે છે.

"GHOST IS SOLID FORM" નામનું પુસ્તક GHOMBITH BOLTAN દ્વારા પ્રસ્તુત થયું. જેમાં તેમણે આદરેલા સાત વર્ષના પ્રયોગોના અનુભવ છે. રોબર્ટ મનરોએ "" માં ની રસપ્રદ વાતો વર્ણવી છે. ધર્મશાસ્ત્રોના વર્ણવ્યા મુજબ ધર્મકર્મ, ભક્તિ, ધ્યાન, ભજન, ઈશ્વર સ્મરણ કરનારા, રાગ-દ્વેષ ન રાખનારા સંતોષી જીવ મોક્ષભાગી બને છે. જ્યારે વાસના પ્રધાન, પાપકર્મ કરનારા અધોગતિને પામે છે. જરથ્રોસ્તિ ધર્મમાં તથા બાઈબલના 'નવા કરાર'માં પણ મૃત્યુની વિગતે જાણકારી અને મુક્તિના માર્ગ દર્શાવ્યા છે.

થોડી જીવનમાં સાવધાની રાખીએ તો મૃત્યુનો ડર ક્યારેય નહીં લાગે.

*ધીરો ભગત સમજાવે છે કે :*

***સંસાર ધુમાડાનાં બાચકાંરે, જોતાં જોતાં જનાર,***
***મરનારને તમે શું રુવો? હાંરે રોનાર ક્યાં રહેનાર?***

***લીમડા લાઈન, સંસ્કારનગર, ભુજ, કચ્છ.***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## જે મજા લૂંટી શકે એ મેચ્યોર!

જનરલી આપણે માનીએ છીએ કે મેચ્યોર એટલે એવો જણ જે ઠરેલ હોય, જે હસતો ન હોય, જેના જીવનમાં ફનનું નામોનિશાન ન હોય. મેચ્યોર અર્થાત્ ઠરેલ અર્થાત્ ડાહ્યા માણસે એના ફોટામાં જમણા હાથની આંગળીઓ, દાઢીની નીચે સ્ટેન્ડ તરીકે રાખવી જોઈએ, આંખોમાં વિહ્વળતાનો ભાવ હોવો જોઈએ...! મેચ્યોર માણસ ધીરગંભીર હોવો જોઈએ. એને સેક્સીમાં સેક્સી જોક સંભળાવો તો પણ ચહેરા ઉપર ચમક ન આવવી જોઈએ! કદાચ એ મેચ્યોર છે એટલે એ જોક પાછળની વૃત્તિનું વિવેચન કરવામાં વ્યક્ત થઈ જાય! મેચ્યોર માણસ એની પત્નીને સ્પર્શ કરે ત્યારે પણ રૂંવાડાં ખડાં ન થાય એ માટેની પૂરી તકેદારી રાખશે. આખરે સવાલ પુખ્તતાનો છે!...સ્ટુપિડ મેચ્યોરિટી!! પણ, મનોવૈજ્ઞાનિક અબ્રાહમ મેસ્લો તો કહે છે, સૌથી પુખ્ત માણસ એ છે જે સૌથી વધુ મોજમસ્તી કરી શકતો હોય. લો કરો વાત!

કોઈએ સરસ વાત કરી છે કે, ડહાપણની શ્રેષ્ઠ નિશાની એ છે કે તમે સતત ચીયરફુલ હોવ. તમે જેટલા ડાહ્યા, શાણા, સમજદાર એટલા ખુશમિજાજ હોવા જોઈએ. એરંડિયા પીધેલું મોં લઈને સમજણ અને શાણપણનાં લેક્ચર આપવા જનારાઓને શું કહીશું? દંભી, દંભી અને દંભી! એમનામાં જો સરળતા અને સમજણ હોય તો એ વ્યક્ત તો થવી જોઈએ ને? એ છલકાવી તો જોઈએ ને? બાકી તો ચાર ચોપડીઓની કમાલ. વાત એ છે કે ખુશમિજાજપણું અંદરથી પ્રગટે છે. ખરી ચીયરફુલનેસ સમજણનું પરિણામ છે, એક વાત બરાબર સમજાઈ જાય છે કે જે સમજાશે તે સમજાશે, જે નહીં સમજાય તે નહીં સમજાય....એરંડિયું મોં લઈને ફરવાનું શું?

અને 'ફન' કરવું જોઈએ એવું માની લઈ કેટલાક બાળકોની જેમ ઠેકડા મારતા જોવા મળશે? ખરું ફન આપણા વલણમાંથી આવે છે, એવો અહેસાસ થઈ જાય છે કે શોધવાથી સુખ નથી મળવાનું, પણ મજા કરતા રહેવાથી કદાચ સુખી હોવાનો અહેસાસ થઈ શકે છે.

જય વસાવડાએ એક વાર લખ્યું હતું કે, 'મિત્રતામાં જો ફનનું તત્ત્વ ન હોય તો નકામું!' વાત સાચી છે. આપણે મિત્રતાને ખૂબ ગંભીર, જરૂરિયાતની ઢાલ, સંકટ સમયની સાંકળ...વગેરે વગેરે માની મિત્રતાને હેવી બનાવી દીધી છે. જો મિત્રતામાં અને મિત્રોમાં ફનનો ભાવ ન હોય તો ખાક મિત્રતા! સગાં-સંબંધીઓની વણઝાર ઊભી છે ફનરહિત જીવન જીવવા માટે! મિત્રો મદદગાર હોઈ શકે છે, પણ આ બધું સપાટીની નીચે હોવું જરૂરી! સપાટી ઉપર તો ઓન્લી ફન! વેદિયાઓના મિત્રો એટલે જ નથી હોતા ને!

તમે ચાર ચોપડીઓ વાંચીને 'જ્ઞાની' કહેવાઈ શકો છો, તમે ધારદાર પ્રવચન આપીને સામેવાળાને ચકાચોંધ કરી શકો છો, પણ તમે જો રીયલ અર્થમાં સમજણની યાત્રા કરીને મેચ્યોર થયા હશો તો, તમે રીયલ ફન કરી શકશો. એવા જણને જાણ છે કે, આખરે તો માણ્યું એ જ મારું!

**– મુકેશ મોદી**

વાર્તા

# છેલ્લી ઘડી

ગિરીશ ભટ્ટ

એ પળે એ સ્ત્રીના મનમાં ઝબકારો થયો હતો કે તેણે કશુંક કરવું જોઈએ, અને એ પોતે જ કરવું જોઈએ.

હા, તે કરી શકે, તે જ કરી શકે. આર્મી હોસ્પિટલમાં એક જખ્મી સૈનિક ધીરે ધીરે મૃત્યુ ભણી ધસી રહ્યો હતો.

ડૉક્ટર ઘોષ નિરુપાય હતા. એટલું બધું લોહી વહી ગયું હતું કે સેલાઈન દ્વારા ચઢાવાતું લોહી નિરર્થક બનતું હતું. બેય પગ પર બુલેટના પ્રહારો થયા હતા. આંખો પાસેથી બુલેટ પસાર થઈ ગઈ હતી. દૃષ્ટિ ધૂંધળી થઈ ગઈ હતી. જખ્મી હાલતમાં પોતાના જ લોહીના ખાબોચિયામાંથી તે બીજી સવારે મળ્યો હતો.

તે પોઝીશનથી દૂર નીકળી ગયો હતો. દુશ્મનો દૂર નહોતા. તે એ લોકોની હિલચાલ પામી શકતો નહોતો. ખાડાના શૅલ્ટરમાંથી બહાર નીકળીને પાછું ફરવું શક્ય નહોતું. એક કારતુસ હથિયારમાં હતો જે તે વેડફવા ઇચ્છતો નહોતો.

ત્યાં જ છુપાઈ રહેવું જરૂરી હતું. સરહદ હતી, તે ત્યારે કયા દેશની હદમાં હતો એ પણ સંદેહનો વિષય હતો.

પ્રભાતના આછા ઉજાસમાં સાથીઓને મળી આવ્યો ત્યારે બેહોશ હતો. શરીરમાંથી ઘણું લોહી વહી ચૂક્યું હતું. જખ્મી પગોની હાલત ખરાબ હતી.

સુબેદારે કહ્યું હતું કે રણબીર બહાદુર હતો. છેલ્લો કારતુસ કદાચ તેણે પોતાની જાતને ખતમ કરવા રાખ્યો હતો. અથવા સામે આવતા દુશ્મન માટે. તે ભાનમાં હતો ત્યાં સુધી ગોળીબારના અવાજો સાંભળ્યા હતા.

આર્મી હૉસ્પિટલમાં તે આવ્યો ત્યારે ભાનમાં હતો. ડૉક્ટરે કહ્યું હતું : 'હેલો, બ્રેવમૅન.' ને તે હસ્યો હતો.

તરત યુદ્ધને ધોરણે સારવાર શરૂ થઈ હતી. ડૉક્ટર ઘોષ, ડૉક્ટર મોહંતી... ડૉક્ટર વર્મા... આ તો દેશનો જવાન હતો. નામ : રણબીર... પડછંદ સુદૃઢ કાયા. પાંચ વર્ષ થયા સૈન્યમાં ભરતી થયે. આ ચોથું પોસ્ટિંગ હતું. પહેલું આસામમાં... જંગલ, ઢાળવાળા પગથિયાં જેવાં ચા નાં ખેતરો, પાછળ ટોપલા રાખીને ચા નાં પાંદડા ચૂંટતી ગોરી સ્ત્રીઓ, ખેતરો વચ્ચેથી ઢાળ ઊતરતી પગદંડીઓ. વિદ્રોહી સામેની લડાઈઓમાં સવા વર્ષ ઝડપથી પસાર થઈ ચૂક્યું હતું. એ પછી કચ્છ, રાજસ્થાન અને હવે આ કાશ્મીરનો ઇલાકો.

મસ્તીથી ચાની ચુસ્કીઓ ભરવાની આદત તેને આસામમાં પડી હતી. એ ચા ગુલાબી હતી. અજબ સ્વાદ હતો.

તે અને લચ્છીરામ શૅલ્ટરમાં ચાની ચૂસકીઓ ભરી રહ્યા હતા.

રણબીરે ત્યારે લચ્છીરામને કહ્યું હતું કે તે બાપ બનવાનો હતો. છેલ્લી વિદાયની રાતે તેની સ્ત્રીએ તેને ખુશખબરી આપી હતી.

તેણે પારોને ઊંચકી લીધી હતી અને પ્રેમથી ભીંજવી દીધી હતી. અને પછી તેના ગૌર, વળાંકવાળા પેટ પર વહાલ કરવા લાગ્યો હતો. પેલીએ ખડખડાટ હસીને એ પુરુષને માહિતી આપી હતી : 'દેખો, તીન માસ કે બાદ પેટ બડા હોગા. વો હોગા ને અંદર?'

તેણે ભોળાભાવે પૂછ્યું હતું : 'મા કો ખબર હૈ?' ને તે ફરી હસી પડી હતી. સમજ પાડી હતી કે સાસુની દૃષ્ટિ તો વહુના પેટ પર જ હોય! તેને કહેવાની જરૂર ના પડે. અરે, બીજો માર્ગ પણ હોય!

રણબીરને એ રાતે પત્નીની રસિકતાની અનુભૂતિ થઈ હતી : 'અરી, યે તો તિતલી જૈસી હૈ!'

ને વિદાય સમયે એકાંતમાં પૂછી લીધી હતી એ વાત પણ : 'ક્યા દોગી ભેટમેં?'

પેલીએ ગંભીર બનીને આકાશ તરફ આંગળી ચિંધી હતી : 'વો જાને. હમ ક્યા જાને?'

(૨)

ક્યાં કોઈ હા ભણતું હતું? લશ્કરી જવાન માટે આ એક કમનસીબી હતી.

મૃત્યુ અને જિંદગી સાવ સાથે જ હોય. એક આંખમાં જિંદગી હોય ને બીજીમાં મૃત્યુની છાયા.

આ કરતાં તો ચપરાસીની નોકરી સારી. વૃંદા પગ ઘસી ઘસીને થાકી હતી. સપનાંની ઇમારત આના પર જ બંધાવાની હતી. તે નિરાશ થઈ ગઈ હતી. શું વંશ અહીં જ અટકી જશે? ચિંતા પેઠી હતી.

અને અચાનક પારો સામે ચાલીને આવી હતી. વૃંદાએ મુહૂર્તની રાહ જોઈ નહોતી. કશું પૂછ્યું પણ નહોતું - પરિવાર, કુળ, ઠેકાણા વિશે.

તે આશરો માંગતી હતી ને તેને વધૂ બનાવી હતી. હતાં એટલા ઘરેણાં સજીને... પોતાની સાથે ફેરવી હતી. લોકોને સંતોષ થયો નહોતો. એ લોકની ધારણા હતી કે આ ચાલાક સ્ત્રી બધું જ લઈને કોઈ રાતે ચાલી જશે, ડોશી તો રડી પણ નહીં શકે. અને રણબીર નોકરી પર તો જશે ને? બસ... વીસ નહોરી. બધું જ લઈને ભાગી જ જવાની!

એક વર્ષ થયું. તે એ રીતે ભાગી ગઈ નહોતી. બીજું વર્ષ થયું ને ગર્ભવતી થઈ હતી. લોકોએ નવી પ્રવૃત્તિ શરૂ કરી; બાળક આવશે એ ગોરું હશે કે રણબીર જેવું કાળું!

**(૩)**

એક પલંગમાં રણબીર સૂતો હતો.

પાસેના ટેબલ પર કેસ પેપર હતા. પાસેની ફાઈલમાં બીજી વિગતો હતી : નામ, રેજીમેન્ટ, પોસ્ટિંગની તારીખ, વતન, પરિવાર. એમાં પત્નીનો ઉલ્લેખ હતો : પારો!

આર્મી સંકુલ મોટું હતું. હૉસ્પિટલ, સ્ટાફ ક્વાર્ટર્સ, એક બે ઓરડાવાળી શાળા, કાર્યાલય, મંદિર.

હૉસ્પિટલ બધી સુવિધાવાળી હતી. કેટલાક દર્દીઓને મોટી હૉસ્પિટલોમાં મોકલાતા હતા.

સવાર-સાંજ 'ભારત માતા કી જય'ના નારાઓ લગાવાતા હતા. રાષ્ટ્રધ્વજ સવારે ફરકાવાતો હતો અને સાંજે વિધિવત ઉતારી લેવામાં આવતો હતો. એક જનાના વૉર્ડ હતો. લેડી ડૉક્ટર નિર્મળા અને બે નર્સ - સુરતા, જયા હતા.

આવડા મોટા સંકુલમાં સ્ત્રીઓ પણ હોય જ ને? નાનાં ભૂલકાઓ શાળામાં પ્રાર્થના ગાય ત્યારે વાતાવરણ પવિત્ર બની જતું હતું. રોજ લશ્કરી વાહનોમાં જખ્મી સૈનિકો આવે, ક્યારેક મૃત સૈનિકો પણ.

એ સાંજે રણબીર આવ્યો હતો. તે એકલો જ હતો. ડ્રાઈવરે પેપર્સ ડૉક્ટર ઘોષને સુપરત કર્યા હતાં.

ડૉક્ટરે સંબોધન કર્યું હતું : 'હેલો, બ્રેવ મૅન, પાછું મોરચે ક્યારે જવું છે?'

રણબીરે જવાબ વાળ્યો હતો : 'આપ કહે તો અભી...!' જખમો ગંભીર હતા. તરત સારવાર શરૂ થઈ હતી. ઇમરજન્સી ઑપરેશન, એક પગની ગોઠણ સુધીની વાઢકાપ, ને આંખો પર પટ્ટી. આંખના ડૉક્ટર બીજી સવારે આવવાના હતા. ક્યાં બચવાની હતી આંખો?

ડૉક્ટરને રંજ હતો કે તે સૈનિકને બચાવી શકવાના નહોતા. કદાચ રણબીર ફરજ પર જઈ શકવાનો નહોતો. કદાચ રણબીર આ સત્યથી અવગત નહોતો.

ડૉક્ટરે આ વાત એપ્રન બદલતાં નર્સ સુરતાને જણાવી હતી. કદાચ બીજા પગનું પણ આમ જ કરવાનું હતું. ત્યાં પણ સડો થતો હતો.

અને આંખોની દૃષ્ટિ પણ ધૂંધળી રહેવાની હતી. અનુભવી હતા ડૉક્ટર. એક બટાલિયન જેટલાં સૈનિકોની સારવાર કરી ચૂક્યા હતા. આવતા વર્ષે નિવૃત્ત થવાના હતા.

તે ખેદ અનુભવતા હતા. પાસે બેસીને ફાઈલ ઉથલાવી હતી : વૃંદા - મા - ઉંમર પચાસ.

પારો - પત્ની - ઉંમર પચીસ.

ને આ જવામ કાયમ માટે વિદાય લેવાનો હતો.

સુરતાએ નોંધ્યું હતું કે રણબીરના મુખમાંથી શબ્દનું રટણ થતું હતું.

સ્ક્રીન પર હાર્ટ બીટ્સનો ગ્રાફ ઉપર નીચે થયા કરતો હતો ને વચ્ચે... મા!

જનાના વૉર્ડમાં ત્યારે એક જ દર્દી હતી. મેજરની પત્ની જાનકીદેવી.

તે ગાઢ નિંદ્રામાં ડૂબેલી હતી. સવારે ઉનથી સ્વેટર ગૂંથતી હતી. તેણે સુરતાને કહ્યું હતું કે તે સાંજે ક્વાર્ટર પર જવાની હતી.

**(૪)**

સુરતાને આ સૈનિકમાં રસ પડ્યો હતો. તેણે પ્રાર્થના પણ કરી હતી, તેની જિંદગી માટે.

તે પણ એ કેસ ફાઈલ ઉથલાવી ચૂકી હતી. નામ પછી ગામમાં તેને રસ પડ્યો હતો : અરે, આ તો જગતપુરનો હતો!

તે એ ગામથી થોડી પરીચિત પણ હતી. ત્યાં બે દિવસ રહેવાનું બન્યું હતું. માસીને મળી હતી, ઘૂમી હતી. એક પશુપતિનાથનું પ્રાચીન મંદિર હતું, એક ઘટાટોપ વડ હતો. ગલીઓ સાંકડી હતી. મકાનો માળવાળા હતા.

બસ, આમાં જ ક્યાંય એ લોકો વસતાં હશે, વૃંદા અને પેલી પારો.

ને ત્યાં જ શબ્દો સંભળાયા હતા : 'પારો, કહાં હો તુમ?' ડૉક્ટરે તેને ફરી તપાસ્યો હતો.

બીજા પગમાં ચેપ શરૂ થયો હતો. દવાઓ ઉપકારક બની નહોતી. વાઢકાપ જરૂરી હતી, પણ એટલી શક્તિ દેહમાં નહોતી. બીજી વારના રટણમાં પારો જ હતી. માંડ સમજાતું હતું. શબ્દો લથડતા હતા. ગ્લુકોઝની નળી હાથના કાંઠા સાથે જોડાયેલી હતી.

ડૉક્ટરના ચહેરા પર ઉદાસી હતી. બીજા સૈનિકો સાજા થઈ રહ્યા હતા. આ એક જ મૃત્યુ ભણી જઈ રહ્યો હતો.

પારોનું રટણ વારંવાર થતું હતું.

આ ઇચ્છા છે તેની આખરી ઈચ્છા. ડૉક્ટર વિચારતા હતા. તેમને કોલકતા રહેતી પત્ની - ઉમા યાદ આવી હતી. તે હવે નિવૃત્ત થઈને ઉમા પાસે જવાના હતા. મન તો ક્યારનું પહોંચી ગયું હતું. તે ત્યાં એકલી હતી ને અહીં તે...

પીડા સમજાઈ આ પુરુષની.

પણ શું થઈ શકે? દરેક મૃત્યુ સમયે પ્રાર્થના સિવાય ક્યાં કશું કરી શકાતું હતું? હવે આનો પણ થાક લાગતો હતો. રણબીરે પુનઃ પારોનું રટણ કર્યું હતું.

ડૉક્ટરે પલ્સ તપાસી હતી. હાર્ટ બીટ્સ મેળવવા મથામણ કરી હતી. હવે કદાચ થોડા સમયનો મામલો હતો.

મા અને પારો — બધું જ લય પામવાનું હતું.

એ સમયે સુરતાને ઝબકારો થયો હતો. આની ઈચ્છાનું શું? અધૂરી ઈચ્છા સાથે જ મૃત્યુ પામશે? તેને પત્નીને મળવું હતું. સ્મરણમાં મા આવી જતી હતી. એ સિવાય, કશું શેષ નહોતું. ને આ પાત્રો જગતપુરમાં વસતા હતા. સાવ અજાણ, સાવ નચિંત. આ પુરુષની પ્રતીક્ષા કરતાં.

ડૉક્ટર ઘોષ ઉદાસ હતા. બીજાં કામો તો હતાં પણ કોણ જાણે કેમ, તે અહીંથી ખસી શકતા નહોતા.

મામલો થોડી મિનિટોનો હતો. આ દૃશ્ય વિખેરાઈ જવાનું હતું. ક્યાં નવાઈની વાત હતી અહીં?

આ જવાને પણ ઘાયલ થઈ બે વાર અલગ અલગ સ્થળે બે વાર સારવાર મેળવી હતી. સાજો થઈને પાછો ફરજ પર પણ ગયો હતો. બધું તેની ફાઈલમાં હતું.

**(૫)**

ને જે ફાઈલમાં નહોતું એ કલ્પવાનું હતું. સુરતાને ઝબકારો થયો કે તે થોડીવાર માટે પારો બની જાય તો? આ મરતા સૈનિકનો છેલ્લો સમય સુધારી શકે. હા, તે જ! તે જ એમ કરી શકે. ફાઈલમાં તો એક શબ્દ હતો - પારો, આ સૈનિકની પત્ની. હા, તેને સજીવન કરવાની હતી.

જમાપક્ષે રણબીર તંદ્રામાં હતો. આંખો પર પટ્ટી બાંધી હતી. એ આંખો તેજ સહી શકે તેમ નહોતી.

સામા પક્ષે, તે ક્યાં પરણી હતી? શો અનુભવ... આવા દૃશ્યનો? મૂવી જોઈ હોય કે કથાઓ વાંચી હોય, કદાચ મનોમન... એવી કલ્પનાઓમાંથી પસાર થઈ હોય, પરંતુ સાચુંકલું તો નહીં જ ને?

થયું કે અત્યારે ઝાઝું વિચારવાનો અવકાશ જ ન હતો. ડૉક્ટરને પૂછવાનો પણ સમય ન હતો. બસ... મન બતાવે એ રસ્તો. પુણ્યનું કામ હતું. દેશ સેવા કરનારની આખરી ઈચ્છા સંતોષવાની હતી. તે દૃઢતાથી આગળ વધી. પલંગની કોર પર બેસી ગઈ હતી, એક પત્ની પતિ પાસે બેસે તેમ - સ્પર્શીને! નવતર અનુભૂતિ હતી.

થયું - કશું બોલે!

બોલાયું પણ ખરું : 'મૈં પારો, આપકી પારો...!' આંખો ભીની થઈ ગઈ હતી. અવાજમાં પીડા ઉમેરાઈ હતી.

'પારો...? આ ગઈ મેરી...' એના લથડતા અવાજમાં કંપ ભળ્યો હતો.

માની જ લેવાયું કે પારો હતી. આ અવસ્થા જ એવી હતી કે ઝાઝું વિચાર્યા વિના જ પારોના અસ્તિત્વને સ્વીકારી લે.

એનો હાથ લંબાયો ને સુરતાએ તેના હાથોમાં એ ગ્રહ્યો હતો. એ પહેલાં કાંડા ઘડિયાળ કાઢી નાખવાનું ભૂલી નહોતી. ડૉક્ટર તાજ્જુબ હતા. સમજ પડી હતી સુરતાની કે તે શું કરી રહી હતી.

પછીના દૃશ્યમાં સુરતા હળવેથી એ સૈનિકના દેહ પર ઝળુંબી હતી, ડૂસકાં ભરતી હતી.

જાણે સાચી પારો! આમ જ કરે પારો, આની પત્ની! સંવાદો થતા હતા : 'મા કૈસી હૈ? તુમ?'

'આપ જરૂર અચ્છે હો જાઓગે. મૈંને વ્રત રખ્ખા હૈ.' રણબીરના શબ્દો લથડી રહ્યા હતા. પરંતુ સમજી શકાતા હતા. તે પાસે જ હતીને?

અચાનક રણબીરનો હાથ પેટ તરફ લંબાયો હતો. 'કૈસા હૈ અપના...' શબ્દો પણ એ જ દિશામાં ધકેલાયા હતા.

'ઓહ! આ પણ હશે? પારો ગર્ભવતી હશે?' સુરતાનું મન દોડ્યું હતું. નર્સનો અનુભવ કામે લાગ્યો હતો. તેણે શ્વાસને ઊંડા ખેંચીને પેટને ફુલાવ્યું હતું અને પોતે જ રણબીરનો હાથ એ પેટ પર ચાંપ્યો હતો.

એ પુરુષના જે ઊંહકારા થયા એમાં નરી સંતૃપ્તિ હતી. ચહેરા પરના હાવભાવ તો સમજાય. બસ... બે ચાર પળ.

તેને તો યુગ જેવડી લાગી હતી.

એ હાથ ધીરે ધીરે ઠંડો થયો હતો. નિર્જીવ થઈને લથડ્યો હતો. એ ચહેરા પરની પ્રસન્નતાની ઝલક એવી જ હતી. તે રડી રહી હતી.

ડૉક્ટર એ ઠંડા પડેલા શરીરને તપાસી રહ્યા હતા. બીજી સંતૃપ્તિ સુરતાની હતી. તેણે એક સૈનિકની છેલ્લી ઘડી સાચવી હતી. ■

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

વાર્તા

# મસો

દીના પંડ્યા

શાંતાગવરીએ સંકોચાયેલા કાચબાની જેમ એક પછી એક અંગ હાથ, પગ, માથું રજાઈમાંથી બહાર કાઢ્યા. જરા આઘેરા ઓરડે ધોળું ધાબું વર્તાય છે. એણે સ્થિર નજરે જોયું. પણ ત્યાં નર્યો સુનકાર પલાંઠી મારીને બેઠો છે. આથી શાંતાગવરી અકળાતા બોલ્યાં :

'ઊઠો ભૈસા'બ. દૂધનો ગલ્લો બંધ થઈ જાશે તો રૂપિયો વધું દેવો પડશે. નહીં તો હોટેલિયા દૂધની ચા પીવી પડશે.'

શાંતાગવરી હવે સાગર પર શયન કરતાં વિષ્ણુની અદામાં પલંગ પર સૂતા. એક હાથની કમાન પર માથું ટેકવી, અધૂકડાં સૂતાં સૂતાં એમણે બીજો હાથ ગરદનની જમણી તરફ ચીટકેલા મસા તરફ લંબાવ્યો. હળવે હળવે સસ્નેહ મસા પર હાથ ફરતો રહ્યો. ક્યારેક પતિ નિંભર કે બેધ્યાન થયા હોય તો એમનું ધ્યાન ખેંચવા શાંતાગવરીને મસો પંપાળવાની હરકત બહુ કામ લાગતી હતી.

અડધી સદીનું દાંપત્યજીવન. એમાં શાંતાગવરીએ માત્ર ને માત્ર પતિ સંવિતરાયનું ચિંતન-મનન કર્યું છે. એમાંય પાછોતરા દસેક વર્ષથી તો અકર્મક, જીર્ણ-જરઠ દેહલતા અને વ્યક્તિત્વ ધરાવતાં શાંતાગવરીને પ્રેમની, લાગણીની અભિવ્યક્તિ માટે સશક્ત, ઉષ્માસભર માધ્યમની જરૂર પડતી. અને આશ્ચર્ય સાથે કહી શકાય કે નિવૃત્તિકાળ પછી તો સંવિતરાય સબળ માધ્યમ બની રહ્યા હતા. એથી જ તો તેઓ પત્નીની અપેક્ષાઓનો વણખૂટ્યો પ્રતિસાદ આપતાં થયેલા.

બસ! એમ કહી શકાય કે ત્યારથી બંને વચ્ચે અખૂટ, સમજભરી 'સખ્ય'ની સરવાણી વહેતી થયેલી. જુવાનીમાં જે ના જોયું, જાણ્યું કે અનુભવ્યું તે બુઢાપામાં જોયું, જાણ્યું ને માણ્યું ય ખરું. એ હતો નિ:સ્વાર્થ, નિર્વ્યાજ પ્રેમનો સાક્ષાત્કાર. જેણે બંનેને પરિપૂર્ણતાનો અનુભવ કરાવી દીધેલો. માનો ને, બંને અડધિયા એક બની, અદ્વૈતની સાધના કરી રહ્યાં છે. આથી જ ખાસ કોઈના ચંચુપાત વગર બંને એકબીજાના ટેકે સંસારનું ગાડું આનંદથી હાંક્યે રાખતા હતા.

પણ તેમ છતાં શાંતાગવરીની મસાને પંપાળવાની કુટેવ સંવિતરાયને ભારે અસુખ દેતી, અજંપ કરી દેતી. ધ્યાન જતાં તેઓ તાડુકી ઉઠતાં, 'ભલી થઈ, તું એને પંપાળ પંપાળ ના કરીશ. હાથ નીચો લે. કહું છું, વધી જશે ને વકરશે તો—' કહેતાં સંવિતરાય અણગમાથી મસાને જોતાં કાળો કકળાટ માંડતા.

પતિની ટકોરે શાંતાગવરીની વાંકી ડોક સીધી થાય કે મસો મોં છુપાવતો પાછળ સરી જાય. શાંતાગવરી મનમાં બબડે - આ વળી એમનું નવું તૂત. મસો ખરો, પણ પંપાળવાનો નહીં! જાણે એનામાં કોઈ ખોટ પેઠી હોય, એમ ધૃણાથી જોઈ રહે. ક્યારેક વળી જોશમાં આવી, કાતર કે છરીથી મસાને ઉડાવી દેવાની વાત કરે. પણ બળ્યું, મસાને પંપાળતા, રમાડતાં, સમય કેવો સરસ વીતી જાય છે એની ખબર ભલા, એમને શું પડવાની? સામે ટી.વી. હોય અને ગરદન પર પોચો, લીસો મસો હોય. એથી તો બહુ એકલતા લાગતી નથી. એમની પાસે જરા બિચારી, નિમાણી લાગતી હોઉં - એય તે બંધ... કારણ ધ્યાન બધું મસા તરફ. નવરી પડું કે મરો રે મરો, શાંતાગવરી, આમ તો તમારે નકરી નવરાશ જ હોય છે ને!

સવાર પડે કે સંવિતરાય - શાંતાગવરીની સહિયારી જીવનયાત્રા શરૂ થઈ જાય. જો કે સાવ સહિયારી યાત્રા કહેવું ખોટું જ સ્તો... માત્ર યાત્રા શબ્દ બરાબર રહેશે. લગભગ એવું બનતું કે શાંતાગવરી સવાર સવારમાં ઘરની પૂર્વ દિશામાં આળસ મરડતાં બેઠાં હોય. શણની સપાટ પહેરી, માથે સજ્જડબમ સ્કાર્ફ બાંધી, સ્વૅટર સરખું કરે. છીંકણીનો ડબ્બો લે, પેઢાં ઘસે. ત્રાંબાની ઢોચકી નમાવી, ખખડાવીને કૉગળા કરે. એ અવાજના દોરે ઝલાઇને સંવિતરાય શાંતાગવરી પાસે આવી લાગે. ટીનનો ડબ્બો ધરે. શાંતાગવરી એમાંથી ચોકઠું કાઢી પહેરે. પછી પાછળના ભાગે ખોબા જેવડા ફળિયામાં મુઠ્ઠી જુવાર નાખતાં અચૂક કોઈને કોઈ સંવાદ રચે. 'આજ મૂઉં ધોળિયું દેખાતું નથી.' અથવા 'આજ મારા વાલીડાઓની બીજે ન્યાતની પંગત પડી લાગે છે. તંઇ આંગળીના વેઢે ગણાય એટલા જ તો પારેવા ચણવા આયવા છે ને કાંઈ—'

ત્યાં સુધીમાં ઘરની પશ્ચિમ દિશામાં સંવિતરાય નાકે દૂધ લેવા જઈને ઘરમાં આવી ગયા હોય. આવીને ચા મૂકવાનો એમનો નિત્યક્રમ. હવે દિશાઓ બદલાય. પૂર્વ તરફ રસોડામાં સંવિતરાય હોય, શાંતાગવરી પશ્ચિમમાં હોય. આંખ મીંચીને સામેના ઓરડામાં, લાકડાના મંદિરમાં બેસાડેલા ભગવાનને દૂરથી હાથ જોડી, માથું નમાવે. ફળિયામાં બેસાડેલા તુલસીમાને નમે. પછી ડગુમગુ થતાં હીંચકે ગોઠવાય. ત્યાં બાજુના ઘરમાંથી ટી.વી. કે ટેપ અચૂક ગાંગરી ઉઠે - 'મુન્ની બદનામ હુઇ, ડાર્લિંગ તેરે

લિયે - '

'ઓય રે... સવાર સવારમાં આવા પ્રેમલ્યા ગાણા ધરાર સાંભળવાના? ઇયાં દિ' આખો બગડે છે. આ છોકરાઓને બીજું સુઝતું જ નથી!'

ચાના કપ લઈ સંવિતરાય પશ્ચિમમાં પ્રવેશતાં પત્નીના ઘાયલ, અધમૂઆ શબ્દ કાનોથી ઝટપટ વીણી લે. ચશ્મામાંથી બાજુના ઘર તરફ નજરનો લિસોટો તાણતાં કહેશે : 'મફતમાં સરસ ધમાલિયું સંગીત સાંભળવા મળે છે ને? પહેલા એ કહો, પે'લો પોપટીયા નાકવાળો નવો છોકરો - ગુડમૉર્નિંગ ગ્રાન્ડફાધર અને તમને હાય! ગ્રાન્ડમા, જયશ્રીકૃષ્ણ... હેપ્પી? એવું કહે છે ત્યારે તમે અધમણિયું ધૂણાવતાં કેવી દાદ આપો છો? હેપ્પી... હેપ્પી... બેટા. બસ, ત્યારે... પણ એક વાત યાદ રાખજો. ઘરડાં આપણે થયા છીએ, એ લોકો નહીં, સમજી?'

'તે હું ક્યાં ના કહું છું? ભૈસા'બ, પણ સવારમાં-'

'એમની સવાર પરોઢિયે ત્રણ વાગતામાં પડી જાય છે. હીરલબેનનો દીકરો અને એના મિત્રો વાંચવા વહેલા ઊઠે છે.'

—ને વાત ત્યાં અધકચરી, ઊભડક રહે. કારણમાં ચા યાદ આવી હગોય. પછી બંને શહેનશાહી અદામાં હીંચકે ઝૂલતાં, સબડકાં મારતાં સાથે ચા પીએ. ખાલી કપ-રકાબી શાંતાગવરી પતિ સામે ધરી દઈ, વિચારવલોણું ઘુમાવતાં અચલ બેસે કે સંવિતરાયની ચાંપતી નજર પત્નીને ફંફોસવા લાગી જાય. ફરી એનો હાથ ક્યાંક મસા પર તો જતો નથીને!

શાંતાગવરી પતિની સી.સી. કેમેરા જેવી નજરમાં કેદ હોય ત્યાં સુધી મસો પંપાળી શકે નહીં. એથી ચા પીધા પછી કોઈ વાત લઈ, પતિ સામે મોરચો માંડે : 'બળ્યું, ચામાં લગીર આદુ નાખતા હો તો. ઠંડો વાયરો નીકળ્યો છે. જીવને જરા સારું લાગે.'

'નાખ્યું તું ને. કાલે જ ૨૫૦ ગ્રામ લઈ આવેલો.'

'પણ નાખવા જેટલું નાખ્યું'તું કે માત્ર નાખવાનું નાટક કરેલું?'

'ઓય રે... આટલું વિપુલ ભાષાજ્ઞાન તમને ક્યાંથી લાધ્યું? હંઅ... સસરાજી શિક્ષક હતા ને?'

બીજે દિવસે સંવિતરાય ચામાં વધારે આદુ ઠપકારે. ફરી પાછું હીંચકા પર પૂર્વ-પશ્ચિમનું મિલન થાય. ત્યારે શાંતાગવરી ચા પી લીધા પછી મોરચો સંભાળે - આંખો, નાકમાંથી જવતાં પાણીને લૂછતાં તેઓ તતડેલી જીભ લળબળાવે : 'આટલું બધું આદુ ચામાં નંખાય? સાવ ગામડિયા. માપ બાપનું ભાન શેમાય નહીં. અમે મુંબઈ હતા ત્યારે આદુ વગરની ચા પીધી નથી હોં. મુંબઈની ચા... બાના હાથની એ ચા... એટલે કહેવું પડે. બાકી મુંબઈ એટલે મુંબઈ.'

શાંતાગવરી એક જમાનામાં પિયર હતા ત્યારે થોડાં વર્ષો મુંબઈ રહી આવેલાં એનું ગૌરવ એમને આજ સુધીમાં તલભારેય ઘટ્યું નથી.

સંવિતરાય ગોઠણે હાથ દઈ ઊઠે. ધીમે પગલે પૂર્વ બાજુ જાય. પાછળ બબડાટનો રેલો લખોટીની જેમ દડદડતો જાય : 'એ કહો, મુંબઈમાં છે શું? હૈડ હૈડ થતાં, અહીં તહીં દોડતાં માણસો - માણસો છે કે મશીનો - એ જ ખબર ના પડે. આપણા આ નાના શહેરના હવા-પાણી જો. મને ઇક્કોતેરમું તને ચુમ્મોતેરમું જાય છે. તે છતાં આપણે આપણું કૂટી ખાઈએ છીએ... છે કોઈની સાડીબારી? આ તમે ખખડતી ખટારી ને અમે અડીખમ યોદ્ધા જેવા ગમે-તેમ પણ આપણા સંસારનું ગાડું દોડ્યે જાય છે.'

'આ તમારી નરવી કાયાના ડીંગલવાજા વગાડતાં સારા નથી લાગતાં! જાવ, બમ્બામાં અગ્નિ મેલો. પહેલા તમે નાહી લો. તમારા મહાદેવ નહાયા વગર ખોટી થાતાં હશે.' શાંતાગવરી જલદી વાતનો વીંટો વાળે. કારણમાં એમની મસા રમત શરૂ થઈ હોય.

સામે ભીંત ઘડિયાળમાં સાતના ડંકા થયા. ડંકાનો રણકાર આખા ઘરમાં ઊંચા માથે ફર્યો ને સુનકારાનો ઝીણામાં ઝીણો કણ ભાંગી નાખ્યો. સાવ પહેલીવાર જોતાં હોય એમ શાંતાગવરીએ નવાઇથી ઘડિયાળને જોઈ. લોલકની સમાંતરે ડાબા-જમણે માથું ફેરવતા ડંકા ગણ્યા. માથા પરના સ્કાર્ફની ગાંઠ ઉકેલી. જમણી કોણી પાસેથી ઘસાઇ ગયેલા સ્વેટરને નીચે ખેંચ્યું. પલંગ નીચેથી સપાટ કાઢતાં પહેલાં, નજર ફરી સામેની દિશામાં ખીલ્લાની જેમ ધરબી દીધી.

'કહું છં, દૂધ ક્યારે લાવશો? ક્યારે ચા મળશે? એલાર્મ ગાંગરીને થાક્યું, ભૈસા'બ!'

પચાસ વર્ષના સાહચર્યભર્યા પ્રસંગો, ઘટનાઓમાં પેસી જઈ શાંતાગવરી ત્યાં ખાંખાંખોળા કરવા લાગ્યા. મોતીયો આવ્યા પછી તો ચા બનાવવાની ફરજમાંથી પોતે સાવ ફાજલ થઈ ગયેલા. ક્યારેક ચા પીતા કાચો-પાકો કકળાટ કરી લે : 'આ મૂઓ મારો મોતીયો! ઝટ પાકે નહીં એવો અવળચંડો. એમાં ઑપરેશન ઝટ ના થાય. તે તમારે ચા બનાવવે ભેળી બીજીય આપદા વેઠવાની.'

'સારું જ છે ને. તેં જિંદગી આખી મને ચા પાઈ. રાંધીને જમાડ્યો. મારી ઊઠવેઠ કરી. હવે વારાફેર થાય કે નહીં? પ્રભુ, પ્રભુ, તું ન્યાય તોળનારો ખરો.'

'ખરો પ્રભુ હોં-' તાલી પાડતાં શાંતાગવરી પતિના બોલને યાદ કરતાં હસી પડ્યાં. હથેળીમાં ચોંટેલી બજર ઊડી. આંખમાં બજરીયું વાદળ પેઠું. રીસમાં બબડ્યા : 'ઊઠવું હશે તો ઊઠશે. કાંઈ ચા વગર અમે મરી જાવાના?'

ચચરતાં મન સાથે અધૂકડો સંવાદ રચી શાંતાગવરીએ મોં ચડાવ્યું ને રીવર્સમાં જીવનયાત્રા આરંભી. સપાટ કાઠી, બજરની ડબ્બી છાંડી, સ્કાર્ફ ઢીલો કર્યો. સ્વેટર ખેંચી સરખું કર્યું. ને પડખાભેર સૂતા. એક હાથે મરેલા ઢોરને ખેંચતાં હોય એમ પંડ

પર રજાઈ ખેંચી. એમણે ઊંઘવાનો ડોળ કર્યો. લગીર એ આશામાં કે સામેના ખૂણામાંથી છણકો ઊઠે : 'આ શું ગૂંડલું વાળીને પાછા સૂતાં? ઊઠો, દૂધ લેવા જાઉં છું. બારણું ઠાલું વાસ્યું છે. ઘરનું ધ્યાન-'

'વાહ! દરિયાપારથી ક્યાં વહાણો ઘરમાં ઠલવાયા છે કે ખુલ્લા ઘરની ચિંતા હોય, ભૈસા'બ? બે ચાર ઠોબારા - ગાભા ને સિલકમાં મેલા જીરણ મસોતાં જેવા આપણે બે.'

'સવારમાં માથાઝીંક કરવા ક્યાં બેઠા? એક તો હાથ-પગ હલાવવા નહીં ને પાછી ઘરમાં જમાદારી કરવાની!'

શાંતાગવરીએ મસો પંપાળતાં વાસી સંવાદ સંભાર્યો. ઘડિયાળ તરફ નજર કરી. બળ્યું કાલે તો આ ટાણે બે વાર ચા પીવાઈ ગઈ'તી. આદુય મજાનું પ્રમાણસર નાખેલું. પણ જીવલીની હેરાનગતિ તે કેવી? આવતાંવેંત ઝાપટીયું હાથમાં લેશે, પછી કોઈ સરકસનું જનાવર જોતી હોય એમ નજર એના પર તોળવાની : 'અલી, તારી આંખો સખણી રાખ—' કહેવાનું મન થાય ત્યાં મસો યાદ આવે. આસ્તેથી હાથ ઉપર કરું. શીમળાના રૂ જેવો પોચો પોચો મસો -

'અલી નઘરોળ, હાથ ઉઠાવ. પહેલા આવી ખબર હોત તો-'

'પરણત જ નહીં, તમારે એમ કહેવું છે ને? તો આપી દો છૂટાછેડા. અહીંયા કોને પડી છે?' ઋષિમુનિ જેવી મુદ્રામાં શાંતાગવરી બોલ્યા.

'કેમ? છેલ્લા આઠ-દસ વર્ષથી તો રાજરાણી જેવું સુખ ભોગવો છો. ખાટલેથી પાટલે, પાટલેથી ખાટલે - એ મારા થકી હોં. એ સુખનું સત્યાનાશ. વળી હોલસેલના ભાવે બીમાર પડવાની તમારી કુટેવ. ટૂંકમાં હે શાંતાદેવી, તમારે માટે સ્વર્ગ હમીનસ્તો હમીનસ્તો - સ્વર્ગ અહીં છે, અહીં છે. કાશ્મીરમાં મુદ્દલેય નહીં, સમજ્યા?'

પતિએ ઝાટકેલા શબ્દો વીણે ના વીણે ત્યાં ટી.વી.નો ઘોંઘાટ ચાલુ : 'મૂઈ જીવલીનું કારસ્તાન. વાસીદુ વાળતાં, પોતાં કરતાં ટી.વી. જોવાનું જ. ક્રિકેટ તો ઊછળી ઊછળીને જોશે. તેમાં મુન્સીપાલ્ટીનું પાણી હાલ્યું જાય. કો'ક દિ' બે વેણ કે'તા જાવ. બહુ માથે ચડાવી છે.'

અધ મીંચી આંખે નારાયણ કવચનો પાઠ કરતાં સંવિતરાય જવાબ દેશે : 'તું તારી નવરાશને જીવલી પાછળ શાની કામે લગાડે છે? જીવલીનો મને ગિરનાર જેવો ટેકો છે. બાકી તમે તો સિંદૂર ચડ્યા દેવની જેમ ખાટલે કે પછી હીંચકે-'

'પણ આ મૂઓ કાચો મોતીયો - એમાં રસોડા ભણી લમણો વાળતી નથી.'

'ચિંતા ના કરતી. હું છું ને.' તગતગતી આંખે સંવિતરાય પત્નીને જોઈ રહે. ત્યાં જીવલી વચ્ચે ખાબકે : 'બાપુજી, શાક શું લાબ્બાનું છે? પરથમ બાને પૂછી લીયો. નકર મારી હામે મા'ભારત માંડશે.'

'અલી ઘેલહાગરી, તું કાંઈ મારી સાસુ થાશ? જા, હાલતી થઈ જા. જીવલી વગર જીવન નહીં જીવી શકાય, એવું થોડું છે?'

ઇ ઠીક - પણ અત્તારે રસોડું નિમાણું કાં લાગે? શાંતાગવરીના મનમાં ફરી સંવાદ ઊછળ્યો : 'આજે કોથળી દૂધ વધારે લીધી છે. તમને છાંટો દૂધી ખીચડી સાથે-'

'ના, મને છાશ વહાલી. તમે દૂધ લેજો. પેન્શન તમને મળે છે, મને નહીં.'

'પણ હું નહીં હોઉં તો પેન્શન અડધું - તને તકલીફ.'

'લ્યો બોલ્યા, જામ સાહેબ. પીટ્યાઉં જનારને તો પાછળ શું જોવું ને શું ચિંતવું? સુખે જવાનું ભલા માણસ.'

'પણ તારી આંખો-'

'જીવલી છે ને... પણ બળ્યું તમારા પહેલકારાની વાતે મને અસુખ તો નો રીયે. લગીરે તમારા ધોતિયાની ગાંઠ તો છૂટી કે બંધાઈ... તો બેળે બેળે હું સરખી કરી દઉં. પડોશી પ્રમોદભાઈ કહી કહીને સ્વર્ગે સીધાવી ગયા કે આજકાલ લેંઘા-કફનીની ફેશન છે. પણ તમે ફેશનવાળા ના થયા.'

'અરે! જિંદગી આખી ધોતિયા - મુગરામાં પ્રભુની સેવા-પૂજા કરી. હર્યો ફર્યો. છેલ્લે છેલ્લે ફેન્સી લેંઘા - ઝભ્ભામાં હરિ પાસે જવાનું થાય ને પ્રભુ મને ના ઓળખે તો? એ બીક ખરી.'

ઓય... પાણી આવ્યું લાગે છે. આ ધધૂડો સંભળાયો. 'ઓ જીવલી, કાનપુરમાં હડતાલ છે? ગોળો નહીં ભરે તો પાણીના વખા પડશે. મુન્શીપાલ્ટીવાળા પાછા ડાહ્યા - દર ત્રીજે દિ'એ પાણી આપે ને કહેતાં ફરે જળ જીવન છે. પણ અહીંયા તો જળ જીવન છે કે જંજાળ એ જ સમજાતું નથી. તેથી કહું છું, સવારો કરતા સાંજો સાડી સત્તરવાર સારી ને ભલી! બસ, સાંજ પડે કે બધે નિરાંત ને નિરાંત. ના ખાવા-પીવાની ઝંઝટ, ના પાણીની ચિંતા, નહાવા-ધોવાની કે કપડાં-વાસણની ભેજામારી નહીં. ઓટલે બેસી, આકાશના રંગો જોઉં, ટહૂકા કરતાં, ઊડતા પંખીઓ જોઉં. ખીજડામાં દૈયડ - બપૈયાના જોડલા જોઉં. ત્યાં ચંદ્રમૌલિનો ઘંટ ધણધણે. પછી સંધ્યા આરતી, ભજનો, ગુરુવારે સાંઈબાબાની ધૂન તો કેવી ચગે! ખરું કહું છું તમને, સાંજ એટલે સાંજ...'

'મને ના ગમે, એ તમને ગમવાનું જ. સાંજની વેળા એટલે નકરી ઉદાસી! નીરસતા સાથે સુવાંગ એકલાનું પોટલું માથે મૂકી એ આવવાની. એના કરતાં સવારો બધી હાઈક્લાસ! સ્વપ્નાભરી નિંદર માણી, તાજામાજા થઈ ઊઠવાનું. નવો દિવસ... નવો ઉમંગ... નવી આશા.'

'શું ધૂળ સ્વપ્નાભરી નિંદર?'

'સાંભળો, પછી દૂધ લાવવું, ચા-પાણીની ધમાલ, નહાવું-ધોવું, પૂજા-પાઠ પછી શું બનાવીશું જમવામાં - એની સહિયારી ચર્ચા, પછી મગની દાળનો શીરો ને ભજીયાં કે બાજરીના લોટનું ખીચું ખાતાં કેવા જલસા પડી જાય! આ બધા સવાર પડે કે વખતના આનંદો. પણ તમારે તો ગામધણીની જેમ હીંચકે કે પછી ઓટલે બેસવું હોય. એમાં તમારી સવારની મજા દુણાઈ જાય છે. એમાં મારો વાંક?'

'હું ક્યાં તમારો વાંક કાઢું છું? પણ બળ્યું મનમાં થાય કે સવારો વગર સીધી સટ્ટ સાંજો આપણા આંગણે આવી પડતી હોય તો જલસો પડે.'

'તોતેરેય ગધેડાને તાવ આવે એવી વાતો કરવાની! જાઓ, ધરમ-ધ્યાન કરો. શાસ્ત્રો વાંચો કે કાયાનું કલ્યાણ થાય.'

'બળ્યું ધરમ-ધ્યાન. મારા બદલે તમે રોજ કરો જ છોને? તમારું અડધિયું છે. તમારા અડધા પુણ્યની હક્કદાર ખરીને? એટલું તો જાણીએ, હા.'

પતિને જવાબ આપ્યા પછી શાંતાગવરીનું બિચારું મન બરાબર એ ટાણે જ મસાને યાદ કરે. એને પંપાળતાં તુરત વિચારોથી મુક્ત થવાનું મહાસુખ એ માણે. સંવિતરાયની નજર પડતાં તતડાવે : 'વળી મસાનું તૂત લઈ બેઠા? નહાવા જાઓ. જીવલી આવશે ને કપડાં ધોવાના થશે. પછી રામાયણના બે અક્ષરો આંખો તળે લાવો.'

'અરેરે! જીવલી તો આવીને ગઈ. આ તો સાંજ છે.'

'ના, મજાની સવાર છે. સાંજને હજુ કલાકોની વાર છે. જાવ, નહાઈને પ્રભુ પાસે બેસો, નામ લો.'

'ઠીક છે, સવાર છે તે નહાવા જવું પડશે. પણ હરિનામની વાતું ના કરશો. એ બધું તમને સોંપ્યું. પણ અલ્યાઉ, મને ચા ક્યાં એકેયવાર પાઈ છે, તે નહાવા ઊઠું?'

'અરેરે... આ મારા નાક નીચે બીજી વાર તમે ચા પીધી.' શાંતાગવરીએ પતિ સામે આંખો અથડાવી. આ... સવાર આજની કે પછી ગઈકાલની? એ નક્કી કર્યા વગર સવાર પર જામતો અણગમો પતિ પર ઠાલવી દઈ, ચડેલા મોંએ બાથરૂમ ભણી ચાલ્યા. શરીર પરથી શસ્ત્રસરંજામ ઉતાર્યો. સ્કાર્ફ, સ્વેટર, એની નીચે આગળ બે ખિસ્સાવાળી બંડી ઉતારી. એમાંથી બજરની ડબ્બી ઊછળી - એના શોધ-અભિમાન, દરમિયાન ગરમ પાણીથી દઝાઈ જવાયું. 'મૂઈ, આ કુટેવ લાકડા ભેગી બળવાની...'

'હં... હં... બારણા બંધ ના કરો.'

'કોણ આવવા નવરું છે, કહો તો? પણ રખે બાથરૂમમાં પડો તો ખોલવાની ઉપાધિ મારે. એમાંય મસો રમાડવા બેઠાં તો કલાકેય પાર ના આવે.'

'આમ ટાઢીબોળ વાતો કરવાની તમને ટેવ પડી ગઈ છે.'

'તોરલરાણી, જવા દો એ વાત. પણ એ કહે, આપણે બે કેવાં સુખી છીએ. મારી સરસ સવારો ને તારી ભલી ભાદરી સાંજો વીતે છે. એમ માનને કે આપણા ૨૪ કલાક ઝાકમઝોળ છે. બસ, જલસા કરો. મારી હૂંડી સ્વીકારો, મહારાજ રે, શામળા ગિરધારી.' આનંદમાં સંવિતરાય ચપટી વગાડતાં વગાડતાં ગાવા લાગ્યા.

'હા, એ સાચું' શબ્દો વેરી શાંતાગવરીએ અંગ પર ધોયેલાં વસ્ત્રો ચડાવ્યા. છેલ્લે સ્વેટર, કાનમાં પૂમડાં, માથે સ્કાર્ફ, પગમાં સપાટ...

'હંઅ... ૪૦ ડિગ્રી તાપમાંય તમારા સૌભાગ્યના શણગારની જેમ અખંડ રહેલા સ્વેટર, સ્કાર્ફ, પૂમડાં, સપાટ-જાવ, અડધો કલાક 'રામાયણ' વાંચો.'

કમને શાંતાગવરી સપાટ કાઢી, મંદિર સામે બેઠાં. ધ્યાન ઘોડી પરના સંક્ષિપ્ત રામાયણ કરતાં સપાટ તરફ વધુ રહ્યું. ફાટી ગઈ છે. નવી લાવવી પડશે. સોમેશીયાને કહેવું છે - કંતાન લાવી દે. છીંકણી નાકમાં ચડાવી, પાલવે હાથ લૂછ્યા. ત્રણેક છીંકો ખાધી કે 'રામાયણ'નું પચાસમું પાનું ફફડતું સીધા પગલે ભાગતું સિત્તેર નંબર પર જઈ પહોંચ્યું. શાંતાગવરીએ ચશ્મામાંથી મોતિયાવાળી નજર નોંધી. કથામાં કેમેય સુમેળ ના વર્તાયો. આવા ઉધામા થાય, એમાં સંવિતરાયની માથાફોડ : 'સીતાનું હરણ થાય જ શું કામ? એણે લક્ષ્મણરેખા શા માટે ઓળંગી? બિચારી ભર્યા પેટવાળી સીતાને રામે જંગલમાં તગેડી મૂકી - એ ન્યાય નથી. મંદોદરીનો દસ માથાવાળો પતિ સ્વર્ગ કે પછી નર્કમાં ગયો - એનું દુઃખ હશે જ ને - છતાં વિભીષણ હારે...'

'હવે બકબક બંધ કરો તો સારું. 'રામાયણ' નથી વાંચવી. જાઓ ટી.વી. જુઓ. સાસુ-વહુ રાહ જુએ છે.'

ફરમાન થતાં ભેગું 'રામાયણ' પટાક કરતું બંધ થાય. શાંતાગવરી નેજવું તાણી પતિને જોતાં હળવા પગલે ટી.વી. સામે ગોઠવાય. પછી શું રસ જામે - કંઈ જામે! સિરીયલો, ફિલ્મો, ગીતો, ડાયરાઓ - મજા, મજા. પતિ સાંભળે કે ન સાંભળે, પણ શાંતાગવરીને સાસુ-વહુ, દેરાણી-જેઠાણીની ટૂંકમાં સિરીયલો વિશે કોમેન્ટ્રી આપવામાં 'ટેશડો' પડી જાય.

સંવિતરાય ક્યારેક હોંકારો ભણે, ક્યારેક ગીતામાં વર્ણવેલી છે એવી સ્થિતપ્રજ્ઞતા ધારણ કરી બેસી રહે.

શાંતાગવરી આપમેળે નાના મંદિર સામે બેસે. મંદિરમાં અડધો ડઝન ફોટાઓ અને મૂર્તિઓ છે. દીવો બુઝાઈ ગયો છે. અગરબત્તી ઠૂસ છે, પણ એની સુગંધ જીવિત છે. એક બાજુ તુલસીમાળા છે. એ જોતાં શાંતાગવરીને પતિનો આગ્રહ યાદ આવે. એમણે તુલસીમાળા હાથમાં લીધી. ૐ નમઃ શિવાય મંત્રજાપ સાથે અડધી માળા ફરીય ખરી. પણ પછી ધ્યાન મસા તરફ! ગોમુખીનો હાથફેરો થયો. નવરો પડેલો હાથ મસા પર ગોળ ગોળ ફરવા લાગ્યો.

'તમારો જ વાંક નહીં? રહી રહીને જીવતરમાં ભક્તિને

બદલે મસો આપી દીધો, પ્રભુ!'

અંતર્યામી ભક્તાણીનો ઠપકો સાંભળીને હસ્યા. સંવિતરાયને કદાચ સંભળાયું હશે - તે ઊકળતી દાળની પરવાહ કર્યા વગર, ઊડઝૂડ પત્ની પાસે પહોંચ્યા. 'ભક્તિના નખરાં ના કરો. પ્રભુમાં જીવ પરોવવો જ નથી. જ્યારેને ત્યારે હાથ મસા પર. ઉઠાવી લો હાથ.'

ગાય જેવી આંખો પતિ તરફ મંડાઈ. હાથ ખેંચાયો. પણ મૌન તૂટ્યું નહીં. મંત્રજાપ તો ક્યારનોય નાસી છૂટેલો.

'ઓ ઈશ્વર આટલી હદે કળિયુગી પ્રભાવ? જતી ઉંમરે માયા કંઈ? તો કહે મસાના રામ રામ કરો, ભૈસા'બ.'

શાંતાગવરીએ પતિના શબ્દોને હાથ વીંઝી ખંખેર્યા. ફરી સ્કાર્ફ સમોનમો કર્યો. સ્વેટર નીચે ખેંચ્યું. સપાટ પહેરી રીસમાં ભગવાન સામે મોં ચડાવી તીરછી નજરે જોયું. પછી ઓરડા બહાર આવ્યા. મહાદેવ એના રીસાળવા દિદાર જોઈ જાણે મભમ બોલ્યા - વાહ! શું કળિયુગી ભક્તાણી મળી છે!

હવે બંનેનું જમવાનું ટાણું. રસોડાની સામે. ઘરથી પોતાનું અલગ અસ્તિત્વ જાહેર કરતું પ્લાસ્ટિકનું ટેબલ, સાથે બે ખુરશી અડ્ડો જમાવીને પડ્યા છે.

'આ શું - ચપટીક ભાતમાં હીંગાષ્ટક નાખી કેમ ના ખાધું? દિવસ આખો ઓહિયા... ઓહિયા... કરતાં પૂરો કરવો છે?'

'પણ આજ હિંગાષ્ટકનું મન નથી.'

'મન તો મારુંય નથી. આમ જીવવાનું, આ રસોઈપાણી, બજારના ફેરા, ઘરકામ - પણ જીવ્યા તો શરીરેય સાચવવું પડેને? ચાલો, પહેલો કોળિયો-' બીજી પળે રોટલીનો કટકો ધરાશાયી થયો. મોં બગાડી શાંતાગવરીએ હિંગાષ્ટકવાળો ભાત ખાધો. પછી જમણ શરૂ થયું.

'બળ્યું દાળમાં ગળપણ ઓછું ને શાકમાં મીઠું વધારે છે.'

'આ વધું - ઓછુંની ભરમાર મેલો. વૈકુંઠ ઢૂંકડું પડશે. જીભલડીના ચટાકામાં ખમૈયા કરો.'

શાંતાગવરીનો અવાજ ઊંચો થયો : 'તે જીવીશું ત્યાં સુધી ખાવું તો પડશે જ. અને ખાવું જ છે તો પછી ભાવતું શાને ના ખાવું? ડાયાબિટીશની ચિંતા શું કામ કરવી? અહીં પાડાવાળાનો ભો (ભય) કોને છે?'

'ઓય રે - જીભને ન બોલવામાં, ન સ્વાદોમાં - આરામ આપવો જ નથી.' શાંતાગવરીએ હાથ વીંઝ્યો. હેરાન કરતી માખી ઊડી ગઈ. પતિના શબ્દો ઉડાવ્યા હોય એમ હેઠા હૈયે હાથ ધોયા. થાળી ઉપાડી ત્યાં -

'રહેવા દો. હું છું ને, જાવ, વામકુક્ષી કરો. અથવા-'

અથવા- પછી ના બોલાયેલા શબ્દોમાં પલપલતી હોય બપોરી સિરીયલો. એ સિરીયલો શાંતાગવરીનો પ્રાણ — સંભળાય, ના સંભળાય, દેખાય, ના દેખાય પણ ટી.વી. સામે બેસવાનું ને નિરાંતે મસો રમાડવાની મજા લેવાની. પતિ ક્રિકેટ જુએ. બહુ બહુ તો સમાચાર. શાંતાગવરી તોય બગડે : 'ભૈસા'બ તમારા સમાચારોમાં નવું શું હોય છે? એના એ નેતા ને એના એ ભાષણો! એની સખળડખળ ચોરી, લૂંટ, અકસ્માત, બળાત્કાર - એ તો ઠીક, પણ લંડન - અમેરિકામાં વીસ ઈંચ બરફ પડ્યો એમાં આપણને શું સ્વાદ હોય?'

'અરે સમાચાર જોઈએ તો દેશ અને દુનિયામાં શું બની રહ્યું છે એની ઘેર બેઠાં જાણ થાય. બાકી આસ્થા, સંસ્કાર પર બે-ચાર ધરમની વાતોય સાંભળું છું. આત્મા પરમાત્માનો અંશ—'

'ખબરદાર, એ શબ્દોની પીપુડી મારી સામે વગાડી છે તો. આત્મા પરમાત્મા ના કોઈએ દીઠો, ના જાણ્યો છે. રહી રહીને જીવતરમાં ટી.વી. આવ્યું, તે આ જીવડાની ધજા વીંટાય એ પહેલાં મજા કરી લેવા દ્યોને.'

'પણ હું એમ કહું છું—'

'જીવને જે ગમે, જે ફાવે એ કરવું - આત્માની એ મુક્તિ સાચી - એટલું જાણું છું. આ સવાર સવારમાં તમે લોટો જળ ચડાવવા ચંદ્રાવલિ જાવ છો. ઠીક છે - ત્યાં તેવ તેવડા ડોસા-ડોસીઓ ભેગા મળીને વાતોન તડાકા મારે, એટલે થયું. બાકી તમારી ભક્તિની વાતોમાં કંઈ માલ નહીં.'

'લ્યો, આજ તો તમે મારો નામેગો જગન માંડ્યો છે ને કાંઈ! પણ અમે તમારા જેવા નહીં કે ઘરમાં પુરાઈ રહીએ. ને નવરાશ મળે કે મસો...'

'મસાને કાંઈ ના કહેવું. એ તમને ક્યાંય નડ્યો?'

'નડે તો શું? પહેલા થયો હોત તો પરણત નહીં.'

'વાંક તમારા અન્નનો - એનાથી પોષાયો.'

'ડીંગલવાજા વગાડતા બંધ થાઓ. ટી.વી. જુઓ. સિતાર વાગે છે. સારેગમ રેગ રેસાની... સાનિધપની કરુણ રસની છોળ—'

'મને તો તિમ્ તૂમથી માથું દુઃખવા લાગ્યું.'

'જાઓ ત્યારે. મસો પંપાળતા ઘરમાં પડ્યા રહો. અમે તો ચંદ્રમૌલિ (મંદિરે) ચાલ્યા. હે ચંદ્રમૌલિ, હે ચંદ્રશેખર, હે ત્રિલોચન, સંકટ વિમોચન- '

શાંતાગવરી અંધારીયા ઓરડામાંથી પતિના એ વાસી થઈ ગયેલા શબ્દોને વીણવા મથ્યા. એમનો પગરવ સંભળાયો. એ કદાચ બહારથી આવે છે. ના, ના અંદરથી જ કળશ્યે ગયા હશે. કાં તો હજામત કરવા વાડામાં ગયા હોય.

શાંતાગવરી પતિના પગરવ થકી અણસારો મેળવવા વલખવાં લાગ્યા. ઘરમાં અંધારું જામતું લાગ્યું. કમાલ છે... આજે ધોળે દિ'એ અંધારું ઘરમાં રોફ જમાવતું ઘૂસી આવ્યું છે.

'કહું છું, બત્તી કરો. મને કાંઈ સૂઝતું નથી. આકાશ વાદળિયું થયું છે. કદાચ માવઠું થશે. પણ એમાં આજ તો મને

તમારા ધોતિયાનું ધોળું ધાબુય પરખાતું નથી. કે એના અણસારે આવી જવાય. લ્યો, ઠંડો વાયરો નીકળ્યો. આ શિયાળે સ્વેટર લેવું છે. જૂનામાં કાણા કાણા - કેમ જવાબ આપતા નથી? કાલે તો કેતા'તા કે પેન્શન વધ્યું છે તો તને નવું સ્વેટર લાવી આપીશ.'

ઘડિયાળમાં આઠના ડંકા થયા.

'આ મારી ના, તમારી વહાલી સવાર પડી, ભૈસા'બ. તમે તો કેતા'તા બધીય સવારો સારી — નવો સૂરજ, નવા કામ, નવી આશામાં અટવાતો સંસાર સખળડખળ થાતો ધમધમી ઊઠે.'

સામેથી જવાબ મળતો નથી. શાંતાગવરીને હવે શું કરવું, શું ન કરવું એની સૂઝ પડતી નથી. સ્કાર્ફ ખોલીને ફરી બાંધતાં હીંચકે બેઠાં. ગરદન ઢળી. મસો પંપાળવા લાગ્યા. ત્યાં ઝાંપલી ખોલી સોમેશ ઘરમાં આવ્યા.

'શાંતાકાકી ચા પીધી કે નહીં?'

'ના રે દીકરા, આજ સવારથી ચા દીઠી છે કોણે? તારા કાકા નિંભર પાણાની જેમ ઓ સૂતા પડ્યા છે. મને ચા–'

'જાહનવી, બે કપ ચા લાવજે તો-' સોમેશે બુમ પાડીને કહ્યું. સડાકો મારી શાંતાગવરીએ ચા પીધી. પૂરાં ૫૦ વર્ષ પછી એકલા ચા પીધી. બહુ અડવું ને અઘરું લાગ્યું. 'સોમેશ, બેટા, તારા કાકા વગર ચા જરાય ઊગી નહીં, હોં. હવે એ દુઃખનું કેમ કરવું? કોને કહેવું?'

શાંતાગવરી ઓરડામાં નજર કરતાં બોલ્યાં. પણ સોમેશ હોંકારો દેવા સામે હતો નહીં. એ મોબાઈલ પર વાતો કરતો ફળિયામાં આંટા મારે છે.

શાંતાગવરી હૈયાની વાતે હોંકારો ના મળતાં પાણીમાં ડૂબતાં માણસ જેવી ગુંગળામણ અનુભવતાં સોમેશને સાંભળતાં રહ્યાં. 'હા, હા તારા પપ્પાનું દેહદાન - ચક્ષુદાન - બધુંય સાચું. પણ વાત તારી માની ચે. એ તો ખરાંને - તું....'

'મા' શબ્દ કાને પડતાં શાંતાગવરી અંતરસોંતા વલોવાયા. અરે! એને દીકરો ખરો - એ તો ભૂલાઈ જ ગયેલું. વિમાનમાં બેસીને ગયો, એ કેડેનો નવો નકોર મસો ફૂટેલો - રાઈના દાણા જેવડો. સમય જતાં વધેલો. એને પંપાળે કે કૂખનો ખાલી ખાલી લાગતો ખૂણો ઝગમગતો ભરેલો ભાસે. દીકરાને લગતી ફરિયાદ સામે પતિ ટાઢા કોઢે સમજાવતાં : 'ઘેલાં રે, કળિયુગની આ વાતો ઘર ઘરની ન-નૈતિક કથા. એને યાદ કરી દુઃખી થવાય નહીં. સો ઓલવેઝ બી હેપ્પી. હંમેશાં ખુશ રહો.'

શાંતાગવરીનો હાથ આ કઠિન પળોમાં ઓધાર સમો મસા તરફ ગયો. ને જબ્બર હાયકારો નીકળી ગયો : 'મૂઓ ખરી પડ્યો?! અરેરે... હવે મસોય નહીં ને તમેય તે - તમારા બેય વગર મારી બધીય સવારો ને બધીય સાંજોનું શું થાશે - એટલું તો વિચારવું હતું. કોઈ કરુણા વગરના ખાલી અમસ્તા કહેવાતા કરુણાના સાગર, ઓ ઈશ્વર!' ■

## એસિડિટીના ઉપચારો

૧. બપોરે અને સાંજે ભોજન બાદ ૧ ચમચી આમળાનું ચૂર્ણ પાણી સાથે લેવું.
૨. વિકટ સંજોગોમાં એસિડિટી થઈ હોય અને જ્યારે કાંઈ પણ ઉપચારની વ્યવસ્થા ન હોય, ત્યારે પોતાની જ લાળ ગળ્યા કરવી. આપણી લાળ અનેક પાચકરસોથી ભરપૂર છે. તે પાચકરસો પેટને પાચન કરવામાં ખૂબ જ સહાયક થતા હોય છે અને પેટના એસિડને સંતુલિત રાખતા હોય છે.
૩. ૧-૨ ગ્લાસ માટલાનું ઠંડું પાણી પી જવું.
૪. ૨૫-૩૦ ગ્રામ કુંવારપાઠાનો રસ પીવો.
૫. ૧ કપ પાણી કે છાશમાં શેકેલું થોડું જીરું તથા સાકર મેળવીને પીવું.
૬. ૨ કેળામાં ૨ ચમચી ઘી અને ૧ ચમચી સાકર નાખીને જમવું.
૭. ૩ ચમચી આંબળાનો રસ, ૧૦ ગ્રામ કાળી દ્રાક્ષ અને ૧ ચમચી મધ ભેગું કરી ખાવાથી એસિડિટી મટે છે.
૮. અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને જમવું.
૯. જીરું અને સાકરનું ચૂર્ણ પાણી સાથે લેવું.
૧૦. ૧૦૦ મિ.લી. ગાજરનો રસ રોજ પીવાથી એસિડિટી મટે છે.
૧૧. શતાવરીનું ચૂર્ણ દૂધ સાથે લેવું.
૧૨. ૨૦ નંગ કાળી દ્રાક્ષ ધોઈને રાત્રે પાણીમાં પલાળી સવારે મસળી તેનું પાણી પીવું.

## પાન કાર્ડ મેળવવા શું કરશો?

ઈન્કમટેક્ષ રીટર્ન ભરવું હોય અથવા બેન્કમાં ટ્રાન્ઝેક્શન માટે પાનકાર્ડની જરૂર પડે છે તથા પાનકાર્ડ, એ એક ભારતીય નાગરિક હોવાનું સરકાર માન્ય પુરાવો છે.

આ પાનકાર્ડ તમે ઘરે બેઠા પણ બનાવડાવી શકો છો. જે અંગે ઓનલાઇન

tin.tin.nsdl.com/Pan/index.html/

અથવા

www.utiitsl.com/UTIISTL SITE / PAN/ index.html પર અરજી કરી શકો છો.

જો ઓફલાઈન અરજી કરવી હોય તો :

www.tin-nsdl.com/Pan-center-html/

પર જઈને તમારા શહેરનું નામ લખો અને 'પાન' સેન્ટરની માહિતી મેળવો.

દસ્તાવેજ પેટે બે ફોટા, એક ઓળખકાર્ડની નકલ, એક એડ્રેસ પ્રુફની સેલ્ફ એટેસ્ટેડ નકલ જોઈશે.

પાનકાર્ડ બનાવવા માટે રૂા. ૧૦૭/- ફી થાય છે. કાર્ડથી પણ ચૂકવણી થઈ શકે છે.

*સૌજન્ય : 'દિવ્ય ભાસ્કર', તા. ૧-૬-૨૦૧૭*

વાર્તા

# ગાડીનો નંબર

હરિભાઉ મહાજન

'ઉમેદ, આજે તો સાલો દા'ડો જ ખરાબ ગયો. આજે તો ખાસ જરૂર હતી. પણ રોજના જેવો તડાકો ના પડ્યો.' સાથીદાર સામે જોઈને આંખ મિચકારતાં ગણપતભાઈ બોલ્યાં.

'હા, યાર, આજે આ ખરાબ હવામાનના કારણે ટ્રાફિક પણ ઘણો ઓછો છે. થોડી થોડીવારે વરસાદની ઝરમર ચાલ્યા જ કરે છે. પણ હવે કદાચ અટકશે. વાદળાં હટવાં લાગ્યાં છે. ઉઘાડ નીકળશે. રોકાયેલો ટ્રાફિક શરૂ થશે એટલે થોડાક તો ઝડપાશે જ ને? આજે સવારે ડ્યૂટી શરૂ થતાં પહેલી બોણીમાં જ પેલો કચકચિયો બાઈકવાળો ભટકાઈ ગયો. સાલો ધારાસભ્યનો ભત્રીજો હોવાનો રૂઆબ ઝાડવા માંડેલો. એની હકીકત કદાચ સાચી હોય તો નકામી માથાકૂટમાં ક્યાં પડવું, એમ વિચારીને જવા દીધો. પણ ત્યારથી બધું ફિક્કું ફિક્કું જ છે. બદમાશે દા'ડો બગાડ્યો. પણ વાંધો નહીં. હજી દોઢ-બે કલાક તો બાકી છે. તડકો દેખાવા લાગ્યો છે ને ટ્રાફિક પણ વધતો જાય છે. એટલે આ સાંજના ટ્રાફિકમાં થોડા મુરગા તો હાથ લાગશે જ.' ગણપત સામે જોઈને ઉમેદસિંહ પોતાના જ કથન પર હસી પડ્યો.

એટલામાં જ એક ફોરવ્હીલર, રેડ લાઈટના સિગ્નલની ઉપેક્ષા કરીને સસડાટ નીકળ્યું. એને ઉમેદસિંહે હાથ લાંબો કરીને ગાડી બાજુ પર લેવા સૂચવ્યું. પણ ગાડી અટકી નહીં. ઉમેદસિંહ એ જોઈને જોરથી વ્હીસલ મારી. પણ કાર અટકવાના બદલે વધારે ઝડપથી આગળ દોડવા લાગી. સૂચનાની અવગણના થતાં ગુસ્સામાં આવીને ઉમેદ અને ગણપત ત્વરાથી બાઈક પર સવાર થઈને પૂરઝડપે કારની પાછળ પડ્યા. એક કરતાં બે સારા. કદાચ ઝપાઝપી થાય તો? બંને ટ્રાફિક કંટ્રોલરો ખીજમાં અપશબ્દોનો મારો પણ ચલાવવા લાગ્યા. વ્યવસાયિક ભાષા અને રસમ! કારચાલક હાથમાં આવે તો બરાબર ધોલાઈ કરવાનો ઈરાદો છે. જો કે આગળના અવરોધના કારણે ગાડીનું અંતર ઓછું થતાં ગણપતે પોતાની તેજ નજરથી ગાડીનો નંબર જોઈ લીધો. ને પીછો કરવાનું માંડી વાળીને, બાઈક બાજુમાં રોકીને નંબર નોંધી લેવા માટે ડાયરી કાઢી. ઉમેદસિંહે આગળના ટ્રાફિક પોઈન્ટ પર ખબર આપવા મોબાઈલ કાઢ્યો. પણ નંબર જોડવા જાય છે ત્યાં જ કારચાલક દોડતો એમની પાસે આવી પહોંચ્યો.

એણે સફેદ વર્દીવાળાઓને પોતાની ગાડીના રીઅરવ્યૂના કાચમાં જોઈ લીધા હતા. વર્દીવાળા અટક્યા એટલે એણે પણ ગાડી રોકીને સાઈડમાં ઊભી રાખી. એને ખ્યાલ આવ્યો કે પોલીસવાળાએ નંબર જોઈ લીધો છે, એટલે હવે આવી બનશે. આ મુસીબતમાંથી બચવા 'કંઈક' કરવું પડશે. 'કંઈક' એટલે વર્દીવાળા રાજી થાય એવું જ ને?! દરેક વાહનચાલકને એ 'રિવાજ' ની ખબર હોય છે જ!

ઉમેદસિંહ અને ગણપતભાઈની નજીક આવી પહોંચતાં એણે ખિસ્સામાં હાથ નાખીને સોની નોટ કાઢી. 'માફ કરજો, સાહેબ, ભૂલ થઈ ગઈ.' કહી નોટ કોન્સ્ટેબલ સામે ધરી.

'સોરી.' ગણપત માથું હલાવતાં ગુસ્સામાં બોલ્યો, એ નંબર નોંધવા માટે ડાયરીનાં પાનાં ફેરવવા લાગ્યો.

'માફ કરજો, સાહેબ, જરા ઉતાવળમાં હતો એટલે...' બીજી સોની નોટ જોડીને નોટો આગળ ધરતાં કારચાલક બોલ્યો. એને થયું કે એક નોટ ઓછી પડતી હશે. મોંઘવારી કેટલી વધી ગઈ છે. એકે શું થાય? બધા જ ભાવ વધારતા જાય છે, તો આ લોકોએ શું ગુનો કર્યો?

'નહીં ચાલે.' આંખો કાઢતાં ગણપત ગુસ્સામાં બોલ્યો : 'કોઈને અથાડીને ભાગતા લાગો છો. હમણાં ઉપરાઉપરી એવા કિસ્સા છાપે ચડી રહ્યા છે. ચાલો, તમારી ગાડી ડીટેન કરવી પડશે, ને હકીકતની તપાસ કરવી પડશે. ભણેલાગણેલા થઈને પણ ટ્રાફિક રૂલ્સનું પાલન નથી કરતા? શરમજનક કહેવાય.'

કારચાલક સભ્ય સમાજનો હોવાનું દેખાતાં હાથ ચલાવવાનો વિચાર માંડી વાળીને કડક ભાષાથી જ સંતોષ માનવો પડ્યો, એનો વસવસો એને અકળાવતો હશે. એટલે તીખી ભાષામાં એણે પોલીસધર્મ બજાવવાનું ચાલુ રાખ્યું.

'અરે સાહેબ, ગાડી ના રોકશો. મહેરબાની કરીને મને જલદી જવા દો.' સોની નોટો ખિસ્સામાં મૂકીને પાંચસોની નોટ દેખાડતાં કારચાલક કરગરતો હોય એમ બોલ્યો : 'ઈમરજન્સી છે એટલે, સાહેબ, હોસ્પિટલમાં એક સગાને તાત્કાલિક બ્લડ આપવાનું છે. પેશન્ટની હાલત ગંભીર છે. તાબડતોબ પહોંચવાનો ફોન આવ્યો છે, તેથી ઉતાવળમાં છું.'

એના ચહેરા પર લાચારીનો ભાવ છવાઈ ગયો હતો કે એવો દેખાવ કરતો હતો? ક્યારેક એવો અભિનય પણ કરવો પડે છે! ઉમેદને શંકા ગઈ. પણ દિવસ 'સારો' નહોતો ગયો, ને સમય પણ પૂરો થવા આવ્યો હતો, એટલે શંકાનો લાભ આપવામાં જ 'સાર' છે, એવું એને લાગ્યું.

ગણપતની ઈચ્છા નહોતી. એની તો કારચાલકની મજબૂરીનો લાભ લઈને વધારે મોટી રકમ ખંખેરી લેવાની દાનત હતી. પણ ઉમેદે હાથ લાંબો કરીને પાંચસોની નોટ, ઉદારતા અને હમદર્દી દાખવતો હોય એમ, સંતોષથી ઝડપી લીધી! ઈમરજન્સી કેસમાં થોડી રાહત તો આપવી પડે ને? ઉમેદસિંહે મોબાઈલ ખિસ્સામાં સેરવી દીધો, ને ગણપતે ડાયરી બંધ કરી. એ જોઈને કારચાલકને પણ હાશકારો થયો. જગલો જખ મારે છે.

'જો, હું કહેતો તો ને? હજી એકાદ-બે શિકાર મળી જાય એટલે આપણો બેડો પાર! મહેફિલની રંગત બરાબર જામશે. ને મળશે જ, યાર. જો પેલા આંધળાએ આગળની છોકરીની સ્કૂટી સાથે બાઈક અથાડી!' ધડાકો સાંભળતાં ઉમેદનું ધ્યાન એ તરફ ગયું હતું.

બબડતો બબડતો ને વ્હીસલ મારતો ઉમેદ અકસ્માતના સ્થળ તરફ દોડ્યો. બાઈકવાળો છટકે તો એક ચાન્સ જાયને?

એમાંથી ખાધ પૂરી થાય એટલું મળી ગયું. ખુદા મહેરબાન હૈ! ડ્યૂટી પૂરી થવાના સમય સુધીમાં ચહેરા પર સંતોષની ઝલક દેખાય એટલો લાભ થઈ ચૂક્યો હતો. બંનેએ એ બેઈમાનીની આવક સરખા ભાગે વહેંચી લીધી. રીલીવ કરવા આવેલા બીજા ભાઈઓને ચાર્જ સોંપીને તેમણે નક્કી કરેલા ઠેકાણાં તરફ પ્રયાસ કર્યુ.

એક ડિસમીસ થયેલા જૂના પોલીસમિત્રને ત્યાં ગોઠવણ થયેલી હતી. ખર્ચ આ બંનેએ આપવાનો હતો. બધી સંતોષકારક સરભરા ત્યાં થઈ જતી. ખુમાણ જેઠવા બધા પોલીસ શુભેચ્છકો અને બીજા રસિયાઓની આમ પરોણાચાકરી કરતો રહેતો. ને એ લોકો પણ એના આવા ગેરકાયદેસરના ધંધાઓ સામે આંખ આડા કાન કરતા હતા. બિચારાને જીવવા માટે કંઈક કરવું તો પડે ને? જૂના સહકર્મી પ્રત્યે હમદર્દી જરૂરી હતી. આવી મહેફિલોમાં ખાસ દોસ્તો માટે એ પણ થોડું ઘસાતો રહેતો. નાના-મોટા સાહેબોની મહેરબાની સાવ મફતમાં થોડી મળે? ઈન્સ્પેક્ટર ભાયા સાહેબ, એચ.બી. મલેક સાહેબ જેવા કેટલાંકને તો વરસમાં બે-ત્રણ વાર ખાસ આગ્રહ કરીને બોલાવતો. એમનેય કંટાળાજનક નોકરીમાં ક્યારેક આવી હળવાશની જરૂર તો રહેતી હશેને? ને પાછું ભરોસાપાત્ર સ્થળ! કોઈ દગાફટકાનો ડર નહીં.

તે દિવસે ભવ્ય પાર્ટી થઈ. આડા ધંધાઓમાં સામેલ બીજા પણ કેટલાક મહેફિલ માણવા આવેલા હતા. એક વર્તુળમાં પત્તાંપાનાં પણ ચીપાતાં હતાં. જો કે ગણપત કે ઉમેદને એમાં રસ નહોતો. હા-હા-હી-હી કરતાં કરતાં ગ્લાસ ખાલી થતા જતા હતા. નોનવેજની વાનગીઓની લિજ્જત, ભૂખ અને નશાની તલપને ઉત્તેજતી અને વધારે ભડકાવતી જતી હતી. ખૂબ ધરાઈ ગયા ત્યારે વધારે ખાવાપીવાના હોશ ન રહેતાં ઉમેદ અને ગણપત ઓડકાર ખાતા ખાતા મહેફિલના બીજા સાથીઓની રજા લઈને ઊઠ્યા.

'બેસોને, યાર! આટલામાં શું? હજી તો બીજી ઈંગ્લીશની બોટલો આવે છે. ને ચંપાકલી અને એની બીજી બે જોડીદાર હુશ્નપરીઓ પણ આવી રહી છે. ખરી રંગત તો હવે જામશે.' ખુમાણે બંનેને રોકાઈ જવાનો આગ્રહ કરતાં સુંવાળા સહચારનું પ્રલોભન આપ્યું.

'ના, હવે બસ. આજે તો હદથી વધારે થઈ ગયું છે. ફરી બીજી કોઈ વાર વધારે રોકાઈશું. આજે તો હવે ઘરે જઈને નિરાંતે ઊંઘવું છે. કાલે ઑફ છે, એટલે સવારે વહેલા ઊઠવાની ચિંતા નથી.' ડગમગતા પગલે રૂમની બહાર નીકળતાં ગણપતભાઈએ હેડકી ખાતાં ખાતાં કહ્યું.

ગણપતે ગાડી એના ઘર તરફ વાળી અને ઉમેદ પોતાના ક્વાર્ટર તરફ રવાના થયો.

પણ ઉમ્મેદસિંહ જેવો ઘરે પહોંચ્યો તો જોયું કે રોજના કરતાં ઘરમાંનું વાતાવરણ કંઈક જુદું જ હતું. પત્ની દેખાઈ નહીં. દીકરો પણ ઘરમાં નહોતો. ઉમેદનાં બા રડી રહ્યાં હતાં. એમની સાથે બેઠેલી બાજુના ક્વાર્ટરની ત્રણ-ચાર બહેનો એમને સાંત્વના આપવાનો પ્રયત્ન કરી રહી હતી. ઉમેદસિંહના મનમાં એ દૃશ્ય જોઈને કંઈક અજુગતું બન્યાનો ધ્રાસકો પડ્યો.

બાઈક પરથી ઊતર્યો ત્યારે એનું મગજ નશાથી ચકરાતું હતું. વધારે પીવાઈ ગયું હતું ને? સીધા પથારીમાં પડવાનો જ એનો ઈરાદો હતો. પણ આગળના ઓરડામાં પેસતાં જ જે પરિસ્થિતિ જોવા મળી એનાથી જાણે એના પગ જ જકડાઈ ગયા!

'શું થયું છે? બા, કેમ રડો છો? નરસી ક્યાં છે? ને કાંતા કેમ દેખાતી નથી?' સંતુલન સાચવવાની મથામણ કરતાં થોથવાતાં અવાજે એણે ઉપરાઉપરી પ્રશ્નો પૂછવા માંડ્યા. એક બાઈ ઊભી થઈને પાણીનો ગ્લાસ લઈ આવી. પણ ઉમેદે લીધો નહીં.

'પહેલાં કોઈ બોલો તો ખરા કે કઈ આફત આવી પડી છે?' એણે સહેજ ઊંચા અવાજે પૂછ્યું. માજી ડૂસકાં ખાતાં ખાતાં વધારે જોરથી રડવા લાગ્યાં.

'ભઈ, નરસીને એક્સિડન્ટ થયો છે. કાંતાબેન ત્યાં હોસ્પિટલે ગયાં છે. ફોન કરનારે કહ્યું હતું કે માથામાં વધારે વાગ્યું છે. છોકરાના બાપાને જલદી મોકલજો. અમે તમને ફોન કર્યો, પણ લાગ્યો નહીં. તમારો ફોન બંધ હતો.' માજીની પાસે બેઠેલી એક મહિલાએ ખિન્ન સ્વરે હેવાલ આપ્યો.

એકના એક દીકરાના ગંભીર અકસ્માતની વાત જાણીને ઉમેદનો બધો નશો ક્ષણમાં જ ઊતરી ગયો!

લિજ્જતદાર મહેફિલમાં બેઠો હતો ત્યારે એણે ફોન સ્વીચ ઑફ કરી દીધો હતો એ એને યાદ આવ્યું. પાર્ટીની મજામાં વિક્ષેપ પડે એ પરવડે નહીંને? ફોન ચાલુ હોય તો કોક ને કોક ડિસ્ટર્બ કરતું રહે. ઉમેદસિંહને એની ચીડ હતી. એને આવી મોજમજામાં કોઈપણ જાતની ખલેલ ગમતી નહીં. પાર્ટી એટલે પાર્ટી. ઓર કુછ નહીં!

'કેટલો વખત થયો?' એણે ખોખરા અવાજે પૂછ્યું.

'ત્રણેક કલાક થયા હશે.' માજીની બાજુમાંથી એક સ્ત્રી ધીમા અવાજે બોલી.

**(અનુસંધાન : જુઓ પાના નં-૪૫ ઉપર)**

નવલિકા

# એક રિક્ષાવાળો

વિપુલ દેસાઈ

આજે આખો દિવસ વરસાદ પડ્યો હતો. આમેય વડોદરા વરસાદમાં ખરાબ. ખાડા, પાણી ભરાય, લોકો કામ વગર બહાર જવાનું ટાળે. તેમાં પણ બસ-રિક્ષામાં જવાનું હોય તો તો વરસાદ અટકે ત્યારે જ.

બચુ આખો દિવસ રિક્ષા લઈને આમથી તેમ થયો. સ્ટેશન પરથી સવારી લેવાની હોય તો તો પાછું કલાક-બે કલાક લાઈનમાં ઊભા રહેવાનું ને ત્યાર પછી પણ ક્યાંની સવારી મળે તેનું કંઈ ઠેકાણું નહીં. જો નસીબ હોય તો વળી માંજલપુર-મકરપુરા કે પછી આજવા વાઘોડિયા બાજુ જવાનું થાય એટલે સામાન્ય રીતે તો સ્ટેશન જવાનું જતું કરે.

પણ આજે તો વરસાદે માઝા મૂકી. બંધ થવાનું નામ ના લે. ગઈકાલનો દિવસ પણ નબળો ગયો' તો એટલે રાતના મોડે પણ ઘેર પહોંચે તેને બદલે ફરતો રહ્યો ફરતો રહ્યો. પણ પેટ્રોલના પૈસા નીકળે તેથી વધારે ખાસ કંઈ આખી રાત જતાં પણ મળ્યું નહીં. એટલે પાછું દિવસના આશાના તાંતણે ફેરી કરતો રહ્યો. ગઈકાલ કરતાં દિવસ ઘણો સારો ગયો. ખિસ્સામાંથી પૈસા કાઢીને ગણતાં સાંજે લાગ્યું કે ચાલો ગઈ રાતનો ઉજાગરો ભલે થયો પણ આજે એ થાક ઉતરી ગયો. ખરચો કાઢતાં બે દિવસને અંતે ચહેરા ઉપર સ્મિત આવે એટલું તો મળ્યું. ઓ.પી.રોડ ઉપરથી પસાર થતાં હનુમાનજીના ગદ્‌ગદ્ થઈ દર્શન કરી લીધાં. 'બસ આમ જ ચલાવતા રે' જો પ્રભુ' એવી ખાનગીમાં પ્રાર્થના પણ કરી લીધી.

સાંજે ઘેર વહેલું પહોંચવું કે ભેગાભેગું થોડું ખેંચી લેવું. એવા વિચારમાં ફરી એક લાં..બી સવારી મળી ગઈ. આમેય ઍરપોર્ટ જતા મુસાફરો ભાડા માટે બહુ કચકચ નથી કરતા. પણ બધા એવા નહી હો!

ત્રીસ કિલોની બેગના બે રૂપિયા વધારે માગો તો કહે કે 'ત્રણ સવારીની જગ્યાએ હું એકલો જ બેઠો છું ને, તેમાં વળી બેગના પૈસા જુદા શાને?' પણ મોટા ભાગે માણસો સારા. આજકાલ બધાંને પોતાનાં વાહનો હોય. રિક્ષામાં બેસનારા કાં પરવશ નહીં તો જરૂરિયાતવાળાં. બીજી કોઈ વ્યવસ્થા ન હોય તેવાં જ.

અંધારું પથરાયું, ગાઢ થયું. ઘડિયાળમાં નજર કરતાં ખ્યાલ આવ્યો 'અરે! સાડા નવ થઈ ગયા.' છેલ્લી સવારી ઘરની દિશામાં મળી એટલે તેને છોડીને થયું 'ચાલો, હવે ઘેર જ પહોંચી જાઉં!'

ખિસ્સા ઉપર હાથ મૂકતાં કેટલાય વિચારો ઘેરી વળ્યા બાબાની સ્કૂલની ફી બાકી છે. ટીચરે કહેલું કે મહિનાનાં અંત પહેલાં જો બાકી ફી નહીં ભરાય તો નામ કમી થઈ જશે. ઘરવાળીએ કહ્યું'તું કે ખૂણા પરની કરિયાણાની દુકાનવાળો પણ કહે છે કે હવે ઉધારી નહીં રાખે. આવતી પૂનમે કુટુંબ સાથે ડાકોર જશે એમ વિચારેલ. ઘરવાળીને નવો સાડલો છેલ્લે ક્યારે લઈ દીધો એ પણ યાદ નથી. થોડી મદદ એનો ભાઈ ક્યારેક ક્યારેક કરતો રહે છે એટલે એ બોલતી નથી. પોતાને તો સાફ-સૂથરાં કપડાં પહેરવાં જ પડે. આજકાલ લોકો રિક્ષામાં બેસતાં પહેલાં રિક્ષાની હાલત જુએ, અને રિક્ષાવાળાને પણ જોતા હોય છે. આપણે માનવું પડે કે સમય બદલાઇ રહ્યો છે. અને એ તો સાચી જ વાત છે ને! પહેલાં જે કોઈ ભણ્યાં ન હોય, બીજી કોઈ આવડત ન હોય તે જ રિક્ષા ચલાવે એમ કહેવાતું. અને આજે આ હું બી.એ. સુધી ભણ્યો પણ ભાગે આવી રિક્ષા. ખોટું શું છે?! નોકરી જ ક્યાં છે? બી.એ. વાળો પ્રાઈવેટમાં પટાવાળાની નોકરી મળે અને ત્રણથી પાંચ હજાર, નસીબ પ્રમાણે પગાર. આખા દિવસમાં કંઈ કેટલુંયે સાંભળવાનું, સલામો કરવાની અને છતાં ક્યારે નોકરીમાંથી કાઢી મૂકે, કંઈ નક્કી નહીં.

બચુને એકાએક પ્લાસ્ટિકનો નાનો વેપાર કરતો છોટુ યાદ આવ્યો. કોકવાર સાવ વકરો ન થયો હોય તો એ ઉછીના આપતો-બીજે દિવસે પાછા આપી દેતો. મહિનામાં એકાદવાર ઉછીના પૈસા માગવા પડતા. છોટુને દૂરથી સલામ મારતો.

આ શહેરમાં છોટુ જેવાની સહાય ના હોય તો! રિક્ષા તો રિક્ષા પેટ પૂરતું મળે છે ને. હા, રિક્ષામાં જોકે મજૂરી છે પણ તમે તમારા સમયના રાજા. જે શેઠની રિક્ષા છે તેને તો સાંજ પડે તેનો ભાગ આપી દેવો પડે. બેચાર દિવસનો ભેગો હિસાબ કરીએ એવું બને. ગઈકાલના જેવો જે દિવસ જાય તેમાં કમાઈને બધું શેઠને જ આપવાનું થાય. પણ પછી આજના જેવો દિવસ બે પાંચ દિવસનું સાટું વાળી દે. બસ, આમ ચાલ્યા કરે. પણ તોયે નોકરી કરતાં સારું!

છોકરાને તો સારું ભણાવવો પડશે. સારા ભણતરની વાત જુદી. પણ ભણતર મોંઘુ થતું જાય છે. ફરી ખિસ્સા ઉપર હાથ ગયો. બસ, અડધા દિવસ આવા જાય તો થોડી બચત કરતો રહીશ. હજુ તો નાનો છે. પણ ચાર વર્ષે એસ.એસ.સી. પાસ

થશે. નવું પેન્સિલ બોક્ષ માગતો'તો. કાલ કાલ કરતાં બે મહિના કાઢી નાખ્યા. બાળક છે, કંઈક તો માંગે ને?! અને આજે નહીં માંગે તો ક્યારે? કાલે લઈ જ આપીશ. પછી જ બીજી વાત-બહુ મોડું નથી થયું ઘેર પહોંચીશ ત્યાં જાગતો જ હશે. હું જ સામેથી કહીશ કે...

અચાનક જ બ્રેક વાગી ગઈ. ટોળું જોયું. રિક્ષા બાજુમાં રાખી. ઉતરીને જોયું. "અરે! આ તો છોટુ." છોટુ પ્લાસ્ટિકની નાની ચીજવસ્તુની લારી ચલાવતો. પોતે રિક્ષા ચલાવવાની શરૂઆત કરી તેની સાથે સાથે જ એ પણ અહીં આવીને વસેલો. એકલો જીવ. કુટુંબમાં પણ બીજું કોઈ છે કે નહીં, ખબર નથી.

લોકોને ખસેડીને જોયું. લાગ્યું કે ભાનમાં નથી. લારી દેખાણી નહીં. કદાચ ઘેર જઈને પછી બહાર નીકળ્યો હશે. બે ત્રણ માણસની મદદથી રિક્ષામાં નાખ્યો. એક માણસ સાથે બેસી ગયો ને દવાખાને ગયા. માંડ માંડ હાથ જોડીને ડોક્ટરને મનાવ્યા 'શું છે તે તો કહો.' નબળાઈ છે પહેલાં બાટલી ચડાવીએ પછી જોઈએ. ખાસ ચિંતાજનક નથી પણ કેટલીક દવાઓ આપવી પડશે. આ તો સરકારી દવાખાનું છે. આવી દવાઓ અહીં ન મળે એટલે બહારથી લઈ આવો.

દવા અને ડૉક્ટરના સંબંધો ઘણીવાર ગાઢ હોય છે. નજીકની દુકાને જઈ પૂછ્યું. 'આ દવાઓ છે?' પણ ચિંતા ટળી. દવાવાળાએ જ કહ્યું કે 'અમારી પાસે હોય એ જ દવા ડૉક્ટર સાહેબ લખે છે.'

સારું થયું તેના એક બે પડોશીને વાત પહોંચી એટલે બિચારા દોડતા આવ્યા. ત્યારે ખ્યાલ આવ્યો કે છોટુ ભલો માણસ તો ખરો. નહીં તો પોતાનું કામ મૂકી આ વરસતા વરસાદે કોઈ દોડી આવે?!

પાછી ઘર તરફની સફર ચાલુ થઈ. રિક્ષાનું ટાયર પણ બદલવાનું છે તે યાદ આવ્યું. ઘર જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ બાબાની સ્કૂલ, કરિયાણાની દુકાન બધું દૂર દૂર જતું દેખાયું. ખિસ્સા ઉપર હાથ ગયો ત્યારે ડાકોરનું મંદિર પણ અદશ્ય થઈ ગયું.

રિક્ષામાંથી ઉતર્યો ત્યારે લાગ્યું, 'હાશ બાબો સૂઈ ગયો છે. સવારમાં વહેલો નીકળીશ ત્યારે ઉઠ્યો પણ નહીં હોય. કંઈ નહીં, એકવાર છોટુ ઊભો થઈ જાય એટલે બસ.

*૧૯, માત્રી મંદિર સોસાયટી, ઇસ્કોન મંદિર સામે,*
*વડોદરા - ૩૯૦ ૦૦૭.*
*મો. ૯૯૦૯૯ ૧૩૪૨૮*

*કોઈ તમારા કામ કે આવડત પર*
*સંદેહ કરે તો કરવા દેજો.*
*કેમકે શંકા હંમેશાં સોનાની શુધ્ધતા પર જ થાય છે,*
*કોલસાની કાળાશ પર નહીં...!!*

## ગાડીનો નંબર

**(અનુસંધાન : પાના નં-૪૩ ઉપરથી ચાલુ)**

ઉમેદસિંહ તરત જ ઓરડાની બહાર નીકળ્યો ને બાઈક ફૂલ સ્પીડમાં ચલાવતો હોસ્પિટલે પહોંચ્યો. એને જોઈને એની પત્ની કાંતા જોરજોરથી રડવા લાગી. નરસીને ઓપરેશન થિયેટરમાં લઈ ગયા હતા. હાલત ચિંતાજનક હતી.

'શી રીતે થયો એકિસડન્ટ? નરસીએ પીધું' તું?' ઉમેદે ખચકાટ સાથે પૂછ્યું.

દીકરો પણ ક્યારેક ક્યારેક ચસકો કરી લેતો હતો એની ઉમેદસિંહને જાણ હતી. એને એ ગમતું નહીં. કોલેજિયન દીકરો ભણવામાં ધ્યાન આપે, અને સારી કારકિર્દી બનાવે એવી ઉમેદની ઇચ્છા હતી. પણ મોજમજા તરફ વળેલા દીકરા પર એની શિખામણનો ખાસ પ્રભાવ પડતો નહોતો. કારણ, એની ટકોર કે એના ઠપકામાં સ્વઆચરણની નૈતિકતાનું બળ નહોતું.

'ના, ના.' કાંતાની સાથે આવેલા એક પાડોશી ભાઈએ કહ્યું : 'એના ભાઈબંધ સાથે બાઈક પર જતો હતો, ને કોઈ બેફામ દોડતી કારે ટક્કર મારી. એના મિત્ર અમરતને પણ વાગ્યું છે, પણ એની ઈજા નરસી જેટલી ગંભીર નથી.'

ઉમેદસિંહનું મગજ ક્રોધથી ફાટફાટ થવા લાગ્યું. સાલા આ માલદારોના નબીરાઓને કોઈ પૂછનાર જ નથી. ફાટીને ધુમાડે ગયા છે. રોડ એમના બાપનો હોય એમ સમજીને ગાડીઓ હાકે છે. એક્સિડન્ટ કરનાર હાથ ચડે કે પહેલો તો હું જ એને મારી મારીને અધમૂઓ કરી નાખું. કેસબેસ પછી. બબડતાં બબડતાં ઉમેદ ગુસ્સામાં ધૂંઆપૂંઆ થઈ ગયો, ને આવેશથી ધ્રૂજવા લાગ્યો.

'એક્સિડન્ટ કરનારની કંઈ માહિતી મળી છે?' એણે ઘેરા અવાજે પૂછ્યું. નરસી વિશે તાત્કાલિક તો કંઈ જાણવા મળે તેમ નહોતું. થિયેટરમાંથી ઓપરેશન કરનાર ડોક્ટર બહાર આવે ત્યારે જ કંઈ જાણવા મળે. એટલે આઘાતથી હિંસક પશુ જેવા બનેલા એના મનની વિચારણાનું કેન્દ્ર તાત્કાલિક તો ટક્કર મારીને ભાગી છૂટનાર ગાડીનો ચાલક જ હતું. એનેય સાલાને મારી મારીને હોસ્પિટલ ભેગો કરી દઉં. ઉમેદસિંહનો ગુસ્સો આમ વિફરીને વેરવૃત્તિનું રૂપ લઈ ચૂક્યો હતો.

'હા, હા, એ ગાડીની પાસે હતો એ બાઈકવાળો ગાડીનો નંબર આપતો ગયો છે.' નંબરવાળી ચિઠ્ઠી ખિસ્સામાંથી કાઢીને આપતાં પેલા ભાઈએ કહ્યું : 'ઇન્સ્પેક્ટર સાહેબ પણ આવ્યા હતા. એમણે તપાસ કરવા માટે નંબર નોંધી લીધો છે.'

ઉમેદસિંહે નંબરવાળી ચબરખી હાથમાં લઈને નંબર જોયો, ને એની આંખો જાણે ફાટી જતી હોય એવી પહોળી થઈ ગઈ.

જેની પાસેથી પાંચસો રૂપિયાની લાંચ લીધી હતી, એની ગાડીનોજ એ નંબર હતો!

*ઈ-૨૪૧/૧, વૃંદાવન ટાઉનશીપ,*
*વાસણા, વડોદરા-૩૯૦ ૦૦૭.*

દલિત વાર્તા

# આપણી જાત

દશરથ પરમાર

— કમ્પાના સ્ટેશને ઊતર્યો ત્યારે દિવસ લગભગ આથમી ગયો હતો. જો કે વાતાવરણમાં હજી અજવાળું હતું. આછું-આછું, પીળાશ પડતું, માણસ ઓળખી શકાય તેટલું. બસમાંથી ઊતરતાવેંત એ ધૂંધળા વાતાવરણે મને બરાબરનો ઘેરી લીધો હતો. હું થોડીકવાર એમાં અટવાતો રહ્યો. પછી આસપાસની ધૂળ શમી જતાં જોયું તો અહીં ઉતરનાર હું એકલો જ હતો. મને ભોંઠપ જેવું અનુભવાયું. એને લીધે ઉદ્‌ભવેલી એકલતાને ટાળવાના આશયથી હું ધૂળિયા માર્ગની ધારે ઊભો રહી આગળ વધી ગયેલી બસને જોવા લાગ્યો. એ હવે સાફ સાફ જોઈ શકાતી નહોતી. એની પાછળની ચાલુ-બંધ થતી લાલ-પીળી લાઈટ અને ઍન્જિનના વગડામાં પડઘાતા અવાજ પરથી કેવળ અનુમાન લગાવી શકાતું હતું કે હા, આ એ જ બસ છે, જેણે થોડીક ક્ષણો પહેલાં મને અહીં ઉતાર્યો હતો. અને હવે આગળના ગામે જઈ રહી છે; આખો દિવસ ઘરથી દૂર રહ્યા પછી થાકીને પરત ફરી રહેલાં અન્ય લોકોને એમના મૂળ સ્થાને પહોંચાડવા માટે. થાકેલી નજર એ તરફથી પાછી ફરી એ સાથે જ મારી દૃષ્ટિસીમામાં પ્રવેશી - સામેની, અરવલ્લીની રાતા-ભૂરા રંગની ટેકરીઓ. સાંજના અંધારામાં એ ટેકરીઓ આકાશનો જ એક હિસ્સો હોય તેવો ભાસ ઊભો કરતી હતી. એમાં સૌથી વધારે ધ્યાન ખેંચતી હતી - વચ્ચેની, આખલાની ખૂંધ જેમ ઉપસેલી મોટી, ગોળાકાર ટેકરી. એની બરાબર પાછળ ગામ હતું અને ગામને છેવાડે નીચાણવાળા ભાગમાં મારું ઘર. હું આંખો ખેંચીને એ તરફ જોઈ રહ્યો, પરંતુ ધૂંધળાશને લીધે અત્યારે કશું સ્પષ્ટ દેખાયું નહીં. એને બદલે ભાદરવાની ધીરે ધીરે હોલવાતી જતી સાંજના આછા ઉજાસમાં નજરે ચડ્યાં : લંઘાઈ ગયેલાં મકાઈ - બાજરીનાં છૂટાછવાયાં ખેતરો... સૂક્કા ઘાસવાળા શેઢા. માટીનાં મોટાં ઢેફાં. સૂના પડેલા બોર-કૂવા. ખંડેર જેવી ઓરડીઓ. ઑતરા-ચિતરાના તાપ વેઠીને સળેકડા જેવાં થઈ ગયેલાં પર્ણહીન વગડાઉ વૃક્ષો... બે અષાઢ અને એક શ્રાવણ તો સાવ કોરાધાકોર ગયા. અને હવે ભાદરવોય ભાંખોડિયાધાર તણાવા લાગ્યો હતો, પરંતુ વરસાદનું ઠેકાણું નહોતું...

આકાશી રંગમાં રંગાતા જતા ઉજાસને ચીરતો હું ભારે હૈયે નેળિયા જેવા, કાચા - ઉબડખાબડ રસ્તે ચાલવા લાગ્યો. પવન સાવ પડી ગયો હતો. પરિણામે વાતાવરણમાં સખત બફારો થતો હતો. સવારે ઘેરથી નીકળ્યો ત્યારે કાળાંભમ્મર વરસાદી વાદળોએ આખાય આકાશને બાનમાં લીધું હોય એમ લાગતું હતું. મને થયેલું કે અહીં પહોંચતાં સુધીમાં કદાચ વરસાદ ચાલુ થઈ જશે અને હું પલળી જઈશ. પરંતુ અહીં તો પરિસ્થિતિ સાવ વિપરીત હતી. મેલુંઘાણ આકાશ અને અસહ્ય ઉકળાટ...

અચાનક એક ધડાકો થયો. હું ભડકી ઊઠ્યો. ધડાકાને લીધે નહીં, માથા પર થયેલા આકસ્મિક અવાજને લીધે. જોયું તો નેળિયાની બેય ધારે આવેલાં નીલગિરીનાં ઊંચા-ઊંચા વૃક્ષો પર બેસેલા હજારો કાગડાઓ એકી સાથે ઉડવા લાગ્યા હતા. આમતેમ ઊડી રહેલા એ કાગડાઓની પાંખોના ફફડાટમાં મને સાંભરી આવ્યું, દરબારે કાળી કાંકણસાર-જેને અમે જાડી ભાષામાં આડ તરીકે ઓળખતા-ના શિકાર માટે બંદૂક ચલાવી હશે. એ એમનો જૂનો શોખ હતો. રોજ સંધ્યા ટાણે એ દરબારગઢ પાસેની નાનકડી ટેકરી પર રજવાડી ખુરશીમાં બિરાજી, તળાવની પાળ પરની નીલગિરીની ડાળીઓ પર બેસતા ધુમાડિયા કાળા રંગના એ પક્ષીઓના ટોળા પર નિશાન લગાવતા. એક ધડાકો... અને બીજી જ ક્ષણે અચકાતો-ડચકાતો ક્રાંય... ક્રાંય... અવાજ... અને હવામાં એ અવાજના આડાઅવળા લિસોટા પાડી તળાવની ચીકણી - કઠણ માટી પર તેજીથી પટકાયેલા ઘાયલ આડ-પક્ષીનો પીડાયુક્ત અંતિમ તરફડાટ...

મારી આસપાસ વ્યાપેલી અસહ્ય કાગારોળને લીધે એકાદ ક્ષણ તો લાગ્યું કે હું અંધારાને નહીં પણ પેલા અસંખ્ય કાગડાઓના અવાજને ચીરીને ચાલી રહ્યો છું. બૅગનો ભાર લાગતાં હાથ દુઃખતો હતો. તેથી એને ઘડીક જમણા તો ઘડીક ડાબા હાથમાં બદલાવ્યા કરતો હતો. ડાબા હાથમાં બૅગ લઈને ચાલતી વખતે મારો હાથ પૅન્ટના એ તરફના ઉપસી આવેલા ખિસ્સા સાથે ઘસાતો હતો, જેમાં મારો મોબાઈલ તો. માએ, થોડાક દિવસ ઉપર પડોશમાં રહેતા અને ગામની જ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અમારા દૂરના કુટુંબી રમણકાકા પાસે ફોન કરાવેલો. માનો એ ધ્રૂજતો અવાજ, કાગડાઓના કાનતોડ કકળાટ વચ્ચેય આ ક્ષણે મારા કાનમાં ગુંજી રહ્યો છે :

—અલાવ...! ભૈ...! મારી તબિયત અવઅ નરમ-ગરમ રે' છઅ...! મેળ ખાય તો આ ભાદરવી નુમે તો નેજો ચડાઈ જ દેવો છઅ... આજકાલ કરતઅ બહુ વરહ થઇ જ્યાં... દેવના ઘરનું ઉધાર બહુ હારું નંઇ, બેટા...! વહુ-છોકરાંથી અવાય ઇમ ના વૉય તો ચાલશેં, પણ તમે ઉભા-ઉભા, રજા પાડીનંય આઈ

જજો...! મું બધી વેવસ્થા કરી રાખ્યે...!

માએ મને ઘણીવાર કહ્યું છે - હું છ એક મહિનાનો હતો ત્યારે ખૂબ બીમાર થઈ ગયેલો. શહેરના ડૉક્ટરો પણ છૂટી પડ્યા હતા. છેવટે એણે રામદેવપીરને નેજો ચડાવવાની માનતા માનેલી. અને મને સારું થઈ ગયું હતું. એની એ માનતા વિશેની વાત હું સમજણો થયો ત્યારથી સાંભળતો આવ્યો છું. અત્યાર સુધીમાં તો એ પૂરી થઈ જવી જોઈતી હતી, પરંતુ તેમ ન થવાનું એક કારણ એ પણ હતું કે વચ્ચેના કેટલાંક વર્ષોમાં, ગામમાં ચાલી રહેલા કાવાદાવા અને કમઠાણોથી અકળાઈ ગયેલી મારી મા અમારી સાથે રહેવા આવી ગયેલી.

એ ઘણીવાર બળાપો કાઢતી :

—અમં સમો બદલઈ જ્યો સઅ ભૈ...! ગાંમડાંમં જીવવું બહુ કાઠ્ઠું... લોક ઘરઘરનાં થઈ જ્યાં... જીવ ટૂંકા થઈ જ્યા...! પોતાના હવારથ માટએ બીજાનું ભૂંડું તાકતાં લગીરેય વચાર નહીં કરતાં.

શહેરમાં એનો જીવ સૉરાતો હતો. ગામથી એ કંટાળી ગઈ હતી. ગામ છોડવુંય હતું, પણ એનાથી છૂટતું નહોતું. અને શહેરની હવા માફક આવતી નહોતી. થોડોક સમય રોકાઈને છેવટે એ ગામ પાછી જતી રહેલી. અને છેલ્લાં પંદરેક વર્ષથી એ ત્યાં જ હતી. ફોન પર સંભળાતા પરસ્પર અવાજમાં જ અમારો સંબંધ સચવાયાનું આશ્વાસન અમે લઈ શકતાં હતાં. ક્યારેક ફોન પર એ માનતાનો પણ ઉલ્લેખ કરતી. પરંતુ હું કોઈને કોઈ રીતે આ નહીં, આવતા વર્ષે — કહીને ટાળ્યા કરતો હતો. પછી મને થતું, માની વાત સાચી છે. હવે હા-ના કરતાં મને પચાસ થયાં અને માને કદાચ સિત્તેર. એની તબિયત પણ હવે લથડવા લાગી છે. બીજી જ પળે મારા મનમાં એક પ્રકારની ફડક થવા લાગતી : નથી ને એ અચાનક ઉકલી ગઈ તો એની માનતાનું શું? માનતાનું તો ઠીક છે, ગમે તે રીતે પૂરી લેવાશે... પણ એક પુત્ર તરીકેની મારી ફરજ ચૂક્યાની પીડા મને જીવનભર ડંખ્યા કરશે એનું...?

ગોંદરે પહોંચ્યો.

સામેના રામદેવપીરના મંદિરમાં આરતી ચાલતી હતી. એના ઘંટનો રણકાર કાન વાટે થઈને લોહીના કણકણમાં ફરી વળે છે. અછડતી નજરે મંદિર સામે જોઉં છું. મંદિરની ઊંચાઈ વધી ગઈ હોય એવું કેમ લાગે છે? કદાચ ઘણા સમય પછી જોવાને લીધે હશે અથવા અંધારાને લીધે. ખાસ્સું ધારીને જોયા પછી દેખાયું - મંદિર તો એનું એ જ છે, પણ દીવાલોનો રંગ કોઈ ગ્રામીણ વૃદ્ધના મેલાઘેલા પાંચિયા જેવો થઈ ગયો છે. ગયે વર્ષે ચડાવવામાં આવેલો નેજો ફાટીને લીરે-લીરા થઈ ગયો છે. અને પડી ગયેલા પવનમાં શિખરે ફરતો વીંટળાઈને પડ્યો છે, સ્થિર અને રંગહીન. મેં વિચાર્યું - આવતીકાલે સવારે બેય વાસના લોકો ભેગા મળીને નવો નેજો ચડાવી દઈશું, પછી...

મને બરાબર યાદ છે. પહેલાં તો અહીં સાવ નાનકડી દેરી હતી - બેય વાસના સારા-માઠા પ્રસંગોના સાક્ષી રામદેવપીરની દેરી. અમારી આસ્થાનું એકમાત્ર ઠેકાણું. જો કે, આસ્થાનું એક બીજું સ્થાન પણ ગામમાં હતું તો ખરું - તળાવ કિનારે આવેલું ત્ર્યંબકેશ્વર મા'દેવનું પ્રાચીન મંદિર. વારે-તહેવારે ત્યાં મેળા ભરાતા. ગામની અન્ય જ્ઞાતિઓનાં લોકો નવાંનક્કોર કપડાં પહેરીને એ મેળા મ્હાલતાં. પરંતુ અમારે માટે એમાં પ્રવેશ શક્ય નહોતો. અમે ઓશિયાળી આંખે એ મંદિરને ખૂબ દૂરથી તાકી રહેતા. અને ત્યાંથી જ માથું નમાવી મા'દેવજીને, "ભલું કરજો...!" કહીને પ્રાર્થના કરતા. એકવાર શ્રાવણના તહેવારોના દિવસોમાં રણુંજાથી કો'ક મહારાજ ફરતા ફરતા આ તરફ આવેલા. બેય વાસનાં લોકોને મેળામાં આઘાંપાછાં થતા જોઈ એમણે રાત્રે બધાને ભેગાં કર્યા : '—તમે લોકો નક્કામાં ફાંફાં મારી રહ્યા છો. એમ પારકા દેવ પૂજવાથી તમારો દા'ડો નહીં વળે. અલખધણીની આ દેરીને સ્થાને બનાવો મોટું મંદિર અને કરો તમારો આગવો મેળો... મારો હિન્દવો પીર તમને સૌને ન્યાલમાલ કરી નાખશે...!'

એમની વાત બધાને ગળે ઉતરી ગઈ. નાની દેરી હતી ત્યાં મોટું મંદિર બાંધવાનું નક્કી થયું. ઘરદીઠ પાંચસો રૂપિયાનું ઉઘરાણું નાખવામાં આવેલું. એમાં અમારા વાસના આગેવાન - મારા બાપા. અને ચમાર વાસના - અમથોભા. ધમધમાટ કામ શરૂ થયું. અને બીજો ભાદરવો આવતાં આવતાં તો મંદિર તૈયાર. પેલા મહારાજને તેડાવી ત્રણ દિવસનો ઉત્સવ કર્યો. આખી દૉતોર નૉતરી હતી. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, બાવન ગજનો નેજો અને અલખ ધણીનો પાટ. લોક મોંઢામાં આંગળાં ઘાલી ગયેલું. એ પછી દર ભાદરવી નૉમે નેજો ચડતો અને દશમનો મેળો - અમારો મેળો; બેય વાસના લોકોનો, આગવો અને અલૌકિક. સૌના આનંદનો પાર રહેતો નહીં. બા'ર બીજના ધણીના એ દરબારમાં પચાસવાર આવન-જાવન કરો, ઘંટ વગાડો, પ્રસાદ આરોગો - બેફિકર અને નિઃસંકોચ. એની આગળ મા'દેવજીના, સાતમ-આઠમના મેળા ફીક્કા લાગવા માંડ્યા હતા. અને શ્રાવણ બેસે ત્યારથી જ અમારી ભીતર ભાદરવાનો મેળો ભરાવા લાગતો.

પગ અચાનક અટકી પડ્યા.

આસપાસના વાતાવરણમાં પ્રસરેલી ગંધ પરથી પરખાઈ ગયું કે હું વાસના નાકે પહોંચી ગયો હતો. હાથમાં ડબલું લઈ સામેથી આવી રહેલા એક વૃદ્ધને જોઈ બાજુ પર ઊભો રહી ગયો. ધ્યાનથી જોયું તો અમથોભા. એમના ખબર પૂછ્યા. ઓળખાણનો એક છેડો મારી બાજુ હતો, બીજો છેડો એમની બાજુ. થોડીકવાર સુધી એ તરફનો છેડો હવામાં, આમતેમ ઝૂલતો રહ્યો. એ આંખો ઝીણી કરીને મારી સામે તાકી રહ્યા. આખરે પેલો છેડો એમનાથી પકડાતાં એ હળવા અવાજે બોલ્યા :

—કુણ કનુભૈ...છં કઅ...?

—હા, ભા…!

—બઉ વરશે ભૂલા પડ્યા, ભૈ…? અમં તો ઓળખતાય નહીં…! હારા છૉ કઅ, ભા…?

—ગામ છે તે આવ્યા વગર કાંઈ છૂટકો છે? આવતી કાલે… : એમના પ્રશ્નોના ઉત્તર મનમાં ગોઠવી, ઉત્સાહભેર બોલવા જતો હતો ત્યાં તો : હારુ-હારુ ભૈ…! ભલઅ આયા… કહીને ઉતાવળ હોય તેમ એ નૅળિયાના રસ્તે વળી ગયા. હવાનો એક હડદોલો આવ્યો. કોહવાઈ ગયેલાં ચામડાંની વાસ મારાં ફેફસાંને ફોરી ગઈ. એક ઊંડો શ્વાસ ખેંચી વાસ તરફ વળ્યો. વાસનાં લગભગ અડધા ઉપરનાં ઘર બંધ હતા. કેટલાંક સાવ ખંડેર… અડધી-પડધી ઊભેલી ચાર દીવાલો વચ્ચે આવળ-બાવળ-કેર-પીપળાનાં છાડ છાતી કાઢીને ઊભાં હતાં. ત્રણ-ચાર ખુલ્લાં ઘરોમાંથી કેરોસીનના દીવાઓનો હળદરિયો ઉજાસ થળી ઓળંગી છેક આંગણા લગી દદડી આવ્યો હતો. અને બહારના અંધારા સાથે બાથોડાં ભરતો હતો. એ ઉજાસમાં જ મેં જોયું : મારું ઘર - નીચું, નળિયાવાળું, વર્ષોથી ટાઢ - તડકા - વરસાદના માર ખમી-ખમીને વાંકું વળી ગયેલું. મારી ભીતર દુઃખ અને રોમાંચનો મિશ્ર ભાવ પ્રસરી વળ્યો. હળવે પગલે એ તરફ ગયો. નીચા નમીને ઘરમાં પ્રવેશવાની આદત વર્ષોથી છૂટી ગઈ હતી. તેથી બારણામાં પેસતાં જ માથું બારસાખ સાથે અથડાયું. હું થોડો પાછો પડ્યો. હાથમાંની બૅગ હાલકડોલક થઈ ઊઠી.

મા સામે જ હતી. ચૂલા પર કશુંક રાંધતી. મારી વાટ જોઈને જ બેઠી હોય તેમ કામ પડતું મૂકી એ ઊભી થઈ. મારી સામે આવી. હું જોઈ રહ્યો. બંને પગે સંધિવાની તકલીફ હોવા છતાં ઝપાટાબંધ દોડતી હતી :

—ભૈ…જાળવીનં… વાજ્યું તો નહીં કઅ, બા…? એ ખાલી પૂછતી જ નહોતી, એનો જમણો હાથ મારા માથે ફરતો હતો. એનો અસંખ્ય કરચલીઓવાળો - બાવળની સૂક્કી ડાળખી જેવો ડાબો હાથ મેં મારા હાથમાં લીધો. એના પર હાથ ફેરવતો રહ્યો. ચૂલાગર આગળ બળતા કેરોસીનના દીવાનો ઉજાસ અને રામદેવપીરના ગૉખલામાંના દીવાની સ્થિર અને અખંડ જ્યોતનો પ્રકાશ. એકમેકમાં ઑગળીને આખાય ઘરમાં પથરાઈ ગયેલા એ બંનેને જુદા પાડવા મુશ્કેલ હતા. એ મિશ્ર ઉજાસમાં હું જોવા લાગ્યો : જર્જરિત થઈ ગયેલી ભીંતો પરથી ઠેકઠેકાણે લીંપણના પોપડા ખરી પડ્યા હતા. વચ્ચોવચ્ચથી વાંકો વળી ગયેલો મોભ… બોદાઈ ગયેલી વળીઓ… રાંટી થાંભળીઓ… અનેક ગાંઠોવાળી મેલી દોરીની વળગણી… એના પર લટકતાં માનાં જૂનાં કપડાં… લાકડાની તૂટેલી નિસરણી… ઢાળ-ઢોળાવવાળી ભોંય પર રાતી-ઝીણી ઑકળીઓ… અને છે…ક ખૂણામાં, ખાંગા થઈ ગયેલા ડામચિયાના ટેકે ટટ્ટાર ઊભેલો નવ કળીનો નવોનક્કોર નેજો. માએ ફોનમાં કહ્યું હતું તેમ, બધી વ્યવસ્થા કરી રાખી હતી. એને પૂરો વિશ્વાસ હશે કે આ વખતે હું આવવાનો છું. એનો એ વિશ્વાસ એની પ્રત્યેક ક્રિયામાં વર્તાતો પણ હતો. ઢોંયણી ઊંચકીને ઢાળવા જતાં એને મેં રોકી એટલે એણે કંતાનની નવી ગોદડી ભોંય પર પાથરી. હું એના પર બેસવાને બદલે ભોંય, લીંપણ પર જ પલાંઠી વાળીને બેસી પડ્યો. માએ ચૂલા પર ઍલ્યુમિનિયમની તપેલીમાં ચા મૂકી. પછી મારી પાસે આવીને બેઠી.

—ચ્યારની તમારી વાટ્ય જોતી'તી, ભૈ…! વઉ નં છોકરાં - બધાંય હારાં છં કઅ…?

મેં માથું હકારમાં હલાવ્યું. પછી માને જોઈ રહ્યો. સડસડાટ વહી જતો જાણે એનો જૂનો ચહેરો ત્યાંથી ઉપાડીને ક્યાંક લઈ ગયો હતો. અને એ ખાલી સ્થાન પર છોડી ગયો હતો અગણિત નિશાનીઓ, ચહેરા પરની કરચલીઓમાં આમ-તેમ પ્રસરી ગયેલી નિશાનીઓ. એકાદ ક્ષણ તો થયું કે માને બદલે જાણે હું કોઈ બીજી જ વ્યક્તિને જોઈ રહ્યો છું.

—થાચીનં આયા હશોં, ભૈ…! ના'વું છઅ? પાણી મેલી દ્યું…?

— ના, ઘેરથી નાહીને જ નીકળ્યો હતો…!

— હારુ, તો પછં હાથ-પગ ધોઈ લ્યૉ…!

પાછળ વાડામાં ગયો. વાસની આ છેલ્લી લાઈન હતી. એ પછી ચમારવાસ. મોઢું ધોતાં ધોતાં વાડા બહાર જોયું. કશુંય કળી શકાયું નહીં. અંધારાને લીધે હશે એમ માની ટટ્ટાર થઈ, ફરીથી જોયું તો નજર એક દીવાલને ભટકાઈને પાછી પડી. ભોંઠી પડેલી નજર દૂર સુધી લંબાવી. માથોડું ઊંચી દીવાલ, આખી લાઈનને ઢાંકતી. પાછળનું કશું જ દેખાતું નહોતું. અને એને લીધે વાસ બે ભાગમાં વિભાજિત થઈ ગયો હોય એવો ભાસ થતો હતો. આંખોમાં વિસ્મયનો ભાવ આંજીને ઘરમાં પાછો ફર્યો. ત્યાં જ રમણકાકા આવ્યા. એમને 'રામ-રામ' કરી પાછો બેસી પડ્યો. બે રકાબીમાં ચા કાઢીને મા રોટલા ઘડવા લાગી. એક ઘૂંટડો ભરીને મારાથી પૂછાઈ જ ગયું :

- આ પાછળ દીવાલ શેની છે, કાકા…?

- એ તો સંરક્ષણ દીવાલ છે, ભૈ…! કાકા એટલું કહીને ચા એક જ ઘૂંટમાં ગટગટાવી ગયા. પેલા મૅલ્લાવાળા હાળા બઉં ફાટી ગ્યા'તા. આપડા વાહમાં અવે કોઈ કે'નાર ર્યું નહીં એટલે મરેલાં ઢોર છેક આપડા આંગણે લાવીને ઊછેળતા'તા (ચીરતા હતા). મેં સરકારમાં ઉપરાઉપરી અરજીઓ ઠોકી ત્યારે જતાં આ દીવાલ થઈ. અવે થોડા હેઠા પડ્યા છે દિયોર…! ભલું કરજો ભગવાન આ જાતથી તો…!

કાકા શું બોલી રહ્યા હતા એ મારી સમજમાં આવતું નહોતું. મને છાતીમાં સણકો ઉપડવા જેવું થયું. ચા ગળામાં જ અટવાઈ પડી. કડવી ઝેર. મા ખાંડ નાખવાનું જ ભૂલી ગઈ હતી કે શું?

— લ્યૉ, હેંડો... ખાઈ લ્યૉ, ભઈ...! માએ કાંસાના તાંસળામાં મને ખૂબ ભાવતું બટાકા - ડુંગળીનું શાક કાઢ્યું. ઘઉંના નાળવામાંથી બનાવેલી છાબડીમાં બાજરીના ફળફળતા રોટલા મૂક્યા. જમતી વખતે અંધારું ન પડે તે માટે ચૂલાગરવાળો દીવો પણ છેક મારી બાજુમાં લાવીને મૂક્યો. રમણકાકા ઢોયણીમાં જ "હે રામા ધણી...!" કરતા આડા થયા. હું કમને જમવા બેઠો. ભૂખ જાણે સાવ મરી ગઈ હતી. મોટું મોટું ખાઈને ઊભો થઈ ગયો. વાસણ લેતા લેતા જ માએ રમણકાકાને કહ્યું :

— તે રમણભૈ...! તમે બે જણ જઈનં દરબાર નં ભેળા થતા આવોં. ના વૉય તો પેલા વાવમંથી કો'કનં હંગાથ્ય લૅતા જજો. : માના આ વાક્યમાં રહેલો ખંચકાટ મારાથી છાનો ન રહ્યો.

— એ વાહમાંથી...? રાંમ-રાંમ કરોં, ભાભી...! એ નૅનળિયા આવું બધું હમજ્યા હોત તો આ દા'ડો આયો હોત વળી...?

— તૉય ભૈ...! બે મનેખ હંગાથ્ય વૉય તો ફેર પડઅ... બીજાંનું તો જાંણી ઠીક છઅ, પણ અમથો ડોહો તો ગમે ઈમ તોય ઈયાંના ભૈબંધ અતા. ઈમનં બે આંશ્યોની શરમ અડશ્યેં...!

— કંઈ ખાસ કામ હતું, મા...? એમનો સંવાદ મારી સમજ બહારનો લાગતો હતો, એટલે મારાથી પૂછ્યા વગર ન રહેવાયું.

— કાંમ તો, કનુભૈ...! કાકા બોલ્યા : આ કાલ્ય નેજો ચડાવવાનો છે એનું. મોટા દરબારની રજા લેવી પડશે કે...!

— એમાં દરબારની રજાની વળી શી જરૂર...?

— હવે તો એ લોકો આ મંદિરના ધણી થૈ'ગ્યા છે. ફક્ત એમનો જ નેજો ચડે. બીજા કોઈએ ચડાવવો હોય તો એમની રજા લેવી પડે...!

— કેમ પહેલાં તો આપણે દર વર્ષે ચડાવતા'તા...! હવે કેમ આમ...?

— એ સમય જતો'ર્યો ભૈ...! આપડા વાહમાં કોઈ રયું નંઈ... અને પેલા વાહવાળાંને તો વળી નેજો કેવો નં વાત કેવી...? આજ રાતથી જ દરબાર અમથા ડોહા જેવા બે-ચાર આગેવાનોનં એક-બે કોથળીઓ પીવડાઈ દેશ્યે તે પડ્યા રે'શીં ક્યાંય વાડ્યમાં, પોતિયાંનાંય ઠેકાંણાં નૈં રે...! ને હવારે દરબારોનોં નેજો ચડી જશે...!

બહારથી પવનનો એક જોરદાર સૂસવાટો આવ્યો. પગ પાસે પડેલો દીવો આમતેમ ડોલતો એની સામે ટક્કર લેવા લાગ્યો. મેં એ દીવાની જ્યોત આગળ હાથ આડો ધરી રાખ્યો, પણ ખાસ્સું ઝઝુમીને, અંતે એ હોલવાઈ જ ગયો. ઘરમાં એકદમ અંધારું ગુપ્પ. એ અંધારામાં અટવાઈ પડીએ તે પહેલાં તો આખાય ઘરમાં પથરાયેલો ઝાંખો ઝળહળાટ નજરે ચડ્યો. રામદેવપીરના ગૉખલામાં બળતા દીવાની ઝાંખી થતી જતી જ્યોક એકદમ સ્થિર હતી. માએ દોડીને એની વાટ સંકોરી. પછી સળી વડે પેલો હોલવાઈ ગયેલો દીવો ફરી સળગાવ્યો.

— તે દરબાર ભલે પહેલાં ચડાવી લે. આપણે પછી ચડાવીશું. મેં વાતને પુનઃ સાંધતાં કહ્યું.

— ના, ભૈ...! માએ ગૉખલા સામે હાથ જોડ્યા : મું રાંમાભા આગળ્ય ખોળો પાથરીનં બોલી જ્યી સું કઅ... જે દન મારી સંપત આવશ્યે તે દન પે'લો નેજો મું ચડાયે.. અમં બોલીનં ફરી ચ્યમનું જવાય? મનં હું ખબૅર્ય કમ આવો કળજગ આવશ્યે નંકર આવી આકરી બાધા ના રાખૉત... તૉય, ભૈ...! તમે પેલા વાહમં બે-ચાર જણનં મળીને દરબારગઢમં જતા આવો.

કાકા ઊભા થઈને બહાર નીકળ્યા. હું પણ કશુંય બોલ્યા વગર એમની પાછળ-પાછળ ચાલવા લાગ્યો. પહેલાં તો અમારા ઘરના પાછળના વાડામાં થઈને સીધા એ તરફ જવાતું હતું. પણ નવી બનેલી સંરક્ષણ દીવાલને લીધે આખોય વાસ ચીરીને જવું પડ્યું. ચમારવાસની વચ્ચોવચ જૂના લીમડાના થડ પાસે ત્રણ-ચાર ડોસા હોકા ફૂંકતા બેઠા હતા. એમાં અમથોભા પણ હતા. કાકાએ વાત કરી. એક લાંબો કશ ખેંચી, નાકમાંથી ધૂમાડાના ગોટા છોડતાં અમથાભાએ મારી સામે જોઈ નકાર ભણ્યો :

— આ તો બધી વેળા વેળાની વાત છં, કનુભૈ...! અમં નેવાંનાં પાંમી કાંય મોભે ના ચડઅં. બાચી, મંદિર બાંધતઅ મારી નં તમારા બાપાની નોંહો (નસો) નરમ થૈ જૈ'તી - એ તમે ચ્યાં નહીં જાંણતા? રાંમોભા એના એ છઅ... અમે ય એના એ જ છીયેં, પણ લોકના મનમાં કવા પૅઠ્યો પછં હું થાય ક્યૉ...?

— તોય, ભા...! મંદિર આપણું ને નેજો ચડાવવા માટે આપણે એમની પરમિશન લેવાની, એ તો કેમનું ચાલે...?

— ના ચલાઈયેં તો જીયેં ચ્યાં ભૈ...? તમે તો બધાય શે'રમાં જઈનં વશ્યા. અનં તમારા મૅલ્લાનાં આજકાલનાં નૈડાંય અમારી આંમન્યા રાખતા નહીં. નંકર કોઈ ગદ્ધીની હું તાકાત છઅ કઅ...?

— તમારી વાત સાચી, ભા..! એ તો હવે રોજનું થયું. પણ આ આખી અલગ બાબત છે. તમે સહકાર આપો તો કાલે પહેલો નેજો આપણો ચડી જાય. અને મારી માની માનતા પૂરી થાય. એના જીવને ટાઢક વળે...!

— ના, ભૈ...! તમે તો કાલ્ય હવારે ઊઠીનં શે'રમં જતા રે'વાના. પણ અમારઅ તો મનખો આંયકણ જ કાઢવાનો છઅ... હાથે કરીનં હું કાં' કોઈની દશ્મની વૉરીયે...? તમારું લાજ્યું (સળગ્યું) તમે ઓલવોં, ભૈશા'બ...!

— સાચી વાત છે..! દુશ્મની વહૉરો તો પછી રોજ હાંજે પેલું ગરમ પાણી કોણ પીવડાવે? : કાકા બોલ્યા.

— તે તમેય પીવોં કઅ, માસ્તર...! કુણ ના પાડઅ

છઅ...? અનં ચૂંટણી વખતે તો પ્હૉળા-પ્હૉળા થઇનં દરબારની પૂંઠે-પૂંઠે ફરતા'તા, તમે જઇનં ક્યૉ દરબારનં, તમારું એટલું તો માનં રાખશીં...! : આ વખતે એમની પાસે બેસેલા બીજા ડોસા ઊભા થતાં બોલી ઊઠ્યા. એમની સાથે જ અમથોભા પણ ઊભા થઈ ગયા.

કાકા કશુંય બોલ્યા નહીં. મારો હાથ ઝાલીને ખેંચ્યો. હું પાછું વળીને અમથાભા સામે જોઈ રહ્યો. એમનું શરીર ધ્રૂજતું હતું. એ એમના ઘર તરફ વળ્યા. લથડતી ચાલે નવેળીમાં પેસી ગયા. અંધારી નવેળી સામે જોતાં-જોતાં મને વર્ષો પહેલાંની એક કાળઝાળ રાત અને અમથાભાનું અલગ સ્વરૂપ સાંભરી આવતું હતું.

— દશેરાની રાતે ગામમાં માતાજીનો રથ નીકળતો. રથનું લાકડું કાપવાની વણલખી જવાબદારી વણકરવાસના લોકોની હતી. પેઢી-દર-પેઢીથી ચાલી આવતું હતું, એક પ્રકારનું કરવઠું. સવારે ગામ-ચરામાંથી લાકડું કાપી લાવી, પંચાયત ઘર આગળ નાખવાનું. બપોર પછી સુથારો આવીને એનો રથ ઘડી જાય. પછી મોડી રાતે રથ નીકળે. ગામ આખાની પરિક્રમા કરે. ગામલોક એની જ્યોતને સ્પર્શી આશિર્વાદ લે. પણ અમારે તો દૂરથી, વાસના નાકે ઊભા રહી દર્શન કરવાનાં. જે લાકડું અમ કાપીને લાવ્યા હોઈએ એમાંથી રથ ઘડાઈ જાય પછી, એને સ્પર્શવાની એમને છૂટ નહોતી. પરિક્રમા વખતે પણ રથને, અમારા બેય વાસને ટાળીને, પાછો વાળી લેવામાં આવતો હતો. આ વર્ષો જૂની પરંપરા હતી.

સમયાંતરે વાસમાંથી મોટાભાગના લોકો નોકરી-ધંધા માટે શહેરમાં જઈ સ્થાયી થવા લાગ્યા. ગામમાં થોડાં ઘરડાં-બુઢ્ઢાં બચ્યા હતા અને અભ્યાસ કરતા આઠ-દસ યુવાનો. શહેરમાં રહેતા લોકોને લાગ્યું કે દર દશેરાએ રજા પાડીને અગત્યનાં કામ છોડીને ફક્ત લાકડું કાપવા માટે ઘેર આવવું યોગ્ય નથી. આપણે તો પેઢીઓથી આ વેઠ કરતા રહ્યા. પરંતુ હવે પછીની પેઢી પર આ વેઠ ઠોકી બેસાડવાનો આપણને કોઈ અધિકાર નથી. એનો અંત લાવ્યે જ છૂટકો. વાસના લોકો ભેગા થયા. વડીલો થોડી આનાકાની કરતા રહ્યા. પણ છેવટે એમણેય સંમતિ આપી દીધી. ગામના ઈતિહાસમાં પહેલીવાર લાકડું કપાયું નહીં. પહેલીવાર રથ નીકળ્યો નહીં. અને રાત્રે પહેલીવાર આ મુદ્દે ગામ ભેગું થયું. દરબારો તો મારો-કાપોની વેતરણમાં. પણ કેટલાક સમજદાર કણબીઓએ એમને વારેલા. છેવટે નક્કી થયું. વણકરવાસના લોકોનો સંપૂર્ણ બહિષ્કાર - અનાજ-પાણી બંધ. કોઈએ એમને મજૂરીએ બોલાવવાં નહીં. દુકાનેથી કરિયાણું આપવું નહીં. ઘંટીએ અનાજ દળવું નહીં. દૂધ વધે તો કૂતરાંની ચાટમાં રેડી દેવું પણ એમને વેચવું નહીં.

મોડી રાતે ગામના કેટલાક ઉખડેલા યુવાનોએ અમારા વાસ પર, ખાસ તો અમારા ઘરને નિશાન બનાવી ઢેખાળિયું કર્યું. વાસ આખોય પાંદડાંની પેઠે ધ્રૂજે. હવે શું થશે...? ત્યાં તો આખોય ચમારવાસ અમારા આંગણે. બધાંયના હાથમાં ઢોર તાણવાની આડીઓ...છરીઓ... માથે કાંસાનાં મોટાં તાંસળાં ઊંધા વાળી ઉપર રૂમાલ વીંટેલા. અમથોભા સૌથી આગળ. સંતાઇને ઢેખાળા પડતા હતા એ તરફ ગયા. હાથમાં આવેલા બે-ચાર જણને નવેળીમાં આંતરીને એવા ઠમઠોર્યા કે એ પછી આખી રાત દરમ્યાન સહેજ પણ છમકલું થયું નહીં. એ રાત્રે જ એમણે એમના વાસના લોકોને ભેગા કરી, રામદેવપીરના સોગંધ ખવડાવ્યા : ગાંમે આજ વણકરોં નં ગાંમ બા'ર મેલ્યા સં...! કાલ્ય આપડો વારો આવશ્યેં... પણ, હૌ એક વાત હમજી લ્યોં, ગમં ઈમ તૉય આપડે એક જાતના છીયેં... એ આપડા ભયાત સં...! જ્યાં હુદી ઈમનં રાજીખુશીથી ગાંમમં પાછા ના લીં ત્યાં હુદી આપડે ઈમનં લબડતા મેલીશું. ભૂશ્યે મરી જઈશું, પણ ઈયાનાં મરેલાં ઢોર તાંણવા નૈં જીયેં...!

તાકડે જ વચલા માઢમાં કો'ક કણબીની ભેંસ મરી ગઈ. ઉપાડે કોણ? બે દા'ડા પડી રહી. ભેંસ ફૂલીને ઢમઢોલ થઈ ગયેલી. માઢ - આંગણું ગંધાય. સૌ નાક દબાવીને બેસી રહ્યા. પણ પૂનમના દા'ડે જ માઢના નાકાવાળઆ અમરત માસ્તરની છોકરીનું જીયાણું. થાય શું...? છેવટે દરબારો હાથ ઘસતા રહ્યા. ને કણબીઓ મોઢામાં તરણું ઘાલી બેય વાસની માફી માગી ગયેલા ત્યારે સમાધાન થયેલું...

— આખરે જાત ઉપર જ્યા વગર ના'ર્યા નૅનળિયા...! એક કોથળી દારૂમાં જાત વેચી ખાધી... અને હાચું કીધું એટલે કેવી લ્હાય મેલાણી તે જોયું..? : કાકાના અવાજમાં ભારોભાર કડવાશ હતી.

— શું...? મારા તન-મનમાં હજુય પેલી દશેરાની રાતનો કેફ છવાયેલો હતો. એમાંથી બહાર નીકળતા મેં કહ્યું : અંતે ગમે તેમ તોય જાત જો આપણી એક જ ને, કાકા...? આ તો કર્મોના કારણે ભેદ પડ્યા હશે. બાકી પેલી કે'વતમાં નથી કીધું કે, રામદેવપીરને મળ્યા એ બધા...

— તમે હજુ આ જાતને ઓળખતા નહીં, ભૈ...?

— સાવ એવું નથી, કાકા...! ઈતિહાસ સાક્ષી છે. ખરા સમયે જ આપણી જાત જત આપણા પડખે ઊભી રહેતી હોય છે. પેલી દશેરાની રાતના સાક્ષી તો તમેય ક્યાં નહોતા...? મને તો પાક્કો વિશ્વાસ છે કે... : હું બોલતા તો બોલી ગયો. પણ પછી તરત મારા મનમાં નિરાશા વ્યાપી વળી. મને હતું કે જાત-જાત વચ્ચેના આવા વરવા ભેદ ફક્ત નગરોમાં અને શહેરની સોસાયટીઓમાં કે પછી કહેવાતા બુદ્ધિજીવીઓમાં જ ફાલ્યા-ફૂલ્યા હશે પરંતુ એની દૂષિત હવા છેક છેવાડાના મારા ગામને પણ આભડી ગઈ હશે એની તો મને કલ્પના સુદ્ધાં નહોતી.

મનમાં ધૂંધવાટ અને અવઢવ લઈ ત્યાંથી બારોબાર

દરબારગઢમાં ગયા.

— આ ભૈ તો જાંણી બા'ર્ય રે'છઅ, એકઅ... ના જાંણતો વૉય, પણ માસ્તર તમે તો આ ગાંમમં જ ગૂડાંણાં છોં તૉય તમારી ઑખાત ભૂલી જ્યા...? : હોકો ગગડાવતા વૃદ્ધ દરબારનો તમાકુ અને મહુડાંની તીવ્ર ગંધમાં ઝબોળાઈને આવેલો કડક - સત્તાવાહી અવાજ.

— તમારી વાત હાચી, બાવજી...! પણ આટલી વખત દયા કરોં. આ કનુભૈની માએ બહુ વખત પે'લાં માનતા માનેલી છે. એટલી પૂરી કરી લેવા દ્યો તો હારું... પછી કદીય...!

— પાદવાની પોંશ નંઈ નં તોપચી થવા નેંહર્યા છો, હાહરા? આ તો ગરીબ જાંણીનં વતાવતા નહીં એકઅ માંથે સડીનં છાણાં થાપવા માંડ્યા...! જાંવ કાલે અમારો નેજો સડઅ... એ પછં સડાબ્બો હોય તો સડાવજો... તમારું એટલું માંન રાશ્યું, માસ્તર...! બાકી બાધા કાંય અમારા માટઅ નહીં રાશી, હમજ્યા...?

મારા હાથ સળવળવા લાગ્યા. થયું કે એ ઘરડા દરબારનું ગળું દબાવી નાખું. પરંતુ મારાથી કશુંય થઈ શક્યું નહીં. અપમાન અને ગુસ્સાના ભાવથી ભરેલું મારું મન કેવળ હાથના સળવળાટમાં સમેટાઈને રહી ગયું. થયું કે મારી સ્થિતિ; એ લાચાર અને અસહાય વંદા જેવી છે, જેને કોઈએ સાવરણીના એક ઝાટકે ઘરમાંથી બહાર ખુલ્લામાં ફેંકી દીધો છે. અને તીખા તડકામાં ઊંધો પડીને કણસી રહ્યો છે. એ ન તો સીધો થઈને પોતાના મૂળ સ્થાને પરત ફરી શકે છે કે ન તો એ પારાવાર પીડામાંથી મુક્ત...

ઘેર પાછો આવી ઢોયણીમાં પડ્યો તે પછી પણ મારો આંતરિક કણસાટ તો ચાલુ જ રહ્યો. કેટલાક પ્રશ્નો મને જંપવા દેતા નહોતા. વર્ષો પહેલાં રથનું લાકડું ન કાપવા જેવી બાબતમાં અડીખમ રહેલા વાસના લોકો આમ એકાએક નમાલા કેમ થઈ ગયા હતા...? પોતાની જાત વિશે કોઈ લગીર ઘસાતું બોલે તોય અવળા હાથની ચોડી દેનાર અમથોભા પણ આવી બાબતમાં સાવ નામક્કર કેમ ગયા...? પ્રતિકાર કરવાની એમની તાકાત કોઈએ હણી લીધી હતી કે શું? મને કશુંય સમજાતું નહોતું. મનમાં સૂનકાર છવાઈ વળ્યો હતો. આ અનુભવ કંઈ મારા એકલાનો નથી. દરેક મનુષ્યના જીવનમાં એવા ઘણા પ્રસંગો આવે છે જેમાં એ પ્રત્યક્ષપણે સંડોવાયેલો તો હોય છે, પરંતુ એમાં ઘટી રહેલી ઘટનાઓ પર એનો કોઈ કાબૂ નથી હોતો. એવા સમયે આપણને આપણી હયાતી નિરર્થક લાગવા માંડે છે, સાવ ઉદ્દેશહીન. અને તત્ક્ષણ આપણે કોઈ એવા તણખલાની શોધમાં લાગી જઈએ છીએ, જે આપણને ડૂબવામાંથી ઉગારી શકે. અત્યારે મારું મન પણ એવા કોઈ તુચ્છ તણખલાની શોધમાં ભટકતું હતું. હું આંખો મીંચીને પડ્યો રહ્યો હતો, ત્યાં જ બંધ પાંપણો પાછળ વેરાન રણપ્રદેશ ઊપસી આવ્યો. પહેલાં સંભળાઈ ઘોડાની હણહણાટી... પછી દેખાયો રવાલ ચાલે ચાલતો એક સફેદ પાણીદાર ઘોડો... એના પર બિરાજમાન લીલાં વસ્ત્રધારી જાજરમાન અસવાર... અને ચારેકોર આંખો આંજી નાખથો ઝળહળાટ... આંખ ફટાક કરતી ખૂલી ગઈ. ચિત્તમાં એક ઝબકારો થયો. અને બીજી જ પળે હું ઊભો થઈ દોડવા લાગ્યો. સીધો ચમારવાસમાં. ભાદરવાના જળભર્યા ચંદ્રના ઝાંખા ઉજાસમાં દેખાયું : અમથોભા એમના આંગણે તૂટેલી ખાટલીમાં ઊંધમૂંધ પડ્યા હતા. મેં એમને ઢંઢોળ્યા.

— કુણ સઅ...લ્યા...! : એ ભડકીને બેઠા થઈ ગયા. દેશી દારૂની ગંધ અને અંધારામાં તગતગતી એમની ઊંઘભરી આંખો. ઝાઝું વિચાર્યા વગર હું બોલવા લાગ્યો :

— હું બીજું કશુંય ના જાણું. અમથાભા...! આ નેજો મારો કે તમારો નથી રામદેવપીરનો - પશ્ચિમ ધરાના પીરનો છે. સવારે તમારી મંડળી લઈને વહેલા પધારજો. તમને અલખધણીના સોગંધ છે, બસ...! : મારા શબ્દો જાણે સાંભળ્યા જ ન હોય તેમ બાઘા બનીને એ મારી સામે તાકી રહ્યા. હું પળનોય વિલંબ કર્યા વગર ઝપાટાબંધ પાછો ફર્યો. મનમાં થોડી રાહત થઈ. પણ આખી રાત સૂઈ શક્યો નહીં. લગીર આંખ મીંચાતી હતી કે તરત જ માનો ઓશિયાળો ચહેરો... નવ કળીનો નેજો... બાપા... અમથોભા... દરબારની જોહુકમી... રામદેવપીરનું મંદિર... દશેરાની રાત : બધુંય તગતગી ઊઠતું હતું. અને એટલું ઓછું હોય તેમ છાતી પર ચડી બેસતી, બે વાસને વિભાજિત કરતી પેલી ઊંચી-અંતહીન સંરક્ષણ દીવાલ.

વહેલી પરોઢે જાગી ગયો. આંખો બળતી હતી. માથું ભારે-ભારે. કમને તૈયાર થયો. માએ મારાથી પણ પહેલાં જાગીને બધી વ્યવસ્થા કરી નાખી હતી. થોડું અજવાળું થતાં વાસનાં બધાંને ભેગા કર્યા. મેં નેજો ખભે કર્યો. આગળ હું, પાછળ મા ને કાકા. અને એમની પાછળ પાછળ વાસના આઠ-દસ જણનું ટોળું. મારાથી અનાયાસે જ પેલી સંરક્ષણ દીવાલ તરફ જોવાઈ ગયું. એક નિસાસો નાખી, દીવાલની ધારે ધારે ચાલવા લાગ્યો. ગઈકાલે સાંજના અંધારામાં ખૂબ દૂરથી મેલુંઘેલું લાગેલું મંદિર સામે જ હતું. અત્યારે ઓછા અંતરેથી પણ એ એવું જ દેખાતું હતું. ચીમળાઈ ગયેલા બે-ચાર પપૈયાના છોડ... એક દાડમડી... બે દેશી આંબા... પીળી કરણ... વગેરે મંદિરના જર્જરિત વરંડાની સૂકાઈ ગયેલા ઘાસવાળી દીવાલ પરથી ડોકિયાં કરતા હતા. મેં મંદિરની ટોચ તરફ જોયું. દરબારોનો નેજો હજુ ચડ્યો નહોતો. આમેય એ લોકો મોડેથી આવવાના. ત્યાં સુધી અમારે આઘાપાછા જ થવાનું હતું. પેલા વાસમાંથી કોઈ આવશે કે કેમ? કશું નક્કી થતું નહોતું. આવે તો આવે. ન આવે તો ન પણ આવે. હું વારેઘડીએ એ તરફ જોયા કરતો હતો. મારું મન અવઢવમાં આમતેમ ઝૂલતું હતું. જો કે, રમણકાકાની જેમ હું હજુ સાવ નિરાશ નહોતો થયો. દરબારોના આવ્યા પછી ફરી એક વાર વિનંતી કરી જોઈશું. બે-ચાર સમજુ માણસો તો એમનામાં પણ હશે જ. કદાચ માની જાય તો... એમ વિચારતો

હતો ત્યાં અચાનક મારા મનમાં થયું કે, એ લોકો આવે તે પહેલાં દોડીને મારો નેજો ચડાવી દઉં તો...? એકવાર નેજો ચડી જાય પછી તો એ લોકો પણ શું કરી લેવાના છે? પણ કોણ જાણે કેમ મારા મનમાં ઊઠેલા એ તરંગને શરીરનાં બીજાં અંગો સહકાર આપવા તૈયાર ન થયાં તે ન જ થયા.

નેજાનું વજન ઊંચકીને હું થાકી ગયો હતો. જેમ તેમ કરી વાસની સરહદ વટાવી. મંદિરની દિશામાં આગળ વધીએ ત્યાં તો પાછળથી કોઈએ મારા નામની બૂમ પાડી હોય તેવો ભ્રમ થયો. ભડકીને જોયું. એ ભ્રમ નહોતો, અમથાભા હતા, સાક્ષાત્. હું આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યો : નવાંનક્કોર કપડાં... એક હાથમાં ભારેખમ આડી, બીજા હાથમાં છરી અને માથે વીંટેલું ફાળિયું... એ એકલા નહોતા. એમની પાછળ પચાસેક જણનું ટોળું હતું. એક જણે કમ્મરે રૂમાલ બાંધીને એમાં નરઘાં ભરાવ્યાં હતાં. તો વળી બે-ત્રણ જણના હાથમાં કાંસીજોડ હતી. બૈરાં ગુલાલ ઊડાડતાં હતાં અને એમની આગળ ચાલતાં છોકરાં મસ્તીથી નાચતાં હતાં. અમથોભા મારી જોડાજોડ આવી ઊભા :

— લ્યો, હેંડોં... તમતમારઅ... નિરાંત્યે ચડાવો નેજો...! આજ ચિયો દિયોર આંય પગ મેલઅ સઅ એ જોવું છું મુંય... મંદિર આપડું નં નેજો આપડા પે'લાં કોઈ બીજો હેનો ચડાઈ જાય...? હેંડો, કનુ ભૈ...! થાંવ આગળ... ઉપાડોં પગ...!

દશેરાની પેલી રાત, મારી ઉજાગરાવાળી આંખોમાં આવીને આઘીપાછી થવા લાગી. હકબક થઈને આખુંય કમઠાણ જોઈ રહેલા રમણકાકા સામે જોઈ મેં હરખભર્યા અવાજે કહ્યું : જોયું કાકા...? અંતે ગમે તેમ તોય આપણી જાત તો...!

કાકા કશું બોલ્યા નહીં. મંદ મંદ મરકતા રહ્યા. એમના એ મલકાટ પરથી નજર ખસેડીને મેં મારા ખભે રહેલા નેજા તરફ જોયું. હમણાં લગી ભારેખમ લાગતો નેજો જાણે સાવ હલકોફૂલ થઈ ગયો હતો. હમણાં જ ઉગેલા સૂરજનાં કિરણો પડવાને લીધે એના નવે નવ રંગો એકબીજામાં ભળી - ઓગળી, એકાકાર થઈને ચળક-ચળક થતા હતા. આખોય નેજો જાણે કોઈ એક જ રંગમાંથી બનેલો હોય એમ લાગવા માંડ્યું. બીજી જ પળે પાછળ ટોળામાંથી કો'ક બોલ્યું :

— બોલો, રામદેવ...પીઈઈઈ...ર...કી....!

— જ....ય..... : હું જોરથી બોલ્યો અને નેજો ઊંચકી મંદિરની દિશામાં દોડવા લાગ્યો.... ■

## સમયની સંભાવના

(અનુસંધાન : પાના નં-૫૩ ઉપરથી ચાલુ)

અને મંત્રીને એક વર્ષની મુદત માટે સજા મુલતવી રાખીને છોડી મૂકવામાં આવ્યો.

મંત્રી અણધાર્યા ઘરે પહોંચ્યા ત્યારે બધા શોકમગ્ન હતા. મંત્રીને જોઈને સૌને નવાઈ લાગી અને મંત્રી કેવી રીતે છૂટી શક્યા તે વિશે પૂછવા લાગ્યા. મંત્રીએ રાજા અને તેમની વચ્ચે જે વાત થઈ હતી તે કહી બતાવી. મંત્રીની વાત સાંભળીને મંત્રીનાં પત્નીએ માથું કૂટતાં કહ્યું, 'અરે રામ, હવે તમે તો મરવાના અને આખા કુટુંબનેય બરબાદ કરી મૂકવાના. અમે બધાંય તમારી પાછળ રસ્તે રઝળતાં થઈ જવાનાં. તમને ઘોડા ઉડાડવાની વિદ્યા જ ક્યાં આવડે છે? અને એમ મંત્ર ભણે ઘોડા ઊડતા હોય તો જોઈતું તું શું? તમે રાજાને તો છેતર્યા અને અમનેય છેતર્યાં. એક વર્ષનો છુટકારો મેળવવા માટે તમે અમારા સૌનો ભોગ લીધો. તમને અમારી - છોકરાંઓની કોઈનીય દયા ન આવી?'

મંત્રીએ પૂર્ણ સ્વસ્થતાથી કહ્યું, 'તમે વર્ષ પછીની શા માટે આટલી બધી ચિંતા કરીને રડવા બેઠાં છો?'

'અરે, વર્ષ તો જોતજોતામાં પસાર થઈ જશે.'

'પણ ત્યાં સુધીમાં તો ઘણું બધું બની શકે. હજુ તો આખું વર્ષ પડ્યું છે. દરમિયાન રાજા જ રહ્યા ન હોય, કદાચ હું ન હોઉં. અરે, ઘોડો જ અધવચ મરી ગયો હોય, અને એ બધું ન બન્યું હોય અને શક્ય છે કે આપણે સૌ આ રાજ્ય છોડીને બીજા કોઈ રાજ્યમાં જઈને વસ્યા હોઈએ.'

વાત ઘણી સૂચક છે. એમાં જીવનનું એક રહસ્ય રહેલું છે. વાત છે સમય માંગી લેવાની. અણી ચૂક્યો સો વર્ષ જીવી શકે. સમય મળ્યો હોય તો ઘણું બધું સાધી શકાય. જ્યારે પણ કોઈ આફત આવે ત્યારે સૌ પહેલાં સમય માંગી લો. સમય મળતાં શાંતિથી વાતનો વિચાર થઈ શકે અને આવેલી આફતમાંથી ઊગરવાના કેટલાય રસ્તા મળી આવે. યુધ્ધ દરમિયાન હારની પળો નજીક દેખાય ત્યારે મોટા મોટાં રાષ્ટ્રો વાટાઘાટો માટે સમય માંગી લે છે. યુદ્ધવિરામ કરાવવા યુનાઈટેડ નેશન્સ જેવી સંસ્થાઓનાં બારણાં ખખડાવે છે.

જીવલેણ માંદગીમાં સપડાયા હો તો પણ વૈદ્ય ડોક્ટર કરીને ગમે તેમ કરીને સમય મેળવી લો. સમય મળશે તો મુશ્કેલીમાંથી માર્ગ મળી જશે. એ સમયમાં નવી દવા શોધાય અને બચી જવાય. ફાંસીની સજા થયેલા પણ અપીલો કરીને સમય માંગી લે છે. દરમિયાન છટકી પણ શકાય. રાજપલટો થાય અને બચી પણ જવાય. સમયમાં અનેક સંભાવનાઓ રહેલી છે તે વાત ક્યારેય ન ભૂલતા. ■

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

દૃષ્ટાંત કથા

# સમયની સંભાવના

ચંદ્રહાસ ત્રિવેદી

રજવાડાંઓના જમાનાની વાત છે, પણ જિંદગી સફળ કરવી હોય તો ચૂકવા જેવી નથી. એક પ્રદેશનો રાજા ઘણો ન્યાયી અને કદરદાન હતો. રાજ્યમાં કાયદા પ્રમાણે રાજ્યનું શાસન ચાલતું અને કાયદાનું ઉલ્લંઘન કરનારને યથા-તથા શિક્ષા થતી. તેમાં અપવાદને સ્થાન હતું નહીં. તેથી રાજ્યમાં ભ્રષ્ટાચાર થતો નહીં અને પ્રજા ઘણી બધી રીતે સુખી હતી.

યોગાનુયોગ એક વાર એવું બન્યું કે રાજાનો માનીતો મંત્રી કાનૂનના ભંગ માટે પકડાયો. ગુનો ગંભીર હતો. ગુનાની તપાસ કરી બધી વિગતો ચકાસીને લાગતા વળગતા પક્ષોને બરોબર સાંભળીને ન્યાયાધીશે મંત્રીને મોતની સજા ફરમાવી. રાજા ન્યાયતંત્રની વાતમાં દખલ કરતો નહીં. જેથી સર્વને સરખો ન્યાય મળી રહેતો.

આમ તો મંત્રી રાજાનો માનીતો હતો. તે ઘણો વિચક્ષણ હોવાને કારણે રાજ્યને માટે ઉપયોગી હતો, પણ તેની સામેનો ગુનો એવો ગંભીર હતો કે તેને માફી મળી શકે નહીં. એટલે તેના માટે મોતની સજા નિશ્ચિત થઈ ગઈ. હવે આ રાજાને એવો નિયમ હતો કે રાજ્યમાં કોઈ પણ માણસને મોતની સજા થઈ હોય તો તેને ફાંસી આપવાના આગળના દિવસે રાજા તેને મળવા જાય. તેની બધી વાત સાંભળે, તેને સજા સહેવાનું બળ આપે અને બની શકે ત્યાં સુધી તેની છેલ્લી ઈચ્છા પૂર્ણ પણ કરી આપે. ત્યાર પછી ફાંસીના ફરમાન ઉપર પોતાની મુદ્રા અંકિત કરે.

આમ તો શિષ્ટાચાર પ્રમાણે પણ રાજા મંત્રીને મળવા જવાના જ હતા, પણ રાજાને આ મંત્રી માટે ઘણો સદ્‌ભાવ હતો. તેથી તેઓ સાંજ પડતા પહેલાં રાજ્યની જેલમાં પહોંચી ગયા. રાજા પોતાના ઘોડા ઉપરથી ઊતર્યા ત્યારે મંત્રી જેલની પડાળમાં જ બેઠેલો હતો અને રાજાને જોતાં તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો.

મંત્રી આમ તો બહાદુર હતો. સામાન્ય સંજોગોમાં તે મોતથી બીવે તેવો ન હતો, છતાંય આજે તેને આમ ધ્રુસકે ધ્રુસકે રડતો જોઈને રાજાને તેના પ્રતિ ખૂબ લાગણી ઊભરાઈ આવી. રાજાએ મંત્રીને સાંત્વના આપતાં કહ્યું, 'મંત્રી, તમે તો વીર પુરુષ છો. મેં ક્યારેય નહીં ધારેલું કે તમે આમ ભાંગી પડશો. મોત તો જન્મ સાથે નિર્માયેલું છે. કોઈને પથારીમાં આવે, તો કોઈ સામે ચાલીને બોલાવે. કમનસીબે તમારું મોત ગુનાની સજા તરીકે થાય છે, પણ તેથી તમારા જેવો ધીર પુરુષ રડે તે તમને શોભા આપનાર નથી. લોકો આ વાત જાણશે તો તમારી નિંદા થશે. જરા બહાદુર બનો, હિંમત રાખો. ઈશ્વરનું સ્મરણ કરતાં મોતને ભેટવા માટે હસતે મોંએ તૈયાર થઈ જાવ. તમારી કોઈ અંતિમ ઈચ્છા હોય તો મને વિના સંકોચે કહો. હું તે પૂર્ણ કરવા શક્ય હોય તે બધું કરી છૂટીશ.'

મંત્રી રડતાં રડતાં છાનો રહ્યો. પછી આંસુઓ લૂછી નાખતાં બોલ્યો, 'રાજાજી તમારો મંત્રી મોતથી ગભરાય તેવો નથી. અત્યાર સુધી હું અડીખમ ઊભો હતો પણ તમને જોઈને રડી પડ્યો.'

'સ્વાભાવિક છે કે આપણને પરસ્પર માટે લાગણી છે. મંત્રી મને પણ તમારા માટે ઘણું લાગે છે, પણ હું અસહાય છું. મારાથી સજામાં અપવાદ થઈ શકે નહીં.'

'રાજા સાહેબ! હું તમને અપવાદ કરવાનું કહેતો નથી. હું તેવી ઈચ્છા પણ રાખતો નથી. હું મોતથી ડરતો નથી અને તેને રડતો નથી, પણ તમે જે ઘોડા ઉપર બેસીને આવ્યા તે ઘોડો જોઈને મને રડવું આવી ગયું. જેને હું રોકી શક્યો નહીં.'

'મંત્રી, તમે ઘોડામાં એવું તે શું જોયું કે તમને રડવું આવી ગયું?'

'રાજા સાહેબ! તમને ખબર નથી પણ તમે જે ઘોડા ઉપર બેસીને આવ્યા તે એવી જાતનો છે કે તેને હવામાં ઉડાડી શકાય. જિંદગીભર હું આ જાતના ઘોડાને શોધતો રહ્યો પણ તે ન મળ્યો. અને આજે જિંદગીના છેલ્લા દિવસે આ જાતનો ઘોડો જોવામાં આવ્યો એટલે મને મારા ભાગ્ય ઉપર રડવું આવી ગયું.'

'એમ કેમ?''

'રાજાજી, હું ઘોડાને ઉડાડવાની વિદ્યા જાણું છું. જો મને આ ઘોડો વર્ષ માટે મળી જાય તો હું તેને તાલીમ આપીને હવામાં ઊડતો કરી દઉં. પણ હાય! હવે મારી પાસે સમય નથી.'

રાજાએ કહ્યું, 'મંત્રી, જો એ જ વાત હોય તો હું તારી સજા એક વર્ષ માટે મુલતવી રાખી શકું. પણ જો તું તે ન કરી શકે તો તને તો મોતની સજા થાય જ, પણ તારા આખા કુટુંબની રાજ્યમાં પડેલી માલ-મિલકત જપ્ત કરી લેવામાં આવશે. બોલ શરત મંજૂર છે?'

'મંજૂર છે મને શરત. મને વિશ્વાસ છે કે વર્ષ પૂરું થતાં પહેલાં તો હું આ ઘોડાને ઉડાડી શકીશ.'

(અનુસંધાન : જુઓ પાના નં-૫૨ ઉપર)

પ્રેરણા

# જીના ઇસીકા નામ હૈ!

કુલીનકાંત ચાંપશી લુઠિયા

'રાજુભાઈ, તમે તમારા બાપાને જીવતે જીવ વેચી દીધાં. શું કળિયુગ આવ્યો છે!'

ત્રણ સંતાનોના પિતાને અકસ્માતને કારણે હેડ ઈન્જરી થતાં હોસ્પિટલમાં દાખલ કરતાં જ ડૉક્ટરોએ તેમને તપાસી બ્રેઈનડેડ જાહેર કર્યા! ડૉક્ટરોએ સલાહ આપી, ભાઈ હવે તમારા પિતા પાછા નોરમલ્સીમાં (પહેલાંની સ્થિતિમાં) આવે તેમ જણાતા નથી. થોડી ભલે વાટ જોઈએ.

ઝેડ.ટી.સી.સી. (ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટિંગ કમિટિ સેલ) ના કાઉન્સિલરે સલાહ આપી કે જો દરદી બ્રેઈનડેડ જાહેર થાય તો તેના અવયવોનું મલ્ટી ઓરગન ડોનેશન થઈ શકે, જેથી ૪/૫ જણાંને નવી જિંદગી મળી શકે. જેમના પોતાના અવયવો કામ કરતા નથી, ડેડ જેવા છે, એવા સંજોગોમાં, બ્રેઈન ડેડ દરદીના અવયવો જો તેમનામાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે, તો તેમને નવી જિંદગી બક્ષી શકાય.

દર્દીની પત્ની અને તેમના ત્રણ સંતાનોએ આપસમાં ચર્ચા વિચારણા કરી. પેલા કાઉન્સિલરના અભિપ્રાય અંગે પણ વિચાર કર્યો. માતાએ કહ્યું, હવે તમારા પિતા જિંદગીમાં પાછા ફરવાને અસમર્થ છે, તેમ ડૉક્ટર કહે છે, તો આપણે તેમના અંગોનું દાન આપી દઈએ તો? અન્યને જો તેનાથી નવજીવન મળતું હોય તો તેવા પ્રયત્ન કરી ન શકીએ?

ગામડાની અશિક્ષિત પણ સમજદાર બાઈ પોતાના પતિના અંગો આપવા તૈયારી દર્શાવી રહી હતી!

ત્રણે સંતાનોએ સગાંસંબંધીઓમાં પણ એ બાબત ચર્ચા કરી, ત્યારે 'રાજુભાઈ, તમે તમારા બાપાને જીવતે જીવ વેંચી દીધા! શું કળિયુગ આવ્યો છે!' તેવા કોકના ઉચ્ચારો પણ એ સંતાનો અને દર્દીની પત્નીને સાંભળવા પડ્યા. 'સમાજમાં, સગાં સંબંધીઓમાં કોક આવું પણ બોલે, તેથી તમારે તમારો અભિપ્રાય બદલવાની જરૂર નથી. અવયવદાન થાય તેના કરતાં શું ઉત્તમ હોઈ શકે?'

કાઉન્સિલરે ફરી અવયવદાનની વાત પર ભાર મૂક્યો. વેન્ટીલેટર પરનો દર્દી વધુ સમય કાઢી શકે તેમ નથી, માટે વહેલી તકે નિર્ણય લઈ સંમતિ આપો, તેમ કાઉન્સિલરે ફરીથી ઓરગન ડોનેશન અંગે સવિસ્તરથી સમજાવીને કહ્યું.

હવે દર્દીના પત્નીએ કોઈનાય કોમેન્ટ્સ કે ટીકા ટીપ્પણ પર લક્ષ્ય ન આપતાં, કાઉન્સિલરને એ દિશામાં આગળ વધવા સિગ્નલ આપી દીધું. રડતાં ચહેરે એ ચારે જણાંએ માથું ધુણાવી સંમતિ આપી દીધી! જે ફોર્મ ઉપર સહી જોઈતી હતી તે સ્વેચ્છાએ કરી આપી.

ડૉક્ટરોએ પણ ખડેપગે એ દિશામાં આગળ વધવા ઓરગન અને ટીશ્યુ ડોનેશન માટેના પ્રયત્નો આરંભ્યા.

હેપેટાઈટીસને કારણે લીવરની ગંભીર બિમારીથી પીડાતા લાલજીભાઈને અચાનક હોસ્પિટલમાં તેડાવ્યાં. અન્ય પેથોલોજીકલ અને સોનોગ્રાફી, બ્લડ ગ્રુપ, ચેકઅપ બાદ મેચ થતાં ટ્રાન્સપ્લાન્ટ દ્વારા લીવરનું આરોપણ થયું.

કિડની ફેઈલ્યોરને કારણે ડાયાલિસિસ જબરદસ્તીથી કરાવવું પડતું હતું. કોઈકની કિડની ડોનેશન રૂપે મળે તે માટે રાહ જોતા જીતુભાઈને અચાનક કિડની મળે તેમ છે તેમ કહેવાયું. પારાવાર પીડા ભોગવતા જીતુભાઈની જિંદગીમાં આશાનું નવું કિરણ દેખાયું!

૨૧ વર્ષની સંગીતા પણ કિડની ફેઈલ્યોરને કારણે કુટુંબીજનોની કિડની મેચ ન થતાં, કેડેવર દાતાની વાટ જોઈ, મોંઘા ઈંજેક્શનો અને ડ્રગ્સ પર જીવન ગુજારતી હતી. તેને પણ ઈમરજન્સી કોલથી બોમ્બે હોસ્પિટલમાં બોલાવી લેવાયા.

જીતુભાઈ અને સંગીતા બન્નેને એકેક કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

દિવાળીનાં દિવસોમાં ફુલઝરી ફોડતાં પ્રિયાની આંખમાં તણખલું ગયું ને તેનું કોર્નિયા ડેમેજ થઈ ગયું. તેને દેખાતું બંધ થઈ ગયું!

વેલ્ડિંગના કામમાં આંખનું રક્ષણ કરવામાં બેદરકાર રહેલા ફરનાન્ડીઝને આમેય આંખે ઓછું દેખાતું. એક દિવસ તેની આંખમાં તણખલું ભરાતાં, તેને દૃષ્ટિ ગુમાવવાનો વારો આવ્યો. કંઈ કરતાં કંઈ જ ન દેખાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. પ્રિયા અને ફરનાન્ડીઝને બન્નેને એકેક કોર્નિયા મળતાં, બંને દુનિયાને પુનઃ જોતાં આનંદની લાગણી અનુભવી હતી.

જિન્નતનો દારૂડિયો પતિ નશામાં તેની પત્ની પર ઘણાય જુલ્મો કરતો. દારૂના નશામાં એક દિવસ વડાપાઉં અંગે ઝઘડો થતાં, તેણે તેની પત્નીને બળતા સ્ટવ પર ધકેલી. થોડીક જ પળોમાં તેના માથાના વાળ બળી ગયા, પેટના કેટલાક ભાગ

પર ગરમાગરમ તેલના છાંટા ઊડ્યા અને તે ૪૦ ટકા જેટલી દાઝી ગઈ!

નેશનલ બર્ન્સ સેન્ટરમાં જિન્નતને તાત્કાલિક ખસેડાઈ હતી. સ્કીન ગ્રાફ્ટીંગ દ્વારા, બળતરા પર ચામડી લગાવાઈ. આઠ દસ દિવસમાં જ બળેલા ભાગ પરની ચામડી આસપાસની ઓરિજિનલ ચામડી સાથે ભળી ગઈ! દર્દીને ઘણી રાહત મળી હતી!

જ્યોતિને યુવાવયે નાની મોટી બીમારી પરેશાન કરતી. તેની પેનક્રિયાસ પણ તેને પીડા આપતી હતી. તેને દર્દીને ઓરગન ડોનેશનમાં મળેલી પેનક્રિયાસ ટ્રાન્સપ્લાન્ટ દ્વારા તેના શરીરમાં બેસાડાઈ. આજે જ્યોતિ ખુશખુશાલ છે. તે હવે પીડામાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ હતી.

(ઉપરોક્ત નામો બધાય કાલ્પનિક છે, પણ અવયવદાનની એક સાચી ઘટનાને શબ્દોમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે અંગદાન કોને થયું તે અવયવદાન કરતાં દર્દીના પરિવારને જણાવવામાં આવતું નથી. કોને કોનાં અંગો મળ્યાં તે જાહેર કરવામાં આવતું નથી.)

આજે ઉપરોક્ત સર્વે દાન સ્વીકારનારા દર્દીઓ સંપૂર્ણપણે રાહત અનુભવે છે, કહોને કે એ સર્વેને નવજીવન મળ્યું છે. નિષ્ફળ ગયેલા અવયવો બદલીને ટ્રાન્સપ્લાન્ટ દ્વારા આરોપાયેલા ઓરગન 'વન્ડર' કરી રહ્યાં હતાં, ચમત્કાર કરી રહ્યાં હતાં! સૌ કોઈ ગંભીર પીડામાંથી મુક્ત થયાં હતાં.

એકનો જીવનદીપ થોડા જ કલાકોમાં બુઝાવવાનો હતો એવી કપરી પળે, શોકની ક્ષણોમાં, ગમગીન વાતાવરણમાં, એક તત્ક્ષણ નિર્ણય લેવાનો હતો જ્યાં સુધી વેન્ટીલેશન પર હશે, ત્યાં સુધી જ દર્દીની શ્વસનક્રિયા રહેશે, દર્દીના મગજ સિવાય શરીરના અન્ય અંગો થોડાક જ સમય માટે કાર્યરત રહેવાના છે, એ પહેલાં અવયવદાન અંગે હા કે ના પાડવાની હતી, તેવા ગંભીર સમયે દર્દીના નજીકના સંબંધીએ પોતાનો નિર્ણય જાહેર કરવાનો હતો, લેખિત અનુમતિ આપવાની હતી. તે વખતે સામાજિક વ્યવહાર સામેનો વિકલ્પ 'માનવતા' નો હતો. તેને પસંદ કરવામાં આવ્યો.

મુંબઈમાં માર્ગ અકસ્માતમાં વરસે દહાડે દોઢેક લાખ જેટલા લોકો ભોગ બને છે, જેમાંથી અંદાજે ૬૭ ટકા લોકોને માથામાં ઈજા થાય છે અને બ્રેનડેડ થતાં હોય છે.

આમ લાખેક લોકોના અવયવો તેમના મૃત્યુની ક્ષણોમાં, સમયસરના નિર્ણયથી અંગદાન કરતાં, જેમના અંગો કામ કરતા નથી, તેમના જીવનમાં નઈ રોશની બની, તેમને નવજીવન બક્ષી શકાય છે. ખોટા થયેલા અંગોને દૂર કરી આરોપણ થયેલા અંગો દ્વારા ફરી યથાવત્ જીવન જીવવાની, આનંદની પળો પુનઃપ્રાપ્ત થાય તેમ છે.

જીવલેણ માર્ગ અકસ્માતના કિસ્સા બને ત્યારે અંગદાનમાં વિલંબ ન થાય તે માટે ડ્રાઈવિંગ લાયસન્સની સાથે ડોનર્સ કાર્ડ પણ ભરાયેલું હોય તો પ્રત્યારોપણની પ્રક્રિયા સરળ થઈ શકે તેમ છે.

પ્રત્યારોપણમાં ખર્ચની નિર્ણાયક ભૂમિકા મહત્ત્વનું કામ કરે છે. જે અંગદાન કરે છે, તે આ બાબતે મૌન સેવે છે. જેમના શરીરમાં અવયવો ટ્રાન્સપ્લાન્ટ થવાના છે તેઓ એ ખર્ચ ભોગવી શકે તેમ હોય તો આ કાર્ય અત્યંત સરળ બની જાય છે. આમ બ્રેઈનડેડ દ્વારા દર્દીના નજીકના સંબંધી અવયવદાનની અનુમતિ મળતાં ૫/૬ જણાંની જિંદગીમાં નવજીવન આણી મૃત્યુલોકમાં જતાં દર્દીના પરભવનું ભાથું બાંધી જાય છે.

જેમને અંગ મળે છે તેમને આર્શીવાદ સમું એક સેવાકાર્ય 'માનવસેવા એ જ પ્રભુસેવા' ને અનુસરી દર્દી પોતાની વિદાયવેળાએ એક સુખદ ઘટના ઊભી કરી જાય છે. અંગદાન અંગે તમિલનાડુમાં ચેન્નઈની 'મોહન ફાઉન્ડેશન' ના વોલેન્ટીયરોએ એવી જનજાગૃતિ પ્રસરાવી છે, કે જેથી ત્યાં આવી પ્રત્યારોપણની ઘટનાનું ઘણીવાર પુનરાવર્તન થાય છે. એ પછી ગુજરાતનો વારો આવે છે.

અમદાવાદ ખાતે સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં આવેલી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝીસ એન્ડ રિસર્ચ સેન્ટરમાં ડૉ. એચ.એલ. ત્રિવેદી ટ્રાન્સપ્લાન્ટેશન સેન્ટરમાં પ્રત્યારોપણના આવા કિસ્સા વરસે દહાડે ૫૦૦ની સંખ્યાને આંબે છે.

ઘરમાં મૃત્યુ થાય તો તે અંગો લઈ શકાતાં નથી, કારણ કે અંગ કાઢવા અને રુધિરાભિસરણ અટકાવવા વચ્ચે સમયનું અંતર પડી જાય તો તે અંગને પ્રત્યારોપિત કરી શકાતું નથી. તે વખતે આઈ ડોનેશન અને સ્કીન ડોનેશન કરી, બાકીના શરીરનું દેહદાન કરી શકાય છે.

બ્રેઈનડેડ દર્દીઓને આદર્શ અંગદાતા ગણાય છે. એમાં મગજમાં લોહી કે ઓક્સિજન નથી પહોંચતું. પરંતુ થોડા કલાકો સુધી અન્ય અંગોની કામગીરી ચાલું રહે છે. આથી તે વખતે આ અંગો કાઢીને જરૂરિયાતવાળા અન્ય દર્દીમાં પ્રત્યારોપિત કરવામાં આવે છે.

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

એડવાન્સ સાયન્સ કહે છે કે હાડકાં અને કાર્ટિલેજ, નસો, ત્વચા, વાલ્વ, કોર્નિયા, મીડલ ઈઅર, બોન મેરો, હાર્ટ, ફેફસાં, કિડની, લીવર અને પેનક્રિયાસ સહિતના ૨૫ જુદાં જુદાં અંગો અને ટીશ્યુઓનું પ્રત્યારોપણ હવે શક્ય બન્યું છે.

અવયવદાન એ ખરેખર મહાદાન છે.

ઈસી કા નામ હૈ જીના

## અવયવ દાન માટે કેટલાંક સંપર્ક

| *ક્રમ* | *નામ* | *સંપર્ક નંબર* |
|---|---|---|
| ૧ | ડૉ. સુજાતા પટવર્ધન | ૯૮૧૯૦૭૫૨૦૨ |
| | (કે.ઈ.એમ. હોસ્પિટલ) | ૯૩૨૦૬૬૨૬૦૭ |
| ૨ | ઝેડ.ટી.સી.સી. (સાયન હોસ્પિટલ) | ૨૪૦૨૮૧૯૭ |
| ૩ | ડૉ. વત્સલા ત્રિવેદી | ૯૮૨૧૨૨૯૩૦૦ |
| | | ૨૪૧૪૨૭૭૫ |
| ૪ | નર્મદા કિડની ફાઉન્ડેશન | ૨૮૩૨૬૮૬૩૪ |
| | ડૉ. ભરત શાહ | ૯૮૨૦૫૬૬૭૯૯ |
| | | ૨૮૨૫૪૧૪૭ |
| | નીલમ શ્રોફ | ૨૬૪૬૪૮૯૦ |
| | | ૯૮૯૨૯૩૬૦૧૯ |
| ૫ | સુજાતા અષ્ટેકર | ૯૧૬૭૬૬૩૪૬૯ |
| ૬ | જ્યોતિ નાગડા | ૯૮૨૧૪૦૨૧૮૨ |
| ૭ | ડૉ. સમીર શાહ | ૯૮૨૦૧૪૪૩૩૮ |
| ૮ | ચિંતામણી ગદ્રે | ૯૮૬૯૪૪૮૦૯૨ |
| ૯ | વિનોદ ધનજી હરિયા | ૯૮૨૦૦૫૨૯૩૬ |
| ૧૦ | નીલેશ જીવરાજ છાડવા | ૯૮૧૯૦૯૭૨૯૮ |
| ૧૧ | પુરુષોતમ પવાર | ૯૮૨૨૦૪૯૬૭૫ |
| ૧૨ | આપ્ટેકાકા | ૯૮૨૦૦૭૮૨૭૩ |
| ૧૩ | અનિરુદ્ધ કુલકર્ણી | ૯૭૫૭૩૦૩૪૬૩ |
| ૧૪ | કુલીનકાંત ચાંપશી લુઠિયા | ૯૮૨૦૦૩૯૪૬૯ |
| | (માનવ જયોત) | ૨૫૬૭૩૫૮૭ |

*કુલીનકાંત ચાંપશી લુઠિયા* (C.A)
*સામાજિક કાર્યકર્તા - ૯૮૨૦૦૩૯૪૬૯*
*'માનવ જ્યોત', નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર.પી. રોડ*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

## શા કારણે કરો છો મા-બાપની અવગણના...

**(અનુસંધાન : પાના નં-૫૮ ઉપરથી ચાલુ)**

કમુબહેન કહે, 'મેં એ બાને કહ્યું, તમારે તમારું પોતાનું ઘર નથી? ત્યાં જઈને રહો.' ત્યારે બા કહે, 'ગામમાં મારું મોટું ઘર હતું. આગળ આંગણું, પાછળ વાડો, ઓસરીમાં મોટી પાટ. આડોશીપાડોશી આવે ને પાટ પર અમારો ડાયરો જામે. એયને અલકમલકની વાતો કરીએ. મારા આંગણામાં તો વસ્તી જ વસ્તી હોય. પણ દીકરાએ આ બંગલો લીધો ને ગામ આવીને કહે, ચાલો મારી સાથે રહેવા. અને મેં ઘર વેચી દીધું ને અહીં કેદખાનામાં આવી પડી. દીકરાની સાથે રહેવાના મોહમાં મારા આયખામાં મેં ધૂળ નાખી. હવે તો અહીંથી ઉપરવાળો છોડાવે ત્યારે છૂટીશ.'

કમુબહેને એ દુખિયારાં બાની વાત પૂરી કરી પણ એ સાંભળીને મારા મનમાં ઊપજેલી ઉદાસીનતા જતી નથી. થાય છે શિક્ષિત, સ્થિતિસંપન્ન યુવાન સંતાન પોતાના જ માબાપ સાથે કેમ આવો નિષ્ઠુર સંવેદનારહિત વર્તાવ કરતાં હશે? બહારનાની જોડે હસી હસીને વિવેકથી વાતો કરનાર એ સંતાનોને પોતાના જ માવતરની અવગણના કરતાં જરાય હિચકિચાટ નહીં થતો હોય?

## શૌર્યનું સન્માન – "વુલ્ફ આઈલેન્ડ"

**(અનુસંધાન : પાના નં-૬૦ ઉપરથી ચાલુ)**

બ્રિટનનો વિજય થયો પણ તેનો વીર યોદ્ધો વુલ્ફ મૃત્યુને ભેટ્યો. તે ઘાયલ થઈને લડાઈના મેદાનમાં પડ્યો હતો ત્યારે પણ તે તેના લશ્કરને છેવટ સુધી આદેશ આપતો રહ્યો.

ક્યુબેક સિટીના વિજયને બ્રિટને અનેક રીતે ઉજવ્યો. જેમ્સ વુલ્ફનો સર્વત્ર જયજયકાર થઈ ગયો. તેની સ્મૃતિમાં સ્મારક ઊભા કરવામાં આવ્યા. પરંતુ તેને સાચી શ્રદ્ધાંજલિ તો પેઈન્ટર બેંજામિન વેસ્ટે આપી. તેણે 'ધી ડેથ ઓફ જનરલ વુલ્ફ' નું અદ્વિતિય પેઈન્ટીંગ બનાવ્યું જે વિશ્વભરમાં પ્રખ્યાત થયું. આ પેઈન્ટીંગથી બેંજામિનને તો પ્રસિદ્ધી મળી પણ સાથે સાથે મેજર જનરલ વુલ્ફ પણ ઘર ઘરમાં જાણીતો થઈ ગયો. બ્રિટીશ લોકોએ વુલ્ફને, 'The hero of Quebeck,' 'The conqueror of Quebeck' અને 'The conqueror of Canada' કહીને વધાવ્યો. આટલેથી બ્રિટીશને સંતોષ ન થયો તેથી એક હજાર ટાપુમાં સૌથી મોટો ટાપુ જેને ફ્રેંચ લોકો 'Long Island standing up' કહેતા તે હવે બ્રિટન પાસે હોઈ વુલ્ફના શૌર્યનું યોગ્ય સન્માન થાય તે માટે આ પુરા ટાપુને જ 'વુલ્ફ આઈલેન્ડ' નામ આપી દીધું. કેનેડા જવાનું થાય તો એક વખત વુલ્ફ આઈલેન્ડની મુલાકાત લેવા જેવી છે. ઈતિહાસ જીવિત થશે.

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

પ્રેરણા

# હાથ ઉપર લીધેલું કામ પૂરું કરો

ડૉ. મધુભાઈ કોઠારી

જીવનમાં આગળ વધવાની એક રીત છે, હાથ ઉપર લીધેલું કામ પૂરું કરવાની. કેટલાક યુવાનો હાથ ઉપર લીધેલું કામ અધવચ્ચેથી છોડી દે છે. આમ કરવાથી ધ્યેયને પહોંચી શકાતું નથી. કામ કરવાની કુશળતા પણ પ્રાપ્ત થતી નથી. જે કામ હાથ ઉપર લીધું તે સંપૂર્ણ રીતે કરવું જોઈએ. એટલું જ નહીં સારી રીતે કરવું જોઈએ.

મેં એક યુવાનને અગત્યનું લખાણ કોપી કરવાનું કહ્યું. લખાણ લખીને બતાવવાનું કહ્યું. તેણે પૂછ્યું : 'અડધું લખાણ ચાલશે?'

'એટલે?' મેં સ્પષ્ટતા ખાતર પૂછ્યું.

'એટલે અગત્યના મુદ્દા લખું તો ન ચાલે?'

મેં જણાવ્યું : 'ન ચાલે. તમારે માટે લખાણની બધી જ બાબતો મહત્ત્વની છે. માટે બધું જ મેટર લખી લાવજો.' બીજે દિવસે એ યુવાન લખાણ લઈને આવ્યો. તે જોઈને મને નિરાશા થઈ. તેણે લખાણ અસ્પષ્ટ અક્ષરોમાં લખ્યું હતું. ઉપરાંત લખાણ પૂરેપૂરું લખ્યું નહોતું. છેલ્લા પેરેગ્રાફ લખ્યા જ નહોતા.

મેં પૂછ્યું : 'શા માટે લખાણ અધૂરું લખ્યું? છેલ્લા પેરેગ્રાફ્સ તો લખ્યા જ નથી.'

તેણે બેફિકરાઈથી જવાબ આપ્યો : 'લખાણ લખી લખીને હું થાકી ગયો છું. મને લખવામાં રસ ન પડ્યો.'

'પણ હવે શું કરીશું? આગળ લખાણ ક્યારે લખીને આપીશ?' મેં પૃચ્છા કરી.

'સર, હવે તમે બીજા કોઈ પાસે આગળનું લખાણ લખાવી લેજો.' આવું કહીને તે યુવાન તરત જ ચાલ્યો ગયો. આ યુવાનને હું સમજાવું કે 'તું જો આવી રીતે કામ અધૂરું કરીશ તો તારું જીવન પણ અધૂરું જ રહી જશે.' ત્યાર પહેલાં તો એ ગાયબ થઈ ગયો.

વ્યક્તિત્વના ઘડતરમાં જે એક ગુણ આવશ્યક છે તે છે ખંત. એટલે કે એક કામની પાછળ મચ્યા રહેવું. જ્યાં સુધી તે પૂરું ન થાય ત્યાં સુધી બીજું કામ હાથ ઉપર ન લેવું. મોટાભાગના લોકોમાં ખંતનો અભાવ હોય છે. તેઓ પાસે ધીરજનો અભાવ હોય છે. શાંતિથી અને ઝીણવટથી કામ કરવાની વૃત્તિનો અભાવ હોય છે.

કામ પૂરું કરવા માટે તમારે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

**૧. ઇચ્છાશક્તિ જાગૃત કરો :**

તમે જે કામ હાથ ઉપર લો તે ગમે તે ભોગે પૂરું કરશો જ એવી ઇચ્છાશક્તિ પ્રાપ્ત કરો. 'હું આ કામ પૂરું કરીને જ જંપીશ.' એવું વારંવાર તમારા મનને કહો. એટલે કે તમારી જાતને તમે જ સૂચન કરો. આવું કરવાથી તમારામાં કામ કરવાની ધગશ ઉત્પન્ન થશે અને તમે તે સારી રીતે પૂરું કરી શકશો.

**૨. નાનું કામ એક જ બેઠકે કરવાનો આગ્રહ રાખો :**

કેટલાંક કામ એવાં હોય છે કે તે એકી બેઠકે પૂરું થઈ શકે છે. તો તમારે તે ઊભા થયા સિવાય, અન્ય કામ પાછાં ઠેલીને પણ પૂરાં કરી નાંખવા જોઈએ. આ કરવાથી કામ સારી રીતે પૂરું કરી શકાશે. એકી સમયે કરવાથી મનમાં તેનું અનુસંધાન પણ જળવાશે અને કામ કરવાની મજા પણ આવશે.

**૩. કામ સાથે સંકળાયેલી સાધન-સામગ્રી તૈયાર રાખો :**

કેટલાક લોકોની કામ પૂરું કરવાની ઇચ્છા હોવા છતાં કામ અધૂરું મૂકી દે છે. કારણ કે તે કામ સાથે સંકળાયેલી સાધન-સામગ્રી હાથવગી હોતી નથી. તે લેવા ઊઠ-બેસ કરવી પડે છે અને તેથી તેઓ થાકી જાય છે.

**૪. વલણ બદલો :**

કામ અધૂરું છોડવાનું વલણ કેટલીકવાર મનમાં ઘર કરી જાય છે. 'કામ કદી પૂરું થાય જ નહીં.', 'કામ પૂરું કરવાનો શું ફાયદો?', 'કાંઈ બહુ લાભ નથી થતો.' આવું વલણ નુકસાનકારક સાબિત થાય છે. આવું વલણ સત્વરે છોડવું જોઈએ. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

કુટુંબ જીવન

# જરા કહેશો, મા-બાપની શા કારણે કરો છો અવગણના?

અવંતિકા ગુણવંત

હું મારા દરવાજા પાસે ઊભી હતી ને કમુબહેન ત્યાંથી નીકળ્યાં. વરસોથી કમુબહેનને માથે શાકનો ટોપલો લઈને શાક વેચવા જતાં હું જોઉં.

મને જોઈને એ બોલ્યાં : 'હાશ! આજે કેવું સારું લાગે છે! તમારા ઘરનું બારણું ખુલ્લું છે, ને તમે અહીં ઊભાં છો.'

હું બોલી : 'ત્યાંય મને તમે યાદ આવતાં. સવારના આઠેક વાગે એટલે મને થાય કે તમે શાક વેચવા નીકળ્યા હશો.' કમુબહેનના માથે ભાર હતો તોય એ વાતો કરવા ઊભાં રહ્યાં. કહે, 'રોજ અહીંથી નીકળું ને દરવાજે તાળું જોઉં ને મારાથી નિસાસો નંખાઈ જતો. બહેન, લોકો તો વાતો કરતાં હતાં કે બહેન અમેરિકા જ રહેવાના છે, આ બંગલો વેચી નાખશે. તો, તમે આ બંગલો વેચી નાખશો?'

'ના, આ ઘર રાખવાનું છે.' મેં કહ્યું.

જીવ હેઠો બેઠો હોય એમ કમુબહેન બોલ્યાં : 'તો બરાબર બહેન, આપણે જીવીએ ત્યાં સુધી આપણું ઘર કદી ના કાઢવું. છોકરાના ઘરે ભલે તમે રહો; છોકરા આપણા, પણ એમનું ઘર આપણું ના કહેવાય. ત્યાં આપણી મરજી ના ચાલે. ત્યાં લાંબું ના ગોઠે. મન ઊંચું થઈ જાય તો અહીં આવીને રહેવાય.' કમુબહેનને પાંચ છોકરા અને ત્રણ છોકરીઓ. બધાંને ભણવા સ્કૂલમાં મોકલે. મને કહે, 'બહેન, એને જન્મ આપ્યો, ભણાવીને માણસ બનાવીને, રળતા-કમાતા કરીએ એટલે આપણી ફરજ પૂરી.'

હું કહું : 'ઘડપણમાં તમારે શાંતિ. છોકરા કમાશે અને તમે શાંતિથી ખાજો.'

'ના રે બહેન, મારે કોઈની કમાઈ ખાવી નથી. હું તો ઉપરવાળાને કહું છું જીવાડે ત્યાં સુધી પગમાં તાકાત આપે. મારો રોટલો હું કમાઈ ખાઉં.'

આ કમુબહેન સાથે વાત કરવી મને ગમતી. લગભગ બે વરસે કમુબહેને તે દિવસે મને જોઈ હતી. તે બોલ્યાં : 'બહેન ચારે બાજુ બધું બદલાયેલું લાગતું હશે, નહીં?'

'હા, જુઓને, કેટલા બધા બંગલા તૂટ્યા ને ફ્લેટો આવી ગયા છે! એરિયાની રોનક વધી ગઈ.' હું બોલી.

'શું બે'ન? રોનક વધી પણ શાંતિ નથી વધી. આપણી લાઈનમાં આગળ એક બંગલો છે. જૂનો વેચાઈને નવો થયો છે. ત્યાં એક બા રહે છે. બપોરે શાક વેચીને પાછી વળું ત્યારે એ થોડીવાર એમની પાસે મને બેસાડે.'

'તમારે જૂની ઓળખાણ હશે.' મેં પૂછ્યું.

'ના રે, ત્યાં કોઈ ઓળખાણ ન હતી. એક વાર બપોરે હું પાછી આવતી હતી ત્યારે એમણે મને બોલાવી. મને એમ કે એમને શાક જોઈતું હશે. તેથી મેં કહ્યું, બા શાક નથી. તો એ કહે, શાક નથી જોઈતું. તું ફરી ફરીને સાદ પાડી પાડીને થાકી હોઈશ. થોડી વાર બેસ.'

મેં કહ્યું : 'બા, ઘરે પહોંચું. હજી રોટલા ઘડવાના છે.' તે કહે, 'જવાય છે.' હું ઓટલે જઈને બેઠી. મને થોડી પૂરીઓ અને અથાણું આપ્યાં. મેં થોડી વાર વાતો કરી અને ઊભા થતાં મારી પાસે કોબીજનો એક દડો વધ્યો હતો એ એમની પાસે મૂક્યો ને બોલી, 'બા, આના સિવાય મારી પાસે બીજું કંઈ નથી.'

એ બા કહે : 'મારે તમારી પાસેથી કાંઈ શાક જોઈતું નથી. શાક તો માર્કેટમાંથી આવે છે. બસ, તારે રોજ મારી પાસે આવીને વાતો કરવાની.'

મેં કહ્યું : 'મારાથી મફત ના ખવાય.' તો એ બા કહે : 'તું મફત નથી ખાતી. મારી પાસે બેસીને વાત કરે છે એની કિંમત હું તને આપું છું.' પછી એ બા નિસાસો નાખીને કહે, 'આવડું મોટું ઘર છે, ઘરમાં માણસો છે પણ કોઈ મારી પાસે બેસતું નથી, વાત કરતું નથી. કામવાળી બાઈનેય મારી સાથે વાત કરવાની મનાઈ છે.' ઘરડાંની લાચારીની હૃદયદ્રાવક વાતો હું સાંભળી રહી હતી. કમુબહેન કહે, 'મેં એ બાને પૂછ્યું કે તમારો આખો દિવસ શી રીતે જાય?' તો એ બા કહે, 'મારા રૂમમાં ટી.વી. છે, ફોન છે. ટી.વી. જોઉં. કોઈની સાથે વાતો કરું. પણ મારે ક્યાં બહુ ઓળખીતા હોય. હું તો બહાર ઓટલે બેસી રહું છું ને જતા-આવતા ફેરિયાને બોલાવું ને વાતચીત કરું.'

આજુબાજુનાં બંગલામાં જવાનીય મને મનાઈ છે. મહેમાન આવે તે જો વહુ-દીકરાના હોય ત્યારે મારે મારી રૂમમાં ભરાઈ જવાનું. કોઈ સગાં આવે તો બહાર દીવાનખાનામાં બેસવાની મને છૂટ ખરી, પણ બોલવાની કે વાતો કરવાની છૂટ નહીં. હું તો અહીં, નજરકેદમાં છું. એ લોકો બહાર જાય પણ મને નથી લઈ જતાં.

(અનુસંધાન : જુઓ પાના નં-૫૬ ઉપર)

લઘુ વાર્તા

# ભાવનગર

ભગીરથ બ્રહ્મભટ્ટ

રજાનો દિવસ હતો. હું મારી રૂમમાં સહેજ આડો પડેલો. પંખો ધીમે ધીમે ચાલતો હતો. એટલામાં બારણું ખખડ્યું.

'કોણ?' મેં પૂછ્યું.

'એ તો હું ખુડી.'

'ખુલ્લું જ છે આવ ને!'

સ્મિતાળવી ખુડી હળવેથી બારણું ખોલી, ત્યાં જ થોભી. ખુડી એ મારી કામવાળી. ખૂબ નિયમિત, પ્રામાણિક, કામઢી. દેખાવે શ્યામ પણ ચોખ્ખી. કામ સિવાય ઊંચે નજરેય ના કરે એટલી શરમાળ. હું સહેજ ચોંક્યો. એ ધીમે અવાજે નીચું જોઈને બોલી :

'શેઠ, તમે કાલે ભાવનગર જવાના?'

'હા', 'તને કોણે કહ્યું?'

'એ તો તમે જ હેઠળ પે...લા ધોબીને નહોતા કહેતા...'

'તે તારે ભાવનગરનું શું કામ પડ્યું?' મેં પૂછ્યું

'શેઠ, એ તો છે ને મારા બાપાને હારુ એક શાલ મોકલાવવી છે...' એ સંકોચાતાં સંકોચાતા બોલી.

'શું નામ તારા બાપાનું? ભાવનગરમાં ક્યાં રહે છે?'

'એ તો શેઠ ખોડિયારને રસ્તો કોઈ ઝૂંપડાવાળાને કહેશો ને કે ભૈ 'ભગો મારવાડી' એટલે આખો મલક ઓળખશે.'

મે કહ્યું, 'સારું.'

પછી મારા હાથમાં ભરત ભરેલી શાલ હેતપૂર્વક આપતાં કહેવા લાગી : 'આ પેલા માસ્તર કાશ્મીરથી લાયેલા તે જૈ દિવારી બુનસમાં આલેલી. મારો બાપ બચારો ટાઢમાં ઓઢશે' કહેતાં કહેતાં, વેદનાશીલ વદને એ ગઈ.

વળી થોડી વારે, પાછી આવી મને કહેવા લાગી -

'અને શેઠ, મું તમારે ઘેર કોમ કરું છું એ વાત ઈમને નો કરતા હોં!' કરુણાપૂર્વક બોલી.

અભ્યાસકાળ પછી ખાસ મળાયું જ નહોતું એટલે ભાવનગરમાં મિત્રને ત્યાં જ ઊતર્યો. ચા પાણી કર્યા. વાતમાંથી વાત નીકળતાં જ મેં પૂછ્યું, 'ઘણા વખતે મળ્યા, નહિ?' એણે આંખોથી આખો અતીત ઉકેલ્યો. પછી મેં પૂછ્યું.

'અહીંથી ખોડિયાર કેટલે?'

'કેમ દરશન કરવા જવું છે?'

'ના ભૈ! એક સંપેતરું છે?'

'કોનું?' મિત્રે જિજ્ઞાસાથી પૂછ્યું.

મેં કહ્યું : 'તમે ભગો મારવાડી કરીને કોઈ છે એને ઓળખો?' મિત્ર હસવા લાગ્યો. મેં કહ્યું : 'કેમ હસવું આવ્યું?'

'ભૈ, ભગા મારવાડીને કોણ ના ઓળખે? એ ભલો ને એનું કામ ભલું. સિતેર વરહ થયાં હશે પણ ભાયડો કૈં મહેનત કરે છે કૈં મહેનત..એ તો આપણો માળી છે!'

એટલામાં જ ભગો મારવાડી દેખાયો. હાડકાંનો માળો કેડેથી વળેલો. વધી ગયેલી દાઢી. હું જોઈ રહ્યો.

મિત્ર બોલ્યો : 'અલ્યા, તારી દીકરીએ શાલ મોકલી!'

એ રૂમમાં આવ્યો. પલાંઠી વાળીને બેઠો. બે હાથ જોડ્યાં, કેવી દયનીય મુદ્રા!! આંખોમાં ઝળઝળિયાં!! શાલ હાથમાં લેતાં એના હાથ ધ્રૂજતા હતા. પાંપણો ઝૂકી ગઈ હતી. વળી પાછો પૂછવા લાગ્યો.

'સાયેબ મારી ખુડી કહોરખમ તો સે ને? બધાંય કહોર? 'હા હા મજામાં' હું કહેતો રહ્યો. એણે ખુડી વિશે, એના દારૂડિયા પતિ વિશે મારી પાસેથી જાણવા ઘણી કોશિશ કરી. મેં સાચવી સાચવીને જ ઉત્તર આપ્યા. મિત્ર સાંભળી રહ્યો.

બીજે દિવસે સવારે હું નીકળવાનો હતો. એ ટાઈમસર આવી ગયો. મને એક પોટકી આપતાં નમ્રતાથી કહેવા લાગ્યો.

'સાયેબ, આ ખોડિયારમાનો પરસાદ મારી ખુડીને પોંચાડજો માતાજી તમારુંય ભલું...'

મેં પોટકી લીધી એણે મારી એટેચી લીધી. બસસ્ટેન્ડ સુધી વળાવવા આવ્યો. બસ ઉપડી એટલે હળવેથી કહે - 'સાયેબ, મારી ખુડીને મું મજૂરી કરું છું એ વાત ના કેંતા, નક્કામી ચન્ત્યા...' ને એનો ઊંચો થયેલો હાથ હું જોતો રહ્યો. ■

★ *જે વ્યક્તિ માત્ર તમારી ખુશી માટે હાર માની લે... એ વ્યક્તિ સામે તમે ક્યારેય જીતી નથી શકતા.*

★ *કોઈની નજરમાં તમે સારા છો તો કોઈની નજરમાં તમે ખરાબ છો. હકીકત એ છે કે જેની જેવી જરૂરિયાત છે તમે એવા છો.*

માહિતી

# શૌર્યનું સન્માન – "વુલ્ફ આઈલેન્ડ"

દિનકર મહેતા

ઓન્ટારિયો પ્રોવિન્સમાં આવેલ ટોરન્ટોથી અંદાજે આડત્રીસ કિલોમીટર દૂર કિંગસ્ટન નામનું પ્રાચીન શહેર આવેલું છે. આ શહેરનો પોતાનો રોચક ઈતિહાસ છે. કિંગસ્ટન પાસે ઓન્ટારિયો લેક છે જેમાંથી સેંટ લોરેન્સ નદી શરૂ થાય છે. અને બ્રોકવિલે, મોરીસ ટાઉન, ઓડેન્સબર્ગ, મસેના, કોર્નવોલ, મોન્ટીઅલ અને ક્યુબેકસિટી પાસેથી પસાર થઈ સેંટ લોરેન્સના અખાતમાં પડે છે. સેંટ લોરેન્સ નદી અમેરિકા અને કેનેડાની મધ્યવર્તી રેખા છે. જેની એક તરફ અમેરિકા અને બીજી તરફ કેનેડા છે. નદીના મુખ પાસે 'વુલ્ફ આઈલેન્ડ' આવેલ છે જે ફ્રોન્ટનેક કાઉન્ટીના એક ભાગરૂપે છે. અહીં નાના મોટા લગભગ હજારેક જેટલા ટાપુઓ આવેલા છે જેમાં 'વુલ્ફ આઈલેન્ડ' સૌથી મોટો ટાપુ છે. આ આઈલેન્ડનો વિસ્તાર ૧૨૪ ચોરસ કિલોમીટર છે. પર્યટકો માટે તેનો ખાસ વિકાસ કરવામાં આવ્યો છે. દર વર્ષે હજારો પર્યટકો આ આઈલેન્ડની મુલાકાત લે છે. વુલ્ફ 'આઈલેન્ડ' હોઈ ત્યાં જમીન માર્ગે જઈ શકાય તેમ નથી. તેથી બંને સરકારે ખાસ વ્યવસ્થા કરી છે. કેનેડા તરફથી વુલ્ફ આઈલેન્ડ જવા માટે કિંગસ્ટન જવું પડે છે. કિંગસ્ટનથી આઈલેન્ડ જવા માટે એક ફેરી સર્વિસ ચાલે છે જે નિયમિત રીતે નિયત સમય પ્રમાણે આવન જાવન કરે છે કિંગસ્ટનથી આઈલેન્ડ પહોંચવા માટે ફેરી ૨૦ મિનિટનો સમય લે છે. આ ફેરીની વિશેષતા એ છે કે પર્યટક પોતાની કાર સાથે ફેરીમાં દાખલ થઈ શકે છે. ફેરીમાં એક સાથે ૫૫ કાર અને ૨૯૪ લોકો પ્રવાસ કરી શકે છે. આપણને ગમતી વસ્તુ એ છે કે આ પ્રવાસ માટે ફેરી કોઈ ફી લેતી નથી. મન ફાવે તેટલી વાર ફેરીની સહેલગાહ માણી શકો છો. મફતમાં છે.

મે ૨૦૦૯માં મારે કેનેડાના પ્રવાસે જવાનું થયું ત્યારે વુલ્ફ આઈલેન્ડ જોવાની તક મળી. પુરાતત્ત્વવિદ હોવાને નાતે આ ટાપુનું નામ 'વુલ્ફ આઈલેન્ડ' સાંભળી તે વિશે વિશેષ જાણવાની ઈચ્છા થઈ. દરેક નામની પાછળ કોઈને કોઈ ઈતિહાસ કે દંતકથા રહેલા હોય છે. અમેરિકા, કેનેડાના ઈતિહાસમાં મને રસ હોઈ જ્યારે વુલ્ફ આઈલેન્ડનું નામ મેં સાંભળ્યું ત્યારે એમ વિચાર આવ્યો કે નેશનલ જોગ્રોફીકના ટીવી શોમાં જોવા મળે છે એવું કંઈક હશે. કદાચ આ આઈલેન્ડ પર વરૂની સંખ્યા વિશેષ હશે તે માટે આ આઈલેન્ડનું નામ 'વુલ્ફ આઈલેન્ડ' પડ્યું હશે. પરંતુ અભ્યાસ કરતા જાણવા મળ્યું કે આ નામ પાછળ રસપ્રદ ઈતિહાસ પડ્યો છે.

વુલ્ફ આઈલેન્ડનો પ્રદેશ અતિ પ્રાચીન છે. તેની ભૌગોલિક રચના, ભુસ્તર, વનસ્પતિ, વનો અને પ્રાણીઓનો અભ્યાસ રોચક છે પરંતુ અત્રેનો વિષય અઢારમી સદીના સંદર્ભનો હોઈ વાત તે સમય પૂરતી જ મર્યાદિત રહેશે.

વુલ્ફ આઈલેન્ડને, 'વુલ્ફ આઈલેન્ડ' નામ મળ્યું તે પહેલાં તે બેટ 'ગનઉન્કોનોટ' તરીકે ઓળખાતો. 'ગનઉન્કોનોટ' નો અર્થ થાય છે 'ઉભો બેટ' (Long island standing up). ફ્રેંચ લોકો તેને 'ગ્રાન્ડ ઈલે' પણ કહેતા.

સત્તરમી - અઢારમી સદીમાં યુરોપના દેશોમાં વ્યાપારી સંસ્થાનો મેળવવા નાના મોટા યુદ્ધો થયા કરતા. તેમાં સેવન યર્સ વોર (Seven years wars) વિશેષ પ્રખ્યાત છે. મુખ્યત્વે આ લડાઈ ફ્રાંસ અને બ્રિટન વચ્ચે હતી. ફ્રાંસને પક્ષે ઓસ્ટ્રીયા, રશિયા અને સ્પેન હતા જ્યારે બ્રિટનના પક્ષે પ્રુશિયા, પોર્ટુગલ, હેનોવર અને જર્મનીના નાના નાના રાજ્યો હતા.

બ્રિટીશ આર્મીમાં ફ્રેંચ સામે લડવા માટે અન્ય લશ્કરી અધિકારીઓ સાથે મેજર જનરલ વુલ્ફ પણ હતો. તેનો જન્મ ૨, જાન્યુઆરી ૧૭૨૭ ના રોજ થયેલો અને મૃત્યુ ૧૩ સપ્ટેમ્બર ૧૭૫૯ માં કેનેડાના અબ્રાહમના મેદાનમાં થયું. ૩૨ વર્ષના તેના જીવનકાળમાં તેણે કરેલા પરાક્રમો માટે બ્રિટનના ઈતિહાસમાં તે હંમેશ માટે અમર થઈ ગયો. તે એક બહાદુર અને નીડર લડવૈયો હોવા ઉપરાંત યુદ્ધની રણનીતિમાં તે કુશળ હતો. તેની કુશળતાને કારણે ૧૮ વર્ષે બ્રિગેડ મેજર બન્યો હતો અને ૨૩ મે વર્ષે બઢતી મેળવી લેફ્ટનન્ટ બન્યો.

કેનેડાના ક્યુબેક સીટીને ફ્રાન્સ પાસેથી મેળવી લેવાનું બ્રિટીશ શાસકોનું સ્વપ્નું હતું. આ માટે બ્રિટને વુલ્ફ ઉપર પસંદગી ઉતારી કારણ કે વુલ્ફે લુઈસબર્ગની લડાઈમાં અસાધારણ સફળતા મેળવી હતી.

ક્યુબેક સીટીને ફ્રાંસ પાસેથી ઝુંટવી લેવું સાધારણ કામ ન હતું. કારણ કે ત્યાં બાહોશ ફ્રેંચ જનરલ મોન્ટેકેમ શસ્ત્રસજ્જ થઈને બેઠો હતો. ફ્રેંચ લશ્કરમાં પણ તેનું નામ માનથી લેવાતું. તેની સામે બાથ ભીડવા વુલ્ફે પણ પોતાની રણનીતિ નક્કી કરી લીધી. મોન્ટકેમને કેમ હરાવી શકાય તેની સંપૂર્ણ વ્યુહરચના ગોઠવી અબ્રાહમના મેદાનમાં હુમલો કર્યો. અબ્રાહમનું મેદાન મૂળ તો અબ્રાહમ માર્ટીન નામના ભરવાડની માલિકીનું હતું. પણ યુદ્ધ માટે અહીં ખુલ્લી જગ્યા હોવાથી બંને લશ્કરોએ આ સ્થળની પસંદગી કરી. બંને વચ્ચે ભીષણ લડાઈ થઈ. વુલ્ફની રણનીતિ સામે ફ્રેંચ સૈન્ય વામણું પુરવાર થયું.

(અનુસંધાન : જુઓ પાના નં-૫૬ ઉપર)

માહિતી

# કચ્છની વિકાસગાથા એક નજરે

દિનેશચંદ્ર જે. શાહ

*કચ્છની વિકાસ ગાથામાં આપ સર્વેનું સ્વાગત છે.*

★ કચ્છ ૧૮ થી ૨૦ લાખની વસ્તી ધરાવતો ગુજરાતાનો સૌથી મોટો જિલ્લો છે.

★ કચ્છમાં હાલે ૧૨૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે. જે વર્ષ ૨૦૧૮ સુધીમાં ૨૭૦૦૦ મેગાવોટ થવાની તૈયારીમાં છે. ઓસ્ટ્રેલિયા દેશમાં ૩૦૦૦૦ મેગાવોટ ઉત્પાદન થાય છે.

★ ભારતનાં સિમેન્ટ ઉત્પાદનમાં વધુમાં વધુ હિસ્સો કચ્છ જિલ્લો ધરાવે છે.

★ ખાતરમાં ઉપયોગી પોટાશનું ૧૦ ટકા ઉત્પાદન કચ્છની જમીનમાંથી મળી શકે તેમ છે. આપણે પોટાશની ૧૦૦ ટકા આયાત કરીએ છીએ. કચ્છના આ પોટાશનું યોગ્ય રીતે ઉત્પાદન કરી દેશની આવકમાં વધારો કરી શકીએ તેમજ ખેડૂતોને ખાતર તરીકે સીધો ફાયદો થાય તેવું કરી શકીએ

★ કચ્છમાં પવન ઉર્જાનો મોટો સ્રોત હોતાં વિન્ડપાવર ઉદ્યોગ દ્વારા વીજ ઉત્પાદન થાય છે.

★ કચ્છમાં કંડલા અને અદાણી પોર્ટ જેવા બે મોટા બંદરો આવેલ હોવાથી મોટા પાયે કાર્ગો શિપમેન્ટનો ઉદ્યોગ વિકસ્યો છે. જ્યાંથી દેશ-વિદેશમાં મોટા પાયે આયાત-નિકાસ થાય છે.

★ ૨૦૦૧ ના ભૂકંપ બાદ કચ્છમાં ખાદ્ય તેલોની રીફાઈનરી ઈન્ડસ્ટ્રીઝ ધમધમે છે.

★ કચ્છ રણ પ્રદેશ હોવાથી જંગલોનો નહિવત પ્રમાણ ધરાવે છે. તેમ છતાં આજે કચ્છમાં વુડ ઈન્ડસ્ટ્રીઝનો મોટા પાયે કારોબાર થાય છે. કહેવાય છે કે ભારતનું મોટામાં મોટો લાકડાનો ઉદ્યોગ કચ્છ ધરાવે છે. ગાંધીધામ મધ્યે આયાતી લાકડાનો મોટો કારોબાર ચાલે છે.

★ 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ના સ્લોગન દ્વારા કચ્છના પ્રવાસન ઉદ્યોગમાં ૧૨૦૦ ટકાનો વેગવંત વધારો છેલ્લા સાત વર્ષમાં થયો છે. અને તે પણ એવા વિસ્તારમાં જ્યાં કચ્છની બહુમતી મુસ્લિમ પ્રજા વસવાટ કરે છે.

★ રણ પ્રદેશનું છોગું ધરાવતા કચ્છમાં છેલ્લા પાંચ દાયકા થયા પીવાના પાણી અંગે કોઈ વ્યવસ્થા ન હતી. આજે નર્મદા નીર થકી પીવાના પાણીની સમસ્યા હલ થઈ ગઈ છે. અને ખેતી માટે પણ પાણી મળવા અંગે યોજનાઓ શરૂ થઈ ગઈ છે. પીવાના પાણી, નર્મદા નીર, છેક બોર્ડર પર રહેતા બી.એસ.એફ. જવાનો સુધી પહોંચી ગયું છે.

★ કચ્છના વિકાસ સાથે આંતરિક તથા નેશનલ લેવલે રોડ નેટવર્કનું બેનમૂન આયોજન થયેલ છે. વિશાળ અને સુંદર રસ્તા કચ્છની શાન વધારે છે. જેના લીધે ટ્રાન્સપોર્ટ અને વાહન વ્યવહાર સુલભ થયો છે.

★ ૨૦૦૧ના ભયાનક ભૂકંપ બાદ અસ્તનસ્ત થઈ ગયેલ કચ્છે વિવિધ ક્ષેત્રોમાં અકલ્પનિય વિકાસ સાધ્યો છે. આજે કચ્છમાં જાતજાતના મોટા ઉદ્યોગો ધમધમતા થયા છે. રેલવે માર્ગનો વિકાસ થયો છે. દરિયાઈ બંદરો, પ્રવાસન વિભાગ, જાતજાતના વેપાર રોજગારો, રમણીય દરીયાઈ કિનારાના નજારા દ્વારા કચ્છ વણથંભી વિકાસની કેડીએ દોડતું રહે છે.

★ તેથી જ આપણે 'કચ્છી માડુ મીઠા માડુ' તરીકે વિશ્વભરમાં નામના મેળવેલ છે. જે આપણને કચ્છી હોવાનું ગૌરવ પ્રદાન કરે છે.

***૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્ષ***
***અમદાવાદ સેન્ટ્રલ મોલ સામે, આંબાવાડી સર્કલ પાસે***
***આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.***
***મો. : ૯૪૨૬૫ ૭૭૬૭૮***

*સારા માણસોની એક ખરાબ આદત હોય છે...*
*તે સંબંધો તોડતા નથી... ઓછા કરી નાંખે છે...!!*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

આરોગ્ય

# ચિત્તભ્રમ બીમારી : ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય

ડૉ. મણિલાલ ગડા
ડૉ. દિપ્તી શાહ (ગડા)

આગળના લેખમાં આપણે જાણ્યું કે ચિત્તભ્રમની બીમારીમાં (સ્કિઝોફ્રેનિયામાં) મગજમાં (Brain) આવેલ મન (Mind)ના અવયવોમાં - પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા, ટેમ્પોરલ લોબ, બેઝલ ગેન્ગલિયા, લિમ્બિક સિસ્ટમ વગેરેમાં બંધારણીય (કદ તથા રચના) તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. જેને લીધે મનના કાર્યો જેવા કે : (૧) વિચારો, (૨) વર્તન, (૩) વાણી, (૪) લાગણી, (૫) કાર્યશક્તિ, (૬) સ્મરણ શક્તિ, (૭) એકાગ્રતા તથા (૮) ગ્રહણ શક્તિ પર વિપરીત અસર થાય છે.

મનના અવયવોમાં થતાં નકારાત્મક શારીરિક તથા રાસાયણિક ફેરફારોને લીધે મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. ચિત્તભ્રમ બીમારીના લક્ષણો માનસિક હોવાથી આપણે આ બીમારીને માનસિક બીમારીનું સ્વરૂપ આપીએ છીએ. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ચિત્તભ્રમની બીમારી શારીરિક બીમારી છે જેથી સારવારમાં દવાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

- **ચિત્તભ્રમ બીમારી વિશે પ્રવર્તતી ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય :**

ચિત્તભ્રમ બીમારી અંગે કેટલીક ગેરસમજણ તથા ભૂલભરેલી માન્યતાઓ અને પૂર્વગ્રહયુક્ત અભિપ્રાયો પ્રચલિત છે. આ ભ્રામક માન્યતાઓ ચિત્તભ્રમ બીમારીના દર્દીને યોગ્ય મનોવૈજ્ઞાનિક ચિકિત્સા અને સારવારથી દૂર રાખે છે. આથી દર્દીનું તથા કુટુંબનું નુકસાન થાય છે.

**ગેરસમજ-૧**

*"કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત પિશાચ, દેવી કે શયતાનની અસર છે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

વ્યક્તિની વર્તણૂક, વિચારોમાં થતા ફેરફારો બીમારીને લીધે છે.

વૈજ્ઞાનિક પ્રગતિની ૨૧મી સદીમાં જ્યાં ઇન્ટરનેટ, ઇ-મેઇલ તથા બધી માહિતી આંગળીના ટેરવે મળે છે એવા સમયે ઘણા લોકો દ્રઢતાપૂર્વક (ખોટું) માને છે કે ચિત્તભ્રમની બીમારીથી પીડાતી વ્યક્તિ ભૂત-પિશાચ, શેતાન, દેવીની અસર હેઠળ આવેલ છે. વિચારો તથા ખાસ કરીને વર્તણૂંક કોઈએ કાંઈ કર્યું છે, દેવીનો પ્રકોપ છે, કોઈ શરીરમાં આવ્યું છે. તેથી આ અસરમાંથી મુક્ત કરવા વ્યક્તિને ભુવા પાસે લઈ જવો જોઈએ. ડૉક્ટરની સારવારથી વર્તણૂંક નહીં બદલાય, બલ્કે વધી જશે.

- **કેસ સ્ટડી :**

૨૮ વર્ષનો અમિત છેલ્લા એકાદ વર્ષથી ગુમસુમ રહેતો હતો. કોઈની સાથે બોલે નહીં. બ્રશ કરવાનું, સ્નાન કરવાનું વગેરે કુટુંબીજનો કહેતા ત્યારે કરતો. જમવા માટે કુટુંબીજનો ન કહે તો આખો દિવસ જમ્યા વગર ભૂખ્યો રહેતો. મનમાં ને મનમાં બબડ્યા કરતો. કારણ વગર ઘણીવાર હસતો. મોઢાના વિચિત્ર હાવભાવ કરતો.

આ વર્તણૂંક માટે ભુવાને બતાડ્યું. "શરીરમાં કોઈ ભૂતાત્મા છે." એને કાઢવા માટે ભુવાએ વિધિ જણાવી. મહિના સુધી એ પ્રમાણે કર્યું. કોઈ ફરક ન પડ્યો.

દરગાહ પર લઈ ગયા. તાવીજ બનાવી પહેરાવ્યું. પરિણામ શૂન્ય આવ્યું.

કુળદેવીના સ્થળે જઈ પગે પડી આવ્યા. માનતા માની. કોઈ ફરક ન પડ્યો.

આ દરમ્યાન વર્તણૂંક વધારે બગડતી ગઈ. દિવસો સુધી અમિત સ્નાન ન કરતો, દાઢી ન કરતો. વાળ ચાર મહિના પછી કપાવ્યા.

જ્યોતિષ પાસે ગયા. એણે મનોચિકિત્સકની સલાહ લેવા સમજાવ્યા.

ચિત્તભ્રમ બીમારીનું નિદાન લેખકે કર્યું. ઔષધોપચાર શરૂ કર્યો. ધીમે ધીમે ફરક પડવા માંડ્યો. મહિનાની સારવારમાં વર્તણૂંકમાં ઘણો સુધારો થયો. બ્રશ, સ્નાન, જમવાનું નિયમિત કરવા લાગ્યો. ચારેક મહિનામાં ધંધા પર જવા લાગ્યો અને ધંધાની જવાબદારી લેવા લાગ્યો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

ચિત્તભ્રમ બીમારીમાં મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. જે જ્ઞાનતંતુઓમાં થતા બંધારણીય (કદ, રચના) તથા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને લીધે છે. દવાઓ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા જ્ઞાનતંતુમાં નોર્મલ કરે છે. જેથી બીમારીના લક્ષણો કાબુમાં આવે છે.

### ગેરસમજ-૨

*"કેટલું સમજાવ્યું છતાં પોતાના વિચારો છોડતો નથી."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

સારા અને સામાન્ય માણસની જેમ ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિ પોતાના વિચારો કાબૂમાં રાખી શકતી નથી.

ટાઈફોઈડ કે મેલેરિયાના તાવથી પીડાતી વ્યક્તિ જેમ તાવને ભગાડી શકતી નથી તેમ ચિત્તભ્રમની બીમારીથી પીડાતી વ્યક્તિને વિચારોને કાબૂમાં લાવવા વૈદ્યકીય સારવારની (દવાની) જરૂરત છે. માટે સમજાવવા કે સલાહ આપવાને બદલે મનોચિકિત્સક દ્વારા યોગ્ય નિદાન કરાવી સારવાર કરાવવી અત્યંત અગત્યનું છે.

### ગેરસમજ-૩

*"તે આળસુ થઈ ગયો છે. તેને કામ કરવું નથી."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું તથા કામ કરવાની ઉત્સુકતા ન રહેવી એ ચિત્તભ્રમ બીમારીનું લક્ષણ છે. જે દર્દીના કાબૂમાં નથી. દર્દી આળસુ થઈ ગયો છે કે જાણી કરીને કામ કરતો નથી એવું નથી.

દર્દીને સલાહ આપવાથી કે કાઉન્સેલિંગ કરવાથી દર્દી કામ પર જતો નથી. દર્દી જાણીબુઝીને આવું કરતો નથી પરંતુ બીમારીનું લક્ષણ છે. યોગ્ય નિદાન અને યોગ્ય સારવાર કરવાથી ફાયદો થાય છે અને વ્યક્તિ (દર્દી) પૂર્વવત કામ પર જાય છે.

### ગેરસમજ-૪

*"ચિત્તભ્રમ બીમારીમાં સારવારમાં અપાતી દવાઓ માત્ર ઊંઘની દવાઓ છે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

ચિત્તભ્રમ બીમારીમાં મગજમાં (Brain) આવેલ મનના (Mind) અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા વગેરેમાં) બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે જેને લીધે ચિત્તભ્રમ બીમારીના લક્ષણો જોવા મળે છે.

દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરાય છે. જેથી ચિત્તભ્રમ બીમારી પર કાબૂ મેળવાય છે તથા બીમારીના લક્ષણો દૂર થાય છે.

ચિત્તભ્રમની બીમારીના લક્ષણમાં ઊંઘ ઓછી આવતી હોય છે જે દવાને લીધે નોર્મલ થાય છે. ૬થી ૭ કલાક ઊંઘ આવે છે. ઊંઘ વધારે આવતી નથી. દર્દી પોતાનું રોજિંદુ કામકાજ વ્યવસ્થિત કરી શકે છે. વિદ્યાર્થી અભ્યાસ કરી શકે છે.

સાથે સાથે વિચાર, વર્તન, વાણી, લાગણી, કાર્યશક્તિ પર ચિત્તભ્રમ બીમારીને લીધે થયેલ વિપરીત અસરો પણ કાબૂ આવે છે તથા દર્દી મહદાંશે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

### ગેરસમજ-૫

*"લગ્ન કરવાથી ચિત્તભ્રમ બીમારી દૂર થશે."*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

જેમ ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાઈરોઈડની બીમારી લગ્ન કરવાથી મટતી નથી પણ આ બીમારી માટે યોગ્ય સારવારની જરૂરત છે તેમ આપણે સૌએ સમજવું જરૂરી છે કે ચિત્તભ્રમ એક બીમારી છે તથા તેના માટે યોગ્ય મેડિકલ સારવારની જરૂરત છે.

જવાબદારી ન લેવાની તથા પોતાની દુનિયામાં ખોવાઈ જવાનું એ ચિત્તભ્રમ બીમારીના લક્ષણો છે. વ્યક્તિ (દર્દી) જાણી કરીને આ રીતની વર્તણૂંક કરે છે એમ સમજીને લગ્ન કરવાથી વ્યક્તિ (દર્દી) જિંદગીની જવાબદારી લઈ લેશે એ માન્યતા ભ્રામક છે.

"જવાબદારી ન લેવી" એ બીમારીનું લક્ષણ છે એ વાત સમજવી જરૂરી છે. આ માટે મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી સારવાર કરાવીએ જેથી વ્યક્તિ (દર્દી) સારો થાય અને નોર્મલ જિંદગી જીવી શકે.

હવે પછીના લેખમાં ચિત્તભ્રમ બીમારીની સારવાર વિષે જાણકારી મેળવીશું. ■

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

આરોગ્ય

# સાઠ પછીનું સ્વાસ્થ્ય : (૬)
# વધતી ઉંમર અને ઇન્દ્રિયો – સ્પર્શ

હરેશ ધોળકિયા

જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ દર્દ વગેરેથી વ્યક્તિ ઓછી સંવેદનશીલ બનતી જાય છે. કદાચ તે સારી બાબત કહી શકાય. એવું નથી કે ઉંમર સાથે દૃષ્ટિ કે સાંભળવાની ઇન્દ્રિયોમાં જ પરિવર્તન આવે છે : હકીકતે તો બધા જ સંવેદનો સ્પર્શથી લઈ ગરમી-ઠંડી અનુભવવા સુધીની–માં પરિવર્તન આવે છે. આના કારણે થતી સમસ્યાનો ઉકેલ તો એક જ છે – જાગૃતિ.

ઉંમર વધે તેમ, સ્વાભાવિક રીતે સ્પર્શેન્દ્રિયની શક્તિમાં ઘટાડો થાય છે. તેમાં સ્પર્શ, દબાણ કે ઉષ્ણતામાનનો સમાવેશ થાય છે. એટલે કે હવે સ્પર્શની અનુભૂતિ કરવા માટે વધારે ધ્યાન આપવાની જરૂર પડે છે. એટલે આપણી આસપાસ જે પણ છે તેનો સ્પર્શ કરવા કે તેની સાથે સંબંધ બાંધવા હવે વ્યક્તિએ વધારે ધ્યાન આપવું પડશે. જેમ તે તે વધારે કરશે, તેમ તેને તેની વધારે કદર થશે અને તેને માણશે.

● **પ્રભાવ :**

આ ઇન્દ્રિયની જે તાકાત ઘટે છે તેનો પ્રભાવ પડે છે.

ઉષ્ણતામાન બાબતે જે સંવેદનશીલતા ઘટે છે, તેને કારણે મેડિકલમાં જેને "હાઈપોથર્મિયા" કહે છે તેનું જોખમ વધે છે. (એટલે કે શરીરનું વધારે પડતું ઉષ્ણતામાન ઘટી જાય.) એ જ રીતે ઠંડકની ફ્રોસ્ટબાઈટ જેવી તકલીફોની પણ ખબર નથી પડતી. તેમાં પણ જો એથેરોસ્ક્લેરોસીસથી લોહીનું પરિભ્રમણ ઘટી ગયું હોય તો ડાયાબિટીસથી જ્ઞાનતંતુઓ પ્રભાવિત થયેલ હોય તો વધારે તકલીફ પડે છે.

શરીરની સ્થિતિ બાબતે સજાગતા ઘટે છે અને જો સમતુલા બરાબર ન હોય તો પડી જવાનો ભય વધે છે.

દર્દની ઓછી સજાગતાને કારણે બળી રહેવું કે બીજી કોઈ ઈજાનો ખ્યાલ જલ્દી આવતો નથી અને જો સ્ટ્રોક કે આર્થરાઈટીસ જેવી તકલીફો હોય તો આ તકલીફ ગંભીર બને છે.

સ્પર્શ, દર્દ કે દબાણની સંવેદનશીલતા ઓછી થવાથી જો વ્યક્તિની ગતિશીલતા ઓછી થઈ જાય તો દબાણના લીધે સોજા વધે છે. માની લો કે દર્દની સંવેદનશીલતા બરાબર હોય, તો પણ ઉંમર સાથે પ્રત્યાઘાત કે પ્રતિભાવ આપવાની શક્તિ તો ઘટે જ છે. તેનો અર્થ એ કરી શકાય કે વ્યક્તિ દર્દ થાય તેવી બાબતમાંથી ઝડપથી દૂર થવાની શક્તિ ધીમી હોય છે. તેથી દર્દ, બળતરા વગેરેની શક્યતા વધી જાય છે. જોખમ બાબતે પણ ધીમી ખબર પડે છે. એટલે જ્યારે ટોળામાં કે ભીડમાં હોઈએ અને રસ્તો ક્રોસ કરતા હોઈએ ત્યારે બરાબર જોવા અને સાંભળવાની ટેવ કેળવવાની જરૂર પડે છે.

સ્પર્શની સંવેદનશીલતામાં ઘટાડાનો અર્થ એ કે શારીરિક આનંદો, શારીરિક પ્રત્યાયન, હૂંફ વગેરેનો ઓછો અનુભવ થાય છે. સ્પર્શના કારણે શરીરમાંથી એન્ડ્રોફીન - શરીરને આનંદ આપતાં સ્પર્શનાં રસાયણોને - બહાર છોડે છે. તે સ્વાસ્થ્ય માટે બહુ જરૂરી છે. તે ચિંતામાં ઘટાડો કરે છે, મુડ સુધારે છે, દર્દ ઘટાડે છે, મટાડવાની શક્તિ વધારે છે અને ધબકારાને પણ શાંત કરે છે. તેનો ઉપયોગ કરવાથી તેની શક્તિ જળવાઈ રહે છે. એટલે સ્પર્શ સંદર્ભે કેટલીક રીતો દર્શાવી છે જેનો ઉપયોગ કરવાથી તે સજાગ રહેશે.

❖ વૃધ્ધ ચામડી આળી હોય છે અને તેનું રક્ષણ કરતું તેલ ઓછું હોય છે. તેથી સાબુનો ઉપયોગ ઓછો કરો અને તેને સતત ભીની રાખો. આ રીતે તેના પર દયા રાખો.

❖ ચામડીને સતત ઉત્તેજિત રાખો. તે સ્પર્શની સંવેદનશીલતાને જાળવવામાં મદદરૂપ છે. બીજા કરતાં જ્યાં વધારે જ્ઞાનતંતુ હોય તેવા વધારે સંવેદનશીલ વિસ્તારો આપણો ચહેરો (ખાસ કરીને હોઠ), હાથ (ખાસ કરીને આંગળીઓ), પગ અને ગરદન છે.

❖ તે માટે માલીસ માણો : માલીસ કરવાથી તાણ, ચિંતા અને ડિપ્રેશન ઓછા થાય છે. દર્દ, અક્કડતા અને લોહીના દબાણને પણ મદદ કરે છે. જે વૃધ્ધ લોકો માલીસ કરે છે તેઓ – નથી કરતા એવા લોકો કરતાં - સાંવેગિક પ્રશ્નોનો ઓછો સામનો કરે છે અને શારીરિક અને સાંવેગિક મુદ્દાઓના કારણે જે મર્યાદાનો સામનો કરવો પડે છે તેમાં પણ હળવાશ આવે છે.

❖ જો વ્યક્તિ પાસે તેના સાથી હોય, તો જાતીયતામાં અને જાતીય જીવનમાં વધારો કરવા તેના સાથે સ્પર્શ વધારો. એક અભ્યાસ પ્રમાણે સ્પર્શ માણતાં સિત્તેર ઉપરના દંપતિઓનું જાતીય જીવન તેમની આગળની પેઢી કરતાં વધારે સારું છે અને તેઓ તે બાબતે મહત્તમ સંતોષ વ્યક્ત કરે છે.

❖ સ્પર્શની અનુભૂતિ ઘટે તો વધારે સ્પર્શ કરી તેને હળવી કરો.

❖ જો કોઈ એકલું રહેતું હોય તો એક પાલતુ જાનવર પાળી શકાય છે. તેને રમાડવાથી સતત સ્પર્શનો અનુભવ થશે.

❖ ***મગજને પડકારો :*** એવી કસોટીઓ કરવાનો પ્રયાસ કરો જે મગજની નસોને ઉત્તેજિત કરે. તેને 'ન્યુરોબિક્સ' કહે છે. તે મગજમાં નિષ્ક્રિય રહેલા જ્ઞાનતંતુઓને સક્રિય કરશે. તેથી પણ સંવેદનશીલતા વધશે. આનો ઈરાદો રૂટિન તોડવાનો છે અને મગજને નવી નવી પ્રવૃત્તિઓ આપવાનો છે, જે મગજને વધારે સક્રિય બનાવે. આ સાથે આવી પ્રવૃત્તિઓ કરી શકાય : દાંતને બ્રશ કરવા ઉપયોગ ન કરતા હો તે હાથથી બ્રશ કરવું. આંખ બંધ કરી કપડાં પહેરવાં. અન્ય પ્રવૃત્તિ સાથે સંગીત સાંભળવું. કમ્પ્યુટર શીખવું. નવી ભાષા શીખવી વગેરે.

આ ઉપરાંત ઘટેલ સંવેદનશીલતાના વિકલ્પ તરીકે આ ચાર પ્રવૃત્તિ કરી શકાય.

***(૧) વધારે સંભાળ રાખો :*** કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરતી વેળા વધારે ધ્યાન રાખો. ગરમ દૂધ વગેરે પીઓ તો થોડીવાર પછી પીઓ.

***(૨) સતત તપાસ કરતા રહો :*** ચામડી પર ઈજા થાય તો તપાસતા રહો. ખાસ કરી પગમાં ઈજા હોય તો અને ડાયાબિટીસ હોય તો સંવેદનશીલતા પર આધાર ન રાખો પણ ધ્યાનથી તપાસ કરો કે ઈજા ગંભીર તો નથી ને.

***(૩) થર્મોમીટરનો ઉપયોગ કરો :*** શરીરનું ઉષ્ણતામાન કેટલું છે તે તપાસો. તેને આધારે ઘરમાં કે બહાર શું પહેરવું તે નક્કી કરી શકાય. ગરમી કે ઠંડીની સંવેદનશીલતા પર આધાર ન રાખવો.

***(૪) થર્મોસ્ટેટ નીચું કરવું :*** ગરમ કરવાના મશીનની ગરમી પર આધાર ન રાખવો. તે ઓછું પણ અનુભવાય. તેનાથી ગંભીર તકલીફ થઈ શકે. એટલે તે જોખમ ઘટાડવા તેને મહત્તમ ૪૯ સે. પર જ રાખવું.

● **પડી જવું :**

વૃધ્ધત્વ વધે તેમ પડવાનો ભય વધે છે. તેનું કારણ સમતુલા, સ્પર્શ, દૃષ્ટિ વગેરેમાં જે પરિવર્તનો આવે છે તે અને આંશિક રીતે સ્નાયુઓ નબળાં પડે છે તે હોઈ શકે. દર વર્ષે ૬૫ વર્ષના દર ત્રણ લોકોમાંથી એક તો પડે જ છે. તેમનામાંથી પાંચ ટકાને ઈજા પણ થાય છે અને જેમ ઉંમર વધે તેમ આ પડવું વધારે જોખમી બને છે કારણકે હાડકાં વધારે નબળાં બને છે. તેથી ઝડપથી ભાંગી પડે છે.

તેના અનેક કારણો હોઈ શકે છે. સમતુલામાં ખલેલ પહોંચી હોય છે. શરીરના ભાગો વચ્ચે સંકલન કરવાની શક્તિ પણ ઘટે છે. તેથી ઘણીવાર પગ ક્યાં છે તેનો ખ્યાલ માંડ આવે છે. ઝડપથી ફરી પણ નથી શકાતું. પગની સ્પર્શ શક્તિ અને દબાણની સંવેદનશીલતાનો અભાવ પણ આ સ્થિતિ ઊભી કરે છે. સાથે કાનમાં ચક્કર પણ તકલીફ કરી શકે છે. સાથે લોહીનું દબાણ, લોહીમાં સાકર ઘટવી, સ્ટ્રોક, હૃદયના ધબકારામાં થતા ફેરફાર, આર્થરાઈટીસ, ન્યુરોલોજિકલ પરિસ્થિતિ, પાર્કિન્સનની તકલીફ વગેરે પણ સ્થિરતાથી ઊભવા કે ચાલવામાં તકલીફ ઊભી કરી શકે છે. દવાની આડઅસરો પણ મુશ્કેલી ઊભી કરી શકે છે. તે મગજમાં ધુંધળાશ વધારે છે. ઊંઘની ગોળીઓ પણ તકલીફ વધારી શકે છે. આલ્કોહોલ પણ મુશ્કેલી ઊભી કરે છે.

● **સ્વ-મદદ :**

પણ આ બધા જોખમો ટાળી શકાય છે.

❖ તેમાં પ્રથમ ઉપાય છે હળવી કસરત. તે બળ વધારે છે અને સમતુલામાં પણ સુધારો કરે છે.

❖ કસરતથી સ્નાયુઓ મજબૂત કરી શકાય છે.

❖ વજનની કસરત હાડકાં મજબૂત કરે છે.

❖ સમતુલાની કસરત તેને વધારે છે.

❖ ગતિશીલતા અને હલનચલનમાં વધારો કરવો.

❖ હાડકાંને મદદ કરે તેવો કેલ્શિયમ અને વિટામિન-ડી વાળો આહાર લેવો.

❖ આંખ અને કાનની બરાબર સંભાળ રાખવી. તેની સતત તપાસ કરાવતા રહેવું.

❖ ડાયાબિટીસ, લોહીનું દબાણ, હૃદયની તકલીફો પ્રત્યે બેદરકાર ન રહેવું. તેની સારવાર કરાવતા રહેવું.

❖ દવાની આડઅસરો ઓછી કરવા તેનું ડૉક્ટર પાસે મૂલ્યાંકન કરાવતા રહેવું.

❖ ફ્રેક્ચર પડે તો તરત સારવાર કરાવવી. ડૉક્ટરની મદદ લેવી.

ટૂંકમાં, આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું વાક્ય યાદ રાખવું : "જીવન સાઈકલ ચલાવવા જેવું છે. તમારી સમતુલા જાળવવા તમારે તેને સતત ચલાવતા રહેવું જોઈએ."

***(ક્રમશઃ)***

## શુધ્ધ કક્કાહારી ગુજરાતી ગ્રેજ્યુએટ...

**(અનુસંધાન : પાના નં-૬૬ ઉપરથી ચાલુ)**

માતૃભાષા શબ્દની સંધિ અશાસ્ત્રીય રીતે છૂટી પાડીએ તો માત + રૂ + ભાષા થાય. મતલબ માતૃભાષા જ રૂ જેવી હલકી-ફૂલકી લાગે છે જ્યારે પરભાષા પાણાની જેમ વાગે છે. એટલે સ્તો 'ઈંગુ' ને હોમવર્ક કરાવતાં એનાં માબાપના લમણા દુઃખી જતા હોય છે. પરંતુ સ્વભાવસહજ આપણને પારકી ભાષાનો લાડુ મોટો લાગે છે; અને એ મોટો પૂરો પચે નહીં એટલે ઉપદ્રવો ઊભા થાય છે. પણ એવું ભાન થાય ત્યારે મોડું થઈ ગયું હોય છે. મોડું ભલે થયું. હવે બહુ મોડું ન થઈ જાય તો ઘણું...!

● **છમ્મવડું :**

***'ઈંગ્લિશ મીડિયમ'માં ભણાવવાની બીમારી માબાપને છે અને દરદ બાળકોને ભોગવવું પડે છે. જાગો, વાલીઓ જાગો!!***

હાસ્ય લેખ

# જોઈએ છે...
# શુદ્ધ કક્કાહારી ગુજરાતી ગ્રેજ્યુએટ

ડૉ. નલિની ગણાત્રા

આ જાહેરાત આજની નહીં; પરંતુ થોડાંક વર્ષો પછીની છે. અત્યારે ગુજરાતી ભાષાનું આખું મીડિયમ મંદી તરફ પ્રગતિ કરી રહ્યું છે. કિંતુ શેર ખરીદવા માટે મંદીની સીઝન જ હોટ ગણાય અને ધંધો કરતાં આવડે એને તો મંદી જ માલામાલ બનાવે. એટલે જ કહું છું કે મંદીનો લાભ લઈ તમારાં બાળકોને આજે જ ગુજરાતી ભાષામાં તેજ બનાવો. (આ ઑફર તમારી આંખ ઊઘડે ત્યાં સુધી જ છે!) કારણ કે અત્યારે ઇંગ્લિશ મીડિયમમાં થતી ધક્કામુક્કી જોતાં એવું લાગે છે કે, એક સમય એવો આવશે કે ગુજરાતમાં બધ્ધું અવેલેબલ હશે, પણ શુદ્ધ ગુજરાતી મળવો મુશ્કેલ હશે. અને દુર્લભની જ ડિમાન્ડ અને વેલ્યૂ હોય. એટલે જ કહું છું કે, ઊઠો, જાગો અને એક પાક્કા ગુજરાતી બની જાવ!! શ્વેત બગલાને જોઈને કાળો કાગડો હીણો લાગે; પરંતુ શ્રાદ્ધમાં કાળા કાગડાને જ ગોતવા નીકળવું પડે. આપણી લાગણીઓનું 'તર્પણ' (તૃપ્તિ) માતૃભાષા થકી જ સારું થઈ શકે. આપણી બહેનો જસ્ટ ટહેલવા નીકળે ત્યારે ભલે જિન્સ, લેગીન્સ કે જેગીન્સ પહેરતી હોય, પણ પૂજાવિધિમાં બેસવાનું હોય ત્યારે સાડી વગર શોભે પણ નહીં અને અધૂરી જ લાગે. સમજી ગયા ને? ટૂંકમાં એક સમય એવો આવશે કે, અખબારને પાને કોઈ પણ જાતની - ઝીણી મોટી ફુદરડી વગરની આવી જાહેરાત જોવા મળશે કે... "શુદ્ધ કક્કાહારી ગુજરાતી ગ્રેજ્યુએટ જોઈએ છે" અને અરજીમાં તમે હીરો-વટથી લખી શકશો... "મૈં હૂં ના!..." આજકાલ ગુજરાતી ઍન્કરોના 'ભાવ' બોલાય છે. કારણ? અભાવ!!

ચુસ્ત ગુજરાતી પડ્યા છે ત્યાં સુધી ગુજરાતી ભાષા નાબૂદ તો નથી જ થવાની, પણ હા, એ ખુદ ખાસ્સી અભડાઈ તો ગઈ જ છે. આ જુઓને, હું પોતે ગુજરાતી ભાષાનાં ગુણગાન ગાવા બેઠી છું. છતાં પહેલા અને એક જ ફકરામાં મેં કેટલા બધા અંગ્રેજી શબ્દો ઘુસાડી દીધા...મીડિયમ, સીઝન, હૉટ, અવેલેબલ, જસ્ટ, ડિમાન્ડ, વેલ્યૂ, ઍન્કર વગેરે...! અને તોય જાણે કંઈ જ અનિચ્છનીય ન બન્યું હોય એવું લાગ્યું ને? આપણા દેશમાં ઘુસણખોરો ઘૂસી જાય અને આપણને ખબર પણ ન પડે. એટલું જ નહીં, એ ઘુસણખોરો આપણને પાછા ભારતીય જ લાગવા માંડે...બરાબર એમ જ આપણને અંગ્રેજી ગુજરાતી સગ્ગી બહેનો લાગવા માંડી છે.

કહેવાનો મતલબ, લખવા-બોલવામાં તો આપણે ગુજરાતીને 'ઇંગ્લિશ એંઠી' કરી જ નાખી છે; પરંતુ આજના 'ઇંગુ' ઉર્ફે ઇંગ્લિશ મીડિયમમાં ભણતા ગુજરાતી બાળકો તો ગુજરાતી ભાષાને સમજવામાં પણ હીણપત અનુભવવા લાગ્યા છે. વાંચો, એક શાણી સત્ય ઘટના.

એક ચૌદ-પંદર વરસની દીકરીની સુંવાળી ફરિયાદ કરતાં એની મમ્મી કહે કે, અમારી 'રેશમ' ને તો શાક સમારતાં પણ આવડતું નથી. એટલે અમથું આશ્વાસન આપતાં મેં કહ્યું કે, 'ચિંતા ન કરો. એ તો સાસરે જશે એટલે બધું આવડી જશે.' એમાં તો એની ઇંગુ બેટી ચહેરા પર ચાંપલા હાવભાવ સાથે કોન્વેન્ટિયા ખભા હલાવતાં બોલી કે, 'સાસરે મતલબ?!!' આ સાંભળીને 'અધૂરા ઘડા' જેવી એની મમ્મી ગૌરવથી છલકાતાં બોલી કે, મારી રેશમ (પટ્ટી?) ને તો સાસરું અને પિયર એવા શબ્દોમાં પણ સમજ ન પડે. પછી મારે દાઢમાં કહેવું પડ્યું કે એ પણ સાસરે જશે એટલે સમજાઈ જશે!! હવે અત્યારે તો ૧૪-૧૫ વરસની છોકરીઓ ઘર છોડીને 'લવર' સાથે નાસી જતી હોય છે અને 'સાસરું' નો અર્થ ખબર ન હોય એવું બને ખરું? પણ ગુજરાતી ભાષા સમજાય છે એવું જાહેર થઈ જાય તો એની નાયલોન ઇંગ્લિશને ઊની આંચ લાગી જાય!! એટલું જ નહીં, ગુજરાતી ભાષામાં સમજ ન પડવી એ જાણે મોટી સિદ્ધિ હોય એમ ગૌરવ લે. આવા લોકોને તો ચચરે એવી ચોપડાવી દેવાની ઇચ્છા થાય કે હે વટલાયેલાઓ, ગુજરાતી ભાષા ખૂબ જ હોશિયાર હોય એને જ સમજાય. ઓ.કે.? અને આ ઓ.કે. માં એ લોકો સઘળું સમજી જાય. એ તો જરૂર પડ્યે એમને સમજ પડે એવી ભાષા જ વાપરવી પડે. શું કહેવું?

જેના સંસ્કારથી સિંચાયા હોઈએ એ માની સાડીનો છેડો પકડવામાં નીચાજોણું શેનું? હા, 'મેડમ' સાથે હાથ ભલે મિલાવો પણ માનો હાથ છોડ્યા વગર... અને, કોઈ દેશ કે પ્રદેશને પોતાની ભાષા વગર ચાલ્યું નથી. એમાંય ગુજરાત તો અત્યારે અજવાળી રાત જેવું છે. પરપ્રાંતમાં જશો તો ત્યાંના લોકો પણ મેણું મારશે કે, ગુજરાતથી આવો છો અને ગુજરાતી આવડતું નથી? ત્યારે હે ઇંગુઓ, તમે કઈ ભાષામાં ભોંઠા પડશો? મોજાં વગર બૂટ ન શોભે, સૂરજ વગર દિવસ ન શોભે, દરદ વગર દર્દી ન શોભે, દર્દી વગર ડૉક્ટર ન શોભે, કર્મચારી વગર બૉસ ન શોભે અને પૂરી વગર દૂધપાક ન શોભે એમ માતૃભાષા વગર મૂળચંદ ન શોભે.

(અનુસંધાન : જુઓ પાના નં-૬૫ ઉપર)

# આંજો કાગર

મારાં લખાણને આપના લોકપ્રિય માસિક 'મંગલ મંદિર'માં છાપવા અને એના બહોળા વાચકો સુધી પહોંચાડવા માટે હું આપનો ઋણી છું.

હું જોઉં છું કે, આપ તંત્રીલેખો સમયકાળની ઋતુઓ કે પ્રાસંગિક વિષયોને લઈને લખો છો અને 'મંગલ મંદિર'ના વાંચકોને યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા આપો છો. 'મંગલ મંદિર'ના દરેક અંકમાં વૈવિધ્યસભર લેખો હોય છે.

મે-૨૦૧૭ના અંકમાં 'જેનેરીક દવાઓ અને સરકારી શિક્ષણ' અંગેનો આપનો તંત્રીલેખ મને ખાસ પ્રસ્તુત લાગ્યો. બ્રાન્ડેડ દવા દ્વારા ફાર્માસ્યુટીકલ કંપનીઓ અને ડૉક્ટરો દર્દીઓને ખૂબ લૂંટે છે. ઘણા લોકો પોતે આ દવાઓથી લૂંટાઈ જાય છે એનો એમને ખ્યાલ પણ આવતો નથી. હાલ દેશની સૌથી અગત્યની જરૂરિયાત સો ટકા સાક્ષરતાની છે. એ જ રીતે લોકોની તંદુરસ્તી માટે તબીબી સેવાઓ સર્વત્ર સત્વરે ઉપલબ્ધ હોવી જોઈએ.

*ફાધર વર્ગીસ પૉલ, એસ.જે.*
*ડાયરેક્ટર - કૅથોલિક ઇન્ફોર્મેશન સર્વિસ સોસાયટી*

★

જૂન-૨૦૧૭ના 'મંગલ મંદિર'માં શ્રી પ્રદીપભાઈ મહેતા દ્વારા સમાજ સેવકની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તે ખરેખર યોગ્ય છે અને તે ઉપર વિચારણા પણ માંગી લે તેમ છે. આ અંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોએ ધ્યાનમાં લેવા જેવી એ બાબત છે કે જ્યારે પણ સંસ્થાની મિટિંગો મળે છે ત્યારે અમુક ચહેરાઓ ફક્ત મિટિંગ વખતે જ નજર આવે છે. તેમને એ પણ ખ્યાલ નથી કે સંસ્થામાં કયા પ્રકારના સેવાકીય કાર્યો ચાલે છે અને સમાજના સભ્યોને જરૂર પડે ત્યારે તેઓ યોગ્ય માર્ગદર્શન પણ આપી શકતા નથી. ખરેખર સમાજના વહીવટી તંત્રે તેમને પ્રેમથી સમજાવી તેમની ફરજ અદા કરતાં શીખવવું જોઈએ અથવા તો સન્માનપૂર્વક કામ કરતી વ્યક્તિ માટે જગ્યા છોડે તેવું સમજાવવું જોઈએ.

દર વર્ષે આવતી વાર્ષિક ચૂંટણી સમયે ચૂંટાવા માટે ઉમેદવારી નોંધાવી યેનકેન પ્રકારે ચૂંટવાની ગતિવિધિ કરતાં તેવા ઉમેદવારો ચૂંટાઈ આવે છે, જેઓ ફક્ત પદ ખેવના રાખે છે, કામની કોઈ લાગણી નહીં. આ ભાવના સંસ્થાને નુકસાનકારક છે.

જો પોતાની પાસે સમાજસેવા કરવા માટે સમય હોય અને સમાજના કામો માટે સમય ફાળવી શકે તો જ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવો જોઈએ.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

★

'મંગલ મંદિર' જૂન-૨૦૧૭ના અંકમાં ભાઈ શ્રી પ્રદીપ મહેતાએ સમાજના કાર્યકરો દ્વારા સમાજ સેવા માટે ચૂંટાવાની ઇચ્છા ધરાવનારા ઉમેદવારો માટે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ફક્ત હોદ્દા અને પદની મહેચ્છા રાખવા કરતાં કામ કરવા માટે સમયની અનુકૂળતા વધારે મહત્ત્વની છે.

ભાઈશ્રી પ્રદીપ મહેતાએ બહુ જ સત્યવાણી ઉચ્ચારી છે. તેમણે જણાવ્યું છે કે જેમને સમાજસેવા કરવાની ધગશ છે તેમણે હોદ્દાનો તથા માન મરતબાનો અહં તથા પદ માટેની લાગણીનો છેદ ઉડાડીને પોતાને સોંપાયેલ કામની મહત્તા સમજી સૌનો સાથ લઈ, હુંસાતુંસી છોડી, આપણા સમાજની પ્રગતિમાં હિસ્સેદાર બની પોતાનું જ્ઞાન અને કાર્ય કૌશલ્યતા દાખવી સમાજને ગૌરવભેર ઊંચો લાવવા માટેના પ્રયત્નોમાં કોઈ બાંધછોડ ન કરવાની ભાવના રાખી પોતાની ફરજનો આદર કરવો તે જ યોગ્ય જણાશે. તો જ તે સાચા સમાજસેવક તરીકે માનનિય થશે.

વર્ષ ૨૦૧૨ના ઓગસ્ટના 'મંગલ મંદિર'ના 'આંજો કાગર' વિભાગમાં મેં જણાવેલ હતું કે ચૂંટણી સમયે ઉમેદવારી નોંધાવતા સભ્યોએ પોતાની યોગ્યતા સમજી કાર્યશીલતાનો અનુભવ તથા આત્મદર્શનના જ્ઞાન સાથે મનમેળ સાધી ઉમેદવારી નોંધાવવી જોઈએ. પરંતુ તેવું અનુભવ્યું નથી અને તે પરિસ્થિતિ આજ દિવસ સુધી યથાવત રહી છે.

સમાજના ચૂંટાયેલા સભ્યો પાસે એવી આશા જરૂર સેવાય કે તેઓ નિષ્ક્રિય બની શોભાના પૂતળાં ના બની રહેતા સમાજની સંસ્થામાં પોતાની જાતને જોતરી દરરોજના ત્રણ કલાક સંસ્થામાં હાજરી પુરાવી, સોંપેલ કાર્યને વળગી રહે.

હાલમાં આપણે પ્રવર્તમાન સભ્યો ઉપર નજર નાંખશું તો અમુક જ સભ્યો પોતાને સોંપાયેલી જવાબદારી પૂરી કરવા હંમેશાં તત્પરતા દર્શાવે છે. જ્યારે અમુક સભ્યો તો મિટિંગ વખતે જ દેખા દે છે ત્યારે ખ્યાલ આવે છે કે આ વ્યક્તિ સંસ્થામાં હોદ્દા ઉપર છે(!) તેમણે આત્મદર્શન કરી સંસ્થાના લાભ માટે હોદ્દાનો ત્યાગ કરી અન્ય કર્મશીલ વ્યક્તિ માટે જગ્યા ફાળવે તે પણ સમાજસેવા લેખાશે.

શું એમ નથી લાગતું, કે ભાઈશ્રી પ્રદીપ મહેતાના વિચારોને મૂર્તિમંત બનાવવા, એ એક જાતની સમાજ પ્રત્યેની સેવા ગણાશે?

*દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

★

Respected President Saheb, Vice President Sahebs and Hon. Secretary and all the committee members,

I thank you all very much for nicely magaging newly 2013 renovated medical centre. My all best wishes are always with you and I wish you all every success.

I have personally seen your all social activities at Ahmedabad and really I am very happy to congratulate your entire team as well as all the volunteers who devote time and energy.

I am happy that you all believe in "MANAV SEVA IS PRABHU-SEVA". May God bless you all.

***Premchand Motta - Kolkata***
***(Instant Poet of India)***
***M. 98300 29551***

# અન્ય સંસ્થાના સમાચાર

## માંડવી તાલુકાના કોટડી મહાદેવપુરી ગામે નવનિર્માણ થનાર સુવિધા પથ ભૂમિપૂજન તથા ગૌ-ઘરનું ઉદ્‌ઘાટન સંપન્ન થયું

માંડવી તાલુકાના કોટડી મહાદેવપુરી ગામે રાજ્ય સરકાર દ્વારા સુવિધા પથ માટે રૂા. ૮૦ લાખ મંજૂર થતાં એ માર્ગનું ભૂમિપૂજન માંડવી - મુંદ્રા વિસ્તારના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન વિભાગ અને લોક ભાગીદારીથી ગામના ગૌ વંશને કાયમી આશરો મળે એ માટે અંદાજિત રૂા. ૧૫ લાખના ખર્ચે બનાવવામાં આવેલ ગૌ-ઘરનું ઉદ્‌ઘાટન પણ શ્રી તારાચંદભાઈ છેડાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતુ.

ઉદ્‌ઘાટન પ્રવચન કરતા ધારસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ નિર્માણ થનારા સુવિધા પથનું કામ સારી રીતે થાય તે માટે ગ્રામજનો પણ જાગૃતિ રાખે અને અધિકારીઓ પણ ખૂબ જ ચિંતા રાખે તેવી અપીલ કરતાં શ્રી છેડાએ રાજ્ય સરકાર અને દાતાઓના દાનથી જે ગૌ-ઘર બન્યું છે તે બદલ ગ્રામજનોને અને દાતાઓને અભિનંદન આપતાં શ્રી છેડાએ આવા ગૌ સેવાના કામો તમામ ગામડાંઓના આગેવાનો અને દાતાઓ ઉપાડી લે તો સેવાનુ મોટું કામ થઈ શકે અને ગામડે ગામડે આવા ગૌ-ઘર ઊભા કરી શકાય. ગામજનો તરફથી ઉચ્ચ માધ્યમિક શાળા શરૂ કરવા માટેની રજૂઆત બાબતે શ્રી છેડાએ જો ગામ તરફથી વિધિવત્ દરખાસ્ત કરવામાં આવશે તો રાજ્ય સરકારમાં તેઓશ્રી પણ યોગ્ય ભલામણ કરશે અને જરૂર જણાશે તો તાત્કાલિક શિક્ષકોના પગાર માટેની ગ્રાન્ટની વ્યવસ્થા પણ હંગામી ધોરણે તેમની સંસ્થા તરફથી કરવામાં આવશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રી નરેશભાઈ મહેશ્વરી, તાલુકા ભાજપના પ્રમુખ શ્રી ચંદુભાઈ વાડિયા, તાલુકા ભાજપના મહામંત્રી શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરી રાજ્ય સરકાર અને ધારાસભ્યશ્રી દ્વારા છેલ્લા સાડા ચાર વર્ષમાં રાજ્ય સરકારમાંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટો ઉપલબ્ધ કરાવીને જે સુંદર વિકાસ તાલુકામાં થયો છે તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે દાતા પરિવારના માતુશ્રી હીરબાઈ મુરજી સાવલાના પરિવારજનો શ્રી રમણિકભાઈ, ભરતભાઈ અને ગૌતમભાઈનું પણ ગ્રામજનો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હાલાપરના દાતાશ્રી નરેન્દ્રભાઈ હરિયા (પપ્પુભાઈ)એ આવા ગામડે ગામડે ગૌ-ઘર બને તે માટે પાંચ જણાની કમિટી બનાવી અને ધારાસભ્યશ્રીની આગેવાની હેઠળ દાતાઓ અને ગ્રામજનોનો સહયોગ મેળવી આગળ વધવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શ્રી નરેન્દ્રભાઈની આગેવાની હેઠળ ૨૦ જેટલા ગામોમાં આવા ગૌ-ઘર બનાવવાનું કાર્ય હાથ પર લેવામાં આવે છે અને પૂર્ણતાના આરે છે.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું અને આભાર દર્શન શ્રી જગદીશભાઈ જાડેજાએ કર્યું. સમગ્ર સંચાલન શાળાના આચાર્ય શ્રી મહેશભાઈ જાડેજાએ કર્યું હતું.

## સમસ્ત લેઉઆ પાટીદારોની આરાધ્યદેવી "મા અન્નપૂર્ણા અને માતૃભૂમિ અડાલજ" પુસ્તક વિમોચન સમારંભ સંપન્ન

ગાંધીનગર - અમદાવાદથી નજીક આવેલા અડાલજ ગામે હાલ સમસ્ત લેઉઆ પાટીદારોના આરાધ્યદેવી મા અન્નપૂર્ણાનું ધામ અને વિશ્વનું પ્રથમ પંચતત્ત્વ મંદિર નિર્માણાધીન છે. આ સંદર્ભે લેઉઆ પાટીદારોને તેમના મૂળ કુળ અને આરાધ્ય દેવી તેમજ માતૃભૂમિ અડાલજ વિષયક ઈતિહાસની જાણકારી માટે ભીમજી નાકરાણી સંપાદિત અને જન સહાયક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકની વિમોચન વિધિ તા. ૨૩મી મેનાં રોજ સાંજના ૭ કલાકે અડાલજ ખાતે સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ.

સમગ્ર ગુજરાત અને વિશ્વમાં વસાત કોઈ પણ લેઉઆ પાટીદારોનું મૂળ સ્થાન માતૃભૂમિ અડાલજ છે. આજથી ૨૨૦૦ વર્ષ પહેલાં લેઆઉ પાટીદારો 'લેહ' પંજાબ તરફથી ગુજરાતમાં આવ્યા ત્યારે મા અન્નપૂર્ણાને સાથે લાવ્યા હતા. આ ઈતિહાસને ઉજાગર કરવા માટે અડાલજ ખાતે માં અન્નપૂર્ણાધામ નિર્માણાધીન છે. શ્રી અન્નપૂર્ણા ધામના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નરહરિ અમીને પુસ્તક વિમોચન પ્રસંગે આ ધામની નોંધ લઈ, સમસ્ત લેઉઆ પાટીદારોને એક બની સંગઠન સાધી, સમાજસેવાના માર્ગે આગળ વધવા અપીલ કરી હતી. તેમણે સમસ્ત લેઉઆ પટેલોને આ કાર્યમાં તન-મન-ધનથી જોડાવા હાકલ કરી હતી.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી કુંવરજીભાઈ પટેલે જણાવ્યું હતું કે લેઉઆ પાટીદારો અનેક ધર્મ, સંપ્રદાય, કુળદેવી અને ગોળમાં વહેંચાયેલા હોવાથી તેમની આરાધ્યદેવી માં અન્નપૂર્ણાને ભૂલી વેર-વિખેર થયા છે. અડાલજ ખાતે નિર્માણાધીન આ મા અન્નપૂર્ણા અને પંચતત્ત્વ મંદિર અંધશ્રદ્ધાથી પર હશે. અહીં દાન પેટી મૂકવામાં આવશે નહીં અને શ્રીફળ વધેરવા જેવી કોઈ વિધિ પણ નહીં હોય. વિશ્વના પ્રથમ પંચતત્ત્વ મંદિરમાં જળ, વાયુ, અગ્નિ, ધરતી, આકાશ તત્ત્વના પ્રતીકોની સ્થાપના કરી તેની પૂજા કરવામાં આવશે.

## કચ્છ કોઈન

*દિનેશભાઈ એચ. મહેતા*
*પ્રમુખશ્રી મ.કુ. ભૂપતસિંહજી કચ્છ કોઈન સોસાયટી*



*દીપ પ્રાગટ્ય : મહારાવશ્રી અને મહારાણીશ્રી*

એક વર્ષ પહેલાં કચ્છના યુવાનો, વિદ્યાર્થીઓ તથા સિક્કા સંગ્રાહકો અને ઇતિહાસમાં રસ ધરાવતા ભાઈ-બહેનો માટે ભુજમાં મહારાજ ભૂપતસિંહજી કચ્છ કોઈન સોસાયટીની સ્થાપના કરવામાં આવેલી. આ સંસ્થાના પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રસ્તુત 'કચ્છ કોઈન' સામયિકનો પ્રારંભ કરવામાં આવેલો છે. તેના આ પ્રથમ અંકમાં સંસ્થાએ કરેલી પ્રવૃત્તિઓનો સચિત્ર અહેવાલ તથા કચ્છના ૧૮ રાજવીઓ વિશે સચિત્ર માહિતી, જૂનાગઢના કમલેશ જૈન દ્વારા કચ્છના સિક્કાઓ ૧૬મી સદીથી ૧૯૪૮ સુધી વિશે માહિતી, મહંત કિશોરદાસજી શ્યામદાસજી કબીરપંથી દ્વારા ગ્લોબલ કચ્છ હોબી કોર્નર સંસ્થા વિશેની માહિતી તથા પ્રસંગોચિત લેખ, ચંદ્રવદનભાઈ મહેતા દ્વારા આઝાદ ભારતની ટપાલ ટિકિટમાં કચ્છ લેખ, કચ્છની ટંકશાળનો ટૂંકો ઇતિહાસ, સંકલન : હર્ષદભાઈ બુદ્ધભટ્ટી.

***પ્રાપ્તિ સ્થાન :*** સંપર્ક : (૧) મહેતા દિનેશભાઈ હરખચંદભાઈ - ભુજ. મો. ૯૮૨૫૨ ૮૮૬૭૫, (૨) જોષી દિનેશભાઈ દેવજી રાડિયા - ભુજ. મો. ૯૪૨૬૪ ૫૪૯૨૭.

વર્ષ-૧, અંક : ૧-૨૦૧૭, કિંમત : દર્શાવી નથી.

## ભાવનગરમાં કચ્છી માડુઓ દ્વારા અષાઢીબીજ – કચ્છી નવા વર્ષની ઉજવણી

લોક વાર્તામાં ઓઢોજામ તેની હત્ની હોથલ પદમણીને એવું કહેતો દર્શાવવામાં આવેલ છે 'હલો હોથલ કચ્છમેં જીત માડું સવાયાલખ...' જે મુલકમાં લાખ રૂપિયાના માયાળુ માનવીઓ છે એવો મુલક એટલે કચ્છ 'ખારી ધરતી, ખારો પાણી ને મીઠા માડું એ આય પાંજી નિશાની.'

સદીઓથી અછતવાળો પ્રદેશ હોવાને કારણે કચ્છી લોકો ઘણા સાહસિક બન્યા અને દેશ દેશાવર સુધી પહોંચ્યા અને વિકસ્યા. વતન પ્રેમ માટે કચ્છી લોકોનો જોટો જગતમાં જડે તેવો નથી. વિશ્વમાં ગમે ત્યાં વસતા હોય પણ વતન સાથેનો નાતો હંમેશાં જીવંત રાખે છે. કચ્છી નવું વર્ષ એ સૂર્ય ચંદ્ર વર્ષ કહેવાય છે. કચ્છના રાજવી લાખા ફુલાણીના સમય એટલે કે અંદાજે ૯૦૦ વર્ષોથી કચ્છ અને હાલાર પ્રદેશમાં નવું વર્ષ અષાઢ સુદ બીજથી શરૂ થાય છે. ગુજરાતમાં કચ્છીઓની વસ્તી અંદાજે ૧૦ લાખ જેટલી હશે અને તેનાથી બમણી વિદેશોમાં હશે અને કચ્છીઓ માટે એવું કહેવાય છે કે 'જીત હેકડો કચ્છી વસે, ઉત ડીયાંડી કચ્છ' – જ્યાં એક કચ્છી વસે ત્યાં તે આખું કચ્છ ઊભું કરે!

ભાવનગરમાં વસતા અંદાજે ૧૫૦ કચ્છી પરિવારો દ્વારા સ્થાપિત ભાવનગર કચ્છ સમાજ ૧૯૮૬થી કાર્યરત છે. આ વર્ષે ભાવનગર કચ્છ સમાજ દ્વારા ૩૨મી અષાઢી બીજની ઉજવણી કચ્છી મહાનુભાવોની હાજરીમાં શાનદાર રીતે થવાની છે. ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. સી.બી. જાડેજાના મુખ્ય મહેમાનપદે અને નિવૃત્ત સંયુક્ત સચિવ અને પાટીદાર સંદેશના તંત્રી શ્રી શામજીભાઈ પટેલના અતિથિ વિશેષપદે તા. ૨૫-૬-૨૦૧૭ને રવિવારના રોજ કચ્છી ભવન એન્કરવાલા સંકુલ જગશી જેઠાભાઈ કચ્છ લાયજાવાળા સભાગૃહ ખાતે અષાઢીબીજ ઉજવવામાં આવશે. આ ઉજવણીમાં કચ્છના મહેમાનો ઉપરાંત ભાવનગરના પ્રતિષ્ઠિત નાગરિકો પણ સહભાગી થશે. ભાવનગરમાં વસતા કચ્છીઓ ભેગા થશે અને નવા વર્ષની શુભેચ્છાની આપ-લે કરશે. મુખ્ય કાર્યક્રમમાં સવારે ૧૧ કલાકે માં આશાપુરા મંદિરની ધજા બદલવામાં આવશે અને સાંજે ૫.૦૦ કલાકથી ભાવનગર કચ્છ સમાજની વાર્ષિક સામાન્ય સભા ઉપરાંત વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને સહશૈક્ષણિક સિધ્ધિઓ મેળવવા બદલ મહાનુભાવોના હાથે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. માં આશાપુરાની ૨૧ જ્યોતની આરતી થશે અને ચંદ્રદર્શન બાદ ભોજન કાર્યક્રમ થશે.

લાગણી ભીના કચ્છીઓનું નવું વર્ષ અષાઢી બીજના ભીના અરમાનો લઈને આરંભ થાય છે. એથી જ કહ્યું છે કે, 'શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત; ચોમાસે વાગડ ભલો અને કચ્છડો બારેમાસ...'

## માંડવી તાલુકાના ગઢશીશા ગામે સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના કામનો પ્રારંભ

માંડવી તાલુકાના ગઢશીશા ગામે રૂા. ૩ કરોડ ૫૫ લાખના ખર્ચે બનનાર સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનના કામનો પ્રારંભ કરતા માંડવી મુંદ્રાના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના શુભ હસ્તે સંપન્ન થયો. ■

***જિંદગી ક્યાં સહેલી છે. એને સહેલી બનાવવી પડે છે. કંઈક આપણા અંદાજથી તો કંઈક નજર અંદાજથી.***

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## આગમ વાણી

કચ્છમાં લગભગ ચૌદસો વરસ પહેલાં શ્રી મામૈયદેવ થઈ ગયા. શ્રી મામૈય દેવે ભવિષ્યવાણી ભાખી હતી જે આજે અક્ષરસઃ સાચી પડે છે.

**(૧)** *કુંવર વિકનીંડા કાઠીયું*
*રા વિકનીંડા ઘાહ*
*મામૈયો માતંગ ચે*
*નાણે વિકંધા ન્યાહ.*

એટલેકે...

*કુંવર લાકડા વેચશે*
*રાજા ઘાસ વેચશે*
*મામૈય દેવ કહે છે કે*
*એક દિવસ ન્યાય પણ પૈસાથી વેચાશે.*

**(૨)** *ખચરડા ખીર ખાયેંદા*
*તગડા થીંધા તાજી*
*વડા માડુ વેહી રોંધા*
*પૂંછા ઈંધા પાજી.*

એટલેકે...

*ખચ્ચર ખીર ખાઈને*
*ગધેડા જેવા તાજામાજા થશે*
*મોટા માણસો નવરા બેસશે*
*અને નાલાયકો પાંચમાં પૂછાશે.*

**(૩)** *સને જીવેજી શરમ ન રોંધી*
*ન રોંધી મનમેં મેર*
*ધન ખર્ચે ધર્મી ચ વાંધા*
*કંધા વડે સે વેર.*

એટલેકે...

*ગરીબ માણસની શરમ નહીં રહે*
*મનમાં દયા નહીં રહે*
*ધન ખર્ચનાર ધર્મી કહેવાશે*
*અને મોટાથી વેર બાંધશે.*

**(૪)** *મેડિયું પાડે ને મારગ થીંધા*
*કબર મેં થીંધા ઘર*
*અસ્ત્રી વેંધી તખત પે*
*જાળી લોદિન્ડે નર.*

એટલેકે...

*મકાનો પાડીને મારગ કાઢશે (હાઈવે)*
*કબ્રસ્તાનમાં ઘર બંધાશે*
*સ્ત્રીઓ રાજ કરશે અને*
*પતિદેવ એની ગુલામી કરશે.*

**(૫)** *શાહ છડીંધા શાહપણું*
*સચ્ચ છડીંધા શેઠ.*
*ભામણ ભણ છડીંધા*
*જાડેજા કંધા વેઠ.*

એટલેકે...

*સજ્જન સજ્જનતા છોડી દેશે*
*શેઠ લોકો સત્ય છોડી દેશે*
*બ્રાહ્મણો ભણવાનું છોડી દેશે*
*અને રાજા મજૂરી કરશે.*

**(૬)** *ભૂખ માડુ તે ભડ બ્રિજંદા*
*શિયાળે બ્રિજંદા સીં*
*પે બ્રિજંદા પુતરતે*
*હેડા અચેન્ધા ડીં.*

એટલેકે...

*નિર્માલ્યથી શૂરવીર ડરશે*
*શિયાળથી સિંહ ધ્રૂજશે*
*અરે ભાઈઓ, એવો સમય આવશે*
*કે પોતાના દીકરાથી બાપ ધ્રૂજશે.*

★

## સૌથી મોંઘું પાણી

આપણે જાણીએ છીએ કે ગેબીના રણમાં, સહરાના રણમાં કે કચ્છના રણમાં અથવા પાણીની એક એક બુંદ માટે તરસતા ગામડાંના લોકોને પાણીના એક ટીપાની કેટલી કિંમત હોય છે. જિંદગીભરની મૂડીથી પણ વધારે! પરંતુ હાલમાં જ એક સમાચાર પ્રસિદ્ધ થયા કે ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન વિરાટ કોહલી જે પાણી પીએ છે તેની બોટલની કિંમત રૂા. ૬૦૦/- છે. પણ દુનિયામાં ઘણી બધી પાણીની બોટલોની કિંમત એટલી બધી વધારે છે કે આ છસ્સો રૂપરડીની બોટલ તે બોટલ પાસે પાણી ભરે છે. તો ચાલો, જાણીએ આવી પાણીની બોટલો વિશે.

(અનુસંધાન : જુઓ પાના નં-૭૪ ઉપર)

## NanoNine™ શબ્દ રમત-૧૩૦

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ | | ૭ | ૮ |
| ૯ | | | | | | | ૧૦ | | | ૧૧ | |
| | | ૧૨ | | | | | ૧૩ | | | | |
| | ૧૪ | | | | | ૧૫ | | | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | ૧૯ | ૨૦ | ૨૧ | | ૨૨ | | | | | |
| ૨૩ | | | ૨૪ | | ૨૫ | | | | ૨૬ | | |
| ૨૭ | | ૨૮ | | | | | ૨૯ | ૩૦ | | | |
| | ૩૧ | | | ૩૨ | | ૩૩ | | ૩૪ | | | ૩૫ |
| ૩૬ | | | ૩૭ | | ૩૮ | | | | | ૩૯ | |
| | | ૪૦ | ૪૧ | | | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | |
| ૪૭ | ૪૮ | | | | ૪૯ | | ૫૦ | | | ૫૧ | |
| ૫૨ | | | | | | ૫૩ | | | | ૫૪ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________ ફોન/મો. ______________________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૭-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. સુખરૂપ, ક્ષેમકુશળ હોવું તે (અ.) (૪)
૪. ધારવાળું (૪)
૭. ત્રણ પૈડાવાળું વાહન (૨)
૯. ગણપતિજીના એક પત્ની (૨)
૧૦. બ્રહ્માએ મનથી ઉત્પન્ન કરેલો પુત્ર જેમ કે નારદ (૫)
૧૧. દીકરો, સુત, અંગજ (૨)
૧૨. નાનું બાળક (૪)
૧૩. બ્રાહ્મણમાં આવતી એક અટક (૨)
૧૪. પગલાથી ચોરની ભાળ કાઢનાર, ચોકિયાત (૨)
૧૯. સોગટાંની રમત (૩)
૨૨. તુલસીને વિષ્ણુ સાથે પરણાવવાની ક્રિયા (૬)
૨૩. લાગ, મોકો, અનુકૂળ સમય (૨)
૨૪. ગાઢું વાદળ (૪)
૨૬. મરનારની મિલ્કતનો હક્કદાર (૩)
૨૭. નાનું તળાવ (૪)
૨૯. લોકોનું હિત (૪)
૩૧. સાંભળવાની ઈન્દ્રિય (૨)
૩૨. ઘરના ઉપરના ભાગમાં ખુલ્લી કરેલી જગ્યા (૩)
૩૪. પત્ર, લેખ, દસ્તાવેજ (અ.) (૨)
૩૬. ઈચ્છા (અ.) (૪)
૩૮. થાળી, તાસક, રકાબી (૨)
૩૯. અમૃત, મીઠાશ (૨)
૪૦. લેને તારી _____ લેને તારી કામળી (૩)
૪૨. શારીરિક બળ (અં) (૬)
૪૬. પતિ, વરરાજા, વરદાન (૨)
૪૭. _____ને આંચ નહીં (૨)
૪૯. વૃત્તાંત, હેવાલ (૪)
૫૦. એક કઠોળ (૨)
૫૨. લાકડી જેવું દુર્બળ શરીરનું (૫)
૫૩. લાલિત્ય ભરેલી સ્ત્રી, સુંદરી (૩)
૫૪. બગ, બગલો (૨)

### ઊભી ચાવીઓ

૧. ખેસ તરીકે ચાલે એવું વસ્ત્ર (૩)
૨. ગણેશજીની એક પત્ની, સમૃધ્ધિ (૨)
૩. લાફો, થપ્પડ (૩)
૪. એક હથિયાર (૩)
૫. દીકરીનો વર, જમાઈ (૩)
૬. વિમાનને ઉડવા માટેનો રસ્તો (૩)
૭. શત્રુ, અરિ, દુશ્મન (૨)
૮. ક્ષત્રિયપણું (૨)
૧૨. બાગ, ચમન, ઉદ્યાન (૩)
૧૫. ચાલાક, હોંશિયાર (૩)
૧૬. કુંવારું, અપરીણિત (૫)
૧૭. જોખમ ભરેલું કામ (૩)
૧૮. નિરંતર, લગાતાર (૩)
૨૦. _____નો વળ છેડે (૩)
૨૧. એક હજાર કિ.ગ્રા. વજનનું તોલ (૨)
૨૪. ક્ષણ, ઘટિકા (૨)
૨૫. ઘોડાથી ચાલતી ગાડી (૪)
૨૮. વનના ફૂલની માલા (૪)
૩૦. આંગળીથી _____ વેગળા તે વેગળા (૨)
૩૩. દીવાલ પર કાચ જડ્યા હોય તેવું મકાન કે મહેલ (૫)
૩૫. સરદાર, ઉમરાવ, પૈસાદાર માણસ (૩)
૩૭. રામદેવ પીરને _____ અવતાર માનવામાં આવે છે (૪)
૩૯. આધાર, સહારો (૪)
૪૧. ડાઘ, લાંછન, આળ (૩)
૪૨. રાજાને રહેવા માટેનું સ્થળ (૩)
૪૩. પ્રશ્ન (૩)
૪૪. લાલિત્ય ભરેલી સ્ત્રી, સુંદરી (૩)
૪૭. વર કે વહુની માતા (૨)
૪૮. '_____ દે ઈન્ડિયા' શાહરૂખ ખાનની ફિલ્મ (૨)
૫૧. ઓળંબો (૨)

*દોસ્તીમાં જ 'તાકાત' છે સાહેબ સમર્થને ઝુકાવવાની. બાકી શ્રી શ્રીકૃષ્ણને ક્યાં જરૂર હતી, સુદામાના પગ ધોવાની?*

## NanoNine™ શબ્દ રમત-૧૨૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કાં | સ | કો | ■ | વા | રાં | ગ | ના | ■ | ■ | ■ | અ |
| ક | મ | ર | ■ | મ | ગ | ■ | ■ | શિ | ખા | મ | ણ |
| રો | ■ | ડો | ■ | ણું | ■ | શિ | લા | ■ | ન | ■ | વ |
| ■ | આ | ■ | સ | ■ | ક | ર | ■ | ક | પા | ત | ર |
| અ | દ | લ | બ | દ | લ | ■ | ■ | જા | ન | ■ | ■ |
| વા | ત | ■ | ક | ■ | ક | ■ | ફુ | ■ | ■ | ■ | વા |
| ચ | ■ | ■ | ■ | ના | તા | લ | ■ | મ | હે | મા | ન |
| ક | થા | કી | ર્ત | ન | ■ | વા | હ | ન | ■ | વ | ર |
| ■ | પ | ટ | ■ | ક | ર | જ | ■ | મો | હિ | ત | ■ |
| ક | ણ | ક | ■ | ડું | ■ | મ | ર | જી | ■ | ર | ■ |
| સ | દા | ■ | શો | ■ | ના | ■ | મ | ■ | પા | ■ | ખ |
| મ | ર | ણ | ■ | મા | વ | જ | ત | ■ | લો | ક | ર |

*માસ મે-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. દમયંતી દંડ - અમદાવાદ
૪. જયંતીલાલ મહેતા - અમદાવાદ
૫. મહેન્દ્ર પુજ - અમદાવાદ
૬. જશવંત કોઠારી - અમદાવાદ
૭. ચંદ્રકાંત શાહ - અમદાવાદ
૮. અલકા શાહ - અમદાવાદ
૯. ગીતા મહેતા - અમદાવાદ
૧૦. જ્યોતિ ગડા - અમદાવાદ
૧૧. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૧૨. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૧૩. સ્મિતા શાહ - અમદાવાદ
૧૪. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૫. મૃદુલા શાહ - અમદાવાદ
૧૬. નલીની શેઠ - અમદાવાદ
૧૭. રંજનબેન શાહ - અમદાવાદ
૧૮. ચેતના વોરા - અમદાવાદ
૧૯. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૨૦. મિત મહેતા - અમદાવાદ
૨૧. જશવંતી મહેતા - અમદાવાદ
૨૨. શીત મહેતા - અમદાવાદ
૨૩. પ્રતિમા શાહ - અમદાવાદ
૨૪. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૫. અમિતા મહેતા - અમદાવાદ
૨૬. અજિત મહેતા - અમદાવાદ
૨૭. ભારતી દોશી - અમદાવાદ
૨૮. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૯. ભાનુ શાહ - અમદાવાદ
૩૦. મંજુલા પરમાર - અમદાવાદ
૩૧. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૩૨. નિર્મલા વોરા - ભુજ
૩૩. સરોજ ચંદુરા - સુરત
૩૪. હસમુખ દેઢિયા - અડાલજ
૩૫. તારાબેન પોલડિયા - નાગપુર
૩૬. એન. એચ. શાહ - નાગપુર
૩૭. સરોજ શાહ - અગાસ
૩૮. દિનેશ જોશી - માંડવી
૩૯. નિકુંજ મહેતા - ગાંધીધામ
૪૦. હર્ષા પારેખ - સિકંદ્રાબાદ
૪૧. સિધ્ધાર્થ મહેતા - સિકંદ્રાબાદ
૪૨. કલ્પના મહેતા - વલ્લભ વિદ્યાનગર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. મંજુલા પરમાર – અમદાવાદ
૨. નલીની શેઠ – અમદાવાદ
૩. દિનેશ જોષી – માંડવી

## NanoNine™ *Sudoku*

*મે-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. ઝરણા પારેખ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. અવંતી દંડ - અમદાવાદ
૪. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૫. દિનેશ વોરા - અમદાવાદ
૬. ઉષ્મા શાહ - અમદાવાદ
૭. ચંદ્રા શાહ - અમદાવાદ
૮. સ્મિતા શાહ - અમદાવાદ
૯. અલકા શાહ - અમદાવાદ
૧૦. ગીતા મહેતા - અમદાવાદ
૧૧. મૃદુલાબેન શાહ - અમદાવાદ
૧૨. પ્રતિમા શાહ - અમદાવાદ
૧૩. અજિત મહેતા - અમદાવાદ
૧૪. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૬. સિધ્ધાર્થ મહેતા - અમદાવાદ
૧૭. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૧૮. સરોજ ચંદુરા - સુરત
૧૯. પ્રિયંક ચંદુરા - સુરત
૨૦. હેમલતા દેઢિયા - અડાલજ
૨૧. સોનલ પોલડિયા - નાગપુર
૨૨. શ્રેયા શાહ - થાણા
૨૩. રીશ્વા મહેતા - ગાંધીધામ
૨૪. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૨૫. કલ્પના મહેતા - વલ્લભ વિદ્યાનગર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. શ્રેયા હિતેશ શાહ – થાણા
૨. મૃદુલા ભરત શાહ – અમદાવાદ
૩. રીશ્વા નિકુંજ મહેતા – ગાંધીધામ

## NanoNine™ Sudoku

**મે-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૭૨**

★ *આપણે આપણાં કામ વિશે કે મહેનત વિશે જાહેરાત કરીએ એના કરતાં દુનિયા આપણાં કામો વિશે કંઈ બોલતી થાય ત્યારે જ જાણવું કે આપણે ખરેખર કંઈ કાર્ય કર્યું છે. ધરતીમાં પુરાયેલું બીજ, ધરતી ચીરીને જ્યારે વૃક્ષ બને છે ત્યારે તે પોતાની સિદ્ધિના પોકાર નથી પાડતું, એ સિદ્ધિનાં ગુણગાન તો ડાળી ઉપર બેઠેલા પંખીઓ ગાય છે.*

★ *જેણે ઠોકરો ખાધી નથી, જેણે ઝેરના કટોરા ગળે ઉતાર્યા નથી તેણે જીવન વ્યર્થ ગુમાવ્યું છે. અનુભવમાંથી જન્મેલું જ્ઞાન પ્રકાશિત છે. અને એવી રીતે જન્મેલું જ્ઞાન સાહિત્ય જગતમાં અમર બને છે. અનુભવની શાળામાંથી પસાર થયેલો માનવી જીવન સંગ્રામમાં આખર સુધી ઝઝુમે છે અને વિજય પ્રાપ્ત કરે છે. જે જ્ઞાન 'યુનિવર્સિટી'ની ગોખણપટ્ટીમાંથી નથી મળતું તે જ્ઞાન અનુભવથી મળે છે. અનુભવવિહોણું જીવન જીવન નથી પણ કોરી કિતાબ છે. અને તદ્દન કોરી કિતાબનાં પાનાં ઉથલાવવાથી શો ફાયદો?*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૮૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૭-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૮૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 7 | | | | 8 | 9 |
| 6 | 7 | | | 2 | | 4 | | |
| | | 5 | 6 | | 4 | | 3 | |
| | | | 4 | | | 1 | | 5 |
| 9 | | 7 | | 6 | 2 | | | |
| | 5 | 2 | | 8 | | 9 | | |
| | 3 | | 9 | | 6 | | 7 | 8 |
| 7 | | | | | 8 | | | 6 |
| 8 | 9 | | | 5 | | 3 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | | | 3 | | | | 9 |
| | | | 8 | | 5 | 4 | 6 | |
| 8 | | 9 | | | 6 | | | 5 |
| | | | 2 | | | 9 | 4 | 1 |
| 2 | 9 | 7 | | 1 | | | | |
| | 4 | | | | 8 | | 7 | |
| 9 | | | 4 | 2 | | 1 | | |
| | | 2 | | | 1 | | | |
| | 1 | | | 6 | | | 5 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | 1 | | 4 | 9 | |
| 2 | 3 | | | | 6 | | 1 | |
| | | 6 | 5 | 9 | | | | 2 |
| | 2 | | | | | 6 | | |
| 6 | 9 | | 2 | | 4 | | 5 | 3 |
| | 7 | | 6 | 5 | | | 2 | |
| 7 | | 2 | | | 5 | 3 | | |
| | | | | 4 | 3 | | | 1 |
| 1 | | 3 | 9 | | | 5 | | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | 1 | | 5 | | | 4 |
| | 3 | | | | | 1 | 2 | |
| 1 | 7 | | | 3 | 4 | | | 9 |
| 6 | | 1 | 9 | | | | | 3 |
| | 8 | 7 | | 6 | 3 | 5 | | |
| | | | | | 8 | 9 | 4 | |
| | 1 | 2 | | | 7 | | 9 | |
| 7 | | 8 | 3 | | | | 5 | 1 |
| | | | 8 | 9 | | 2 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 2 | 6 | 8 | 4 | 3 | 1 |
| 8 | 2 | 3 | 4 | 9 | 1 | 7 | 6 | 5 |
| 4 | 6 | 1 | 5 | 3 | 7 | 9 | 2 | 8 |
| 5 | 8 | 6 | 9 | 2 | 3 | 1 | 7 | 4 |
| 1 | 3 | 9 | 8 | 7 | 4 | 6 | 5 | 2 |
| 2 | 7 | 4 | 1 | 5 | 6 | 3 | 8 | 9 |
| 7 | 9 | 8 | 6 | 1 | 5 | 2 | 4 | 3 |
| 3 | 1 | 5 | 7 | 4 | 2 | 8 | 9 | 6 |
| 6 | 4 | 2 | 3 | 8 | 9 | 5 | 1 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 6 | 5 | 9 | 3 | 1 | 7 | 2 |
| 7 | 3 | 9 | 1 | 2 | 4 | 6 | 8 | 5 |
| 1 | 5 | 2 | 7 | 6 | 8 | 9 | 3 | 4 |
| 4 | 1 | 8 | 3 | 5 | 9 | 2 | 6 | 7 |
| 3 | 2 | 5 | 8 | 7 | 6 | 4 | 1 | 9 |
| 9 | 6 | 7 | 2 | 4 | 1 | 3 | 5 | 8 |
| 2 | 8 | 4 | 6 | 3 | 5 | 7 | 9 | 1 |
| 5 | 9 | 3 | 4 | 1 | 7 | 8 | 2 | 6 |
| 6 | 7 | 1 | 9 | 8 | 2 | 5 | 4 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 8 | 2 | 7 | 1 | 4 | 9 | 5 | 6 |
| 1 | 9 | 6 | 8 | 5 | 2 | 7 | 3 | 4 |
| 7 | 5 | 4 | 3 | 9 | 6 | 1 | 8 | 2 |
| 8 | 6 | 7 | 2 | 4 | 3 | 5 | 1 | 9 |
| 2 | 1 | 5 | 6 | 8 | 9 | 4 | 7 | 3 |
| 4 | 3 | 9 | 5 | 7 | 1 | 2 | 6 | 8 |
| 9 | 7 | 3 | 4 | 6 | 5 | 8 | 2 | 1 |
| 5 | 2 | 1 | 9 | 3 | 8 | 6 | 4 | 7 |
| 6 | 4 | 8 | 1 | 2 | 7 | 3 | 9 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 4 | 5 | 9 | 7 | 3 | 6 | 2 | 8 |
| 3 | 9 | 2 | 6 | 1 | 8 | 5 | 7 | 4 |
| 6 | 7 | 8 | 4 | 2 | 5 | 1 | 9 | 3 |
| 4 | 3 | 7 | 1 | 9 | 2 | 8 | 5 | 6 |
| 8 | 2 | 1 | 3 | 5 | 6 | 7 | 4 | 9 |
| 9 | 5 | 6 | 8 | 4 | 7 | 2 | 3 | 1 |
| 5 | 1 | 3 | 7 | 8 | 4 | 9 | 6 | 2 |
| 2 | 8 | 4 | 5 | 6 | 9 | 3 | 1 | 7 |
| 7 | 6 | 9 | 2 | 3 | 1 | 4 | 8 | 5 |

## જાણવા જેવું

(અનુસંધાન : પાના નં-૭૦ ઉપરથી ચાલુ)

વિરાટની એવિયનની પાણીની બોટલ સીધી ફ્રાંસથી આવે છે અને વિરાટ જ્યાં જાય છે ત્યાં આ પાણીની બોટલ લઈ જાય છે અને તે ફક્ત આ જ પાણી પીએ છે. આ પાણી ખાસ કરીને ફ્રાંસના પ્રાકૃતિક સ્ત્રોતમાંથી આવે છે જેમાં પૂરતા પ્રમાણમાં ભરપૂર ખજાનો હોય છે. આ કારણથી જ વિરાટની પાણી માટે આ પ્રથમ પસંદગી છે. આપણને થાય કે આ દુનિયાની સૌથી મોંઘી પાણીની બોટલ હશે પરંતુ તમને જણાવી દઉં કે દુનિયામાં એવી કેટલીયે કંપનીઓ છે જે પોતાનું પાણી હજારો રૂપિયામાં વેચે છે અને લોકો ખરીદીને હોંશે હોંશે આ પાણી પીએ છે. આવો, તમને દુનિયાની સૌથી મોંઘી પાણી વેચતી પાંચ કંપનીઓની માહિતી આપું.

### ૧. વીન

વીનનું પાણી ફિનલેન્ડથી આવે છે અને એવું કહેવાય છે કે, આ પાણી, ધરતી પરનું સૌથી શુધ્ધ પાણી છે. એવું માનવામાં આવે છે કે બીજા પાણીની સરખામણીમાં આ પાણી જલ્દીથી તરસ છીપાવે છે. તેની કિંમત છે $ 23.75 એટલે કે લગભગ ૧૫૦૦ રૂપિયા.

### ૨. બિલંગ $H_2O$

આ પાણી નથી આ $H_2O$! તેની ખાસિયત તેનું નામ છે. આ સાંભળીને મનમાં ઘરેણાંનો વિચાર આવે. આ પાણીની બોટલ ઉપર નંગ જડેલા હોય છે કારણકે આ પાણી પીવાથી તમારી તરસ વધુ છિપાય છે. તે પાણીની બોટલને શેમ્પેઇનની બોટલની જેમ ખોલવામાં આવે છે. તેની કિંમત $ 40 છે 750 ml. એટલે કે ૨૫૦૦ રૂપિયા ઉપર આવું પાણી પીવાનું હોય તો સામાન્ય માણસ તો તરસથી જ મરી જાય.

### ૩. ફિલિકો

આ કંપનીના પાણી વિશે તો વધારે માહિતી નથી પરંતુ તેની બોટલ શતરંજના રાજા-રાણી જેવી હોય છે. તેથી આ પાણીની બોટલ રાજા-રાણી જ પી શકે છે. કેમકે આ બોટલ સામાન્ય લોકોના ગજા બહારની છે. તેનું ઢાંકણું સામાન્ય ઢાંકણ નથી હોતું પરંતુ રાજાના સોનાના મુકુટ જેવું હોય છે. આ પાણી જાપાનનું છે. તેની કિંમત છે $ 219. એટલે કે ૧૪,૧૨૮ રૂપિયા.

### ૪. કોના નિગારી વોટર

આનું નામ જ ખતરનાક લાગે છે. આ પણ જાપાનની જ કંપની છે. આ પાણી પીવાથી વજન ઘટે છે. આ પાણી હવાઈ સમુદ્રથી ઘણા બધા ફૂટ નીચેથી ભેગું કરવામાં આવે છે. તેમાંથી મીઠું કાઢી નાખવામાં આવે છે. આ પાણીનો સ્વાદ કદાચ આપણને ન ભાવે તો પણ આ પાણીની કિંમત છે $ 402 / 750 ml. એટલે કે રૂા. ૨૬,૦૦૦/-

### ૫. એક્વા ડી ક્રિસ્ટલો ટ્રીબુટો એ મોડીગ્લિઓની

જે પાણીનું નામ જ આટલું ભયંકર હોય તે પાણીની કિંમત કેટલી ભયંકર હશે. આ દુનિયાની સૌથી મોંઘી પાણીની બોટલ છે. તેનો ભાવ $ 6000 એટલે લગભગ ચાલીસ લાખ રૂપિયા. તેની ખાસિયત એ છે કે આ પાણીની બોટલ શુધ્ધ સોનામાંથી બનાવવામાં આવે છે. આ પાણીની બોટલ સોના સિવાય મોંઘા રત્નોમાં પણ મળે છે. આ બોટલ એક ચામડાના બોક્ષમાં આવે છે. તેમાં ૫ ગ્રામ સોનાની ભસ્મ મેળવવામાં આવે છે. આટલી ચાલીસ લાખ રૂપિયાની બોટલોને લોકો શો-કેસમાં સજાવે છે એ બેંકના લોકરોમાં રાખે છે.

***લાગે છે ને પાણીનું કોઈ જ મૂલ્ય નથી? તે અમૂલ્ય છે.***

---

## માણસ ધારે તો શું ન કરી શકે?

(અનુસંધાન : પાના નં-૨૯ ઉપરથી ચાલુ)

સટાસટ પારૂલબેનને પ્રશ્નો પૂછી જવાબથી સંતોષ માણે છે. આમ, બાળકો તાલીમ વર્ગમાં ઘણું બધું શીખી રહ્યાં છે. તેથી લોકો પોતાના બાળકો સાથે પોતે પણ તાલીમવર્ગમાં જોડાઈ રહ્યાં છે.

અરે! હવે તો તાલીમ વર્ગના સમય પછી અડધો કલાક પારૂલબેન, સ્ત્રી-પુરુષના કૌટુંબિક તથા સામાજિક પ્રશ્નોનું માર્ગદર્શન પણ આપી રહ્યાં છે અને સંતોષ તથા ખુશી ફેલાવી રહ્યાં છે.

માત્ર કોઈ સંસ્થા, સરકાર કે અધિકૃત વ્યક્તિઓ જ આવાં કામો કરી શકે એવું નથી. સેવા કે મદદના માનવતાભર્યાં કામો કોઈપણ વ્યક્તિ જરૂર પડતાં ગમે ત્યારે કરી શકે છે. માત્ર સંસ્કાર, સેવાભાવના અને આત્મજાગૃતિ અનિવાર્ય છે.

આવી આત્મીય અને નિઃશુલ્ક સેવાનું કામ ભણેલ ગણેલ નિવૃત્ત વ્યક્તિ જો પોતાને અનુભવ હોય એ બાબતનું અન્યને માર્ગદર્શન આપી શીખવે તો આ બાબત સમાજને સરળ પ્રદાનથી વિકાસલક્ષી રાહમાં અનાયાસે બે ડગલાં આગળ વધારી શકે, એ રીતે માધ્યમ બની મદદરૂપ થઈ શકે.

તો આવો, કોઈપણ ક્ષેત્રની શિક્ષિત કે અનુભવી વ્યક્તિઓ સાથે મળી એક અનન્ય સેવાનો પારૂલબેને પસંદ કર્યો એવો માર્ગ અપનાવી પોતાના વિસ્તારના અને દેશના ભાવિ જીવનને આંતરિક રીતે સંસ્કારલક્ષી બનાવતાં નીરવ સુખશાંતિનો અનુભવ કરાવી જીવનને સફળ બનાવીએ.

*૬૦, સી.પી. નગર, વિભાગ-૨*
*ઘાટલોડિયા રોડ, ભૂયંગદેવ, અમદાવાદ-૩૮૦ ૦૬૧.*
*મો. ૯૭૨૫૨ ૨૩૫૬૪*

# વતોવતન

સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **નર્મદે સર્વદે** : તા. ૨૨-૫ના રોજ કચ્છના ભચાઉ ખાતે આવેલ લોધેશ્વર પમ્પિંગ સ્ટેશનથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા કેનાલ દ્વારા અંજારના ટપ્પર ડેમમાં નર્મદા નીર પહોંચાડવાના શ્રીગણેશ કર્યા. તે સમયે હાજર રહેલ વિશાળ મેદની નર્મદાના દર્શન કરી ભાવવિભોર બની ગયેલ અને વાતાવરણમાં 'નર્મદે સર્વદે'નો નાદ ગુંજતો કર્યો. આ પ્રસંગે માનનીય વડાપ્રધાને કચ્છના મહાબંદરને વિશ્વસ્તરીય વિકસાવવા માટે રૂા. ૯૯૬ કરોડના વિવિધ પ્રોજેક્ટોનું ખાતમુહૂર્ત કર્યું હતું. કંડલા બંદરને સીધું ઈરાનના ચાબહાર પોર્ટ સાથે જોડવાની વાત કરી હતી. નજીકના ભવિષ્યમાં કંડલા બંદર ખાતે રૂા. ૧ લાખ કરોડનું રોકાણ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. આ સમયે તેમણે કોમ્પ્યુટર દ્વારા ભુજ ખાતે રૂા. ૩૯.૧૧ કરોડના ખર્ચે નિર્માણ થનારા આઈકોનિક એસ.ટી. ભુજ બસ પોર્ટનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

★ **કંડલા પોર્ટ - વિવાદના દ્વારે** : તા. ૨૨-૫ના રોજ યોજાયેલ કંડલા પોર્ટના રૂા. ૯૯૬ કરોડના વિવિધ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહમાં વડાપ્રધાને કંડલા મહાબંદરને દિનદયાળ ઉપાધ્યાયનું નામ આપવાનું સૂચન કરતાં કચ્છના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દ્વારા જણાવેલ કે આ જમીન કચ્છના મહારાવે આપેલ છે. તો તેમની યાદગીરી રૂપે અથવા સરદાર વલ્લભભાઈ પટેલની યાદમાં અથવા તો ગાંધીધામ - આદિપુર વસાવવા જેમણે ફાળો આપેલ છે તે સ્વ. પ્રતાપભાઈના નામનું પણ સૂચન કરેલ છે.

★ **ભુજની વિદ્યાર્થિનીને ગોલ્ડમેડલ** : ભુજના દીપક ચા ભંડારના દીપકભાઈની પુત્રી દિપાલી શાહે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કૉલેજ - અમદાવાદથી પી.જી.ડી.એમ. (બી.ઈ.) કોર્સ અંતર્ગત ફેમિલી બિઝનેસ મેનેજમેન્ટ કોર્સમાં ગોલ્ડમેડલ મેળવેલ છે.

★ **જૈન સમાજમાં શોક** : કચ્છના રાયણ ગામનાં અને નવનીત પ્રકાશનના મોભી શ્રી હરખચંદભાઈ (છોટુભાઈ) ગાલાનું અમદાવાદ ખાતે નિધન થયેલ છે. સમાજ પ્રત્યે સદ્‌ગતનું યોગદાન બહોળું રહ્યું હતું જેના કારણે તેઓ જગડુશા તરીકે વિખ્યાતિ પામેલ છે. સમાજના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું કે સમાજને દાતાશ્રીની ખોટ જણાશે.

★ **કચ્છનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ** : ગુજરાત રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું કચ્છનું પરિણામ ૬૫.૭૧ ટકા આવ્યું. જે ગત વર્ષ કરતાં ૬.૩૪ ટકા ઓછું આવ્યું છે. કચ્છ જિલ્લાના ૧૦ કેન્દ્રોનું ૭૦ ટકાથી ઊંચું પરિણામ આવેલ છે. ગાંધીધામ કેન્દ્ર ૮૪.૭૭ ટકા સાથે મોખરે રહેલ છે. જિલ્લામાં પરીક્ષા આપનાર કુલ ૧૩,૫૫૭ છાત્રોમાંથી ૮,૫૪૮ છાત્રા પરીક્ષાર્થીઓએ પ્રમાણપત્ર પ્રાપ્ત કરવાની સફળતા મેળવી છે. જેમાં એ-વનના પાંચ તેજસ્વી તારલા પૈકી ચાર ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયની છાત્રાઓ છે જ્યારે એક આદિપુરની સેન્ટ ઝેવિયર્સની વિદ્યાર્થિની છે.

★ **ડ્રેગન ફ્રુટની ખેતી** : મુંદ્રા તાલુકાના મંગરા ગામના પ્રગતિશીલ ખેડૂત દેવજીભાઈ જેઠવાએ તેમની વાડીમાં બે એકરમાં ડ્રેગન ફ્રુટની વાવણી કરેલ. જેના ફળ સ્વરૂપે આજે હિમોગ્લોબીનની ક્ષતિપૂર્તિની ક્ષમતા ધરાવતા ૨૦૦ રૂપિયે કિલો વેચાતા ડ્રેગન ફ્રુટ લહેરાતા જોવા મળે છે. તેમના પુત્ર ભરતભાઈએ આ ફ્રુટના ૧૨ હજાર રોપા તૈયાર કરેલ છે.

★ **'હિંદીના ગઢ'માં ગાબડું** : ઉત્તર પ્રદેશમાં કુલ ૨૯ લાખ છાત્રોએ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. તેમાંથી ૫.૨૩ લાખ છાત્રો હિંદીમાં નાપાસ થયા છે. જેનું પ્રમાણ ૨૦ ટકા જેટલું છે.

★ **કેસર કેરીની નિકાસમાં ઘટાડો** : ચાલુ વર્ષે અપૂરતા વરસાદ, સખત તાપ તેમજ શિયાળાના લંબાણ જેવા કુદરતી કારણોસર કચ્છમાં કેસર કેરીનો ફાલ ઓછો ઉતર્યો છે. પરિણામે નિકાસમાં ઘટ આવી છે. જેથી કચ્છના રેલવે સ્ટેશનો પર કેસર કેરીની નિકાસનો ધમધમાટ જોવા નથી મળતો.

★ **કચ્છમાં ધરતીકંપના આંચકા** : કચ્છમાં ધરતીકંપનો દોર ચાલુ રહેવા પામેલ છે. બુધવાર, તા. ૭-૬ના રાત્રે ૧૨.૦૬ કલાકે ભચાઉથી ૧૧ કિ.મી. ઉત્તરે, ૭૦૯ કિ.મી.ની ઊંડાઈએ ૨.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. તે પછી પરોઢિયે ૨.૩૩ કલાકે ભચાઉથી ઉત્તરે ૧૧ કિ.મી. દૂર, ૩૪.૧ કિ.મી.ની ઊંડાઈએ ૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જ્યારે બીજી બાજુ ખાવડાથી ઉત્તર પશ્ચિમે ૫૨ કિ.મી. દૂર રણ વિસ્તારમાં ૧૦ કિ.મી.ની ઊંડાઈએ બપોરે ૩.૫૩ વાગે ૩.૪ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો.

★ **નર્મદાનું પીવાનું પાણી લગભગ બંધ** : કચ્છને પીવાનું પાણી પૂરું પાડતી સુરેન્દ્રનગરના ઢાંકીથી માળિયા પમ્પ સુધીની ખુલ્લી નહેર પર પાણી ચોરીની સીધી અસર રાપર

નગર અને જિલ્લા મથક ભુજ પર પડી રહી છે. તેમજ રાજકોટ - જામનગરના રાજકીય આગેવાનો ભારપૂર્વક વધારવા બાજુથી જ પાણીનો જથ્થો વહાવી જતા હોવાથી કચ્છની અને વાગડની પીવાના પાણી અંગેની હાલત કફોડી થઈ ગઈ છે. સામખિયાળીને ૧૫૦૦ મીટર ક્યુબના બદલે ૮૦૦થી ૯૦૦ મિ. ક્યુબ પાણી મળતાં રાપર બાજુ બહુ ઓછું પાણી મળે છે. હવે તો આ પ્રશ્નના ઉકેલ માટે વરસાદની રાહ જોવાય છે.

★ **ગાંધીધામની બે નૃત્યાંગના સ્પેનમાં :** તાજેતરમાં પૂણે ખાતે ૧૩મી ગ્લોબલ હાર્મની ૨૦૧૭ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગાંધીધામની આર્યન્સ એકેડેમિની વિજેતા વંદિતા સોનેજા તથા આસ્થા રાઠીએ ઇલેક્ટ્રિક કી બોર્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશનના સોલો તથા એસો વિભાગમાં ઍવોર્ડ મેળવેલ હતા. તેઓ ડિસેમ્બર-૨૦૧૭માં સ્પેનમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે.

★ **કચ્છમાં 'જેઠિયા મીં'ની ધમાકાભેર આગેકૂચ :** તાજેતરમાં વાતાવરણમાં બદલાવથી બન્નીના વેકરિયાથી ભુજ, પાવરપટ્ટી, પટેલ ચોવિસી, મુંદ્રામાં ધીંગા ઝાપટાથી પાણી વહી નીકળ્યા. અંજાર તાલુકાના ભુવડ - ચાંદ્રોડામાં જોશભેર ૨ ઇંચ પાણી પડ્યું. ભચાઉ તાલુકામાં પણ વરસાદે હાજરી પુરાવી. ખેતરોમાં પાણી ભરાયા. રૂદ્રમાતા ડેમમાં નવા નીરની પધરામણી થઈ.

★ **ભીમાસરનું ચકાસર તળાવ :** વરસાદી પાણીના સદુપયોગ માટે ભીમાસરના ચકાસર તળાવનું ખાણેત્રુ કરી તેની ક્ષમતા ૬ કરોડ લીટર વધારાઈ. ખાણેત્રા દ્વારા ૨૧ લાખ ઘનફૂટ માટી તળાવમાંથી દૂર કરાઈ.

★ **કચ્છની દીકરી મહારાષ્ટ્રની ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષામાં બીજા નંબરે :** મૂળ માંડવી (કચ્છ)ના હાલે દહાણું રહેતા રમેશચંદ્ર મૂલચંદ કાગદીની પૌત્રી કુ. પંક્તિ જયેશ શાહ ગત માર્ચમાં મહારાષ્ટ્રના ૧૦માના બોર્ડની પરીક્ષામાં ૯૯.૮૦ ટકા ગુણ મેળવી રાજ્યમાં બીજા નંબરે ઉત્તીર્ણ થયેલ છે. પંક્તિ વરિષ્ઠ પત્રકાર જગદીશ રવિલાલ શાહની દોહિત્રી થાય છે. ખૂબ ખૂબ અભિનંદન.

★ **કચ્છી ભાષાના વિકાસ માટે ૧ કરોડ મળશે :** ભુજ ખાતે કચ્છી સાહિત્ય સભા દ્વારા કચ્છી કવિતા માટે નેણશી ભાનુશાલી 'જાની' લોકસંગીત માટે દાનાભાઈ ભારમલ અને કચ્છી સુગમ સંગીત માટે હર્ષિદાબેન જોશીને 'કચ્છી સાહિત્યરત્ન' પુરસ્કારના વિતરણ સમયે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ચંદ્રસિંહજી જાડેજાએ માહિતી આપતાં જણાવેલ કે કચ્છ યુનિવર્સિટી સંચાલિત કચ્છી ભાષા સંશોધન અને વિકાસ માટે રૂા. ૧ કરોડની ગ્રાન્ટ મળવાની છે.

★ **ભુજના અધ્યાપકને રાષ્ટ્રીય એવોર્ડ :** વલ્લભ વિદ્યાનગરની વી.પી. સાયન્સ કૉલેજમાં પ્રાણીશાસ્ત્રના અધ્યાપક ડૉ. નિકુંજ ભટ્ટ કે જેઓ મૂળ ભુજ - કચ્છના છે તેમને બેસ્ટ એજ્યુકેશન ફોર મોસ્ટ ટેલેન્ટેડ પર્સનનો ઍવોર્ડ ઇન્ટરનેશનલ બિઝનેસ કાઉન્સિલ - ન્યુ દિલ્હી દ્વારા એનાયત કરવામાં આવ્યો છે. ડૉ. ભટ્ટ એમ.એચ.આર.ડી. દ્વારા પ્રાયોજિત ઇન્ડેન્ટન્ટના પ્રોજેક્ટનો અભ્યાસ ભારતની તમામ યુનિવર્સિટી તેમજ કૉલેજમાં ભણતા પ્રાણીશાસ્ત્રના વિદ્યાર્થીઓ કરે છે.

★ **સયાજીનગરી ટ્રેનમાં એ.સી. કોચનો વધારો :** ભુજથી મુંબઈ જતી સયાજીનગરી ટ્રેનમાં તા. ૪થી જુલાઈથી વધારાના ૩ ટાયર એ.સી. કોચ જોડવામાં આવશે. જ્યારે વળતાં તા. ૫ જુલાઈથી તે ટ્રેનમાં ૩ ટાયર એ.સી. કોચ જોડવામાં આવશે. આના લીધે બંને ટ્રેનમાંથી એક સ્લીપર કોચ ઓછો કરવામાં આવશે.


★ **અદાણી - ચીની કંપનીના એમ.ઓ.યુ. :** કચ્છ મુંદ્રા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન ખાતે અદાણી જૂથે ચીનની સૌથી મોટી કંપની ઇસ્ટ હોપ ગ્રુપ સાથે કરેલા કરાર મુજબ અદાણી જૂથ સોલાર પાવર સાધનોનું ૩૦૦ મિલિયન ડોલરના રોકાણ દ્વારા ઉત્પાદન કરશે. જેમાં સૂર્ય ઊર્જા ઉત્પાદન માટેના કેમિકલ, એલ્યુમિનિયમ સહિતની ચીજો ઉત્પાદિત થશે.

★ **ખારેકની ખેતીની જાણકારી :** કચ્છમાં ખારેકની ખેતીની વિસ્તૃત જાણકારી મેળવવા માટે એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - બારામતીના વૈજ્ઞાનિક ડૉ. સંતોષ ગોડસે ૨૮ ખેડૂતો સાથે મુંદ્રા ખાતેના એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટના ચેરમેન રવિન્દ્ર પવાર અને રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટી શાંતિલાલ મેકોની, કે.બી.કે. મુંદ્રાના વૈજ્ઞાનિક ડૉ. યુ.એન. ટાંક સાથે ચર્ચા કરી ખારેકની ખેતીના ફાયદા સહિતની વિસ્તૃત જાણકારી મેળવી હતી. ■

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com




## સરનામા ફેરફાર

- **સ્મિત રમેશચંદ્ર શાહ**
  ઈ-૬૦૧, ગાર્ડન રેસિડન્સી-૨,
  શ્યામવિલા બંગલોની પાછળ, ગાલા જિમખાના રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
- **દિનેશ દામજી દૌલત**
  સી-૯૦૪, શરણમ્ સફાયર, શ્રેષ્ઠ પરિસર સામે,
  અતિશય રેસિડેન્સીની બાજુમાં, મોટેરા - કોટેશ્વર રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૦૫.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા.૧,૦૮,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ તરફથી.
રૂા. ૧,૫૦૦/- પ્રમીલાબેન કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ
રૂા. ૫૦૦/- ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકર શાહ - ભાવનગર

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૬,૦૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ - ગાંધીનગર
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કમલબેન શાંતિલાલ છગનલાલ શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧૦,૦૦૦/- ડૉ. રાગેશ ફડીઆ - અમદાવાદ

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- પ્રમીલાબેન કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૦૦૦/- પ્રમીલાબેન કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી તારાબેન કંચનલાલ લાલન (કોડાય - મુંબઈ)

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી જયકુમાર ભરતભાઈ ભેદા - અમદાવાદ
રૂા. ૧,૦૦૦/- પ્રમીલાબેન કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રીમતી નવલબેન મધુકર મોતા - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધ્વજ વંદન

### ॥ જાહેર આમંત્રણ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપણા દેશના ૭૧મા સ્વતંત્રતા દિવસની ઊજવણી કરવા જઈ રહ્યો છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં તા. ૧૫-૮-૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે **શ્રીમતી બીજલબેન પટેલ**, કોર્પોરેટર - પાલડી વોર્ડ તથા ચેરમેનશ્રી - ગાર્ડન અને હેરિટેજ કમિટી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવશે.

તે જ દિવસે ધ્વજવંદન કાર્યક્રમ બાદ સવારે ૧૦.૦૦ કલાકે સમાજની વયસ્ક સમિતિ દ્વારા દેશ ભક્તિના ગીતો તથા હાઉસીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તથા અંતમાં ભોજન લઈ સૌ છૂટા પડીશું.

સમાજના સર્વે સભ્યોને ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

*વ્હાલા જ્ઞાતિજનો અને સ્નેહીજનો,*

૮૦ વર્ષે ચોકલેટ જોઈને બાળક જેવું વર્તન કરતાં દાદાજીને અને નાની ઉંમરે છત્રછાયા ગુમાવીને ઠરેલ વર્તન કરતાં 'મોટા' બાળકને આપણે સૌએ જોયા છે. સવાલ એ છે કે આવું કેમ થાય છે? શારીરિક ઉંમર અને માનસિક વર્તનમાં આવો વિરોધાભાસ કેમ આવે છે? અચાનક આવું પરિવર્તન કેમ આવે છે? કોણ આપણું વર્તન કન્ટ્રોલ કરે છે? જેમ્સ બોન્ડ જેવી પર્સનાલિટી ધરાવતો પુખ્તવયનો માણસ અચાનક જેમ્સ ચોકલેટ ખાતો બાળક કેમ બની જાય છે?

આનો અર્થ એ થાય કે આપણી અંદર અલગ વ્યક્તિત્વ (Personalities) હોય છે અને વખત આવ્યે સમય સંજોગો પ્રમાણે જે વ્યક્તિત્વ હાવી થાય, એ પ્રમાણે આપણે વર્તન કરીએ છીએ. પછી એ વર્તનને યોગ્ય ઠેરવવા જૂઠું બોલવું કે બહાના બનાવવા કે અન્ય સાઈકોલોજીકલ રમતો રમીએ છીએ જેથી જે તે વખતે આપણે કરેલું વર્તન યોગ્ય ઠેરવી શકાય અને અન્ય લાભ લઈ શકાય.

આ પ્રકારનું વર્તન ટૂંકાગાળામાં ફાયદો ચોક્કસ કરે છે પણ લાંબેગાળે બહુ મોટું નુકસાન કરે છે કારણકે આ સાઈકોલોજિકલ રમત આપણે આપણા કુટુંબમાં, મિત્રો સાથે, સગા સંબંધીઓ સાથે, પાડોશીઓ સાથે અને ઓફિસમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ 'જાણે અજાણ્યે' રમતા હોઈએ છીએ અને એટલું જ નહીં, વખત જતાં આપણે આ રમતોનો આપણા સ્વાર્થ માટે ઉપયોગ કરતા શીખી જઈએ છીએ.

આ રમતો સંબંધોમાં નુકસાનકારક હોવા ઉપરાંત ઘણીવાર ઘાતક પણ નીવડે છે. તો આ રમતોને ઓળખવી કઈ રીતે, એનાથી દૂર કઈ રીતે રહેવું, કોઈ આપણી સાથે રમત રમે એને અટકાવવું કઈ રીતે અને આનો ફાયદો લેવો હોય તો કઈ રીતે લઈ શકાય એવા પ્રશ્નોના જવાબ માટે શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિએ "Excellers' Foundation"ના સહયોગથી એક સેમિનારનું આયોજન કર્યું છે જેનું ટાઈટલ છે "ગેઈમ્સ બોન્ડ" (Games Bond). જે સાઈકોલોજીના વર્લ્ડ ફેમસ પુસ્તક "Games People Play" પર આધારિત છે.

આ સેમિનારમાં વીડિયો ક્લિપ, ડિસ્કશન, પાવરપોઈન્ટ અને લેક્ચર દ્વારા રોજબરોજની જિંદગીના ઉદાહરણ આપીને કોર્પોરેટ ટ્રેઈનર શ્રી દીપક મકવાણા આપણને ગુજરાતી અને હિંદી બે ભાષામાં આ વિષયથી માહિતગાર કરશે અને અંતે રેફરન્સ બુક્સના નામ અને આ વિષય પર ફિલ્મ્સથી માહિતગાર કરશે.

આ સેમિનારમાં આપના મિત્રો, સંબંધીઓ, પાડોશીઓ અને ઓફિસ કલીગ્સ સાથે વિના સંકોચે આવી શકો છો.

આ સેમિનારમાં ૧૫ વર્ષથી ઉપરની કોઈ પણ ભાગ લઈ શકે છે. આપની સુવિધા માટે નોટપેડ અને પેન લઈને ૧૫ મિનિટ પહેલા આપની સીટ ગ્રહણ કરી લેશો.

★ *ટાઈટલ* : ***Games Bond***
★ *તારીખ* : *૨૨-૦૭-૨૦૧૭*
★ *સમય* : *રાત્રે ૮.૩૫થી*
★ *સ્થળ* : *બેઝમેન્ટ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*
★ *સ્પીકર* : *શ્રી દીપક મકવાણા*
★ *પ્રવેશ* : *સૌ માટે (બાળકોને બને તો લાવવા નહીં)*

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

*વિદ્યાર્થી મિત્રો અને વાલીઓ,*

શાળાની પરીક્ષામાં નાપાસ થતો વિદ્યાર્થી આગળ જતાં પહેલો નંબર લાવનાર વિદ્યાર્થીને નોકરીએ રાખે એવી ઘટના પહેલી નજરે માન્યામાં ના આવે તેમ છતાં અમુક કિસ્સામાં સાચી પડતી જણાય છે. જીવનમાં મહદ્ અંશે સફળ અને કંઈક હટ કે કરી બતાવનારા બિઝનેસ ટાઈકૂન મોટાભાગે સ્કૂલ ડ્રોપ આઉટ હોય છે પણ તેનાથી ઊંધું નથી હોતું. અર્થાત્ તમામ સ્કૂલ ડ્રોપ આઉટ સફળ નથી થઈ શકતાં.

પરીક્ષામાં આવતા માર્ક્સ અને જિંદગીમાં મળતી સફળતા વચ્ચે ખાસ કોઈ સંબંધ હોય તેવું હજી સુધી જણાયું નથી. પરંતુ એક હકીકત એ પણ છે કે વિદ્યાર્થી અવસ્થામાં તો માર્કસની ઊંચાઈ એ જ હોંશિયારપણું સાબિત કરવાનો એકમાત્ર માપદંડ છે.

દિવસ રાત તમામ વિદ્યાર્થીઓ ખૂબ વધારે વાંચવામાં રચ્યાપચ્યા હોય છે. પરંતુ અમુક અપવાદને બાદ કરતાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી કે મા-બાપ એવા હશે જે એમ કહે કે "હા, અમે ધાર્યું પરિણામ મેળવ્યું છે અને આનાથી વધારે ટકા લાવવાની કોઈ જ ગુંજાઈશ નહોતી." આનો સીધો અર્થ એ થાય કે હજી વધારે ટકા આવી શકત, પણ કેવી રીતે લાવવા એ ખબર નથી!!

વાલીઓ સીધા બે ભાગમાં વહેંચાઈ જાય તેવો સીધો અને વેધક સવાલ, "વધારે ટકા લાવવા માટે વધારે અને વધારે વાંચવું જોઈએ" — આ વાત સાથે તમે સહમત છો? હા કહેનારા વાલીઓને અભિનંદન કે તમારો જવાબ સાચો છે અને ના

કહેનારા વાલીઓને અભિનંદન કે તમારો જવાબ પણ સાચો છે!! અર્થાત્ બંને જવાબ પોતપોતાની રીતે સાચા છે પણ બંને માંથી એક પણ ૧૦૦ ટકા સાચો નથી. અર્થાત્ વધારે વાંચવું કરતાં કેવી રીતે વાંચવું એ સવાલ વધારે મહત્ત્વનો છે.

ઘણીવાર જુલાઈ મહિનાથી વાંચવાનું ચાલુ કરી દેતો અને સતત વાંચ વાંચ કરતો છોકરો અને પરીક્ષાના માંડ ૨ અઠવાડિયા પહેલા ચોપડી પકડતો છોકરો એ બંને એક સરખી પરીક્ષા આપે ત્યારે ૨ અઠવાડિયા પહેલા વાંચતા છોકરાનું પરિણામ પેલા ભણેશ્રી વેદિયાભાઈ કરતા ઘણું સારું આવે છે એવું જોયું છે ને? તો પછી વધારે વાંચન એટલે વધારે ટકા એ વાત ખોટી ને?

તો પછી સવાલ એ થાય કે વધારે ટકા લાવવા કરવું શું?

મિત્રો, તમને આટલા ભર ઉનાળામાં ઠંડક પહોંચે એવા સમાચાર એ છે કે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, જુલાઈ મહિનામાં ખાસ તમારા એટલે કે ધોરણ ૮-૯-૧૦ના મિત્રો માટે એક ખાસ વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે.** જેમાં તમારા ભણતર, ભણતરની સમજણ, માર્કસ અને ટકાને લગતી તમામ સમસ્યાનું સમાધાન નિષ્ણાત દ્વારા આપવામાં આવશે.

આ વર્કશોપ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ચાલશે.

## આ વર્કશોપમાં તમે શું શીખશો?

★ પરીક્ષામાં વાંચેલું ના યાદ આવે ત્યારે શું કરવાથી યાદ આવી જાય?

★ કોણે મોટેથી બોલીને વાંચવું, કોણે ચુપચાપ વાંચવું અને કોણે આંટાફેરા કરતા વાંચવું અને શા માટે?

★ કેવી રીતે વાંચવું જેથી વારંવાર વાંચવું ના પડે અને ઓછા વખતમાં યાદ રહી જાય?

★ કેવી રીતે પરીક્ષામાં પ્રેઝન્ટ કરવું જેથી પરીક્ષકની નજરમાં તમે અલગ તરી આવો?

★ ભગવાને તમને આપેલો પીક પીરિયડ કેવી રીતે પકડવો? કયા સમયે વાંચવું જેથી ઓછી મહેનતે વધારે માર્કસ આવે?

★ કઈ પોઝીશનમાં વાંચવું જેથી શરીર અને આંખો દુખે નહીં?

★ લખતી વખતે પેન ક્યાંથી પકડવી જેથી આંગળીઓ પર પ્રેશર ના આવે?

★ કોણે લાઈબ્રેરીમાં વાંચવું? કોણે અગાસીમાં વાંચવું? અને કોણે રૂમ બંધ કરીને વાંચવું?

★ તમને કાનમાં હેડફોન લગાવીને વાંચવાની આદત છે? તો આ આદતનો મહત્તમ ફાયદો કેવી રીતે લેવો?

★ કયા વિષયને કેવી રીતે વાંચવો?

★ એવી કઈ મેથડ છે કે વિષય વાંચીએ જ નહીં અને છતાં માર્કસ આવે?

★ રીવીઝન એટલે એક્ઝેટલી શું? કેવી રીતે કરવાનું? કેટલી વાર કરવાનું? ક્યારે કરવાનું?

★ યાદશક્તિ એ ખરેખર શું છએ? એ વધી શકે ખરી? કોઈ પણ વસ્તુ કે વિષય યાદ રાખવાની ટેકનિક કઈ કઈ?

★ વૉટ્સ ઍપ, આઈ.પી.એલ., ફેસબુક, સીરિયલ જેવા પ્રલોભનોથી સાવ અળગા થવાને બદલે તેનો શક્ય તેટલો ક્વોટા ઘટાડવો કેવી રીતે?

★ વહેલી સવારે વાંચવું સારું કે મોડી રાત્રે કે બપોરે? મારા માટેનો શ્રેષ્ઠ સમય કયો?

★ ગ્રુપ સ્ટડી સારું કે સોલો?

★ અણગમતા વિષયને કેવી ટ્રીટમેન્ટ આપવી?

★ પરીક્ષા આવે ત્યારે વાંચવું? કે ૩ મહિના પહેલા વાંચવું? કે સ્કૂલ ચાલુ થાય ત્યારથી વાંચ વાંચ કરવું? કે વેકેશન પણ ના ભોગવવું અને વાંચ્યે જ રાખવું?

આ સિવાય તમારા ભણતરને લગતા કોઈ પણ પ્રશ્નો હોય તેનું સમાધાન આ વર્કશોપમાં આપવામાં આવશે.

## હવે એ પણ જોઈ લઈએ કે આ વર્કશોપમાં શું નહીં મળે?

★ ભણવામાં રૂચિ જ ના હોય તો રૂચિ ઉત્પન્ન નહીં થાય.

★ અણગમતો વિષય ગમતો નહીં થઈ જાય.

★ 'વાંચ્યા વગર કે પૂરતી મહેનત કર્યા વગર જોરદાર ટકા કેવી રીતે લાવવા' — એવા શેખચલ્લી જેવા પ્રશ્નોનું સમાધાન નહીં મળે.

★ જે વિષય સમજાતો જ નથી એ અચાનક સમજાતો નહીં થઈ જાય.

★ પાયો જ કાચો હોય (દા.ત. ધોરણ ૫-૬-૭નો ગણિતનો પાયો) તો આવી અનેક વર્કશોપ કરશો તો પણ કોઈ ફાયદો નહીં થાય.

*તારીખ : ૩૦-૦૭-૨૦૧૭*
*સમય : બપોરે ૪.૦૦ વાગ્યાથી*
*સ્થળ : બેઝમેન્ટ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*
*સ્પીકર : શ્રી દીપક મકવાણા.*

## સંસ્થાના મેડિકલ સેન્ટરમાં આવતા ચામડીના નિષ્ણાત ડૉક્ટરો

| | | |
|---|---|---|
| ડૉ. હીરેન પટેલ | સોમ, બુધ, શુક્ર | સવારે ૯થી ૧૦.૩૦ |
| ડૉ. જુલી દેસાઈ | મંગળ, ગુરુ, શનિ | સવારે ૯થી ૧૦.૩૦ |
| ડૉ. સપના ચોટાઈ | સોમથી શુક્ર | ૧૧ થી ૧૨.૩૦ |
| ડૉ. સપના ચોટાઈ | સોમ, બુધ, શુક્ર | બપોરે ૩.૩૦થી ૫.૦૦ |
| ડૉ. સપના ચોટાઈ | મંગળ, ગુરુ, શનિ | સાંજે ૪.૩૦થી ૬.૦૦ |
| ડૉ. પન્ના શાહ | શનિવાર | સવારે ૧૧ થી ૧૨.૩૦ |

### શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 3rd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are, but we don't know what we can become!"***

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

## સાંસ્કૃતિક સમિતિ

સાંસ્કૃતિક સમિતિ રજૂ કરે છે...

**ભારતીય શાસ્ત્રીય અને લોક નૃત્ય તાલીમના વર્ગો**

*પુષ્પ નૈવેદ્ય દાનેભ્યો:*
*નૃત્ય દાનમ્ વિશેષ્યતે ।*

***અર્થાત્ :*** "પુષ્પ કે નૈવેદ્યના દાન કરતા નૃત્યના દાનનું વિશેષ મહાત્મ્ય છે."

ભારતીય શાસ્ત્ર 'વિષ્ણુ ધર્મોત્તર પુરાણ'માં નૃત્યની મહત્તા આ રીતે વર્ણવાઈ છે.

આજે આખી દુનિયા, યુવા પેઢીને ગેઝેટ્સ માટેના વધુ પડતા વ્યસન અંગે ચિંતિત છે. પરિવાર સાથે વિતાવવાનો સમય અને રમતગમત સાથે ફાળવવાના સમયને મોબાઈલ, એક્સ બોક્સ કે ઇન્ટરનેટનું વળગણ ઓહિયા કરી ગયું છે.

આવા સંજોગોમાં નવી પેઢીને આપણા સમૃધ્ધ વારસાથી અવગત કરાવવા, આપણી સંસ્કૃતિ સાથેના એમના સંબંધને જીવંત રાખવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એક વધુ પહેલ કરી રહ્યો છે. સમાજની દરેક વ્યક્તિ અને ખાસ કરીને યુવા પેઢીના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ સમાજ દ્વારા ભારતીય શાસ્ત્રીય નૃત્ય અને લોક નૃત્યના તાલીમ વર્ગો શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

નૃત્યના માધ્યમથી આપણી સાંસ્કૃતિક વિરાસત ધબકતી રાખવા ઉપરાંત, યુવાનોના શારીરિક અને માનસિક વિકાસમાં મદદરૂપ થવાનો આશય છે.

સમાજના નાના-મોટા સૌ, આ તાલીમ વર્ગોનો વધુમાં વધુ લાભ લે તેવી આશા સમાજ દ્વારા રાખવામાં આવે છે.

***ઈચ્છુક વ્યક્તિઓ સંપર્ક કરે :***

નેહા : ૯૪૨૮૧ ૦૪૮૪૪ *અથવા*
રચના પીયૂષ પારેખ : ૯૨૨૭૨ ૫૬૫૬૮

***ફાલ્ગુની હીરેન શાહ, કન્વીનર - સાંસ્કૃતિક સમિતિ***

## "સરસ્વતી સન્માન"

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવે છે. બાળવર્ગથી ઉચ્ચ શિક્ષણ સુધીના ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીને સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપવામાં આવે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને વિશિષ્ટ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. જેની કાર્યવાહી પુરસ્કાર સમિતિ દ્વારા થાય છે.

**આ વર્ષે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ તા. ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૭ને સ્વામિવાત્સલ્યના દિવસે જ રાખવામાં આવેલ છે. જેની સમાજના દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતી.**

આ અંકમા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા માટેના ફોર્મ અન્યત્ર છાપવામાં આવ્યા છે. ફોર્મ ભરતી વખતે સૂચનાઓ વાંચવા વિનંતી. ધોરણ બાળવર્ગથી ૭મા ધોરણ સુધી ફોર્મ - A અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે ફોર્મ - B એમ અલગ અલગ ફોર્મ છે. તો જે તે ધોરણ મુજબ ફોર્મ ભરવા વિનંતી.

***ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૭ સુધીની છે તે જાણશો.***

ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટે માર્કશીટનું બીડાણ જરૂરી છે. માર્કશીટ જો મોડી આવવાની હોય તો પણ ફોર્મમાં નોંધ લખીને ફોર્મ સંસ્થાની ઓફિસ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે પહોંચતા કરશો. માર્કશીટ પછીથી મોકલી આપશો.

બાળવર્ગથી ધોરણ-૭ અને ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગ માટેના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે આપવામાં આવશે. તો સભ્યોને ખાસ વિનંતી કે તે જ દિવસે પોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

***પંકજ મેઘજી ગોગરી, કન્વીનર - પુરસ્કાર સમિતિ***

***નોંધ :*** ફોર્મમાં નોંધણી ક્રમાંકમાં A લખેલ છે તે બાળવર્ગથી ધોરણ-૭ સુધી અને B લખેલ છે તે ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગના વિદ્યાર્થીઓ માટેના ફોર્મ છે.

Aમાં માર્કશીટની જરૂર નથી.

Bમાં માર્કશીટની અવશ્ય જરૂર છે.

## વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા કચ્છી નવા વરસ નિમિત્તે તા. ૨૫-૬-૨૦૧૭ને રવિવારના રોજ એક કાર્યક્રમ યોજાઈ ગયો. સૌપ્રથમ, જન્મથી જ પોતાના હાથની આંગળી ગુમાવેલ શ્રીમતી જાગૃતિબહેને કોઈ પણ જાતના સાધન વગર પેપર કટીંગ કરીને જાતજાતની કલાકૃતિ બનાવેલ હતી. સૌ વડીલોએ તેમની આ કલાને બિરદાવી હતી.

ત્યારબાદ જયવંત ઠાકરે સૌ વડીલોને વિવિધ રીતે અંતાક્ષરી રમાડી અને પોતે મુકેશના અવાજમાં દર્દીલા ગીતો ગાઈને વડીલોને ભૂતકાળની ઝાંખી કરાવી હતી.

ત્યારબાદ સૌ વડીલો હાઉસી રમ્યા હતા અને અંતે મેઘલાડુનું ભોજન લઈ છુટા પડ્યા હતા.

આજના કાર્યક્રમ નિમિત્તે : (૧) શ્રી પૃથ્વી નરેન્દ્રભાઈ શાહ તરફથી રૂા. ૬,૦૦૦/- અને (૨) શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી તરફથી રૂા. ૫,૦૦૦/-નું યોગદાન મળ્યું હતું.

**આગામી કાર્યક્રમ**

તા. ૧૪-૭-૨૦૧૭ને શુક્રવારના રોજ નવનિર્મિત મણિલક્ષ્મી તીર્થની યાત્રાનો એક પ્રવાસ યોજવામાં આવનાર છે. મણિલક્ષ્મી તીર્થથી પરત વટામણ ચોકડી અને કલિકુંડ તીર્થની યાત્રા કરવામાં આવશે. આ યાત્રા માટે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી સવારે ૬.૩૦ વાગે પ્રયાણ કરવામાં આવશે.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## યોગ કાર્યક્રમનો અહેવાલ

તા. ૧૬-૬-૨૦૧૭, શુક્રવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે, યોગ સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં ઘર કરી ગયેલી બીમારીઓ જેવી કે B.P., Diabetes, Thyroid, Obesity વગેરેની સારવાર માટે practical demonstration અપાયેલ હતું.

યોગ નિષ્ણાત શ્રીમતી જાગૃતિ ગોંદિયા (from લકુલીશ યુનિવર્સિટી) અને એમના સાથી મિત્રોએ યોગ માટેની પાયાની સમજ આપી હતી.

- યોગ એટલે શું?
- અષ્ટાંગ યોગ કયા?
- મિતાહારની અગત્યતા.
- B.P., Diabetes, Thyroid, Obesity વગેરે રોગોના લક્ષણો અને સારવારના પ્રકાર.



*પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા, શ્રીમતી જાગૃતિબેન ગોંદિયા અને સમિતિના કન્વીનર શ્રીમતી સુલુ જલદીપ શાહ*

વગેરે મુદ્દા ઉપર ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન સાથે વિસ્તૃત માહિતી આપી હતી.

- ઉપવાસની અગત્યતા અને કરવાની પદ્ધતિ.

જાગૃતિબેને વમન ક્રિયા, સૂત્ર નેતી, જલ નેતી વગેરેની પ્રેક્ટીકલી સમજ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

એમના સાથી મિત્રોએ પ્રાણાયામ, મેડિટેશનનું પ્રેક્ટીકલ ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. જેના લીધે બહેનોએ તાજગી અનુભવી હતી.

અંતમાં, બહેનોના વ્યક્તિગત પ્રશ્નોનું પણ સંતોષકારક નિવારણ થયું હતું. ત્યારબાદ સમયસર આવનાર બહેનોને ડ્રો પધ્ધતિથી ભદ્રાબા વાઘેલાના હસ્તે ઇનામો અપાયા હતા.

છેલ્લે મહેમાનોનું બહુમાન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાના હસ્તે કરાયું હતું અને આભારવિધિ થઈ હતી. ચૌવિહાર કરીને સૌ કંઈક નવું શીખ્યાના આનંદ સાથે છૂટા પડ્યા હતા.



*શ્રીમતી જાગૃતિબેન ગોંદિયા, તેમના સાથી મિત્રો અને સમિતિના સભ્યો તથા કન્વીનર*



*સૂત્ર નેતી શીખવતા જાગૃતિબેન અને ધવલ શાહ*

## આગામી કાર્યક્રમ

ગર્ભવતી બહેનો માટે ખાસ, ગર્ભસંસ્કાર એક્ષપર્ટ ડૉ. જોલી પરીખ દ્વારા સંચાલિત ગર્ભ સંસ્કાર અંગેના કાર્યક્રમનું આયોજન કરવાનું સમિતિએ વિચારેલ છે.

પ.પૂ. મહારાજ શ્રી વિજય રાજહંસ સૂરીશ્વરજીની વિચારધારા મુજબ ગર્ભસંસ્કારનું સિંચન ગર્ભવતી બહેનોમાં થવું જ જોઈએ જેથી તમે ઇચ્છો તેવા સંસ્કારવાળું તેજસ્વી બાળક જન્મી શકે અને એક સક્ષમ સમાજનું ઘડતર થઈ શકે.

આ વિચારધારાને, ગર્ભવતી બહેનો સુધી પહોંચાડવા એમણે 'સંસ્કાર શક્તિ ગર્ભસંસ્કરણ' કેન્દ્ર શરૂ કર્યું અને એ મુજબ કોર્સનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન ડૉ. જોલી પરીખ, છેલ્લા ૮ વર્ષથી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

તો આવા ગર્ભસંસ્કારના કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છુક બહેનોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પોતાના નામ નોંધાવવા વિનંતી. તારીખ નક્કી થયે મંગલ મંદિરના આગામી અંકમાં જણાવવામાં આવશે.

**"સુધારો બીજમાં થાય, વૃક્ષમાં નહીં."**

*સુલુ જલદીપ શાહ, કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

# ઊડતી નજરે....

## માસ મે-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.........................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......................................................... | **૧૨,૦૧૫** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................ **૫૬૮** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .............................................. **૬૬** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ................................ **૬** | |
| | ● | સોનોગ્રાફી .......................................................... **૧૨૬૫** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ **૨૮** | |
| | ● | બોડી ચેક-અપ ......................................................... **૫૦૧** | |
| | ● | અન્ય ............................................................ **૯,૫૮૧** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................... **૭૮૧** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૯૧૩** | **૩,૬૯૪** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૨,૨૨૫** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................... **૫,૩૪૨** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .............................. **૬૩૫** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ....................... **૧,૦૪૨** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૯૬** | **૯,૭૪૦** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ................................................... **૩૮૬** | **૩૮૬** |
| | | માસ મે-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .................. | **૨૫,૮૩૫** |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૦૮૯૯૬ પર સંપર્ક સાધી શકશો.**

***હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૭માં બાળવર્ગથી ધોરણ-૭ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
**A –**

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

વર્ષ ૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________

______________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૭ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદ્દબાત્તલ થશે.**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૭**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૭-૨૦૧૭** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબીડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૭માં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક
B –

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

વર્ષ ૨૦૧૨ના વસતિ પત્રક મુજબ પરિવાર ક્રમાંક : __________ ફોન : __________ મોબાઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ __________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________________

______________________________ પીન __________ ફોન __________

તા. – – ૨૦૧૭ વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |
| | | | | | | | | |
| E-mail : | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદ્દબાત્તલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૦૭-૨૦૧૭**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૧-૦૭-૨૦૧૭** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ખ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

# જીવનઘડતરનાં આ છે અણમોલ પુસ્તકો

## લે. મનહર ઓઝાનાં દસ પુસ્તકો


| | |
|---|---|
| ધર્મનો મર્મ | પ્રસન્નતા |
| જીવી જાણો | જીત નક્કી ! |
| સમજણ | ગેરસમજ |
| પરિવર્તન | જીવનસાથી |
| પરિવાર | પાછલી વયે |


કિંમત : દરેકના રૂ. 50










## લે. જય ઓઝાનાં પાંચ પુસ્તકો

વિકાસયાત્રા
જીવનયાત્રા
ચિંતનયાત્રા
અંતરયાત્રા
સંબંધયાત્રા

કિંમત : દરેકના રૂ. 90







## લે. ડૉ. જનક શાહ, ભારતી શાહ

| | |
|---|---|
| કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર | 120 |
| જીવતરની સાથે. માણસાઈની વાટે | 120 |
| હોંસલોં કી ઉડાન | 100 |
| અડગ મનના ગજબ માનવી | 120 |

## લે. બકુલ દવે

| | |
|---|---|
| વિરાટનો હિંડોળો | 225 |

## લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા

| | |
|---|---|
| જિંદગીની ટેલિસ્કોપી | 180 |
| સમાજની સોનોગ્રાફી | 180 |
| સફળતાની સિસ્મોગ્રાફી | 180 |
| ધર્મની ટેલિપથી | 180 |

## લે. હરેશ ધોળકિયા

| | |
|---|---|
| જીવન એક ઉત્સવ | 150 |

## તદ્દન નવું પારિવારિક પુસ્તક

પરિવારની શાંતિ, શાંતિનો પરિવાર — આ. રાજ્યશસૂરિ મ. — 100

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com




## Unique Features

- WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
- BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
- RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
- MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
- MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
- ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
- TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
- WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS

## Our Offerings

- END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
- SPEEDY CLAIM SETTLEMENT
- 24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
- 100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
- ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
- DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
- SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
- NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
- TOTAL PEACE OF MIND

To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

